

# ઈસુના પગલે પગલે

## વચનના પવિત્ર દેશનો પ્રવાસ


(યરુશાલેમની ૩૦૦૦ વર્ષની જ્યુબિલી ટાણે)



રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન



મૃત સરોવર
યરદન નદી
શારોનનું મેદાન
ફીનીકે
સિરિયા
અબિલેને
પેરિયા



6BGI1 (૨૭)

# ઈસુના પગલે પગલે

## વચનના પવિત્ર દેશનો પ્રવાસ

## (યરુશાલેમની ૩૦૦૦ વર્ષની જ્યુબિલી ટાણે)

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

## જ્યુબિલી પુસ્તક

(પુન:મુદ્રણ)

રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન

પ્રકાશક :

**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

સાહિત્ય સેવાસદન

એલિસ બ્રિજ

અમદાવાદ-૩૮૦ ૦૦૬

લેખક :

**રેવ. ડો. જયાનંદ આઈ. ચૌહાન,** એમ.એ. (જર્નાલિઝમ), યુ.એસ.એ.

કનાન, મિશન રોડ, નડિયાદ -૩૮૭ ૦૦૨

પહેલી આવૃત્તિ : સપ્ટેમ્બર ૨૮, ૧૯૯૫

પુનઃ મુદ્રણ : ઓકટોબર ૨૦૦૧

પ્રત : ૧૦૦૦

**કિંમત રૂા. :** ૨૦/-

મુદ્રક :

સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ

૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ, મિરઝાપુર કોર્ટની સામે,

મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ફોન : ૫૬૨૩૭૬૧



**સ્વ. મેજર સોનાબહેન ડેવિડ અને સ્વ. મેજર ડેવિડ વિશ્વાસ**


## "તું ભલો તથા વિશ્વાસુ ચાકર થા"

સ્વ. સી. મેજર ડેવિડ વિશ્વાસે તેમજ સ્વ. સી.મેજર સોનાબહેન ડેવિડે મુક્તિફોજમાં ૩૫ વર્ષ સેવા આપી હતી. તેમને મુક્તિફોજના જનરલ તરફથી "લોંગ સર્વિસ મેડલ" અર્પણ ક્યોૅ હતો. ૩૫ વર્ષની સેવા દરમિયાન તેમણે જુદા જુદા ક્ષેત્રના હોદ્દા ઉપર સેવા આપી હતી જેવી કે એજ્યુકેશન ઈન્સ્પેક્ટર તરીકે, પ્રાંતપતિ તરીકે, જેલર તરીકે (મુંબઈ) તથા મુક્તિપુરમાં મેનેજર તરીકે તેમણે તેમની સેવાઓ ખંતથી તેમજ વિશ્વાસુ રહી કરી હતી. તેમણે તેમની જુવાનીમાં સને ૧૯૩૫ માં એક બહારવટિયાને જેર ક્યોૅ હતો. તેમને તે વખતના અંગ્રેજ ડી.એસ.પી. સાહેબે બહુમાન કરી રૂ. ૧૫ નું ઈનામ અને એક સર્ટીફિકેટ આપ્યાં હતા. તેઓને મેડિકલનું જ્ઞાન હોવાથી થોડો સમય તેમણે ડિસ્પેન્સરી ચલાવી હતી.

તેમણે પી.ટી.સી.નાં ત્રણ વર્ષ કર્યાં હતાં. અને અંગ્રેજીનું જ્ઞાન હતું. પતિ-પત્ની બન્નેને અંગ્રેજીનું જ્ઞાન હોવાથી મિશનરી વક્તાના ટ્રાન્સલેટર તરીકે સેવા આપતાં હતાં.

તેમનાં કુટુંબમાં પાંચ દીકરાઓ અને બે દીકરીઓ પ્રભુએ આપ્યાં હતાં. હાલમાં બે દીકરાઓ અને એક દીકરી હયાત છે. તેમના સૌથી નાના દીકરા શ્રી જોનભાઈ ડી. પરમાર ગોધરામાં સ્થાયી થયા છે.

માત-પિતાની સ્નેહ સ્મૃતિમાં આ પુસ્તકના પ્રકાશન અર્થે તેઓશ્રી તરફથી રૂ. ૧૨,૦૦૦/- ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીને ભેટ આપવામાં આવ્યા છે તેથી આભાર વ્યક્ત કરીએ છીએ.




**સ્વ. શ્રી માણેકલાલ આલ્ફ્રેડ શમુએલ ફ્રેન્ક**

**મૃત્યુ તારીખ ૪-૧૦-૨૦૦૦**

માણેકલાલભાઈ એક સેવાભાવી અને ઉદાર વ્યક્તિ હતા. જીવન સાદું. ધાર્મિક મનોવૃતિવાળા હતા. ગુજરાત કૉલેજ સામે દરજીની દુકાનમાં કાર્ય કરતા હતા. બહેરામપુરામાં પાછલું જીવન નિવૃત્તિમાં પસાર કર્યું. ખ્રિસ્તી જીવનના પાયાના સિદ્ધાંતોને અનુસરનાર હતા.

તેમની સ્મૃતિમાં શશીબેન ઠાકોર તથા પુષ્પાબહેન ઠાકોર તરફથી- "ઈસુને પગલે પગલે" પુસ્તક છપાવવા માટે રૂ. ૫૦૦૦/- નું દાન ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીને આપ્યું છે.

# અર્પણ



**સ્વ. શ્રી ફોર્નિયર મણિલાલ દેસાઈ**

પ્રભુની બીકમાં ને પ્રભુના શીખવેલા માર્ગમાં ચાલવાને જેમણે સતત પ્રયત્નો કરેલા, તથા કુટુંબને ઈશ્વર તરફ દોરી જનાર તેમના પતિ સ્વ. શ્રી ફોર્નિયર મણિલાલ દેસાઈ (ગુજરાતના ભૂતપૂર્વ ગેઝેટેડ સિવિલ એન્જિનિયર)ની સ્નેહસ્મૃતિમાં પુસ્તક પ્રકાશન માટે શ્રીમતી કરૂણાબહેન એફ. દેસાઈ તરફથી રૂ.૧૦,૦૦૦/- ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને ભેટ આપવામાં આવ્યા છે. તેથી તેમનો આભાર માનીએ છીએ.

પ્રભુની બીકમાં ને પ્રભુના શિખવેલા માર્ગમાં ચાલવાને જેમણે સતત પ્રયત્નો કરેલા તથા કુટુંબને ઈશ્વર તરફ દોરી જનાર મારા પતિ સ્વ. શ્રી ફોર્નિયર મણિલાલ દેસાઈ, ગુજરાતના ભૂતપૂર્વ ગેઝેટેડ સિવિલ એન્જિનીયરને આ પુસ્તક સમર્પણ કરું છું.

**કરૂણા એફ. દેસાઈ**

યુ. એસ. એ.



**રેવ. આઈ.વી. માસ્ટર**
**અને**
**શ્રીમતી મણીબહેન આઈ. માસ્ટરના સ્મરણાર્થે**

સુવાસ બહેન આઈ. માસ્ટર તરફથી પુસ્તક "ઈસુના પગલે પગલે"ના પુનઃમુદ્રણ માટે રૂ. ૫૦૦૦/-નું ઉદાર દાન મળ્યું છે. જે બદલ તેમનો આભાર માનીએ છીએ.

# કેટલુંક કહેવાનું

એ હતી ૧૯૫૪ની સાલ. હું અમેરિકાથી સ્ટીમરમાં પાછો વતન આવતો હતો. સ્ટીમરનું નામ "કવીન એલિઝાબેથ". ચૌદ મજલાની એ સ્ટીમર! ખરેખર તો એ એક નગરી હતી. ફૂટબોલ રમવાનાં એમાં બે મેદાન. નહાવા માટે બે જંગી સ્નાનાગાર. નહાવાના રૂપકડાં અનેક ઓરડાઓ તો પ્રત્યેક કેબિનમાં હતા જ. પણ આ સ્નાનાગારો તો છોગાનાં! સ્ટીમર પર ભાતભાતની અને જાતજાતની દુકાનો. બેન્ક પણ ખરી.

દરેક કેબિનમાં બબ્બે પેસેન્જર. કેબિનનું બધું જ રાચરચીલું મહેલ જેવું. કેબિનની લાકડાંની દીવાલો! આપણાં ઘરમાં એવા લાકડાંનું ફરનીચરેય જોવા ન મળે!

આ સ્ટીમરમાં જ વિચાર સ્ફૂરેલો કે દેશ પાછો જઈશ. ત્યારે "વતનભોમની વાટે" લખી પ્રવાસવર્ણન કરીશ.

એ પછી તો અનેક દેશો જોયા. ઈંગ્લાંડ, આયર્લાન્ડ, ઈટાલી, ફ્રાન્સ, ઈજિપ્ત, ઇઝરાયેલ, જોર્ડન, લબાનોન, સિરિયા, ઈરાક, સ્વીત્ઝર્લાન્ડ (૧૯૬૦) અને ખાસ કરીને બાઈબલને લગતું પૂરાવિદ્યા ખોદકામ ચાલતું હતું ત્યાં ત્યાં!

અમદાવાદ આવી "વતનભોમની વાટે" લેખમાળા શરૂ એ કરી. એક મિત્ર એવું જ પ્રવાસ-વર્ણન લખવા માગતા હતા. મેં તેમને એ બધું આપી દીધું! કહોને કે મેં જ એ લખી દીધું. ફરી પાછું ૧૯૮૬માં ૫૦ જણને ઈઝરાયલની ટૂર કરાવી ત્યારે ઈઝરાયલનાં સ્થળો વિષે વધુ લખ્યું. એમ પગથિયે પગથિયે આ પુસ્તકનું રૂપ આવ્યું. લખાઈ ગયું તો ૧૪ દિવસમાં જ.

નીચેનાં પુસ્તકોનો ઋણી ખરો. પવિત્ર બાઈબલ. અનોખી ઈઝરાયલ પ્રજા. બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ. પાલેસ્તાઈનનો પ્રવાસ, થોમ્સન્સ ચેઈન રેફરન્સ બાઈબલ, **News from Israel (Now : Israel Todays, A Visitor's Companion, Student's Bible Atlast,** અને વતનભોમની વાટે (હસ્તલેખ). એ ગ્રંથકારોનો આભાર. હસ્તલેખ અને જોડણી જોઈ જવા માટે સદા તૈયાર એવી પ્રભુએ આપેલી મારી "સહાયકારી"નો ખૂબખૂબ આભાર. શક્તિ અને સૂઝ-સમજ આપવા માટે પરમ કૃપાળુ પરમેશ્વરનો જેટલો આભાર માનું તેટલો ઓછો!

જયાનંદ આઈ. ચૌહાન

## "બે બોલ"

"ઈસુના પગલે પગલે" પુસ્તકને વાંચતા એવી અનુભૂતિ જરૂર થાય છે કે તમે પણ વચનના દેશમાં ફરી રહ્યાં છો.

લેખકે તમામ પાસાઓને એટલે કે ભૌગોલિક, સામાજીક, રાજકીય વગેરેને ખાસ ધ્યાનમાં રાખ્યા છે. લેખકના લખાણમાં ચોક્કસતા દેખાય છે તેનું કારણ એ છે કે તેમણે વચનના દેશનો એક કરતાં વધારે વાર પ્રવાસ કર્યો છે. અને તે પણ બાઈબલના એક નિષ્ણાંત વ્યક્તિ તરીકે. કેવો સમન્વય ! બાઈબલનું ઊંડુ જ્ઞાન અને વચનના દેશને ફરી ફરીને જોયો તથા જાણ્યો. પરિણામે આ બધાના નિચોડ રૂપે લખાયેલ આ અદ્‌ભુત પુસ્તકના વાંચનની મજા કંઈ ઓર જ છે.

પુસ્તકને વાંચતા તમે એવું અવશ્ય અનુભવો કે તમે જે તે સ્થળમાં ફરી રહ્યા છો. લેખકે નાનામાં નાની બાબતની ખૂબ કાળજી રાખી છે. એ હસ્તપ્રત તૈયાર કરવાની બાબત હોય કે બીજી કોઈ પણ બાબત હોય પણ કશું ચલાવી લીધું નથી.

આ પુસ્તકના વાંચન પછી બાઈબલના વચનના દેશ સંબંધીના લખાણને સમજવામાં ઘણી મદદ મળી રહેશે. ઉપરાંત વાચક માટે એક વિચાર અવશ્ય મનમાં કાયમી બની જશે કે જો ઈશ્વરની કૃપા થશે તો હું પ્રભુના આ આપેલા દેશની મુલાકાત અવશ્ય લઈશ.

લેખકે પુસ્તકમાં ઘણી અઘરી છતાં મહત્વની માહિતી મૂકી છે. પોતાની વાતને વધુ સ્પષ્ટ રીતે સમજાવવા તેમણે અનેક બાબતનો ઉપયોગ કર્યો છે.

આ પુસ્તકના વાંચનથી લેખકની વિદ્વતાનો જરૂર ખ્યાલ આવે છે. ઈસુએ પાડેલા પગલાના દેશમાં જવું એક લહાવો છે. જો તે શક્ય બને તો પ્રભુનો મોટો પાડ છતાં શક્ય ન બને તો તમે આ પુસ્તકના વાંચનથી કંઈક અંશે એ દેશની મુસાફરી કાલ્પનિક રીતે કરી છે તેવો આનંદ મેળવી શકો છો.

આ પ્રસંગે રેવ ડૉ. જયાનંદ ચૌહાન સાહેબ આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રસંગે આપણી મધ્યે નથી પરંતુ તેમણે સાહિત્ય દ્વારા જે સેવાઓ કરી છે તે આજે પણ અજોડ છે. તેથી રેવ. ડૉ. જયાનંદ ચૌહાન સાહેબના જીવાઈ ગયેલા જીવનને માટે તથા તેમણે સાહિત્ય દ્વારા કરેલી ગુજરાતી સમાજની મ ાન સેવા માટે ઈશ્વરનો જ આભાર માનીએ છીએ.

આ પુસ્તક તેના વાચકોને ખૂબ ખૂબ આશિષ આપે તથા તથા વચનના દેશની ભેટ આપનાર પ્રભુ પ્રત્યેનો પ્રેમ વધે તે જ શુભેચ્છા તથા પ્રાર્થના સાથે આ બીજી આવૃત્તિને આપની સમક્ષ રજૂ કરતા આનંદ અનુભવું છું.

આ પુસ્તકના પ્રકાશન માટે (૧) શ્રી જોનભાઈ ડી. પરમાર (ગોધરા) તરફથી રૂા. ૧૨૦૦૦/- (૨) પુષ્પાબહેન, શશીબહેન (નારણપુરા) તરફથી રૂા. ૫૦૦૦/- (૩) શ્રીમતી કરુણાબહેન એફ. દેસાઈ (USA) તરફથી રૂા. ૧૦૦૦૦/- તથા (૪) સુવાસબહેન માસ્ટર (USA) તરફથી રૂા. ૫૦૦૦/- એમ કુલ રૂા. ૩૨૦૦૦/- દાન પેટે મળ્યા છે તે બદલ સર્વ દાતામિત્રોનો આભાર.

રેવ. હેમંતકુમાર જે. પરમાર

સેક્રેટરી

ઓક્ટોબર, ૨૦૦૧

# ઈસુનાં પગલાં


૧. ઈસુના શરુઆતના જીવનની પ્રાથમિક મુસાફરીનાં પગલાં I - II

૨. ઈસુની પ્રાથમિક મુસાફરીનાં પગલાં
(ઈસુ ૩૦ વર્ષની ઉંમરના) III - IV

૩. લોકચાહનાના વર્ષમાં ઈસુનાં પગલાં
(ઈસુ આશરે ૩૧ વર્ષના) V - VI

૪. વિરોધના વર્ષમાં ઈસુનાં પગલાં
(ઈસુ લગભગ ૩૧ વર્ષના હશે) } VII - VIII

૫. વિરોધના વર્ષમાં ઈસુનાં પગલાં

૬. ઈસુના છેલ્લા મહિનાઓમાં ઈસુનાં પગલાં
(ઈસુ લગભગ ૩૩ વર્ષના) IX - X

૭. આખરી દિવસોમાં ઈસુનાં પગલાં
(ક્રૂસારોહણ સમયનું યરુશાલેમ) XI - XII

# અનુક્રમણિકા

## ઈસુના પગલે પગલે

## વચનના પવિત્ર દેશનો પ્રવાસ

## યરુશાલેમની ૩૦૦૦ વર્ષની જ્યુબિલી ટાણે

**સ્મરણાર્થે**

પહેલાં કેટલુંક કહેવાનું

૧. ઇઝરાયેલ વિષે જાણવા જેવી હકીકતો ૧-૧૩
૨. ઇઝરાયેલના રાજ્યની સ્થાપના ૧૪-૩૨
૩. યહૂદિયા પ્રાંત ૩૩-૩૬
૪. સમરુન પ્રાંત ૩૭-૪૦
૫. ગાલીલ પ્રાંત ૪૧-૪૪
૬. યરુશાલેમ શહેર-**Eternal Capital** (સનાતન રાજધાની) ૪૫-૪૮
૭. ઇઝરાયેલનાં ચાર પ્રકારનાં ગામડાં ૪૯-૫૦
૮. યરુશાલેમ અને જુદાં જુદાં સ્થળો વચ્ચેનાં અંતર ૫૧-૫૨
૯. જુદાં જુદાં સ્થળો-એકબીજાથી કેટલાં દૂર ૫૩-૫૪

અરબી અને અંગ્રેજી નામો

૧૦. કાલમાન ગણતરી (યહૂદી ઇતિહાસની) ૫૫-૫૬
૧૧. ક્રિશ્ચિયન ઇન્ફોર્મેશન સેન્ટર ૬૭
૧૨. નવા કરારના સમયના રાજકીય સત્તાધારીઓ ૬૮-૬૯
૧૩. સામાન્ય માહિતી ૭૦

**i** ઈઝરાયેલનું રાજ્ય
**ii** ભૌગોલિક માહિતી
**iii** પાટનગર

vi. વસતી

v. ભાષા

vi. મુખ્ય હુન્નર ઉદ્યોગો

vii. હવામાન

viii. ઇઝરાયલની યાત્રા માટે જરૂરી તૈયારી

વિઝા, ટ્રાન્ઝીટ વિઝા, સમૂહ વિઝા, વિઝા લંબાવી શકાય.

વીજળીનાં સાધનો

ઇઝરાયેલમાં કસ્ટમ ચેક

બેન ગુરિયન એરપોર્ટ પર કસ્ટમ માટે બે ચેનલો ઇઝરાયેલનું ચલણી નાણું ; પરદેશી નાણું.

એરપોર્ટ અને બંદરે મળતી સંસ્થાઓ

ix. ઇઝરાયલમાં રહેવા-ઉતરવાનાં સ્થળો

હોટલો, કિબુત્ઝમાં ઉતારાનાં સ્થળો, હોલિ ડે ગામડાં, યુથ હોસ્ટેલો, ક્રિશ્ચિયન હોસ્પિસીઝ, ખાનગી વ્યવસ્થા.

x. શોપિંગ-બજારહાટ-ખરીદી ::

બિલમાં ટેક્સનો ઉમેરો

ટુરિસ્ટો માટે કિંમતમાં ઘટાડો

ઈમરજન્સીમાં મદદ

xi. ઇઝરાયેલમાં તહેવારો અન રજાના દિવસો

૧. યહૂદી તહેવારો અને સાબ્બાથ

૨. ખ્રિસ્તી તહેવારો

૩. મુસ્લિમ તહેવારો

૩. દ્રુઝ તહેવારો
૪. યહૂદી તહેવારોનું કેલેન્ડર અને સમજૂતી
૧૪. હિબ્રૂ ભાષાના થોડાક ચલણી શબ્દો અને ગુજરાતી અર્થ
૧૫. જુદાં જુદાં જોવા લાયક સ્થળો વિષે અગત્યની માહિતી::
(કક્કાવારી પ્રમાણે સ્થળોની રજૂઆત) ૮૭-૧૮૨
- અલ અકસા મસ્જિદ
- એન કરીમ
- કફરનહૂમ
- કાના
- કાર્મેલ પર્વત
- કિદ્રોન નાળું
- કિદ્રોન નાળામાંની કબરો (આબ્શાલોમનો સ્તંભ)
- ઝખાર્યા પ્રબોધકની કબર
- કુમરાનની ખીણ-જ્યાંથી પુરાણા હસ્તલેખ મળ્યા
- ગાલીલનો સમુદ્ર
- ગીરીઝીમ તથા એબાલ પર્વત
- ગેથસેમાને વાડી
- જૂના યરુશાલેમના આઠ દરવાજા
- જૈતૂન પર્વત
- ડૉમ ઓફ ધ રોક મસ્જિદ (યહૂદીઓના મંદિરની જગા)
- તિબેરિયસ
- તેલ એવીવ
- દાવિદની કબર


- દાવિદનો બુરજ (ટાવર) અને કિલ્લો
- ધન ભંડાર સાથે મૃત સરોવર
- નાઈન
- નાઝરેથ
- નેસ્સેત (ઇઝરાયેલનું પાર્લામેન્ટરી બિલ્ડીંગ)
- પુરાણા યરુશાલેમ વિશાળ મોડેલ
- પેટરનોસ્ટર (પ્રભુ-શીખવિત પ્રાર્થનાનું મંદિર)
- પ્રભુ ઇસુની કબર :
    ૧. ગાર્ડન ટુમ્બ
    ૨. ચર્ચ ઓફ ધી સેપ્યુલકર
- બિબ્લીકલ ઝૂ
- બેથલેહેમ
- બેથાનિયા
- બેથેસ્દાનો કુંડ
- બેર શીબા
- મગદલા
- મરિયમ કુંવારીનું ઘર
- મસાદાનો કિલ્લો
- માઉન્ટ સ્કોપસ (હાદસ્સાદ હૉસ્પિટલ, હિબ્રૂ યુનિવર્સિટી)
- યરદન નદી
- યરેખો શહેર
- યહૂદીઓનું કબ્રસ્તાન
- યાકોબનો કૂવો

- યાદ વશમ
- રાજાઓની કબરો
- રુદનની દીવાલ
- વાયા ડોલોરસા (વધસ્તંભની વાટે)
- શેખેમ
- કોરડા અથવા ફટકાની સજા
- ક્રૂસની સજા
- વિરોનિકા રૂમાલ વડે ઈસુનું મુખ લૂંછે છે
- શિલોહ
- શ્રાઈન ઓફ ધ બુક
- સમરુન શહેર
- સંત એનનું મંદિર
- સિનાય પર્વત
- સિયોન પર્વત
- સ્તેફન દરવાજો
- હઝકિયા રાજાએ બંધાવેલી ટનલ
- હાઈફા
- હેબ્રોન (માખ્પેલાહની કબરો)

૧૬. મારા અંગત પ્રવાસમાંથી પીરસણ ૧૮૩-૧૮૮

# ઈસુના શરૂઆતના જીવનની પ્રાથમિક મુસાફરીનાં પગલાં

## માથ્થી : ૨ લૂક : ૨



## ૧.

## ઈસુના શરુઆતના જીવનની પ્રાથમિક મુસાફરીનાં પગલાં માથ્થી ૨. લૂક ૨.

ઈસુના શરુઆતની જીવનની મુસાફરી

૧. બેથલેહેમથી યરુશાલેમ અને પાછા લૂક ૨:૨૨-૩૮
બનાવોનાં ચિત્ર : બેથલેહેમમાં ઈસુનો જન્મ. માગીઓની મુલાકાત. માથ્થી ૨:૧. પ્રભુ ઈસુનું યરુશાલેમના મંદિરમાં અર્પણ. લૂક ૨:૨૨-૩૮.

૨. બેથલેહેમથી મિસરમાં માથ્થી ૨:૧૪.
ચિત્ર : મિસરમાં નાસી જવું. માથ્થી ૨:૧૪.


૩. મિસરથી નાઝરેથ. માથ્થી ૨:૧૯-૨૩.

૪. નાઝરેથથી યરુશાલેમ. લૂક ૨:૪૨
ચિત્ર : ઈસુ અને નિયમશાસ્ત્રના પંડિત. લૂક ૨:૪૨-૪૬.

૫. યરુશાલેમથી નાઝરેથ લૂક ૨:૫૧.
ચિત્ર : ઈસુ સુથારની કોઢમાં/દુકાનમાં. લૂક ૨:૫૧,૫૨

## ઈસુની પ્રાથમિક મુસાફરીનાં પગલાં

(ઈસુ આશરે ૩૦ વર્ષની ઉંમરે)



## ૨.

## ઈસુની પ્રાથમિક મુસાફરીનાં પગલાં (ઈસુ ૩૦ વર્ષની ઉંમરે)

ઈસુએ સેવાની શરુઆત કરી ત્યારનાં તેઓનાં પગલાં

પહેલાં વર્ષની ધર્મસેવા

૧. નાઝરેથથી બેથબાશ માથ્થી ૩:૧૩.
   ચિત્રો : યોહાન બાપ્તિસ્ત ઈસુનું બાપ્તિસ્મા કરે છે.
   માથ્થી ૩:૧૩-૧૭

૨. બેથબારાથી યહૂદિયાના અરણ્યાયાં માથ્થી ૪:૨.
   ચિત્ર : શેતાનથી ઈસુનું પરીક્ષણ. માથ્થી ૪:૧-૧૧.

૩. અરણ્યમાંથી બેથબારા.
   ચિત્ર : પાંચ શિષ્યોની પસંદગી. યોહા. ૧:૩૮-૫૧.

૪. બેથબારાથી કાના. યોહા. ૧:૪૩.
   ચિત્ર : પાણીનો દ્રાક્ષારસ બનાવ્યો. યોહા. ૨:૬-૧૦.

૫. કાનાથી કફરનહૂમ. યોહા. ૨:૧૨.

૬. કફરનહૂમથી પાસ્ખા પર્વ માટે યરુશાલેમમાં યોહા. ૨:૧૩.
   ચિત્રો : મંદિરનું શુદ્ધિકરણ. યોહા. ૨:૧૪-૧૬.
   ઈસુ અને નિકોદિમસ. યોહા. ૩:૧-૨૧.


૭. યરુશાલેમથી યહૂદિયાની દૂર પર. યોહા. ૩:૨૨.

૮. યહૂદિયાની દૂરથી સૈખારમાં યાકોબના કૂવા પર. યોહા. ૪:૩-૫.
   ચિત્ર : ઈસુ અને સમરુની સ્ત્રી. યોહા. ૪:૬-૨૬.

૯. સમરુનથી ગાલીલના કાનામાં. યોહા. ૪:૪૩-૪૬.
   ચિત્રો : સુબેદારનો દીકરો સાજો કર્યો. યોહા. ૪:૪૬-૫૩.
   મકારિયસનું કેદખાનું (મૃત સરોવરની પૂર્વે આવેલું છે), જ્યાં યોહાનનું માથું કાપી નાખવામાં આવ્યું હતું. માથ્થી ૪:૧૨.

૧૦. કાનાથી નાઝરેથ લૂક ૪:૧૬-૨૭.

# લોકચાહનાના વર્ષમાં ઈસુના પગલાં (ઈસુ આશરે ૩૧ વર્ષના)



## 3.

## લોકચાહનાના વર્ષમાં ઈસુના પગલાં
## ઈસુ આશરે ૩૧ વર્ષના

૧. નાઝરેથથી કપરનહૂમ. લૂક ૪:૧૬-૩૧.
<u>ચિત્ર :</u> નાઝરેથમાં, ઈસુને મારી નાખવાના પ્રયત્ન. લૂક ૪:૧૮,૨૯

૨. ગાલીલની ટૂર અને પાછા કફરનહૂમ. માર્ક ૨:૧
<u>ચિત્ર :</u> કફરનહૂમમાં પક્ષઘાતીને સાજો કર્યો. લૂક ૫:૧૮-૨૫

૩. કફરનહૂમથી પાસ્ખાપર્વ માટે યરુશાલેમમાં. યોહા. ૫:૧
<u>ચિત્ર :</u> યરુશાલેમમાં બેથસાયદાના કુંડ આગળ ૩૮ વર્ષથી બીમારને સાજો કર્યો. યોહા, ૫:૨-૯.

૪. યરુશાલેમથી કફરનહૂમ.

૫. કફરનહૂમથી રૂપાંતરના પહાડ ઉપર. માર્ક ૩:૧૩.
<u>ચિત્ર :</u> રૂપાંતરના પહાડ ઉપર. બાર શિષ્યોને દીક્ષા. માર્ક ૩:૧૩-૧૯.


૬. રૂપાંતરના પહાડેથી પાછા કફરનહૂમ. માથ્થી ૮:૫.

૭. કફરનહૂમથી ગાલીલની ટૂર પર, અને પાછા. લૂક ૭:૧૧.
<u>ચિત્રો :</u> નાઈનમાં વિધવાના મરેલા દીકરાને જીવતો કર્યો. લૂક ૭:૧૨-૧૫ પાપણી સ્ત્રીએ ઈસુના પગે તેલ ચોળ્યું. લૂક ૭:૩૬-૪૭.


૮. કફરનહૂમથી ગાલીલની ત્રીજી ટૂર. લૂક ૮:૧.

૯. કફરનહૂમથી ગેરાસીનીઓના દેશમાં લૂક ૮:૨૬.
<u>ચિત્રો :</u> ગાલીલ સમુદ્રનું તોફાન શાંત કર્યું. લૂક ૮:૨૨-૨૫. ગેરાસામાં ગાડરેનાના અશુદ્ધ આત્મા વળગેલાને સાજો કર્યો. લૂક ૮:૨૮-૩૫.૧૦ ગેરગેસાથી કફરનહૂમ. માથ્થી ૯:૧.
<u>ચિત્ર :</u> કફરનહૂમમાં યાઈરસની દીકરીને જીવતી કરી. માથ્થી ૯:૨૩-૨૬.

# વિરોધના વર્ષ દરમિયાન ઈસુનાં પગલાં



...શોધના વર્ષમાં ઈસુનાં પગલાં (ઈસુ આશરે ૩૨ વર્ષના હતા.)




## વિરોધના વર્ષમાં ઈસુનાં પગલાં
## (ઈસુ લગભગ ૩૧ વર્ષના હશે)

૧. નાઝરેથથી નીકળી ગાલીલની ટૂર કરી પાછા કફરનહૂમ. માથ્થી ૯:૩૫
૨. કફરનહૂમથી અરણ્યમાં બેથસાઈદા પાસે. માર્ક ૬:૩૨.
ચિત્ર : બેથસાઈદા પાસે, ૫૦૦૦ ને જમાડ્યાં. માર્ક ૬:૩૮-૪૪.
૩. બેથસાઈદાના અરણ્યથી સમુદ્ર પાસેના ગેન્નેસારેતના પ્રદેશ સુધી માથ્થી ૧૪:૨૨-૩૪.
ચિત્ર : ઈસુ સમુદ્રનાં પાણી પર ચાલે છે. માથ્થી ૧૪:૨૫.
૪. ગેન્નેસારેતથી કફરનહૂમ. માર્ક ૭:૨૪.
૫. કફરનહૂમથી ફિનિશિયા માર્ક ૭:૨૪.
ચિત્ર : ફિનિશિયામાં સૂર-ફિનિકી. સ્ત્રીની દીકરીને સાજી કરી. માર્ક ૭:૨૫-૩૦.
૬. ફિનિશિયાથી દકાપોલિસ થઈને. માથ્થી ૭:૩૧.
ચિત્રો : દકાપોલિસમાં બહેરા-મુંગા માણસને સાજો કર્યો. માર્ક ૭:૩૨-૩૭. દકાપોલિસમાં ૪૦૦૦ને જમાડ્યાં. માથ્થી ૧૫:૩૨-૩૮.
૭. દકાપોલિસથી દરિયાઈ માર્ગે દાલ્માનુથા માર્ક ૮:૧૦.
૮. દાલ્માનુથાથી દરિયાઈ માર્ગે બેથસાઈદા માર્ક ૮:૨૨.
ચિત્ર : બેથસાઈદા પાસે આંધળા માણસને દેખતો કર્યો. માર્ક ૮:૨૨-૨૬.
૯. બેથસાઈદાથી કાઈસારિયા ફિલિપ્પી. માથ્થી ૧૬:૧૩.
૧૦. કાઈસારિયા-ફિલિપ્પીથી રૂપાંતરના પર્વત ઉપર લૂક ૯:૨૮.
ચિત્ર : પર્વત ઉપર રૂપાંતર લૂક ૯:૨૯-૩૧. નીચે ઊતરતાં અશુદ્ધ આત્મા વળગેલા દીકરાને સાજો કર્યો. માર્ક ૯:૧૭-૨૭.
૧૧. રૂપાંતરના પર્વતેથી કફરનહૂમ માથ્થી ૧૭:૨૪.
૧૨. કફરનહૂમથી સમરુન થઈને બેથાનિયા. લૂક ૧૭:૧૧.
ચિત્રો : સમરુન પાસે દશ કોઢિ સાજા કર્યાં. લૂક ૧૭:૧૨-૧૬.
બેથાનિયામાં મરિયમ ઈસુના ચરણોમાં બેઠેલી. લૂક ૧૮:૩૮-૪૨.
૧૩. બેથાનિયાથી યરુશાલેમ
ચિત્ર : યરુશાલેમમાં આંધળો દેખતો કરાયો. યોહા. ૯:૧-૪૧.
૧૪. યરુશાલેમથી બેથબારા, અને પેરિયાની ટૂર.
૧૫. પેરિયાથી યરુશાલેમ. યોહા. ૧૦:૨૨.
૧૬. યરુશાલેમથી બેથબારા. યોહા. ૧૦:૪૦.

# IX.

## છેલ્લા મહિનાઓમાં ઈસુના પગલાં (ઈસુ લગભગ 33 વર્ષના)



# ૬.

## ઈસુના છેલ્લા મહિનાઓમાં ઈસુનાં પગલાં (ઈસુ લગભગ ૩૩ વર્ષના)

૧. બેથબારાથી બેથાનિયા.
ચિત્ર : લાજરસને સજીવન કર્યો. યોહા. ૧૧:૧-૪૬.


૨. બેથાનિયા થઈ એફ્રાઈમ. યોહા. ૧૧:૫૪.

૩. એફ્રાઈમથી પેરિયાની ટૂર ઉપર. માર્ક ૧૦:૧.
ચિત્રો : અઢાર વર્ષથી માંદી-કૂબડી સ્ત્રીને સાજી કરી. લૂક ૧૩:૧૧-૧૩. ઈસુ બાળકોને આશીર્વાદ આપે છે. લૂક ૧૭:૧૫-૧૭

૪. પેરિયાથી બેથાનિયા. માથ્થી ૨૦:૧૭.
ચિત્રો : આંધળા બારતિમાયને દેખતો કર્યો. માર્ક ૧૦:૪૬-૪૫. બેથાનિયાની મરિયમ ઈસુને અત્તર ચોળે છે. યોહા. ૧-૯.

XI

# ઈસુના આખરી દિવસોમાં તેમનાં પગલાં.



## ૭.

## આખરી દિવસોમાં ઈસુના પગલાં
## (ક્રૂસારોહણ સમયનું યરુશાલેમ)

૧. બેથાનિયાથી યરુશાલેમ.
<u>ચિત્ર :</u> યરુશાલેમમાં : છેલ્લું ભોજન. લૂક ૨૨:૧૪-૨૦.

૨. છેલ્લા ભોજનમાંથી ગેથસેમાને વાડીમાં. માથ્થી ૨૬:૩૬.
ચિત્ર : ગેથસેમાને વાડીમાં; ઈસુ પ્રાર્થના કરે છે, શિષ્યો ઊંઘી ગયા છે.
લૂક ૨૨:૪૦-૫૦.

૩. ગેથસેમાનેથી પ્રમુખ યાજકના મહેલે. માથ્થી ૨૬:૫૭.
<u>ચિત્ર :</u> ઈસુ સાન્હેદ્રીન કાઉન્સિલ આગળ. માથ્થી ૨૬:૫૭-૬૮.

૪. કાયાફાસના મહેલેથી પોંતિયસ પિલાતના ન્યાયાલયે.
લૂક ૨૩:૧

૫. પિલાત પાસેથી હેરોદ રાજાના મહેલે. લૂક ૨૩:૭.
<u>ચિત્ર :</u> ઈસુ હેરોદ આગળ. લૂક ૨૩:૮-૧૧.

૬. હેરોદના મહેલેથી પિલાત પાસે પાછા. લૂક ૨૩:૧૧.
ચિત્ર : પિલાતના ન્યાયાલયમાં ઈસુને મૃત્યુદંડની સજા. માથ્થી ૨૭:૨૬.

૭. પિલાતના ન્યાયાલયથી ગલગથા અથવા કાલવરીએ. લૂક ૨૩:૩૩.

# ૧ ઇઝરાયલ વિષે જાણવા જેવી હકિકતો

## ૧. ક્યાં આવેલો છે?

મિડલ ઈસ્ટમાં (અથવા પશ્ચિમ એશિયામાં).

અક્ષાંશ : ૧૯° ઉ.થી ૩૩.૫° ઉત્તર

રેખાંશ : ૩૫°પૂ. થી ૩૯° પૂર્વ

## ૨. ભૂગોળ સરહદો:

ઉત્તરે - લબાનોન, સિરિયા

પૂર્વે - (પાટ), યરદન નદી, જોર્ડન રાજ્ય

દક્ષિણે - રાતો સમુદ્ર, અરેબિયા

પ્રશ્ચિમે - ભૂમધ્ય સમુદ્ર (મેડિટરેનિયન), (છેક દક્ષિણ તરફ ઈજિપ્ત)

પૃથ્વીની પ્રજાઓની વચમાં : એશિયા ખંડ, યૂરોપ ખંડ અને આફ્રિકા ખંડના ત્રીભેટે

હઝકી. ૫:૫ "પ્રભુ યહોવા કહે છે કે એ તો યરુશાલેમ છે, મેં તેને પ્રજાઓની મધ્યમાં સ્થાપ્યું છે, ને તેની આસપાસ ચોગરદમ [અન્ય] દેશો આવેલા છે." દેશ લાંબો અને સાંકડી પટ્ટી-રૂપ છે. ૪૦૦ કિ.મિ. (૨૯૦ માઈલ) લાંબો, અને ૧૩૫ કિમિ (૮૫ માઈલ) પહોળો-સૌથી પહોળી જગાએ.

## ૩. હવામાન:

પુષ્કળ સૂર્યપ્રકાશ. નવેમ્બરથી એપ્રિલ સુધી વરસાદ. એને પાછલો અને આગલો વરસાદ બાઈબલમાં કહ્યો છે (જુઓ ગોળ ચાર્ટ). વરસ દરમિયાન કુલ ૨૦ થી ૫૦ ઈંચ (૫૦થી ૧૨૫ સેમિ) વરસાદ ઉત્તરમાં હોય છે, જ્યારે છેક નીચે નેગેબ તરફ એક ઈંચ (૨.૫ સેમિ) વરસાદ હોય છે. પ્રાદેશિક હવામાનમાં ફેરફાર હોય છે, ગરમ, ભેજવાળો ઉનાળો, અને નરમાળ અને વરસાદી શિયાળો. કંઠાર પ્રદેશમાં: સૂકો, હૂંફાળો ઉનાળો, અને સમધાત શિયાળો, સાથે સાથે વરસાદ અને અવારનવાર હળવો 'બરફ'(SNOW) પર્વતીય પ્રદેશોમાં. ગરમ અને સૂકો ઊનાળો, અને ગુલાબી ઠંડીવાળો શિયાળો યરદન નદીના વિસ્તારમાં આછું સૂકું અને કંઈક વરસાદહીન-- અને અવારનવાર હુંફાળાથી માંડીને ગરમ દિવસો અને ઠંડી રાત્રીઓ દક્ષિણ વિસ્તારમાં.

## ૪. તંદુરસ્તીઃ

લગભગ ૯૫ ટકાના લોકોએ કોઈને કોઈ 'હેલ્થ ઈન્સ્યોરન્સ લીધો હોય છે, જે દ્વારા તેમને હૉસ્પીટલનું ખર્ચ અને બીજી ઘણી સેવાઓ મળે છે.' સ્ત્રીઓની આયુષ્ય-દોરી સરેરાશ ૭૯ વર્ષની હોય છે, અને ૭૫ કરતાં જરાક વધારે એવી જીવન-દોરી પુરુષોની હોય છે. બાળમરણ પ્રમાણ દર ૧૦૦૦એ ૯.૪ હોય છે. બહુ જ પ્રગતિશાળી દેશોમાં હોય છે તેવું ઈઝરાયલમાં પણ છે, એટલે વસતીના પ્રમાણમાં દાક્તરો અને ખાસ રોગોના નિષ્ણાતો હોય છે.

## ૫. વસતીઃ

ઈઝરાયલ તો કાયમને માટે બહારથી રહેવા આવેલા લોકોનો દેશ છે. સને ૧૯૪૮માં રાજ્યની સ્થાપના થઈ ત્યારથી આજ સુધી એની વસતી ૭.૫ ગણી વધી ગઈ છે. આજની વસતી ૫૩ લાખ કરતાં કંઈક વધુ છે. જુદા જુદા ૧૦૪ દેશોમાંથી આવેલા, જુદી જુદી ભાષા બોલીના, લાઈફસ્ટાઈલના, ધર્મના, સંસ્કૃતિના લાખો લોકો! એમને 'એક' પ્રજા બનાવવી એ પ્રાણપ્રશ્ન બની જાય છે. એમાંના ૮૨ ટકા યહૂદીઓ છે, અને બાકીના ૧૮ ટકામાં મોટા ભાગના આરબો છે. ખ્રિસ્તીઓ અને ડ્રુઈઝો એમાં આવી જાય. કુલ વસતી : ૫૩,૨૮,૦૦૦.

## ૬. વનસ્પતિ અને પ્રાણીઓઃ

ઈઝરાયલમાં અનેક પ્રકારની વનરાજી અને ભાતભાતનાં પ્રાણીઓ છે. ભૌગોલિક પરિસ્થિતિ અનેક ઊંચાઈના પહાડો, ડુંગરો, ટેકરીઓ અને ભાતભાતની ખીણો છે. યરદનની ખીણ તો ખૂબ ઊંડી છે, અને મૃત સરોવર તો દરિયાઈ સપાટીથી ૧૨૯૨ ફૂટ નીચું છે, અને સરોવરનું તળિયું ૨૫૦૦ ફૂટ નીચું છે, દુનિયાનો એ સૌથી નીચો ભાગ છે. અને દેશના તરેહ તરેહના હવામાને આ બધામાં ભાગ ભજવ્યો છે.

દેશમાં ૩૮૦ જાતનાં પક્ષી, ૧૫૦ જાતનાં સસ્તન પ્રાણીઓ છે, જેમાંથી ૧૫૦ જાતો તો દેશની મૂળ વતની છે. દેશભરમાં આ બધાની જાળવણી માટે ૧૨૦ જેટલાં કુદરતી અભ્યારણો છે. જે દેશ પ્રમાણે મોટો વિસ્તાર ૪૦૦ ચો. માઈલ (લગભગ ૧૦૦૦ ચો.કિમિ) છે.

## ૭. પાણી :

પાણીની તંગી છે, તેથી ઓછામાં ઓછો પાણીનો વપરાશ થાય અને જરાયે બગાડ ન થાય એની ખૂબ કાળજી રાખવામાં આવે છે. ડ્રીપ ઈરીગેશન (ટપક પધ્ધતિ) એનું પરિણામ છે. છેક ઉત્તરમાંથી પાણી લાવી મધ્યપ્રદેશ અને દક્ષિણ સુધી લઈ જવામાં આવે છે, -- ઉઘાડી કેનલો (નહેરો) દ્વારા નહિ, નહિ તો પાણી ઊડી જાય, -- પણ બંધ પાઈપ લાઈનોથી પાણી છેક સુધી લઈ જવામાં આવે છે. ટપક પધ્ધતિનો લાભ એ પણ છે કે શરુઆતમાં જ પાણીના સ્ત્રોતમાં ખાતર અને દવા ભેળવી દેવાય. એટલે બધે ખાતર અને દવા નાખવાની જરૂર ન રહે. (જેમ દવાખાનામાં દવા ચઢાવવાની બોટલોમાં જ બધી દવા નાખી દે તેમ. પાણીના નવા નવા સ્રોતો શોધવામાં 'વાદળાં વરસાવવાં', ગટરોનાં પાણીને શુધ્ધ કરી ફરી વાપરવાં, અને દરિયાઊ ખારાં પાણીને ક્ષારરહિત બનાવી વાપરવાં.

## ૮. લાઈફ સ્ટાઇલ :

વસતીના લગભગ ૯૦ ટકા લોકો લગભગ ૧૦૦ જેટલાં શહેરોમાં વસે છે. એમાંનો મોટો ભાગ જૂનાં ઐતિહાસિક સ્થળોએ આવેલાં છે. લગભગ ૬ ટકાના લોકો ગ્રામ્ય સહકારી વસાહતોમાં રહે છે. આ ગ્રામ્ય સહકારી વસાહતો એ ઈઝરાયલનું આગવું પ્રદાન છે. એ છે કીબુત્ઝ અને મોશોવ.

## ૯. મુખ્ય શહેરો :

<u>યરુશાલેમ:</u> ઈઝરાયલની રાજધાની. વસતી ૫,૫૭,૦૦૦, ઈઝરાયલ પ્રજાના રાષ્ટ્રીય અને આત્મિક જીવનના કરોડરજજૂસમ બની રહ્યું છે. દાવિદ રાજાએ આજથી ત્રણ હજાર વર્ષ પૂર્વે યરુશાલેમને રાજધાની બનાવ્યું ત્યારથી યરુશાલેમ આ સ્થાન સંભાળી રહ્યું છે. સને ૧૯૬૭ પછી એ ખૂબ ફાલી ફૂલી રહ્યું છે. સૌથી મોટું શહેર છે. આવતી સાલે (૧૯૯૬માં) એની ૩૦૦૦ વર્ષની અતિ ભવ્ય જ્યુબિલી ઉજવાશે.

<u>તેલ અવીવ:</u> (વસતી ૩,૫૭,૦૦૦) આજના જમાનાનું આ આધુનિક શહેર ૧૯૦૯માં બાંધવામાં આવ્યું. ભૂમધ્ય કાંઠે આજનું જાફ્ફા (જૂના જોપ્પા) બંદર લગોલગ બાંધવામાં આવ્યું છે, અને આ દેશના વેપાર, હુન્નરઉદ્યોગ અને નાણાંકીય તેમ જ સાંસ્કૃતિક કેન્દ્રસમું બની ગયું છે.

હાઇફા: (વસતી ૨,૫૦,૦૦૦) જૂના સમયનું કાર્મેલ પર્વત પાસે ભૂમધ્ય સમુદ્રનું ધમધોકાર ચાલતું બંદર. આજે ઉત્તર ઇઝરાયલનું ધીકતું બંદર બની રહ્યું છે.

બેરશીબા: (વસતી ૧,૩૫,૦૦૦) ઇઝરાયલના આદિપિતૃઓ આબ્રાહમ ઈસહાક અને યાકોબે અહીં તંબુ તાણ્યા હતા. આજે દક્ષિણ ઇઝરાયલનું મોટું અને અગત્યનું શહેર બની ગયું છે.

## ૧૦. ગવર્નમેન્ટ પદ્ધતિ

ઇઝરાયલ દેશે પાર્લામેન્ટરી લોકશાહી સ્વીકારી છે, અને એની ત્રણ પાંખ: કાયદાકીય (નેસ્સેત અથવા પાર્લામેન્ટ): કાર્યવાહક (ગવર્નમેન્ટ); અને ન્યાય--ખાતાની બ્રાન્ચો -- કાર્યભારણ અને સત્તા વહેંચાયેલાં રહે, એકમેક પર ચેક (નજર) રાખી શકે અને દેશની સમતૂલા સચવાય રહે એ રીતે ગોઠવાયલાં છે, પ્રેસિડેન્ટ રાજ્યના વડા ગણાય અને ઔપચારિક અને શિષ્ટાચારની ફરજો તેઓ સાચવે. આ પદ દેશની એકતાના ચિહ્ન સમાન છે. પ્રેસિડેન્ટ પાર્ટી-પોલિટીક્સ સાથે સંબંધ ધરાવતા નથી. નેસ્સેતની ચૂંટણી દર ચાર વર્ષે થાય છે. પ્રત્યેક પાર્ટીના લીસ્ટ પર તેમણે મત આપવાનો હોય છે. પ્રેસિડેન્ટની ચૂંટણી નેસ્સેત કરે છે. અને તે પાંચ વર્ષના બીજા એક ટર્મ માટે ચૂંટાઇ શકે. પ્રાઇમ મિનિસ્ટર (વડા પ્રધાન)ની ચૂંટણી (૧૯૯૨માં રચેલા કાયદા પ્રમાણે સીધા લોકમતથી ચૂંટાય છે) પણ એ નેસ્સેતનો સભ્ય હોય એ જરૂરી છે.

## ૧૧. કેળવણી અને વિજ્ઞાન

પાંચ વર્ષની ઉંમરથી માંડીને કેળવણી ફરજિયાત છે, અને ૧૮ વર્ષ સુધી ફ્રી છે. ત્રણથી ચાર વર્ષનાં બાળકો શાળા પહેલાં અપાતી તાલીમ અથવા રમતના વર્ગોમાં જતાં હોય છે. વસતીનાં સ્કૂલ વર્ષ સરેરાશ ૧૧.૭ છે. ઇઝરાયલની યુનિવર્સિટીઓ જાતજાતના વિષયોનું શિક્ષણ આપે છે, અને ઘણા બધા દેશોથી વિદ્યાર્થીઓ આવે છે. અહીંની સંશોધન સંસ્થાઓ વિશ્વભરમાં વિખ્યાત છે. સંશોધન ખૂબ ઊંચી કક્ષાનું અને વિસ્તૃત હોય છે. મોટા ભાગનું શિક્ષણ હિબ્રૂ ભાષામાં હોય છે. અને ઇઝરાયલમાં ભાગ્યે જ કોઇ નિરક્ષર હોય. દેશમાં ૫ મેડિકલ કૉલેજો, બે ડેન્ટલ કૉલેજો, ૧ ફાર્મસી કૉલેજ અને ૧૪ નર્સિંગ સ્કૂલો છે,

દેશમાં ૯૦૦૦ ડૉકટરોને નિયમિત વેતન મળે છે. આજથી ૧૫ વર્ષ પહેલાં ૨૦ હજાર નર્સો દેશભરમાં હતી. આ બહુજ ઊંચો આંક કહેવાય.

## ૧૨. આરબો સાથે સંબંધ

ઈઝરાયલીઓ આરબોને દુશ્મન માનતા નથી, પણ તેમનો સહકાર શોધે છે. જે આરબ દેશો વિરોધ કરી યુધ્ધ આદરે તેમને તેઓ ખત્તમ કરી નાખે છે. મિત્રતા શોધે તેમના તેઓ મિત્ર થાય છે. (દાખલ તરીકે ઈજિપ્ત સાથે સંધી.) ઈઝરાયલ રાજ્યમાં વસતા આરાબો સાથે ઈઝરાયલ સરકાર સહકારથી રહે છે. ઈઝરાયલની વસતીના ૮૨.૮ યહૂદીઓ છે, એટલે ૩૩ લાખ ત્રીસ હજારની વસ્તી થઈ. જ્યારે ઈઝરાયલમાં આરબ વસતી ૬,૩૩,૦૦૦ એટલે કે ૧૦ ટકા છે. તોપણ ચૂંટણીમાં ઊભા રહેવાનો તેમને અધિકાર છે. સાતમી નેસ્સેત (પાર્લામેન્ટમાં) સાત આરબ પ્રતિનિધિઓ ચૂંટાઈ આવ્યા છે. ઈઝરાયલમાંનાં આરબ ધર્મસ્થાનોનો વહીવટ મુસ્લીમો ચલાવે છે. ઈઝરાયલમાં ૧૨૪ મસ્જિદો છે, અને ૨૦૦ જેટલા મૌલવીઓને રાજ્ય સરકાર તરફથી પગાર મળે છે. ખ્રિસ્તી ધર્મ ગુરુઓને પણ એમજ પગાર મળે છે. સને ૧૯૭૧માં આરબો માટે ૨૭૭ પ્રાથમિક શાળાઓ, ૬૬ હાઈસ્કૂલો અને ૨૨૭ બાલમંદિરો હતાં. બધા મળી ૪૪૦૦ શિક્ષકો, અને ૧,૧૭૦૦૦ વિદ્યાર્થીઓ હતા. આરબો માટે છ આરોગ્ય કેન્દ્રો, ૭૯ ગ્રામ ડિસ્પેન્સરીઓ અને પાંચ માતૃશિશુ કલ્યાણ કેન્દ્રો છે. પંચાણું ટકા આરબો સુશિક્ષિત છે, પણ ઘણા બધા આરબો ધાન ખાય ધણીનું ને ગાન ગાય વિરાનું. વળી તેઓ બહુ પત્નીપણામાં માને છે, અને ડઝનબંધ બાળકો પેદા કરે છે.

# ૧૩. ઇઝરાયલની લશ્કરી તાકાત

૧૯૯૦-૯૧

ઈઝરાયલ ચારે પાસ આરબોથી ઘેરાયલું છે. આમ તો બધાં આરબ રાજ્યો દુશ્મન જ છે. લોકોની વસતી અને યુધ્ધ સૈનિકોની સંખ્યામાં ઈઝરાયલનો છેલ્લો નંબર છે. આમ છતાં ઈઝરાયલના નામથી આરબો ધ્રૂજે છે.

ઈઝરાયલી લશ્કરી તાકાત આ મુજબની છે:

| દેશનું નામ | વસ્તી દશ લાખમા | સૈનિક તાકાત યુધ્ધમા | રીઝર્વ | યુધ્ધ વિમાન | ટેન્ક |
|---|---|---|---|---|---|
| સિરિયા | ૧૧,૭૨ | ૪૦,૪૦૦૦૦ | ૪,૦૦,૦૦૦ | ૬૦૯ | ૪૦૫૦ |
| જોર્ડન | ૩,૧૦ | ૮૫,૨૫૦ | ૩૫,૦૦૦ | ૧૩૫ | ૧૧૫૦ |
| ઈરાક | ૧૭,૮૫ | ૧૦,૦૦,૦૦૦ | ૮,૫૦,૦૦૦ | ૫૧૩ | ૫૬૩૦ |
| સાઉદી અરેબિયા | ૧૩,૪૯ | ૬૫,૦૦૦ | -- | ૧૭૯ | ૫૫૦ |
| લિબિયા | ૪.૩૯ | ૮૫,૦૦૦ | ૪૦,૦૦૦ | ૫૩૧ | ૧૯૩૦ |
| અલ્જીરિયા | ૨૪.૫૫ | ૧,૩૮,૫૦૦ | | ૩૪૭ | ૯૫૦ |
| કુલ | ૭૫.૧૦ | ૧૩,૭૮,૪૫૦ | | ૨,૩૧૪ | ૧૪૩૧૦ |
| ઈઝરાયલ | ૪,૫૫ | ૧,૪૧,૦૦૦ | ૫,૦૪,૦૦૦ | ૭૫૩ | ૩૭૯૪ |

## ૧૪. ટેલિફોન, તાર, ટપાલ, બેન્ક

જાહેર ટેલિફોનઃ રસ્તા પર અગત્યનાં સ્થળો પર મૂકેલા હોય છે. ટેલિફોન માટે ચલણી નાણું નહિ, પણ ખાસ ટોકન બનાવવામાં આવેલાં હોય છે. આપણે તે ખરીદી લેવાનાં હોય છે. ટોકન નાખવાથી ટેલિફોન જોડાય છે.

પોસ્ટ ઓફિસોઃ સવારના ૮-૦૦ થી ૧૨-૦૦ અને ૩-૪૫ થી ૬-૦૦ સુધી ખુલ્લી રહે છે. બુધવારે સવારે ૮-૦૦થી ૨-૦૦ સુધી અને શનિવારે જાહેર રજા.

બસ સર્વિસઃ બધાં શહેરોમાં રેગ્યુલર સવારે ૫-૦૦ થી રાત્રે ૧૧-૩૦ સુધી ચાલે છે સાબ્બાતે (શનિવારે) અને રજાને દિવસે બસ સર્વિસ બંધ હોય છે. એક કલાક અગાઉ બંધ થઈ જાય છે.

બેન્કોઃ સવારમાં ૮-૩૦ થી ૧૨-૦૦ અને સાંજે ૪-૦૦ થી ૫-૩૦ સુધી ચાલુ રહે છે. અને જાહેર કામ થાય છે. બુધવારે અને શુક્રવારે ૮-૩૦ થી ૧૨-૦૦ સુધી ચાલુ શનિવારે (સાબ્બાથે) રજા.

ક્રેડિટ કાર્ડઃ લગભગ બધા લોકો પાસે ક્રેડિટ કાર્ડ હોય છે. એ દ્વારા રસ્તે આવતી બેન્કમાંથી નાણાં ઉપાડી શકાય છે.

## ૧૫. દેશનો ઝંડો

શ્વેત કાપડ પર ઉપર અને નીચે એમ વાદળી રંગી બે પટ્ટા હોય છે. અને એ બે વચ્ચેની જગામાં દાવિદનો વાદળી તારો હોય છે. પટ્ટીઓનો બનાવેલો હોય છે.

## ૧૬. રાજ્યની સંજ્ઞા

સાત ચાડાંવાળી દીવી એમની રાજ્ય-સંજ્ઞા છે. ભારતની સંસ્કૃતિમાં વપરાતી દીવી છ ચાડાંની હોય છે. ઈઝરાયલમાં એને મેનોરાહ કહે છે.

## ૧૭. દેશમાં રાજકીય પક્ષો (માન્ય પક્ષો)

૧. ઈઝરાયલ લેબર પાર્ટી
૨. યુનાઈટેડ વર્કર્સ પાર્ટી
૩. લિબરલ બ્લોક

૪. નેશનલ રિલીજિયસ પાર્ટી
૫. ઈન્ડિપેન્ડન્ટ લિબરલ પાર્ટી
૬. સામ્યવાદી પક્ષ

પાર્ટીના પ્રતીક ઉપર જ ચૂંટણી લડવાની હોય છે. એટલે કોઈ અપક્ષ ઉમેદવાર ઊભો રહી શકે જ નહિ. કોઈ ઉમેદવારે ફોર્મ ભરવાનું હોતું નથી. નેસ્સેતમાં ૧૨૦ સભ્યો હોય છે. એટલે દરેક પાર્ટીએ પોતાના પાર્ટી-મેમ્બરોમાંથી ૧૨૦નું લીસ્ટ તૈયાર કરી ચૂંટણી પંચને આપવાનું હોય છે.

મતદાનમાં ચોકડી કરવાની હોતી નથી. પણ દરેક પક્ષનાં પ્રતીકોનો જથ્થો ત્યાં પડેલો હોય છે. ધારો કે તમે મત આપવા ગયા. એટલે તમને ગમતી પાર્ટીનું પ્રતીક લઈ, પાસે પડેલાં કવરમાંથી એક લઈ મત પેટીમાં નાખો. જે તે પાર્ટીને કુલ મતદાન જેટલા ટકા મળે તે પ્રમાણે જે તે પાર્ટીના લીસ્ટ પ્રમાણે પ્રથમના ઉમેદવારો ચૂંટાયેલા ગણાય. જો કોઈ પાર્ટીને ૫૦ ટકા મતદાન મળે તો પ્રથમ નંબરના ૬૦ ચૂંટાયેલા ગણાય. જો ૨૫ ટકા મતદાન મળ્યું હોય તો એ પાર્ટીના ૩૦ ઉમેદવાર ચૂંટાયલા ગણાય.

ઝંડો





દીવી

## ૧૮. લોકો વિષે

| | ૧૯૬૧ના દાયકો | ૧૯૭૧નો દાયકો | ૧૯૮૧નો દાયકો | આજે |
|---|---|---|---|---|
| વસતી | ૨૧,૫૦,૦૦૦ | ૩૦,૨૨,૦૦૦ | ૩૯,૨૨,૦૦૦ | ૫૩,૨૮,૦૦૦ |
| ઈઝરાયલમાં નાનાં-મોટાં શહેરો | ૫૩ | ૭૬ | ૯૭ | ૧૨૪ |
| દુનિયાભરના યહૂદીઓમાંથી કેટલા ટકા ઈઝરાયલમાં | ૧૩ | ૨૦ | ૨૫ | ૩૩ |
| સરેરાશ જીવનદોરી : નર | -- | ૭૩.૨ | ૭૬.૦ | ૭૮.૪ |
| નારી | ---- | ૬૯.૧ | ૭૨.૬ | ૭૪.૭ |
| બાળમરણ પ્રમાણ (દર ૧૦૦૦ જીવંત જન્મ) | ૩૧.૩ | ૨૨.૭ | ૧૫.૬ | ૭.૮ |
| શાળાઓમાં વિદ્યાર્થીઓ | ૫,૭૮,૦૦ | ૮,૨૪,૦૦૦ | ૧૨,૦૧,૦૦૦ | ૧૬,૫૪,૦૦૦ |
| ૧૩ વર્ષ કે વધારે વર્ષ સુધી શાળાની રીતસર તાલીમ લીધી હોય એવાં બાળકો, દેશના લોકોની કુલ વસતીના કેટલા ટકા | ૯ | ૧૧.૪ | ૧૮.૭ | ૨૮.૯ |

**૧૯.**

| ધર્મ પ્રમાણે વસતી | | વસતી-વહેંચણી | | બીજા દેશમાંથી કાયમ આવેલા | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ખંડ પ્રમાણે | | વર્ષ પ્રમાણે | |
| યહૂદી | ૮૧.૪% | શહેરો | ૯૦.૫% | ૧૯૪૮-૧૯૭૩ | | ૧૯૪૮-૫૧ | ૬૮૮૦૦૦ |
| મુસ્લિમ | ૧૪.૧% | ગામો | ૩.૮% | યુરોપ | ૫૬% | ૧૯૫૨-૫૯ | ૨૭૨૦૦૦ |
| | | | | આફ્રિકા | ૨૦ % | ૧૯૬૦-૬૯ | ૩૭૪૦૦૦ |
| ખ્રિસ્તી | ૨.૮% | મોશેવીમ અમેરિકા | ૩.૩% | એશિયા | ૧૫% | ૧૯૬૦-૬૯ | ૩૭૪૦૦૦ |
| દ્રુઝ અને બીજા | ૧.૭% | કીબુતિઝમ | ૨.૪% | ઓસનિયા | ૮% | ૧૯૮૦-૮૯ | ૧૫૪૦૦૦ |
| | | | | અજાણ | ૧% | ૧૯૯૦-૯૪ | ૬૧૦૦૦૦ |

**૨૦.**

| દેશનું અર્થતંત્ર | ૧૯૬૧ | ૧૯૭૧ દાયકો | ૧૯૮૧ દાયકો | આજે દાયકો |
|---|---|---|---|---|
| દેશનું કુલ ઉત્પાદન ડૉલર | ૨.૫ | ૬.૮ | ૧૯.૧ | ૭૨.૮ |
| માલની નીકાસમિલિયન્સ ડૉ. પ્રમાણે | ૨૧૭ | ૬૩૯ | ૫૫૧૧ | ૧૪૮૨૬ |
| તેમાંથી ઔદ્યોગિક પેદાશ મિલિયન્સ ડૉ. પ્રમાણે | ૧૫૪ | ૬૩૯ | ૪૯૫૫ | ૧૪૨૮૦ |
| ખેતીવાડી પેદાશ | ૬૩ | ૧૨૯ | ૫૫૬ | ૫૪૮ |
| મિલિયન્સ ડૉ. પ્રમાણે પર્યટકો | ૧૧,૦૦૦ | ૪૧,૯૦૦ | ૧૦,૬૬,૦૦૦ | ૧૮,૬૦,૦૦૦ |
| વીજળીનું ઉત્પાદન (મિલિયન્સ કિલોવોટસ/કલાકો) | ૧૮૬૯ | ૫૭૦૦ | ૧૧૦૦૦ | ૨૩૬૬૦ |
| ખાનગી મોટરકારો | ૨૪,૦૦૦ | ૧,૪૮,૦૦૦ | ૪,૧૦,૦૦૦ | ૯,૭૯,૦૦૦ |
| દર વર્ષે રેલવે મારફતે મોકલાતો માલ (ટનેજ) | ૧૯,૪૯,૦૦૦ | ૩૪,૧૯,૦૦૦ | ૫૩,૨૬,૦૦૦ | ૮૬,૬૮,૦૦૦ |
| દર વર્ષે વિમાની પેસેન્જરો | ૨૨,૩૦૦ | ૧૦,૫૧,૦૦૦ | ૨૮,૪૭,૦૦૦ | ૫૨,૧૯,૦૦૦ |
| વિમાન દ્વારા મોકલાતો માલ દર વર્ષે આટલા ટન | ૩,૫૨૦ | ૩૦,૭૦૦ | ૧,૦૫,૮૦૦ | ૨,૨૨,૭૪૦ |
| ટેલિફોન ધરાવનારા | ૬૮,૦૦૦ | ૩,૬૯,૦૦૦ | ૬,૮૦,૦૦૦ | ૧,૯૫,૮૦૦ |
| રાજ્યનું બજેટ ૧૯૯૫ | $ ૪૮.૮ (ફેબ્રુઆરી ૧૯૯૫ વિનિમય દરે.) | | | |

## ૨૧. થોડો ખુલાસો

ઉપરના કોઠામાં 'બિલિયન' શબ્દ વાપર્યો છે. તેની થોડી સમજૂતિ નીચે આપું છું. એ દુઃખની વાત છે કે વિશ્વકક્ષાએ મિલિયન, બિલિયન, ટ્રિલિયન અને મિલાર્ડની રકમ અમેરિકામાં અને ફ્રાન્સમાં એક સરખી હોય છે, પણ બ્રિટનમાં અને જર્મનીમાં ખૂબ મોટી હોય છે.

મિલિયન એટલે એકડો અને પછી ૬ મીંડાં (૧૦૦૦ હજાર), ૧૦૦૦૦૦૦, અમેરિકા અને બ્રિટન તેમજ ફ્રાન્સ અને જર્મનીમાં બધે સરખું માપ છે.

મિલાર્ડ (Millard) એકડા પછી ૯ મીંડાં. (૧૦૦૦ મિલિયન)

બિલિયન (Billion) એકડા પછી ૧૨ મીંડાં. (૧૦૦૦૦૦૦ મિલિયન), ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦ બ્રિટન અને જર્મન પદ્ધતિમાં એ પ્રમાણે વરરાય છે. પણ અમેરિકન અને ફ્રાન્સ પદ્ધતિમા એકડાં પછી ૯ મીંડા (૧૦૦૦ મિલિયન) ૧૦૦૦૦૦૦૦૦૦.

ટ્રિલિયન (Trillion) એકડા પછી ૧૮ મીંડાં (૧૦-૦૦૦૦૦ બિલિયન) ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦- ૦૦૦. એમ બ્રિટીશ અને જર્મન પદ્ધતિમાં વપરાય છે; જ્યારે અમેરિકન અને ફ્રેન્ચ પદ્ધતિમાં નીચે પ્રમાણે વપરાય છે. એકડા પછી ૧૨ મીડાં (૧૦૦૦ બિલિયન) એટલે ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦.

એ પ્રમાણે પહેલી વિગતમાં ૨.૫ બિલિયન આપ્યા છે, તે $ ૨,૫૦,૦૦,૦૦,૦૦૦ થયા. (અમેરિકાએ બહાર પાડેલા આંકડા છે, એટલે અમેરિકન પદ્ધતિથી લખાયું છે.

ઉપરની રકમના કેટલા રૂપિયા થાય તે કાઢવું હોય તો (ડૉલરના બેન્ક રેટે જે વિનિમય હોય (રૂ. ૩૨-૫૦) તેટલાએ ગુણવું).


આપણી ભારતીય ગણતરીમાં એકમ, દશક, સો, હજાર, દશ હજાર, લાખ, દશ લાખ, કરોડ, દશ કરોડ, અબજ (= ૧૦૦ કરોડ) વપરાય છે. એની આગળનાં આઠ નામ (છેક પરાધ સુધીનાં વપરાશમાં નથી.)



જાફ્ફા દરવાજો



સ્ટેફનનો દરવાજો



નવો દરવાજો



કચરા દરવાજો



હેરોદ દરવાજો



દમસ્ક દરવાજો



સિયોન દરવાજો



સુવર્ણ દરવાજો

# ૨. ઇઝરાયલ રાજ્યની સ્થાપના

'બાલ્ફર જાહેરાત' પછી ઈ.સ. ૧૯૨૧થી નિયમિત રીતે અને મોટી સંખ્યામાં યહૂદીઓ અન્ય દેશોમાંથી આવીને અહીં વસવા લાગ્યા.

યહૂદીઓના આગમનથી ત્યાં વસતા તેમ જ આવીને વસેલા આરબોમાં બીજાઓની ચઢવણીને કારણે ભારે ઉશ્કેરાટ પેદા થયો, અને ત્યાં પછી તો વારંવાર તોફાનો થવા લાગ્યાં.

**શ્વેત પત્ર-**

પાછળથી ઈંગ્લેન્ડે તા. ૧૭-૫-૧૯૩૯ના રોજ પાલેસ્તાઈનમાં પુનરાગમન કરતા યહૂદીઓનો આંકડો મર્યાદિત બનાવતો શ્વેતપત્ર જાહેર કર્યો. એ શ્વેતપત્રમાં ઠરાવ્યા પ્રમાણે હવે પછીનાં પાંચ વર્ષ દરમિયાન માત્ર ૭૫,૦૦૦ યહૂદીઓ પાલેસ્તાઈનમાં આવી શકે! આથી યહૂદીઓની સ્થિતિ ભયંકર થઈ. એક તરફ હિટલરે લાખો યહૂદીઓને નસાડી મૂક્યા. અને બીજી તરફ કોઈ દેશ તેમને સંઘરે પણ નહી, તેમ જ પાલેસ્તાઈનમાં પણ બહુ થોડા જ યહૂદીઓ પ્રવેશી શકે! એક વખતે 'સ્ટ્રુમા' નામના કાણા અને પાણી ભરાતા વહાણમાં ભરાઈને ૭૬૯ જેટલા યહૂદી નિર્વાસિતો જર્મનીથી પાલેસ્તાઈન નાસી આવ્યા. પણ શ્વેતપત્રના ધોરણે તેમને પાલેસ્તાઈનમાં પેસવા દેવામાં આવ્યા નહિ. આખરે આ કાણું વહાણ કાળા સમુદ્રમાં પાણીને તળિયે બેસતાં એ ૭૬૯ યહૂદીઓમાંથી એક સિવાય બધા જ ડૂબી ગયા!

પછી તો યહૂદી અને બ્રિટીશ સંબંધો વણસતા જ રહ્યા. આખરે ઈ.સ. ૧૯૪૭માં બ્રિટને પાલેસ્તાઈનનો પ્રશ્ન યુ.એન.ઓ. આગળ ધર્યો. અને એને માટે યુ.એન.ઓ.એ ખાસ સમિતિ નીમી. એ સમિતિ પાલેસ્તા-ઈનના આ પ્રશ્નનો સંપૂર્ણ અભ્યાસ કરે. અને હેવાલ રજૂ કરે એમ નક્કી થયું. એ સમિતિએ રજૂ કરેલા ખરડાને આખી એસેમ્બ્લીએ બે-તૃતીયાંશ કરતાં વધુ મતે તા. ૨૯-૧૧-૪૭ને રોજ માન્ય રાખ્યો. એ ઠરાવ પ્રમાણે નીચે પ્રમાણેની વસતી ત્રણ વિભાગમાં વહેંચાતી હતીઃ

| | યહુદીઓ | આરબ અને બીજા | કુલ |
|---|---|---|---|
| યહૂદી રાજ્ય | ૫,૦૦૦૦૦ | ૪,૧૬,૦૦૦ | ૯,૧૬,૦૦૦ |
| આરબ રાજ્ય | ૮,૦૦૦ | ૭,૧૫,૦૦૦ | ૭,૨૩,૦૦૦ |
| યરુશાલેમ શહેર | ૧,૦૦,૦૦૦ | ૧,૦૬,૦૦૦ | ૨,૦૬,૦૦૦ |

વધારામાં એમ સૂચવવામાં આવ્યું હતું કે યહૂદી રાજ્યે ૯૦,૦૦૦ બેદુઈનો, ખેતીકરો અને માલધારીઓ જેઓ સુકવણાના સમયમાં દૂર આઘે આઘે પોતાનાં ધણ ચરાવવા લઈ જતા હોય તેમને પોતામાં આશરો આપે. (પાસ થયેલા ઠરાવમાં આકારાયેલી સરહદો માટે જુઓ પૃષ્ટ નં. ૧ ઈ.સ. ૧૯૪૭વાળો નકશો.)

આ ત્રણ વિભાગો બનાવવા અંગે યુનેસ્કોની જનરલ એસેમ્બલીમાં જે મતદાન થયું તે નીચે પ્રમાણે છે:

**તરફેણમાં:** ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, બોલિવિયા, બ્રાઝિલ, બેઈલોરુશિયા, કેનેડા, કોસ્ટારીકા, ઝેકોસ્લોવેકિ-યા, ડેનમાર્ક, ડોમિનિયન રિપબ્લિક, એકવેડોર, ફ્રાન્સ, ગૌટેમાલા, હેઈટી, આઈસલૅન્ડ, લીબેરિયા, લક્ષેમ્બર્ગ, નેધરલૅન્ડ, ન્યુઝીલૅન્ડ, નિકારાગુઆ, નોર્વે, પનામા, પારા-ગુવે, પેરુ, ફિલિપાઈન્સ, પોલૅન્ડ, સ્વીડન, યુક્રેન, દક્ષિણ આફ્રિકા, યુ.એસ.આર., યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, ઉરુગુવે અને વેનીઝુલા.

**વિરોધમાં:** અફઘાનિસ્તાન, ક્યુબા, ઈજિપ્ત (મિ-સર), ગ્રીસ, ભારત, ઈરાન, ઈરાક, લબાનોન, પાકિસ્તાન, સાઉદી અરેબિયા, સિરિયા, તુર્કસ્તાન અને યમન.

**મત નહિ આપનારાં:** અર્જેન્ટીન, ચીલી, ચીન, કોલંબિયા, એલસાલ્વોડોર, ઈથોપિયા, હોન્ડુરાસ, મેકિસ-કો, યુનાઈટેડ કિંગ્ડમ અને યુગોસ્લાવિયા.

ઈઝરાયલીઓનું આ વિભાજિતપણું સંતોષકારક નહોતું, છતાં તેમણે આ ઠરાવને સ્વીકારી લીધો, જ્યારે આરબોએ એનો સખ્ત વિરોધ

કર્યો, અને જનરલ એસેમ્બ્લી કે સિક્યુરિટી કાઉન્સિલ -બેમાંથી કોઈ એ ઠરાવ પ્રમાણે અમલ કરાવવા તૈયાર નહોતાં. યહૂદીઓ પોતાનું રાજ્ય સ્થાપવા ખડે પગે તૈયાર હતા; પણ આરબ રાજ્યો તો પાલેસ્તાઇન પર હલ્લો લઈ જઈને પણ આ નવા થતા રાજ્યને કળીમાંથી ડામવા તત્પર




ઇઝરાયલ અને પાડોશી રાજ્યો
(કાળું ધાબુ એ ઇઝરાયલ છે)

હતા. બ્રિટને પોતાનાં રક્ષકદળ અને સિવિલ અધિકારીઓને પાછા ખસેડી લીધાની જાહેરાત કરતાંની સાથે જ આરબ ગેરીલા પ્રવૃતિઓ શરૂ થઈ ગઈ.

આ ખાસ સમિતિની ભલામણો પ્રમાણે બ્રિટિશ મૅન્ડેટ હવે મટી ગયું, અને પાલેસ્તાઇનમાં બે રાજ્યોની હસ્તી થઈ: યહૂદીઓનું રાજ્ય ઇઝરાયલ અને આરબોનું રાજ્ય જોર્ડન અસ્તિત્વમાં આવ્યાં. પુસ્તિકામાં (પહેલાં પૃષ્ઠની સામે) આપેલો નકશો જોવાથી આ ભાગલા સ્પષ્ટ સમજાશે. આ ભાગલા પ્રમાણે યરુશાલેમ શહેરના પણ બે ભાગ કરવામાં

આવ્યા. અડધા કરતાં ઓછો વિસ્તાર ઈઝરાયલ રાજ્યને મળ્યો અને બાકીનો મોટો વિસ્તાર આરબ રાજ્ય 'જોર્ડન'ને મળ્યો. યરુશાલેમના આ જોર્ડનવાળા વિસ્તારમાં જ જૈતૂન પર્વત, કાલવરી, ઈસુની ખુલ્લી કબર, પિલાતની કચેરી તેમ જ અડધો સિયોન પર્વત (જેમાં અસલ મંદિરનો વિસ્તાર તથા રુદનની દીવાલ આવેલાં છે). એ બધાંનો સમાવેશ થાય છે. મંદિરની જગાએ લાંબા સમયથી મુસ્લિમ મકાન છે. એ અંગાઉ આપણે જોઈ ગયા.

આ બધું હોવા છતાં તા. ૧૪-૫-૧૯૪૮ (ઈઝરાયલી પંચાંગ પ્રમાણે ૫ ઈયાર, ૫૭૦૮) રોજ તેલ-અવીવ શહેરના આર્ટ મ્યુઝિયમમાં યુ.એન.ઓ. તરફથી ઈઝરાયલ રાજ્યની સ્થાપનાની જાહેરાત થઈ. અને ૧૫મીથી બ્રિટિશ હકુમત પૂરી થઈ. ઈઝરાયલના પહેલા પ્રમુખ તરીકે ડૉ. વાઈઝમન ચૂંટાયા, અને વડાપ્રધાન તરીકે ડેવિડ બેન ગ્યુરિયોન આવ્યા. આ સમયે યહૂદીઓ ઘણા બધા દેશોમાંથી વિમાનો અને વહાણો દ્વારા ઈઝરાયલમાં આવ્યા.

આરબોએ આરબ લીગ મારફતે ઈઝરાયલ રાજ્યની સ્થાપનાનો ઉગ્ર વિરોધ કર્યો, અને સામે ચઢીને ઈઝરાયલ ઉપર ત્રાટકી પડ્યા. એમાં સિરિયા, ઈરાક, જોર્ડન, લબાનોન અને ઈજિપ્તે ઘણો ભાગ ભજવ્યો. ઈજિપ્તના પાટનગર કેરોમાં આરબ આગેવાનોએ જાહેર કરી દીધું કે, 'ઈઝરાયલના વિધ્વંસ માટે આ યુદ્ધ કરવામાં આવશે, અને થોડી જ ક્ષણોમાં મોંગોલિયન અને ધર્મયુદ્ધોના સમયના કચ્ચરઘાણની યાદ ભુલાવી દે તેવો કચ્ચરઘાણ યહૂદીઓનો કરવામાં આવશે.' આ યુદ્ધ ૨૭ દિવસ ચાલ્યું. સંયુક્ત રાષ્ટ્રસંઘની દરમિયાનગીરીથી ૧૯૪૯ના ફેબ્રુઆરીની ૨૪નીએ યુદ્ધવિરામ થયો તો ખરો, પણ આરબોએ અત્યાર સુધી ઈઝરાયલ સામે આદરેલા યુદ્ધનું પરિણામ એ આવ્યું કે જોર્ડને કબજે કરેલો મોટો વિસ્તાર પોતામાં સમાવી દીધો, અને ઈજિપ્તે ભૂમધ્ય સમુદ્ર તરફની ગાઝાની કંઠારપટ્ટીનો કબજે કરેલો મુલક કદી પાછો વાળ્યો નહિ.

તા. ૧૧-૫-૧૯૪૯ રોજ ઈઝરાયલ રાજ્યને રાષ્ટ્રસંઘમાં ૫૯મા સભ્ય તરીકે સ્થાન મળ્યું. સિક્યુરિટી કાઉન્સિલની ભલામણની દરખાસ્તને નવ તરફેણમાં અને એક (ઈજિપ્ત) વિરુધ્ધમાં અને એક તટસ્થ રહેતાં એ

મંજૂર થયું. જનરલ એસેમ્બ્લીમાં ૩૭ મત તરફેણમાં, ૧૨ વિરોધમાં અને ૯ તટસ્થ રહેતાં એ દરસ્ખાત મંજૂર થઈ.

**વસતીઃ** હાલ ૧૯૮૫માં ઈઝરાયલ દેશની કુલ વસતી ૪૧,૦૬,૧૦૦ (એકતાલીસ લાખ, છ હજાર, એકસો)ની છે. એમાં યહૂદીઓ ૩૪,૦૪,૦૦૦ (૮૨.૯ ટકા); મુસ્લિમોમાં ૫૫૪,૦૦૦ (૧૩.૫ ટકા); ખ્રિસ્તીઓ ૯૪,૪૪૦ (૨.૩ ટકા) અને દ્રુસ તથા અન્ય લોકો ૫૩,૩૮૦ (૧.૩ ટકા) છે.

ઈઝરાયલમાં બિનયહૂદીઓ ૭૧૦,૦૦૦ છે, જેના ૭૭ ટકા સુન્ની મુસ્લિમ આરબો છે, અને ૧૩.૫ ટકા ખ્રિસ્તીઓ છે, (જેનો મોટો ભાગ આરબ ખ્રિસ્તીઓ છે.) અને ૯.૫ ટકા દ્રુસ તથા અન્ય લોકો છે.

મુસ્લિમોનો મોટો ભાગ ગ્રામ્ય વિસ્તારમાં રહે છે, જ્યારે ખ્રિસ્તી આરબો મોટા ભાગના શહેરોમાં રહે છે. લગભગ ૫૩,૦૦૦ દ્રુસ લોકો કાર્મેલ પર્વતની હારમાળા આસપાસ, તેમ જ ગાલીલ વિસ્તારનાં ગામડામાં રહે છે. ત્યાં તેઓ પાછલાં ૮૦૦ વર્ષથી રહે છે. વળી ૧૨,૦૦૦ બીજા દ્રુસ ગોલન હાઈટ વિસ્તાર રહે છે.

ઈઝરાયલમાં ૬૭,૦૦૦ જેટલા આરબોમાંથી ૧૦ ટકા જેટલા બેદુઈનો છે. એમાંનો મોટો ભાગ દક્ષિણના રણમુલક નેગેબમાં રહે છે. અને એમાંનો મોટા ભાગ જૂની ઢબછબ પ્રમાણે અહીં તહીં ભટકતો રહે છે, જો કે હવે ધીમે ધીમે તેઓ એક રહેઠાણમાં ઠરીઠામ થતા જણાય છે.

ઈ.સ. ૧૯૪૮ થી ૧૯૮૦ની આખર સુધીમાં ૩૦,૦૦,૦૦૦ જેટલા યહૂદીઓ ઈઝરાયલમાં આવ્યા; ૪૦૭ ખેતીવિષયક ગામડાં સ્થપાયાં અને ૮,૫૦,૦૦,૦૦૦ (સાડાઆઠ કરોડ) ઝાડો વાવવામાં આવ્યાં, અને ૧,૬૦,૦૦૦ જેટલાં પાણી ભરાઈ રહેતાં કલણોને સૂકવી સુધારી નાખ્યાં.

બિનયહૂદીઓની અને ખાસ કરીને આરબોની વસતી પણ બેવડી થઈ છે. કુદરતી વૃદ્ધિ, સગાંને આવવા દેવામાં આવ્યાં, કુટુંબોનું પુનઃજોડાણ થયું, અને સરકારે જે નીતિ અખત્યાર કરી એ બધાને પરિણામે ઈઝરાયલમાં આરબોની વસતી પણ બેવડી બની છે.

## કેટલાક નાના સમાજ :

**કરાઇતીઓ:** તેઓ યહૂદીઓનો એક ફાંટો છે, અને ઈસવી સનની નવમી સદીથી અલગ રહેતાં આવ્યા છે. એમના સભ્યો ચુસ્તપણે તોરાહ (મોશેનાં પાંચ પુસ્તકો)ના શબ્દોને વળગી રહે છે. રાબ્બીઓની રૂઢિઓ અને પ્રણાલિકોને પણ તેઓ માન્ય રાખતા નથી. આ સિવાય પ્રણાલીગત યહૂદી ધર્મથી તેઓ જુદા નથી.

કરાઈતીઓ બહારના બીજાઓ સાથે લગ્ન-વ્યવહા કરતા નથી; અંદરોઅંદર જ કરે છે. તેઓનો દેશમાં અલગ સમાજ ગણવામાં આવતો નથી; પણ તેઓની અલગ ધાર્મિક કોર્ટ-કચેરીઓ હોય છે. આજે (૧૯૮૫માં) ૧૫,૦૦૦ જેટલા કરાઈતીઓ છે, અને તેઓ મુખ્યત્વે રમલા, આશ્દોદ અને બેરશેબામાં રહે છે.

**સમરૂનીઓ:** બાઈબલમાં સમરૂનીઓ વિષેનો સૌપ્રથમ ઉલ્લેખ બીજા મંદિરના બાંધકામ સમયે (એઝરા ૪) જોવા મળે છે. પણ હું માનું છું ૨ રાજા ૧૭મા અધ્યાયમાં આપ્યા પ્રમાણે ઉત્તરના રાજ્યના લોકોને આશ્શૂરીઓ દેશમાંથી લઈ ગયા. અને પરદેશમાંથી કેટકલાક લોકોને લાવીને સમરૂન પ્રાંતમાં વસાવ્યા. પાછળથી એ જ લોકો સમરૂનીઓ તરીકે ઓળખાયા.

હાલ સમરૂનીઓ પોતાને યહૂદીઓ માને છે. તેઓ મોશેનાં પાંચ પુસ્તક અને યહોશુઆના પુસ્તકને માન્ય રાખે છે, તેઓ પોતાને યોસેફ અને તેના દીકરા મનાશ્શા તથા એફ્રાઈમથી ઊતરી આવેલા માને છે. ગીરીઝીમ પર્વતને તેઓ પોતાના પવિત્ર સ્થળ તરીકે માને છે. તેલ-અવીવ પાસે ૨૭૫ જેટલા સમરૂનીઓ રહે છે, અને બીજા એટલા જ (૨૭૫) સમરૂનીઓ શખેમમાં (આજે એ ગામ નેબ્લ્યુસ તરીકે ઓળખાય છે ત્યાં ) રહે છે. એ ગીરીઝીમ પર્વત પાસે આવેલું છે.

સમરૂનીઓ અરબી ભાષા બોલે છે (દરરોજના જીવનમાં), અને તેમની ધર્મક્રિયાઓમાં પુરાણી હિબ્રૂ ભાષા વાપરે છે.

**સરકાસિયનો** (Circassions): બધા મળીને ૪,૦૦૦ સરકાસિયનો છે અને મુખ્યત્વે તેઓ ગાલીલનાં બે ગામમાં જ રહે છે. તેઓ સુન્ની મુસ્લિમો છે, અને પુરાણા સમયમાં કોકેસસથી આવીને અહીં વસ્યા છે. ઈઝરાયલી સમાજ સાથે તેઓ એક થઈ ગયા છે.

પૃથ્વી પર યહૂદીઓની વસતી ૧૯૮૦માં આ પ્રમાણે હતી :ઈઝરાયલમાં પાંત્રીસ લાખ, રશિયામાં પચીસ લાખ, અમેરિકામાં સિત્તેર લાખ, અને બીજા બધા દેશોમાં વીસ લાખ. એમ પૃથ્વી પર યહૂદીઓની કુલ વસતી એક કરોડ અને પચાસ લાખની છે. ઈઝરાયલી સરકારની એવી ઈચ્છા છે કે ઈઝરાયલમાં એક કરોડ યહૂદીઓ આવીને વસે. જરૂરથી હજી બીજા યહૂદીઓ ઈઝરાયલ સ્ટેટમાં આવશે.

## રાષ્ટ્રભાષા, કેળવણી તેમજ દેશની સરકાર

દેશની રાષ્ટ્રભાષા હિબ્રૂ છે. પણ એ ઉપરાંત અંગ્રેજી અને અરબી પણ વરરાશમાં છે. અનેક દેશોમાંથી આવેલા આ લોકો માટે હિબ્રૂ ભાષાના જુદા જુદા ૭૪ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે અને તેમાં હિબ્રૂ ઉપરાંત બીજા વિષયો પણ શીખવવામાં આવે છે.

તેઓ નવાં આવે ત્યારે તેઓને ઉલ્પાનીમ નામનો હિબ્રૂ ભાષાનો ખાસ અભ્યાક્રમ આપવામાં આવે છે. એમાં શિક્ષણનું માધ્યમ પણ હિબ્રૂ જ હોય છે. સામાન્ય રીતે તેઓ આ અભ્યાક્રમ છ માસમાં સંતોષકારક રીતે પૂરો કરે છે. એટલા સમયમાં તેમને હિબ્રૂનું કામચલાઉ અથવા ખપ પૂરતું જ્ઞાનભાન થઈ જાય છે. હિબ્રૂમાં ૨૨ અક્ષરો છે. અને જમણેથી ડાબે લખાય છે. એમાં આજના જમાનાના ટેકનિકલ શબ્દો રચી ઉમેરીને ખૂબ સમૃધ્ધ ભાષા બતાવવામાં આવી છે.

પહેલવહેલું હિબ્રૂ સામયિક છાપું ઈ.સ. ૧૮૮૪માં બહાર પડ્યું હતું. અરબીને પણ સારું સ્થાન મળ્યું છે.

આજથી ૩,૦૦૦ વર્ષ પહેલાંની ભાષાને પાછી જાગ્રત કરવી અને તેયે આ ટેક્નોલૉજીના જમાનામાં એ જેવુંતેવું સાહસ નહોતું. પણ તેમાં ઈઝ્રરાયલ ઝળહળિત રીતે ફતેહમંદ થયું છે.

આ પ્રજાએ કેળવણી પર શરૂઆતથી જ ખૂબ ધ્યાન આપ્યું છે. એટલે તો યરુશાલેમ યુનિવર્સિટી દુનિયાની સારામાં સારી યુનિવર્સિટીઓમાંની એક છે. બહુ ઉત્તમ પ્રકારની કેળવણીથી આખા ઈઝરાયલ દેશને ગૂંથી લેવામાં આવ્યો છે. આ પ્રદેશમાં પહેલાંથી વતની તરીકે વસતાં, વળી ઘણાં વર્ષો પર આવીને વસેલાં, તેમજ આ ચાલુ સમયમાં આવેલાં -- એમ સર્વ પ્રકારનાં કુટુંબો અને તેમની ઉછરતી પ્રજાને અરસપરસ સાંકળી લેનારી કડી તો કેળવણી છે. દેશમાં કુલે ૭,૮૦,૦૦૦ વિદ્યાર્થી ઓ અભ્યાસ કરે છે.

ત્રણથી પાંચ વર્ષની ઉંમરે ઝન્ડરગાર્ટન્સ શરૂ થાય છે. મોડામાં મોડું પાંચ વર્ષે શાળામાં જોડાવું ફરજિયાત છે. પાંચથી ચૌદ વર્ષની ઉંમર માટે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત છે. જે જુવાનો ૧૪ થી ૧૮ વર્ષનાં થયાં હોવા છતાં એ શિક્ષણ પૂરું ન કર્યું હોય તેમણે ખાસ વર્ગોમાં ફરજિયાત હાજરી ભરવી પડે છે. શાળાઓમાં છોકરોઓની સરાસરી હાજરી ૯૫ ટકા અને છોકરીઓની ૭૫ ટકા કરતાં વધારે હોય છે. આમ વિદ્યાર્થીઓ શાળાનો લાભ સારો ઉઠાવે છે. ઉચ્ચ કેળવણી માટેનાં વિદ્યાલયોમાં ૨૫,૦૦૦ ચુનંદા વિદ્યાર્થીઓ હાલ તાલીમ પામી રહ્યા છે.

વસતીના પ્રમાણમાં પુસ્તક-પ્રકાશનમાં ઈઝરાયલનું સ્થાન દુનિયામાં બીજા નંબરનું આવે છે. વર્ષનાં ૨,૦૦૦ પ્રકાશનો બહાર પડે છે. અડધા મુંબઈ શહેર જેટલી ઈઝરાયલની વસતીમાં ૨૪ સવારનાં દૈનિક છાપાં અને બે સાંજનાં દૈનિક છાપાં બહાર પડે છે. એ ઉપરાંત બીજાં ૪૦૦ સામયિકો પણ બહાર પડે છે. જેમાંનાં ૫૦ સરકારી પ્રકાશનો છે. અઠવાડિકો ૬૦, અને પખવાડિકો તથા માસિકો ૧૪૦ છે.

**દેશની સરકાર:** પાર્લામેન્ટની પદ્ધતિ પ્રમાણેની પ્રજાસત્તાક સરકાર છે. ઈઝરાયલમાં ઇ.સ. ૧૮૫૧ના કાયદા મુજબ સ્ત્રીઓને સમાન હક્ક છે. દેશમાં બહુપત્નીપણાને અને બાળવિવાહને સ્થાન નથી. ઈઝરાયલ સરકારની યાદી પ્રમાણે ત્યાં સિવિલ લગ્નો થતાં જ નથી, અને એક પણ ફારગતી થતી નથી.

**ડેરી અને પોલ્ટ્રી ફાર્મિંગઃ** આ ટૂંકા ગાળામાં તેમણે આગેકુચ કરી છે. આદેશમાં ગાયોની ઘણી બરદાસ્ત કરવામાં આવે છે. રાજ્યની સ્થાપનાનાં સોળ વર્ષમાં દુધાળ ગાયોની સંખ્યા ૧૯,૦૦૦થી વધીને ૭૪,૦૦૦ની થઈ છે. અને પ્રત્યેક ગાય વરસે સરેરાશ ૮,૭૯૦ લિટર દૂધ આપે છે. રજિસ્ટર્ડ થયેલી ગાયો ૫,૭૬૦ લિટર આપે છે. આ આંક દુનિયાનો ઊંચામાં ઊંચો આંક છે.

હમણાં વર્ષેક ઉપર ૧૯૮૭માં ઇઝરાયલના કિબુત્ઝ ગીવાત બ્રેનરમાં ત્યાંની કિબુત્ઝ કંપનીએ કૉમ્પ્યુટર તૈયાર કર્યું છે, જે દ્વારા કિબુત્ઝની ગાયોને ખોરાક આપવાનું, ગાયોની ઓલાદ ઉછેરવાનું, તેમની વૈદ્યકીય સારવાર કરવાનું, સંભાળ રાખવાનું અને આખા ધણને વ્યવસ્થિત રાખવાનું કામ કૉમ્પ્યુટર દ્વારા ઉપાડી લેવામાં આવે છે.

ઈંડાંને માટે મરઘાં-ઉછેર બહુ વિસ્તારવામાં આવ્યો છે. ઈંડાંની પેદાશોની નિકાસ સારો એવો પૈસા દેશમાં લાવે છે. તાજેતરમાં ઇઝરાયલે ઈંડાંનો અઢળક જથ્થો યુરોપમાં મોકલાવ્યો. તેથી યુરોપીય કૉમન માર્કેટ (મજિયારું બજાર) ગભરાઈ ઊઠ્યું હતું. અને એ વેપાર પર બંધન મૂક્યાં હતાં.

ખોરાકને માટે માંસ પણ મરઘાંમાંથી વિશેષ મેળવાય છે. ઈ.સ. ૧૯૬૪-૬૫ના વર્ષમાં ૫૮,૦૦૦ ટન માંસ મરઘાંમાંથી પૂરું પાડવામાં આવ્યું હતું. જ્યારે ૧૯૬૬-૬૭માં ૮૮.૫૦૦ ટન પૂરું પાડવામાં આવ્યું હતું. ઇઝરાયલમાં માનસશાસ્ત્રનો આધાર લઈને મરઘી પાસેથી દિવસનાં બબ્બે ઈંડાં મેળવવાના સફળ અખતરા કરવામાં આવ્યા છે, અને એ અખતરા અમલી પણ બન્યા છે.

ખોરાક માટે પણ ગાયો ઉછેરવામાં આવે છે. અઢાર વર્ષમાં (૧૯૪૮ થી ૧૯૬૬ સુધીમાં) ૨૦,૦૦૦ ઘેટાંમાંથી વધીને એની સંખ્યા ૧,૯૦,૦૦૦ સુધી પહોંચી છે. ઘેટાંના દૂધનું ઉત્પાદન વધતું જ જાય છે. માંસ તથા ઊન માટે સારામાં સારાં ઘેટાં ઉછેરવા સંબંધીના અખતરા ચાલુ જ છે.

## વેપાર-ઉદ્યોગ અને ખનીજ :

ઈઝરાયલનું રાજ્ય જોકે ખેતીવાડી પર બહુ ધ્યાન આપે છે, છતાં વેપારઉદ્યોગ તરફ જરાયે બેદરકારી સેવતું નથી. પશ્ચિમના દેશોને ટક્કર મારે એવા ઉદ્યોગો દેશમાં વિકસતા જાય છે. ભવિષ્ય ખૂબ ઊજળું છે. ઉદ્યોગમાં કામ કરનારની સંખ્યા ઈ.સ. ૧૯૫૫ની સાલમાં ૧,૨૭,૦૦૦ માણસોની હતી, અને તેની પેદાશમાંથી ઓગણચાળીસ કરોડને પંચોતેર લાખ રૂપિયા જેટલી રકમ નિકાસ દ્વારા પરદેશોમાંથી મેળવી હતી, જ્યારે ઈ.સ. ૧૯૬૫ની સામમાં ઉદ્યોગમાં કામ કરનારની સંખ્યા ૨,૩૬,૦૦૦ હતી, અને ઉદ્યોગની નિકાસમાંથી બસો અઠ્ઠાવન કરોડ, પંચોતેર લાખ રૂપિયા જેટલી રકમ પરદેશોમાંથી મેળવી હતી.

ઈઝરાયલના ૫૦,૦૦૦ વિજ્ઞાનીઓ અને એન્જિ- નિયરોમાંથી હાલમાં (૧૯૮૭માં) ૫૦૦૦ને ઉદ્યોગના સંશોધન ખાતે રોકવામાં આવ્યા છે. હજી બીજા ૫૦૦૦ને આવતાં પાંચ વર્ષમાં ઉચ્ચ તકનિક ઉદ્યોગો ખાતે રોકવામાં આવશે.

ઈ.સ. ૧૯૬૭માં ૩૭૫ કરોડ રૂપિયાની નિકાસ કરી હતી, જે ૧૯૬૬ કરતાં વધારે હતી, અને ૧૯૬૪ કરતાં ૪૨ ટકા વધારે હતી. નિકાસ ૧૯૬૬માં ૬૦૮ કરોડ ૨૫ લાખ રૂપિયાની કરી, અને ૧૯૬૭માં ૫૩૨ કરોડ ૫૦ લાખ રૂપિયાની કરી. એમ, દેશ ખૂબ આગેકૂચ કરી રહ્યો છે. ઈઝરાયલનો આંતરરાષ્ટ્રીય વેપાર ઘણો જ વિકાસ પામ્યો છે. આગલા સમય કરતાં ૧૯૮૩માં આયાતની વૃદ્ધિ રૂ.૧,૦૪૦ કરોડની, અને નિકાસમાં વધારો રૂ. ૬૫૦ કરોડનો છે. સૌથી વધારે વેપાર ઈ.ઈ.સી. (યુરોપિયન ઈકોનોમિક કમ્યુનિટી) સાથે છે.

બાઈબલમાં નોંધાયેલું હતું તે પર આધાર રાખીને તપાસ કરવાથી શલોમોનની તાંબાની ખાણો હાલ ચાલુ થઈ છે.

**ખેતી:** ઈઝરાયલમાં ડુંગરો ઘણા હોવાથી સમોચ્ચ ખેતી (કન્ટુર કલ્ટીવેશન) અથવા ઢોળાવની ખેતી કાયદાની મારફતે ફરજિયાત બનાવવામાં આવી છે. પહોળા પહોળા ચાસ અને રક્ષણાત્મક નીકો દ્વારા વધારાનું પાણી આગળ વહાવી દેવામાં આવે છે.

**સિંચાઇ:** ઈઝરાયલ રાજ્યમાં સિંચાઈ પર બહુ ધ્યાન આપવામાં આવે છે. એટલે ત્યાંથી સિંચાઈ-વ્યવસ્થા બહુ ધ્યાન ખેંચે તેવી છે. વરસાદ ઓછો હોવાને લીધે નહેરોનું મહત્વ ખૂબ વધી જાય છે. ઈ.સ. ૧૯૪૮થી આજ સુધીમાં સિંચાઈ પામતો ભાગ પાંચગણો વધી ગયો છે. ઈ.સ. ૧૯૪૯ની સાલમાં ૭૫,૦૦૦ એકરમાં સિંચાઈ થતી હતી, તેની ઈ.સ. ૧૯૬૫માં ૩,૮૦,૦૦૦ એકર; ૧૯૬૬માં ૩,૯૫,૦૦૦ એકર; ૧૯૬૭માં ૪,૧૦,૦૦૦ એકર; ૧૯૮૫માં ૬,૦૦,૦૦૦ એકર થઈ. એને લઈને ઉત્પાદન ઘણું વધી ગયું. ત્યાંની સરકાર ખેતી-ઉત્કર્ષમાં બહુ ઊંડો રસ લે છે. ખેતી પેદાશની નિકાસ ૧૯૭૦માં ૧૬૯ કરોડ રૂપિયાની હતી, જ્યારે ૧૯૮૩માં રૂપિયા ૬૭૬ કરોડની થઈ.

ઉત્તરે ગાલીલ (કિન્નરેથ, તિબેરિયસ અથવા ગન્નેસરેત)ના સરોવરમાંથી પાણી લઈને છેક નીચાણમાં નેગેબના સૂકા પ્રદેશ સુધી પહોંચાડવામાં આવે છે. ગાલીલનું સરોવર ઈઝરાયલ અને સિરિયાની સરહદો વચ્ચે આવેલું છે, અને પોણાતેર માઈલ લાંબુ અને સાડાસાત માઈલ પહોળું એવું આ ગાલીલ (અથવા કિન્નરેથ, તિબેરિયસ, ગન્નેસરેત) સરોવર દરિયાઈ સપાટીથી ૬૮૨.૫ ફૂટ નીચું છે. પણ પાણી ઊંચે ખેંચનારા યંત્રો વડે એમાંથી પ્રતિ વર્ષે બત્રીસ કરોડ ઘન મીટર પાણી ખેંચવામાં આવે છે અને છેક દક્ષિણમાં નેગેબ સુધી પહોંચાડવામાં આવે છે. એક ટચૂકડા અને નવા ઊગતા દેશ માટે આ તો હેરતભરી અને મહાભારત સિદ્ધિ કહેવાય.

આંતરરાષ્ટ્રીય કરાર પ્રમાણે એ સરોવરનાં પાણીના બે ભાગ સિરિયા વાપરે, અને બાકીનો એક ભાગ ઈઝરાયલ વાપરે એવી વ્યવસ્થા છે. સિરિયા બીજાં આરબ રાજ્યો સાથે મળીને બુમરાણ મચાવે છે કે ગાલીલ સરોવરનાં પાણીમાંથી અમને અમારા હક્કનું પાણી મળતું નથી. આવા તેના બૂમ-બરાડા અવાસ્તવિક છે. સિરિયા તો ઉપલાણના ભાગમાં હોવાથી ઈઝરાયલ લે તે પહેલાં જોઈએ તેટલું પાણી તે લઈ શકે છે. પણ સિરિયા એનો પૂરો લાભ લઈ શકતું નથી. કારણ, એને સમજ પડતી નથી કે એનાં પાણી શામાં અને કેવી રીતે વાપરવાં.


ઈઝરાયલ તો મશીનો વડે પાણી ખેંચીને ઊંચાણમાં આવેલાં જળાશયોમાં એનાં પાણી સંઘરે છે, ને ત્યાંથી પાઈપ-લાઈનો તથા નહેરો મારફતે દેશભરમાં સિંચાઈ કરે છે. એમાંની એક પાઈપ-લાઈન તો દશ ફૂટ વ્યાસવાળી છે. એ કિન્નેરેથ-નેગેબ પ્રોજેક્ટ તરીકે ઓળખાય છે. ઈઝરાયલની આ સૌથી મોટી ૩૨૧.૯ કિ.મિ. (૨૦૦ માઈલ) લાંબી અને અગત્યની સિંચાઈની યોજના છે. એવી બીજી ઘણી યોજનાઓ છે જે દ્વારા જમીનને સીંચવામાં આવે છે.

શરૂઆતમાં ઈ.સ. ૧૯૬૪માં યર્દનમાંથી બાવન કરોડ રૂપિયાને ખર્ચે ૧૪૪.૮ કિ.મિ. (૮૮ માઈલ) લાંબી પાઈપ-લાઈન ઈઝરાયલે નાખી હતી. આરબ રાજ્યોએ આ સંબંધી વાંધો લીધો હતો, અને એની સામે આરબોએ યર્દનની શરૂઆતમાં એના આધારસમી હસ્બની અને બાનિયાસ નદીઓને કેનાલો બનાવીને પોતા તરફ વાળી લેવા ઠરાવ્યું હતું.

ઈઝરાયલમાં મહા પરિવર્તનકારી ટપક પદ્દતિ-ડ્રીપ સિસ્ટમ (ટીપે ટીપે પાણી છોડના મૂળ પાસે પડતું રહે એવી વ્યવસ્થાએ) પાણીનો ખૂબ બચાવ થાય છે. ઈ.સ. ૧૯૬૦માં એ પદ્દતિ શોધી કાઢવામાં આવી હતી.

અગાઉ આપણે જોયું તેમ આ પ્રદેશની જમીન કસ વગરની થઈ ગઈ હતી. પરંતુ જમીનને રસાળ કરનારાં રસાયણો અને ખાતરો મૃત સરોવરમાંથી વિપુલ પ્રમાણમાં મળતાં હોવાથી એ તદ્દન સસ્તાં પડે છે. અને એ દ્વારા જમીનને ખૂબ જ ફળદ્રુપ બનાવવામાં આવી છે. દોઢસો વર્ષ અગાઉ જે જમીન ઉજ્જડ, વેરાન, સૂકી અને કસ વગરની થઈ ગઈ હતી, તે ફળવંત લીલોછમ બગીચો બનાવી દીધો છે.

ઈ.સ. ૧૯૨૦-૨૯ સુધીમાં પચાસ લાખ ઝાડ અને વીસ લાખ દ્રાક્ષવેલાઓ રોપવામાં આવ્યા. એકલા મગિદ્દોના મેદાનમાં ૧૦,૦૦૦ યુકેલિપ્ટસનાં ઝાડ રોપવામાં આવ્યાં. ઈ.સ. ૧૯૪૮માં ઈઝરાયલનું રાજ્ય સ્થપાયા પછી, થોડા જ સમયમાં ૬૦,૦૦,૦૦૦ (સાઠ લાખ) યહૂદીઓને મારી નાખ્યા હતા, તેની યાદગીરીમાં એટલી જ સંખ્યામાં ઝાડ


H
G
E
D
C
B
A
I
કૈસારિયા ફિલિપ્પી
કાપરનાહુમ
બેથસાઈદા
← ગાલીલનો સમુદ્ર
તિબેરિયસ
આક્કો
હાઈફા
કાર્મેલ
કાના
તાબોર
નાઝરેથ
નાઈન
મેગીદ્દો
કૈસારિયા
સમરૂન
એબાલ
શખેમ
ગેરીઝીમ
શીલોહ
બેથેલ
એમ્માઉસ
તેલ અવીવ જાફા (જોપ્પા)
રામલા
બેથાનિયા
યરેખો
૧
૨
૩
૪
૫
કુમરાન
યરુશાલેમ
બેથલેહેમ
હેબ્રોન
મસાદા
આરદ
ગાઝા
બેરશીબા

લે ટૂરનું આયોજન

રોપ્યાં. સુકાણવાળા પ્રદેશમાં ૧૯૦૧થી ૧૯૮૩ સુધીમાં કુલ પંદર કરોડ વૃક્ષો રોપવામાં આવ્યાં છે.

આજે પાલેસ્તાઈનમાં ફૂલો આપતા ૩૦૦૦ છોડ થાય છે. ઘઉં, જવ, દ્રાક્ષ, અંજીર, જૈતવૃક્ષ, દાડમ, મધ, ખજૂર, કેળાં, સંતરાં અને બીજાં સીટ્રસ ફળો, તેમ જ જામફળ અને કેરીથી દેશ ભરપૂર બન્યો છે. ટામેટાં અને અખરોટની પેદાશમાં તો ઈઝરાયલ કોઈપણ દેશને ટપી જાય એવું એમનું ઉત્પાદન છે. બાઈબલમાં આશીર્વાદનું ભવિષ્યવચન લખાયેલું છે કે, "પ્રભુએ સિયોનને દિલાસો દીધો છે... તેના રણને એદન બાગ સરખું, ને તેના વનને 'ઈશ્વરની વાડી' સરખું કર્યું છે" (બાઈબલઃ યશાયા ૫૧ઃ૩).

લગભગ ઓગણીસ સદીઓથી યહૂદીઓ ખેતીકામથી બિનમાહિતગાર બન્યા હતા, કારણ, મોટા ભાગના દેશોમાં જ્યાં તેઓ વિખેરાયા હતા. તેમાં તે દેશોના કાયદાને કારણે તેઓ જમીન ખરીદી શકતા નહિ. છતાં પાલેસ્તાઈનમાં આવીને તેઓએ ખેતીવાડીનાં જે ધારાધોરણ બાઈબલ તેમ જ બાઈબલ પછીનાં યહૂદી સાહિત્યોમાં આપવામાં આવ્યાં છે તે પ્રમાણે ખંતપૂર્વક ખેતી શરૂ કરી. એ ધારાધોરણોને તેઓ સંપૂર્ણપણે વળગી રહ્યા છે. પાછલાં સત્તર જ વર્ષમાં એટલે કે ઈઝરાયલ રાજ્ય સ્થપાયા પછી, ખેડાણ જમીન આજે (૧૯૬૭માં) લગભગ ત્રેવડી (અગિયાર લાખ એકર) થઈ છે, અને સિંચાઈવાળો ભાગ પાંચગણો વધ્યો છે (૪,૧૦,૦૦૦ એકર), અને જમીનમાંથી ઉત્પન્ન પણ ચોગણું થઈ ગયું છે.

ત્યાંના ખેતીવાડીને લગતા સરકારી અમલદારો એમના કામના સાચી રીતે જાણકાર હોય છે. તેઓ ખેડૂતો સાથે સીધો સંબંધ કેળવે છે. અને તેમને શું કરવું, કેવી રીતે કરવું અને ક્યારે કરવું એ બધું રસપૂર્વક સમજાવે છે. શ્રમ, જમીન અને પાણીનો જરાયે બગાડ ન થાય અને ઉત્પાદન વધતું જાય એ માટે આ પ્રજા બહુ બહુ ચીવટ રાખે છે. કેટલીક જગાએ તો પાણીનો બગાડ ન થાય તે માટે જમીનમાં પાણી ન પાતાં છોડોનાં મૂળમાં પ્રાણી 'ઈન્જેક્ટ' કરવામાં આવે છે.

આજે ઈઝરાયલ રાજ્યમાં લગભગ ૯/૧૦ ભાગની જમીન રાષ્ટ્રની અથવા યહૂદી રાષ્ટ્ર ભંડોળની છે, જેથી ખેતીની એકસામટી સમગ્ર

યોજના થઈ શકે. વાપરનારાઓને એ જમીન ૪૯ વર્ષના પટા પર આપવામાં આવે છે.

## વેરાન અને સૂકા પ્રદેશને બગીચામાં ફેરવી દીધો :

ઈઝરાયલ રાજ્યનું ક્ષેત્રફળ ૨૭,૮૧૭ ચોરસ કિલોમીટર (૧૦,૮૪૦ ચો. માઈલ) છે. એમાંના ૪૪૫ ચો. કિ.મી. (૧૭૧.૮ ચો.મા.) ભાગ પાણી છે. અને જમીનનો માત્ર ચોથો ભાગ જ ખેતીલાયક છે. આ નાના અને સાંકડા દેશની ચારે બાજુની સરહદરેખા વધુ પડતી લાંબી છે. ૫૯૦ માઈલ સરહદરેખા જમીન વિસ્તારમાં અને ૧૫૯ માઈલ કિનારો. તેલ-અવીવ શહેરની ઉત્તરે તો આખો દેશ માત્ર બાર માઈલ પહોળો છે; જ્યારે વધારેમાં વધારે પહોળાઈ બેરશીબા શહેરની દક્ષિણે જોવા મળે છે, અને તે ૭૦ માઈલની છે. જૂન ૧૯૬૭માં ઈઝરાયલ અને જોર્ડન વચ્ચેના યુદ્ધમાં જે બધો જોર્ડનનો વિસ્તાર ઈઝરાયલે કબજે લીધો છે તેનો ઉમેરો ઉપરના માપમાં મૂકવામાં આવે તો ૩૫,૦૦૦ ચો.માઈલનો આખોયે વિસ્તાર થાય.

**ડુંગરાળ અને કસહીન જમીનઃ** આ પ્રદેશ અતિ ડુંગરાળ પણ છે. જ્યાં જુઓ ત્યાં પહાડો, ખડકો અને ડુંગરાળ પ્રદેશ જ જોવા મવે છે. ખેડાણ જમીનમાં પણ પથ્થરોનો સુમાર ઓછો નથી. પથરા જાણે કે જમીનમાં ઉગતા ન હોય ! પ્રભુ ઈસુએ કહેલી બી વાવનારની દૃષ્ટાંતકથામાંની પથરાળ જમીન વિષે આ પરથી સમજી શકાય છે.

**એક પ્રચલિત કલ્પિત દંતકથા છેઃ**

એક દૂત ખડકોથી ભરેલો એવો મોટો થેલો લઈને પૃથ્વી પરથી ઊડતો ઊડતો જતો હતો, એ પાલેસ્તાઈન પરથી ઊડી રહ્યો હતો. એવામાં થેલો ફાટ્યો, અને મોટા ભાગના ખડક પાલેસ્તાઈનમાં ઠલવાઈ ગયા! અને એટલે જ એ દેશ ખડકો અને પથ્થરોથી ભરપૂર છે. ખેડાણ જમીન ઓછી રહે છે. છતાં ઈઝરાયેલે ઘણા પથ્થરો અને ખડકો દૂર કરીને ખેડાણલાયક જમીન વધારી છે; અને એ પથ્થરો રસ્તા, દીવાલો, મકાનોના પાયા વગેરેમાં વાપર્યા છે.

સૈકાંથી આ પ્રદેશ ઉજ્જડ પડેલો હોવાથી એની જમીન સૂકી, લૂખી અને રણપ્રદેશ જેવી બની ગઈ હતી. અગાઉ ત્યાં વસતા આરબ બેદુઈનોએ જમીનની કંઈ જ દેખભાળ રાખી ન હતી, એટલે જમીનમાંથી કસ જતો રહ્યા હતો. આ વેરાન જમીનને સુધારવી એ ઘણું કપરું કામ હતું. કોઈ જગાએ પાણી ભરાયાં હોય ત્યાં મલેરિયાથી ખદખદતાં કલણો જ હોય છે. ખારાશભર્યાં આવાં કલણો જમીન તદ્દન નિવીર્ય બનાવી દે છે.

ખેતીવાડીને લગતા મૂંઝવી નાખતા આટલા બધા પ્રશ્નો અન્ય કોઈ પ્રજાને નહિ હોય, નેગેબ (=દક્ષિણ)નો ભાગ આપણા રાજસ્થાન જેવો તદ્દન રણપ્રદેશ છે. એ બધો પ્રદેશ તદ્દન લૂખો અને રસહીન ઉજ્જડ બની ગયો હતો. ઝાડો કાપી નાખવામાં આવેલાં, તેથી સૂર્ય અને પવનનો મારો એવી જમીન ન જ ઝીલી શકે. વળી નેગેબમાં વરસાદ પણ તદ્દન આછો, માત્ર ચાર ઈંચ જેટલો જ છે. કોઈ વખત વરસાદ પડે ત્યારે ઓચિંતો, ધસમસી આવતી રેલના જેવો તૂટી પડે છે, જેથી જમીનમાં પચ્યા વગર ઉપરથી ઉપર જ ઘસારાબંધ વહી જાય છે. સૈકાંથી આવું પાણી સૂકી નદીઓના પટ પર થઈને સમુદ્રમાં વહી જતું. પછી આકરા સૂર્યતાપમાં જમીન બળીને તેની પીળચટી ધૂળ બની જતી. આવી જમીન ખેતીવાડીને માટે કસહીન અને વાંઝણી બની જાય છે.

**પાણીની ભારે અછતઃ** ઇઝરાયલના આખા વિસ્તારમાં પાણીની ભારે અછત છે. સૈકાંથી વરસાદનું પણ કંઈ ઠેકાણું નહોતું. ઉજ્જડ અને વેરાન ભૂમિમાં વરસાદ પ્રતિ વર્ષ ઓછો ને ઓછો જ થતો જતો. ત્યાં વરસાદની મોસમ બે તબક્કે આવે છેઃ આગલો અથવા પાનખરનો વરસાદ ઑક્ટોબર-ડિસેમ્બરમાં આવે છે; અને પાછલો અથવા વસંતનો વરસાદ માર્ચ-એપ્રિલમાં આવે છે. સૈકાંથી આગલો વરસાદ બહુ કમ થઈ ગયો હતો અને પાછલો તો બિલકુલ બંધ જ હતો.

સૈકાંથી પાછલો વરસાદ બંધ હતો. તે હમણાં થોડાંક વર્ષ પર શરૂ થતાં ઘણા યહૂદીઓની આંખમાંથી આંસુ આવ્યાં. ભાવિકોએ તો કહ્યુંયે ખરું કે ઈશ્વરે આખરે પોતાના લોકોને સંભાર્યા છે. શલોમોનના કુંડ તરીકે ઓળખાતું યરુશાલેમમાંનું જળાશય જ્યારે સૈકાંઓ પછી પહેલી જ વાર

ઈ.સ. ૧૯૨૭માં છલકાઈ ઊઠયું, ત્યારે યરુશાલેમની મ્યુનિસિપાલિટીએ માર્ચ ૨,૧૯૨૭ને રોજ જાહેર આભાર- પ્રદર્શન(આભારસ્તુતિ)નો સમારંભ આ કુંડ પાસે રાખ્યો હતો. આ કુંડમાં છ કરોડ ગેલન પાણી હતું.

**ખેતીવાડી અને ફળદ્રુપતાઃ** આવા સૂકા અને ઉજ્જડ પ્રદેશને ઈઝરાયલે બગીચામાં ફેરવી નાખ્યો છે. સૌથી પ્રથમ ઈ.સ. ૧૮૮૩માં બૅરન ઍડમંડ રોધસચાઈલ્ડે પાલેસ્તાઈનમાં ખેતીવાડીની એક વસાહત સ્થાપી હતી, અને એનું નામ રીશોન-લે-ઝાયન (=સિયોનની શરૂઆત) એવું પાડ્યું હતું. એમાં ૩,૧૮૦ એકર જમીન રોકવામાં આવી હતી, અને ખેડાણલાયક બનાવવામાં આવી હતી. એમાં ચાર લાખ ફળઝાડના રોપા રોપવામાં આવ્યા હતા. દ્રાક્ષના રસને ભરી રાખવા માટે સોળ-સત્તર હજાર ગેલન રસ સમાય એવાં જંગી ભંડારિયાં બનાવવામાં આવ્યાં હતાં. વસાહતમાં સુંદર હોટલો, દુકાનો, સભાગૃહો, શાળાઓ વગેરે ઊભાં કરવામાં આવ્યાં હતાં.

ત્યાર પછી તો એવી અને એના કરતાંયે મોટી ખેતીવાડીની અનેક વસાહતો પાલેસ્તાઈનમાં ઊભી કરવામાં આવી. ઈ.સ. ૧૯૦૦માં આવી ૨૪ વસાહતો હતી, અને તેમાં કામ કરનારાં ૩,૦૦૦ માણસો હતાં. ઈ.સ.૧૯૩૬માં ૨૦૦ વસાહત થઈ, અને તેમાં કામ કરનારાં ૧,૧૦,૦૦૦ થયાં. ઈ.સ. ૧૯૪૩માં ૩૦૦ વસાહત થઈ, અને ૨૬૦ ખેતીવાડીના વસવાટ થયાં.

આજથી દોઢસો વર્ષ પૂર્વે પાલેસ્તાઈનમાં નારંગીની એક પણ વાડી નહોતી, જ્યારે ઈ.સ ૧૯૨૨માં ૧૧,૦૦૦ વાડી; ઈ.સ. ૧૯૨૦માં ૧૮,૦૦૦ વાડી અને ઈ.સ. ૧૯૨૯માં ૪૫,૦૦૦ વાડી થઈ. આજે તો જાફ્ફાની નારંગી દુનિયામાં સર્વશ્રેષ્ઠ ગણાય છે.

પાલેસ્તાઈનમાં ફળોની નિકાસના નીચેના આંકડા ત્યાંના નિકાસપત્રક મુજબ આપ્યા છે. ફળોની નિકાસની એક પેટી ૭૦ રતલની હોય. એ પ્રમાણે ઈ.સ. ૧૯૨૧-૨૨માં ૧૨,૩૪,૦૦૦ ફળ-પેટીઓની નિકાસ થઈ. ઈ.સ. ૧૯૨૯-૩૦માં ૨૮,૯૮,૦૦૦ પેટીઓની; ૧૯૩૪-

૩૫માં ૭૩,૩૧,૦૦૦ પેટીઓ અને ૧૯૩૭-૩૮માં સીટ્રસ (નારંગી, લીંબુ, ગ્રેપફ્રુટ) ફળોની ૧,૧૯,૮૭,૦૦૦ પેટીઓની નિકાસ થઈ. એમાં ૧,૦૧,૫૬,૦૦૦ નારંગીની પેટીઓ; ૧૭,૪૮,૦૦૦ ગ્રેપફ્રૂટની પેટીઓ અને ૮૩,૦૦૦ બીજાં સીટ્રસ ફળોની પેટીઓ હતી.

સીટ્રસ ફળોની ઈ.સ. ૧૯૪૮-૪૯માં ૨,૭૨,૦૦૦ ટનની નિકાસ થઈ; ઈ.સ. ૧૯૫૮-૫૯માં ૫,૮૭,૦૦૦ ટનની અને ૧૯૬૬-૬૭માં ૧૦,૮૨,૦૦૦ ટનની નિકાસ થઈ. સીટ્રસ ફળોની પેદાશમાંથી આ નાનકડા દેશે ઈ.સ. ૧૯૫૯ની સાલમાં ચોત્રીસ કરોડ ને બેંતાળીસ લાખ રૂપિયાની નિકાસ કરી; ઈ.સ. ૧૯૬૪માં ઓગણચાળીસ કરોડ ને પંદર લાખ રૂપિયાની અને ૧૯૬૬માં છપ્પન કરોડ સાડત્રીસ લાખ રૂપિયાની નિકાસ કરી; જ્યારે ખેતીવાડીની સમગ્ર નિકાસ એ જ વર્ષો માટે નીછે પ્રમાણે હતી: ઈ.સ. ૧૯૫૯માં તેંતાળીસ કરોડ ને સત્તાવન લાખ રૂપિયાની; ૧૯૬૪માં પચાસ કરોડ રૂપિયાની અને ૧૯૬૬માં એકોતેર કરોડ સત્તર લાખ રૂપિયાની.

ઈઝરાયલ રાજ્યના ખેડૂતે દેશની ખોરાકીનો (કિંમત પ્રમાણે) પોણો ભાગ પૂરો પાડ્યો છે. ખેતીવાડીની બાબતમાં આવો પ્રચંડ વિકાસ બીજે ક્યાંયે થયો નથી. અને તેયે વળી આસપાસનાં ઝનૂની અને એકસંપ થયેલાં પાડોશી આરબ રાજ્યોની સામે મોરચો સતત અજેય રાખીને !

પડતર દેશમાં ઠેકાણે ઠેકાણે મલેરિયા વ્યાપક હતો; એટલે ઈઝરાયલીઓએ મચ્છર પેદા કરનારાં ખાબોચિયાં દૂર કર્યાં, સતત દવાઓ છાંટી અને બીજા અનેક પ્રયત્નોથી દેશને મલેરિયામુક્ત બનાવ્યો. જ્યાં રેતીના ઢગ જામ્યા હતા, ત્યાં રેતીને આસપાસથી બાંધી દઈ ગૌચર બનાવ્યાં.

યર્દન નદીની શરૂઆતના ભાગમાં હુલાહ સરોવરની આસપાસનો લગભગ ૨૦થી ૨૫ ચોરસ માઈલનો વિસ્તાર અતિશય ભેજવાળો, ઉષ્ણ અને મચ્છર, સાપોલિયાં અને એવી જીવાતોથી ખદખદતો હતો. કોઈ માણસોને ત્યાં વસવું ફાવતું નહોતું. ઈઝરાયલે ૧૯૫૮ સુધીમાં તો એને કોરો પ્રદેશ બનાવી દીધો, અને હવે તો એ વિસ્તાર ફળોથી લચી પડતા

બગીચા અને શાકભાજીની લીલીછમ વાડીઓથી નંદનવન સમો બની ગયો છે.

**નાહલ:**

ઈઝરાયલમાં એક ખાસ પ્રકારનું દળ ઊભું કરવામાં આવ્યું છે. એને નાહલ (=પુરોગામિ યુવાન, અં. પાયોનિયર યુથ) કહેવામાં આવે છે. આ દળને નવ મહિનાની સર્વ પ્રકારની લશ્કરી તાલીમ અને અવનવા પ્રદેશ ખેડવાની અને નવાં કામ ઉપાડવાની તાલીમ આપવામાં આવે છે. ત્યાર પછી તેમને ખેતીપ્રધાન ગામડાંમાં એક વર્ષ માટે મોકલવામાં આવે છે. ત્યાં તેઓ લશ્કરી શિસ્ત નીચે પ્રત્યક્ષ જાતમહેનતથી ખેતીવિષયક અનુભવ મેળવે છે. તેઓ તદ્દન નવા ઉજ્જડ વિસ્તારોમાં જઈ નવાં ગામ વસાવે છે, અને નવેસરથી ખેતી કરે છે, અથવા હયાતીએ ધરાવતાં કોઈ ગામને વિસ્તૃત અને આબાદ બનાવે છે. આ દળમાં યુવકો તેમ જ યુવતીઓ પણ હોય છે. આ નવાં બનેલાં ગામડાંમાં પાછળથી અન્ય નાગરિકો જઈને વસવાટ કરે છે, અને ખેતીનું કામ ઉપાડી લે છે. ઈઝરાયલનાં સાહસિક જુવાનો શહેરોની આરામભરી ખુરશીની નોકરીઓ ન શોધતાં ગામડાંમાં જઈ પોતાની જાતને જમીન સાથે ઓતપ્રોત બનાવી દે છે.

અગાઉ આપણે જોયું તેમ આ પ્રદેશની જમીન કસ વગરની થઈ ગઈ હતી. પરંતુ જમીનને રસાળ કરનારાં રસાયણો અને ખાતરો મૃત સરોવરમાંથી વિપુલ પ્રમાણમાં મળતાં હોવાથી એ તદ્દન સસ્તાં પડે છે, અને એ દ્વારા જમીનને ખૂબ જ ફળદ્રુપ બનાવવામાં આવી છે. દોઢસો વર્ષ અગાઉ જે જમીન ઉજ્જડ, વેરાન, સૂકી અને કસ વગરની થઈ ગઈ હતી, તેનો ફળવંત લીલોછમ બગીચો બનાવી દીધો છે.

•

# ૪. યહૂદિયા પ્રાન્ત

યહૂદિયા પ્રાન્તની સરહદો દોરવી તે અઘરું છે. આમ તો પૂર્વથી પશ્ચિમ સુધી તે ૮૦ કિ.મિ.(૫૦ માઈલ) છે, અને ઉપર ઉત્તરથી દક્ષિણ સુધી ૫૦ કિ.મિ (૩૦ માઈલ) છે. ઉત્તર સરહદે સમરુન વિસ્તાર આવેલો છે, અને દક્ષિણે સૈકાં પહેલાં ઈદુમિયા વિસ્તાર આવેલો હતો. પણ ઈદુમિયાને યહૂદિયા સાથે જોડી દીધા પછી હવે તો દક્ષિણની સરહદ ગાઝાથી નીચે, અને પૂર્વ.મસાદા સુધી વિસ્તરેલી છે.

યહૂદિયા પ્રાંત લગભગ આખો ડુંગરાળ અને પહાડી વિસ્તાર છે. ખેતીવાડીની જમીન ઓછી છે. નીચે નેગીબનો વિસ્તાર ઉજ્જડ અને રણપ્રદેશ જેવો હતો. જમણી તરફ યરદનની ખીણ અને ખારો સમુદ્ર આવેલો છે.

સદોમ અને ગમોરાહના નાશ પહેલાં તે પ્રદેશ તો યહોવાની વાડી જેવો લીલોછમ હતો. પણ પ્રદેશ હતો, અને આજેય છે.

બાઈબલ ઈતિહાસનાં પ્રખ્યાત ગામો અને શહેરો યહૂદિયામાં આવેલાં છે, જેવાં કે યરુશાલેમ, બેથલેહેમ, બેથાનિયા, હેબ્રોન, યરેખો, જૈતૂન પહાડ, મોરિયાહ પર્વત, સિયોન (યહોવાનું મંદિર પણ ત્યાં જ હતું ).

અત્યારે ઈઝરાયલ રાજ્યના સમયમાં યહૂદિયા, સમરુન અને ગાલીલ જેવાં વિસ્તાર-નામો રહ્યાં નથી. અને અત્યારે દક્ષિણમાં નેગેબનો સમાવેશ થાય છે તે છેક અકાબા તથા ઐલાત સુદી ઈઝરાયલના હાથમાં છે.

છ દિવસના (જૂન ૧૯૬૭) યુદ્ધને અંતે ઈઝરાયલે ઈજિપ્તનો સિનાય દ્વિપકલ્પ જીતી લીધો હતો તે બે કકડે ઈજિપ્તને પાછો આપી દીધો છે. એટલું જ નહિ, પણ પશ્ચિમે ગાઝા વિસ્તારની કંઠારપટ્ટી પી.એલ.ઓ.ને (પલિસ્તીન લીબરેશન ઓર્ગેનાઈઝેશનને) સોંપી દીધી છે.

એટલું જ નહિ, પણ યરદન નદીના પશ્ચિમ કાંઠાનો કેટલોક વિસ્તાર રાષ્ટ્રસંઘે જોર્ડનને (હાશિમાઈટ કિંગડમ ઓફ જોર્ડનને) સોંપેલો

છે. એમાં મૃત સરોવર, યરુશાલેમનો મસ્જિદ વિસ્તાર, બેથલેહેમ, હેબ્રોન વગેરે સ્થળો જોર્ડનને તાબે હતાં. પણ ૧૯૬૭ના યુદ્ધમાં ઈઝરાયલે એમાંનો મોટો ભાગ પાછો મેળવી લીધો છે. અને સિરિયાનો ગોલન હાઈટ વિસ્તાર ઈઝરાયલે લઈ લીધો છે.

અને હવે નવી સંધિઓ પ્રમાણે પી.એલ.ઓ.ને ગાઝાપટ્ટી વિસ્તાર, અને યરેખો સોંપ્યાં છે. સિરિયાને ગોલન હાઈટ સોંપવાની વાત ચાલે છે. પણ પી.એલ.ઓ.ને યરુશાલેમ લેવું છે, પણ ઈઝરાયલ એ કદી નહિ સોંપે. ઈઝરાયલને પોતાની આસપાસની પ્રજાઓ સાથે સલાહસંપથી રહેવું છે. જેથી ઈઝરાયલ દેશ શાંતિભરી પરિસ્થિતિમાં વધુ પ્રગતી કરી શકે.

આમ, નવા ઈઝરાયલ રાજ્યમાં યહૂદિયા, સમરુન અને ગાલીલ - એવા પ્રાંત નથી. પણ આપણે નવા કરારના સમયનું પેલેસ્તાઈન જોઈએ છીએ, એટલે તે સમયની રાજકીય પરિસ્થિતિ પ્રમાણે હાલ તો આપણે વિચારીએ છીએ.

પ્રભુ ઈસુના સમયમાં સલ્તનત રોમન બાદશાહ ઑગસ્તસની હતી. અને મહાન હેરોદને આખા પેલેસ્તાઈનનો રાજા (રોમન સરકારે) બનાવ્યો હતો, શરુઆતમાં તેને માત્ર યહૂદિયાનો રાજા બનાવ્યો હતો. પણ પાછળથી તેને યહૂદિયા, સમરુન, ગાલીલ, ઈદુમિયા અને પેરિયાનો રાજા બનાવ્યો.

એના મૃત્યુ બાદ એનો દીકરો આર્ખેલાઉસ યહૂદિયા, સમરુન, ગાલીલ અને ઈદુમિયાનો સત્તાધીશ બન્યો (સરખાવો માથ્થી ૨ઃ૨૨,૨૩). પણ એની સત્તા રોમનોએ લઈ લીધી. એ પછી યહૂદિયા માટે રોમન ગવર્નર નીમવામાં આવતો. પ્રભુ ઈસુના સમયમાં પોન્તિયસ પિલાત ગવર્નર હતો. આ ગવર્નર કાઈસારિયામાં રહેતો. યરુશાલેમમાં પણ તેના માટે ભવ્ય રહેઠાણ હતું. જ્યારે તે યરુશાલેમની મુલાકાતે આવતો ત્યારે તે આ યરુશાલેમવાળા મકાનમાં રહેતો. વચ્ચે બહુ ટૂંક મુદત માટે હેરોદ આગ્રીયા I આખા પાલેસ્તાઈન પર રાજા તરીકે રહ્યો (પ્રે.કૃ. ૧૨ઃ૧). એ સિવાય રોમન ગવર્નરની સત્તા છેક ઈ.સ. ૬૬ સુધી રહી. આ સમયે યહૂદી મક્કાબી ભાઈઓએ રોમન ઝૂંસરી ફગાવી દીધી.

ઈ.પૂ. પહેલી સદીના ૪થા વર્ષમાં યહૂદિયાના બેથલેહેમમાં ભવિષ્યવાણીપ્રમાણે (મિખાહ ૫:૨) જગદોદ્ધારકપ્રભુ ઈસુનો જન્મ થયો (લૂક ૨:૧-૧૨). પ્રભુ ઈસુના જીવન અને કાર્ય વિષે વિસ્તારથી નથી લખતો. તેમને યહૂદિયાના પાટનગર યરુશાલેમમાં વધસ્તંભે જડી દેવામાં આવ્યા (નિશાન માસની ૧૪મીએ), અને આશરે ત્રણ વાગે તેમણે પ્રાણ છોડ્યા. એટલે સાબ્બાથ બેસે (સાંજે ૬-૦૦ વાગતાં) તે પહેલાં તેમને યહૂદીઓની રીત પ્રમાણે દફનાવી દેવામાં આવ્યા. અને રવિવારની વહેલી સવાર પહેલાં તે મૃત્યુંજય બનીને પાછા ઊઠ્યા.

પહેલી ત્રણ સુવાર્તા પ્રભુ ઈસુની ગાલીલમાંની ધર્મસેવા વિષે વધુ લખે છે, (કદાચ ગાલીલમાં તેમને સારો આવકાર મળ્યો હશે), પણ યહૂદિયામાં પણ તેમણે સારી એવી સેવા આપી હતી, નહિ તો વિરોધીઓ પિલાતની આગળ એવો દોષ કાઢી શક્યા ન હોત કે, "પણ તેઓએ (આગેવાનો અને સમુદાયે) વિશેષ આગ્રહથી કહ્યું કે, ગાલીલથી માંડીને અહીં લગી આખા યહૂદિયામાં તે બોધ કરીને લોકોને ઉશ્કેરે છે" (લૂક ૨૩:૫).

એમ લાગે છે કે યહૂદિયાના ખ્રિસ્તીઓ આર્થિક રીતે નબળા હતા. એટલે પરદેશોથી જુદી જુદી મંડળીઓ તેઓને આર્થિક સહાય અવારનવાર મોકલતી હતી (પ્રે.કૃ ૧૧:૨૮-૩૦. રોમ. ૧૫:૨૫-૨૭. ૧ કોરિંથી ૧૬:૧૩. ૨ કોરિંથી ૯:૫-૭). સ્તેફનના મૃત્યુ પછી ભારે સતાવણી શરુ થતાં પ્રેરિતો સિવાયના બીજા ખ્રિસ્તીઓ યરુશાલેમ છોડી યહૂદિયા અને સમરુનમાં વિખેરાઈ ગયા (પ્રે.કૃ. ૮:૧). પણ આ પરિસ્થિતિ મંડળીને વિઘ્નરૂપ થવાને બદલે સહાયરૂપ બની કેમ કે જ્યાં જ્યાં ખ્રિસ્તીઓ વિખેરાઈ ગયા, ત્યાં ત્યાં નવી ને નવી મંડળીઓ અસ્તિત્વમાં આવી (પ્રે.કૃ. ૮:૪. ગલા. ૧:૨૨).

શાઉલ(પાઉલ)ના બદલાણ પછી યહૂદિયા અને સમરુનની મંડળીઓમાં શાંતિ થઈ. તોપણ વિરોધીઓ તરફથી સત્તાવણી ચાલુ જ રહી. આખરે ઈ.સ.૬૬માં જેસ્ટીઅસ ગાલુસ (**Gestius Gallus**) યરુશાલેમ છોડીને ચાલ્યો ગયો, એ પછી તો મંડળીઓ પર સતાવણી વધુ થઈ, અને તેઓ સુવાર્તાપ્રચાર કરતાં કરતાં અન્ય દેશોમાં પથરાયા. એને

કારણે ઈ.સ.૭૦માં તિતસે યરુશાલેમનો અને યહૂદીઓનો નાશ કર્યો, અને મંદિરને બાળી નાખ્યું, ત્યારે મંડળીઓ એમાં સપડાઈ નહિ, કારણ, મંડળીઓ અન્ય સ્થળોમાં વિખેરાઈ ગઈ હતી (માથ્થી ૨૪:૧૫,૧૬, માર્ક ૧૩:૧૪. લૂક ૨૧:૨૦,૨૧).

એ પછી યહૂદીઓ દુનિયાભરમાં વિખેરાઈ ગયા. થોડાક યહૂદીઓ યરુશાલેમમાં એકઠા થયા હતા, તેમણે વળી પાછો રોમની સામે બળવો ઊઠાવ્યો, ત્યારે હેડ્રિયન બાદશાહે આવીને યરુશાલેમનો નાશ કર્યો, અને એના સિયોન વિભાગમાં બધે હળ ફેરવ્યું. એટલે છેલ્લાં લગભગ ૨૦૦૦ વર્ષ સુધી યહૂદીઓ દુનિયાના ૧૦૪ દેશોમાં વિખેરાઈ ગયા. હમણાં તા. ૧૪મે, ૧૯૪૮માં ઇઝરાયલનું રાજ્ય સ્થપાયું, એટલે યહૂદીઓ દેશદેશથી પાછા આવીને વચનના દેશમાં રહેવા લાગ્યા.

•

# ૪. સમરૂન પ્રાંત

સમરૂન પ્રાંત અગાઉ પાલેસ્તાઈન તરીકે ઓળખાતા પ્રદેશની મધ્યમાં આવેલો છે. એ ૬૪.૪ કિ.મિ. (૪૦ માઈલ) લાંબો અને ૫૬.૩ કિ.મિ. (૩૫ માઈલ) પહોળો છે. આ પહાડી છે. આ પ્રદેશ ઈઝરાયલના બીજા ભાગો કરતાં ઓછો ઊંચો છે. ઘણી ટેકરીઓ ગોળાકાર છે. તેને ફરતી ઊંડી ઊંડી ખીણો આવેલી છે. એમાં આવેલાં ખેતરો તથા જૈતુવૃક્ષો લચી પડેલાં દેખાય છે. આ પ્રદેશને સારી સિંચાઈ મળતી હોવાની પાક સારો ઊતરે છે. પ્રદેશની સરેરાશ ઉંચાઈ ૨૦૦૦ ફૂટ છે. ત્યાંથી ખાઈઓ ઊંડી અને ઘણાં કોતરોવાળી છે. ડુંગરો ને ટેકરીઓ વચ્ચે મેદાનો અને સપાટ પ્રદેશો આવેલા છે. દોથાનનો ખીણપ્રદેશ, સમરૂનનો ખીણ પ્રદેશ અને શખેમનો ખીણપ્રદેશ આ વિસ્તાર આવેલા છે. આ ખીણપ્રદેશમાં થઈને ઈજિપ્ત (મિસર) જવાનો ધોરી માર્ગ આવેલો છે.

પ્રભુ ઈસુના જમાનામાં પાલેસ્તાઈન દેશ ત્રણ ભાગમાં વહેંચાયેલો હતો. ઉત્તરમાં ગાલીલ પ્રાંત, દક્ષિણમાં યહુદિયા પ્રાંત અને મધ્યમાં સમરૂન પ્રાંત આવેલો હતો. સમરૂન આજે સમારિયા તરીકે ઓળખાય છે. આ ભાગને એટલે કે સમરૂનને પવિત્ર ભૂમિનો ભાગ ગણ્યો નથી. એમાં એફ્રાઈમ તથા અર્ધ મનાશ્શેહ કુળનો ભાગ આવી જાય છે. સમરૂનીઓ અને યહૂદીઓ વચ્ચે શરૂઆતથી જ દુશ્મનાવટ શરૂ થઈ હતી, અને એઝરા-નહેમિયાના સમયમાં સમરૂનીઓ મંદિર બાંધવામાં યહૂદીઓને ગેરવાજબી અટકાવ કરતા હતા. આપણા પ્રભુ ઈસુના વખત સુધી આ બંને કોમો વચ્ચે અણબનાવ ચાલતો આવતો જોવામાં આવે છે. યહૂદીઓ સમરૂનીઓને હલકા ગણી તેમની સાથે કંઈ પણ વ્યવહાર રાખતા નહોતા. (યોહાન ૪:૯. લૂક ૯:૫૨). ગાલીલ પ્રાંતમાંથી યહૂદિયા પ્રાંતમાં આવવું હોય તો સમરૂન પ્રાંતમાં યહૂદીઓ પ્રવેશતા નહોતા, પણ યરદન નદી ઓળંગી યહૂદિયામાં પ્રવેશતા.

ઘણા સમરૂનીઓએ સુવાર્તાનો અંગીકાર કર્યો હતો. સૈખારના કૂવાકાંઠે ઈસુએ જીવતા પાણી સંબંધી જેની સાથે વાત કરી હતી તે સ્ત્રી સમરૂની હતી (યોહાન ૪:૫-૪૨). એ સમરૂની સ્ત્રીની સાક્ષીથી સૈખાર ગામના કેટલા બધા લોકોએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હતો! આ બધાં

સમરૂનીઓ હતાં. ખ્રિસ્તે એક ભલા સમરૂનીનું દૃષ્ટાંત પણ કહ્યું છે (લૂક ૧૦:૩૩-૩૭). આભાર માનવાને પાછો આવેલો કોઢી તે પણ સમરૂની જ હતો (લૂક ૧૭:૧૬).

સમરૂનમાં ત્રણ મુખ્ય પર્વતો આવેલા છે. પહેલા બે એબાલ અને ગીરીઝીમ. આ બંને પહાડો શખેમની ખીણની બે બાજુએ આવેલા છે. એટલામાં જ સૈખાર ગામ અને યાકોબનો કૂવો આવેલાં છે. ત્રીજો ડુંગર બઆલહાસોર છે.તે બેથેલની ઉત્તરે આવેલો છે. બાઆલ-હાસોર તે સૌથી ઊંચું શિખર છે. તેની ઊંચાઈ ૩૩,૦૦૦ ફૂટ છે. સમરૂન પ્રાંતનો દક્ષિણ ભાગ બાકીના ભાગ કરતાં જુદો છે. તે વેરાન જેવો લાગે છે.

આ સમરૂની લોકો કોણ હતા? એ ખુલાસો ઇતિહાસનું એક રસિક પાનું છે. મૂળમાં આ વિસ્તાર ઇઝરાયલના રાજ્યમાં હતો અને સમરૂન એનું પાટનગર હતું સમરૂનમાં યજ્ઞયાગ માટે વેદી પણ બાંધવામાં આવી હતી. જેની સામે પ્રબોધકોએ વિરોધનાં અનેક ઉચ્ચારણો કર્યા છે.

દશ કુળના અગર ઇઝરાયલના રાજા ઓમ્રીએ આ શહેર બંધાવ્યું હતું. શેમેર નામના માણસ પાસેથી ઓમ્રીએ આ પહાડનો પ્રદેશ રૂપિયા ૩૧,૦૦૦ આપીને ખરીદ્યો, અને એના ઉપર આ સમરૂન શહેર વસાવ્યું. બુરજ જેવા આ શહેરનું સમરૂન નામ વાજબી છે, કારણ એનો અર્થ થાય છેઃ ચોકી (૧રાજા ૧૬:૨૪). મોટે ભાગે સમરૂનમાં યહોવાની ભક્તિને બદલે વિદેશી દેવદેવીઓની મૂર્તિપૂજા જ ચાલતી રહી છે.

ઈઝરાયલ રાજ્યના પાછલા દિવસોમાં આશ્શુરના બળવાન રાજ્યના રાજાઓ ઈઝરાયલ રાજ્ય પર ચઢી આવ્યા (સાર્ગોન રાજા, આશ્શુર બાનીપાલ રાજા). અને ઇ.પૂર્વે ૭૪૦માં મોટા ભાગના લોકોને ત્યાંથી ઉપાડીને આશ્શુર લઈ ગયા; થોડા જ લોકોને પાછળ રહેવા દીધા ૨ કાળ. ૩૪:૬,૯. અને ખાલી પડેલા સમરૂનના મુલકમાં બાબિલોનથી, હામાથમાંથી, અરબસ્તાનમાંથી અને પાછળથી એલામ અને અન્ય પ્રદેશોમાંથી ત્યાંના લોકોને લાવીને અહીં વસાવ્યા (૨ રાજા ૧૭:૧૯). તેઓ પોતપોતાનાં દેવીદેવીઓને સાથે લાવ્યા હતા, અને તેમનું ભજનપૂજન કરતા હતા. પાછળની સમરૂની પ્રજા અરસપરસનાં લગ્નોમાંથી થયેલી છે.

મોટા ભાગની વસતી જતી રહી હોવોથી જંગલનાં હિંસક પ્રાણીઓ અને સિંહો વસાહતોના પ્રદેશમાં આવી લોકોને ફાડી ખાતાં હતાં. આથી આ લોકોએ આશ્શુરી રાજા સાર્ગોનને ફરિયાદ કરી કે આ પ્રદેશના દેવનું ભજન કેવી રીતે કરવાનું તે અમે જાણતા નથી, એટલે તે અમારા પર કોપાયમાન થઈને અમને ફાડી ખાવા માટે હિંસક પ્રાણીઓ મોકલે છે. આ સાંભળીને આશ્શુરી રાજાએ, પોતે પકડી આણેલા ઈઝરાયલીઓમાંથી યહોવાના એક યાજકને મોકલી આપ્યો, જેથી તે આ લોકોને દેશના દેવનું ભજન કરતાં શીખવે. આ યાજકના શિક્ષણ પ્રમાણે આ મિશ્ર પ્રજા યહોવાની ભક્તિ કરતી થઈ. તેઓ મોશેનાં પાંચ પુસ્તકોને માનતા વાપરતા થયા, અને સાથે સાથે પોતાની સાથે આણેલાં દેવદેવીઓની ભક્તિ પણ ચાલુ રાખી.

પરદેશમાંથી લાવવામાં આવેલા આ મિશ્ર લોકો પાછળથી સમરૂનીઓ તરીકે ઓળખાયા. તેઓ વંશજો ન હોવાથી અને પરદેશીઓ હોવાથી યહૂદીઓ તેમનો સ્વીકાર નહોતા કરતા. તેમની સાથે રોટી-બેટીનો કે કશો જ વ્યવહાર રાખતા નહોતા, તે એટલે સુધી કે ઉત્તરે ગાલીલ તરફથી છેક નીછે યહૂદિયામાં યરુશાલેમમાં જવું હોય તો ધોરી માર્ગ સમરૂનમાં થઈને જતો હોવા છતાં યહૂદીઓ સમરૂનીઓના પ્રદેશમાં ન પ્રવેશતાં, ગાલીલમાંથી જ યરદન નદી ઓળંગી નદી પાર પૂર્વના મુલકમાં થઈને મુસાફરી ચાલુ રાખતા, અને છેક યહૂદિયાનો મુલક આવે ત્યારે જ યરદન નદી ઓળંગી યહૂદિયાના પ્રદેશમાં પ્રવેશ કરતા.

આજે સમરૂનના વિસ્તારમાં ૪૦૦ જેટલાં સમરૂની કુટુંબ રહે છે. ભક્તિ કરવા તેઓ ગીરીઝીમ પર્વત પર જાય છે. મોશેનાં પાંચ પુસ્તકો તેમની પાસે ઓળિયાના સ્વરૂપમાં છે. તેમાંથી તેઓ ભક્તિસભા વખતે વાચન કરે છે.

સમરૂનમાં સુવાર્તિક ફિલિપે સુવાર્તા પ્રગટ કરી હતી. એ પછી ત્યાં સારી ધર્મજાગ્રતિ આવી હતા. સમરૂનમાં સ્થાપાયેલી નાની મંડળીની પિતરે તથા યોહાને મુલાકાત લીધી હતી. ફિલિપે સમરૂન શહેરમાં જઈને તેઓને ખ્રિસ્ત વિષે બોધ કર્યો, એ વિષે બાઈબલમાં વૃતાંત આપેલું છે.

ફિલિપે કહેલી વાતો સાંભળીને તથા તેણે કરેલા ચમત્કારો જોઈને ત્યાંના લોકોએ તેની વાતો પર એક ચિત્તે ધ્યાન આપ્યું, કેમ કે જેઓને અશુદ્ધ આત્માઓ વળગ્યા હતા, તેઓમાંના ઘણામાંથી અશુદ્ધ આત્માઓ મોટી બૂમ પાડતાં બહાર નીકળ્યા, અને ઘણા પક્ષઘાતીઓને તથા લૂલાઓને સાજા કરવામાં આવ્યા. તે શહેરમાં બહુ આનંદ થઈ રહ્યો.

બાઈબલનું વૃત્તાંત આ પ્રમાણે છે:

સિમોન નામે એક માણસ તે શહેરમાં અગાઉ જાદુ કરતો હતો, અને હું કોઈ મહાન વ્યક્તિ છું, એમ કહીને સમરૂનના લોકોને છક કરી નાખતો હતો. નાનાથી તે મોટા સુધી સર્વ તેનું સાંભળતાં. તેઓ કહેતા કે, ઈશ્વરની જે મહાન શક્તિ કહેવાય છે, તે એ માણસ છે. તેણે ઘણી મુદતથી પોતાની જાદુક્રિયાથી તેઓને છક કરી નાખ્યા હતા. માટે તેઓ તેનું સાંભળતા હતા. પણ ફિલિપ ઈશ્વરના રાજ્ય તથા ઈસુ ખ્રિસ્તના નામ વિષે સુવાર્તા પ્રગટ કરતો હતો. તેવામાં તેઓનો વિશ્વાસ તેના પર બેઠો, અને પુરુષોએ તેમ સ્ત્રીઓએ પણ બાપ્તિસ્મા લીધું. સિમોને પોતે પણ વિશ્વાસ કર્યો, અને બાપ્તિસ્મા પામીને ફિલિપની સાથે રહ્યો, અને ચમત્કારો તથા મોટાં પરાક્રમી કામો બનતાં જોઈને તે આશ્ચર્ય પામ્યો (પ્રે.ક- ૮:૯-૧૩).

# ૫. ગાલીલ પ્રાંત

રોમન સામ્રાજયના વખતમાં પાલેસ્તાઈનના ત્રણ ભાગ પડ્યા, એટલે કે ગાલીલ પ્રાંત, વચમાં સમરૂન પ્રાંત અને નીછે દક્ષિણમાં યહૂદિયા પ્રાંત. ત્રણેમાં ગાલીલ સૌથી મોટો હતો. આ પ્રાંતમાં નાફતાલી, ઝબૂલુન તથા યિસ્સાખારનાં કુળોને આપવામાં આવેલા પ્રદેશ હતા. ગાલીલ પ્રાંતની લંબાઈ ૯૬.૬ કિ.મિ. (૬૦ માઈલ) અને પહોળાઈ ૪૦.૨ કિ.મિ. (૨૫ માઈલ)ની છે. જોકે ગાલીલ વિસ્તારની સીમાઓ વારંવાર બદલાતી રહી છે. પ્રભુ ઈસુની પૃથ્વી પરની હયાતી દરમિયાન ગાલીલ પ્રાંત હેરોદ આન્તિપાસના અધિકાર નીચે હતો, ત્યારે એની સરહદ ૪૦ કિ.મિ (૨૫ માઈલ) પૂર્વ-પશ્ચિમે અને ઉત્તર-દક્ષિણે ૬૦ કિમિ (૩૭ માઈલ) હતી. ગાલીલનો સમુદ્ર આ વિસ્તારમાં આવેલો છે.

આ ગાલીલ પ્રાંતનાં વીસ બિનઉપયોગી શહેરોને શુલોમોન રાજાએ સિરિયા (અરામ)ના રાજા હિરામને એવી સેવાઓ બદલ આપ્યાં હતા (૧ રાજા ૯:૧૧-૧૩) વળી ઇઝરાયલનાં બાર કુળોમાં દેશ વહેંચાયો ત્યાર પછી મોટે ભાગે એ વિદેશીઓનાં નગરો હતાં. એમાં યહૂદીઓ નહિવત હતાં. દેશના અસલ વતનીઓ એટલે કે કનાનીઓ પણ આ પ્રાંતમાં ઘણા મોટા પ્રમાણમાં નાસી આવીને વસ્યા હતા (ન્યાય. ૧:૩૦-૩૩. ૪:૨). વિશેષ કરીને બિન-યહૂદી પ્રજાઓ આ વિસ્તારમાં વસતી હતી. એટલે આ પ્રદેશને 'પ્રજાઓનું ગાલીલ' અથવા 'વિદેશીઓનું ગાલીલ' કહેવામાં આવ્યું છે (યશાયા ૯:૧. માથ્થી ૪:૧૫). સમરૂન પ્રાંત વિષે જણાવ્યું તેવું જ ગાલીલ પ્રદેશના લોકો માટે પણ બન્યું હતું. આશ્શુરીઓએ ઉત્તરના રાજ્ય ઇઝરાયલને જીતી લીધું અને લોકોને બંદી તરીકે લઈ જઈને આશ્શુરની આસપાસ વસાવ્યા, ત્યારે ગાલીલ પ્રાન્તના વિસ્તારમાંથી પણ ઘણા લોકો લઈ જવામાં આવ્યા હતા (૨ રાજા ૧૫:૨૯. ૧ રાજા ૧૫:૨૦). ત્યાંથી કેટલાક યહૂદીઓએ પાછળથી પાછા આવીને ગાલીલમાં પુનઃવસવાટ કર્યો હતો, તેમને ઈ.સ. પૂર્વે ૧૬૪ની સાલમાં સિમોન મક્કાબી આવીને લઈ ગયો હતો, અને યહૂદિયા પ્રાંતમાં વસાવ્યા હતા. પણ થોડાં જ વર્ષોમાં ગાલીલ પ્રદેશ યહૂદીઓથી ભરાઈ

ગયો અને મહાન હેરોદ રાજાના રાજ્યનો ભાગ બની ગયો હતો, હેરોદના મૃત્યુ પછી હેરોદ તેત્રાર્ખના અધિકાર નીચે ગાલીલ પ્રાંત આવ્યો.

ઈ.સ. ૭૦માં જ્યારે તિતસ યરુશાલેમ સામે ચઢી આવ્યો, ત્યારે યહૂદીઓની કુમકે ગાલીલમાંથી એક લાખ માણસોનું લશ્કર મોકલી આપવામાં આવ્યું હતું. એ સમયે ગાલીલ પ્રાંતમાં ૨૪૦ શહેરો અને ગામડાં વસેલાં હતાં. યહૂદી ઈતિહાસકાર જોસીફસ પ્રમાણે ગાલીલ વિસ્તારમાં ૨૦૪ શહેરો અને ગામડાં હતાં, અને નાનામાં નાના ગામની વસતી ૧૫,૦૦૦ની હતી.

પ્રભુ ઈસુનાં માતા તથા પાલક પિતા ગાલીલના નાઝરેથમાં રહેતાં હતાં, અને પ્રભુ ઈસુ પોતે ત્રીસ વર્ષ સુધી અહીં રહ્યા હતા. ત્રણે સંદર્શક સુવાર્તાઓ પ્રભુ ઈસુની ગાલીલમાં કરેલી ધર્મસેવાઓ અને તેના જીવનચરિત્રના વૃત્તાંતથી ભરેલી છે. પ્રભુ ઈસુનાં કહેલાં દૃષ્ટાંતમાંનાં ૧૯ સુંદર દૃષ્ટાંત તથા તેમના કરેલા ચમત્કારોમાંથી પચ્ચાસ ચમત્કારો તેમણે આ પ્રાંતમાં રહીને કરેલા છે. તેમનો સૌથી પહેલો ચમત્કાર પણ ગાલીલના કાનામાં લગ્નપ્રસંગે કરવામાં આવ્યો. તેમ જ છેલ્લો ચમત્કાર પણ ગાલીલ સમુદ્ર કિનારા પર કરવામાં આવ્યો. અહી રહીને તેમણે ગિરિપ્રવચન આપ્યું. વળી તેમણે જીવનની રોટલી વિષે, શુદ્ધતા વિષે, માફી વિષે તથા નમ્રતા વિષે બોધ ગાલીલમાંથી જ આપ્યો. અહીંથી જ તેમણે પોતાના પહેલા શિષ્યોને બોલાવ્યા. પ્રભુ ઈસુને પોતાને "ગાલીલનો ઈસુ" કહેવામાં આવ્યા. એટલું જ નહિ પણ તેમના લગભગ બધા શિષ્યો ગાલીલના રહીશ હતા. તેથી તેઓને પણ "ગાલીલના માણસો" કહેવામાં આવે છે.

ગાલીલના પર્યટનમાં બસ ડુંગરો ઉપર ચઢતી અને ઉતરતી જાય છે. દેખાવ ખૂબ રમણીય લાગે છે. રસ્તાની બંને બાજુએ ફળફળાદિથી ભરપૂર ખેતરો નજરે પડે છે. આંખને આનંદ આપે તેવું સુંદર અને આલ્હાદક દૃશ્ય ચારે બાજુએ પથરાયેલું રહે છે. ગાલીલ ફળદ્રુપ પ્રદેશ હતો, અને એમાં અનેક બધાં ઝરણ આવેલાં હતાં. આજે પણ અનેક પ્રકારનાં અને પુષ્કળ પ્રમાણમાં શાકભાજી થાય છે. ફળવૃક્ષો પણ પુષ્કળ છે. પુરાણા સમયમાં આ પ્રાંતમાં પુષ્કળ ઝાડી હતી.

ઉત્તર ગાલીલની ઊંચાઈ સમુદ્રની સપાટીથી ૪,૦૦૦ ફૂટ છે. તે ઈઝરાયલની મધ્યમાં ઉત્તર દક્ષિણે આવેલી પર્વતમાળાનો છેડો છે. લબાનોન પર્વતની હારમાળા જાણીતી છે. તેનાં શિખરો હિમથી છવાયેલાં રહે છે. ત્યાં અસંખ્ય દેવદારનાં વૃક્ષો છે અને મુખ્ય વૃક્ષ કેદાર અથવા એરેજ વૃક્ષ, જે લબાનોનનું ગૌરવ છે. કેદાર વૃક્ષનાં બી તથા રોપાઓ દુનિયાના બીજાભાગમાં મોકલવામાં આવ્યા છે, જે બગીચાઓની શોભામાં વધારો કરી રહ્યા છે. લબાનોન પર્વતોની બે હારો વચ્ચે કેલો લબાનોન નામની ખીણ આવેલી છે. ગાલીલ લબાનોન પર્વતની દક્ષિણે આવેલો પ્રાંત છે, તે આખા ઈઝરાયલનો રળિયામણો ભાગ છે. હેર્મોન પર્વત પર ૪૦૦ જેટલાં એરેજવૃક્ષ છે, શલોમોન રાજાના સમયમાં એ છોડવા હતા.

લબાનોન પર્વત અને હેર્મોન પર્વતો પર પાણીનો સંગ્રહ થાય છે. તેમાંથી ગાલીલ પ્રાંતને પુષ્કળ પ્રમાણમાં પાણી મળી રહે છે. યરદન નદીનું મૂળ ત્યાં જ છે. ત્યાં જાતજાતનાં વૃક્ષો થાય છે, જેવાં કે એલોનવૃક્ષ, ગુલર, જૈતવૃક્ષ અને બીજાં અનેક જાતનાં વૃક્ષો. આ પ્રાંતની ભૂમિ ઘણી જ ફળદ્રુપ છે. દક્ષિણ ગાલીલ પ્રાંત બાઈબલમાં વધુ જાણીતો છે. કારણ કે પ્રભુ ઈસુનું ધર્મસેવાનું ક્ષેત્ર ઘણે ભાગે આ પ્રાંતમાં હતું. ખરી રીતે એ પ્રભુ ઈસુનો પોતાનો પ્રદેશ હતો.

યહૂદિયા પ્રાંતના અને ગાલીલ પ્રાંતના યહૂદીઓમાં ખાસ્સો તફાવત પડી જતો. પુરાણા સમયના રાબ્બીઓની સાક્ષી પ્રમાણે ગાલીલના લોકો "સારું નામ" હોવું તે અને સારી પ્રતિષ્ઠાના ચાહકો હતા, જ્યારે યહૂદિયાના લોકો દ્રવ્ય-પૈસાટકા ઉપર વધારે ભાર મૂકતા હતા. ગાલીલના લોકો યહૂદિયાના લોકો કરતાં રૂઢી અને રીતરસમોને ઓછા પકડી રાખનારા હતા. તાલ્મુદમાં (મેગીલ્લા ૭૫અ) રૂઢીઓ નહિ જાળવવાનો દોષ મૂકવામાં આવ્યો છે. આ સંબંધી યરુશાલેમના ફરોશીઓ અને શાસ્ત્રીઓ હાથ ધોવા સંબંધી ઈસુના શિષ્યોના દોષ કાઢતા હતા, જ્યારે ગાલીલના ફરોશી-શાસ્ત્રીઓએ ઈસુના શિષ્યોના એવા દોષ કાઢયા નથી (માર્ક ૭:૧,૫).

સાન્હેદ્રિન સભા (યહૂદીઓની વરિષ્ઠ અદાલત) અને મંદિર યરુશાલેમમાં આવેલાં હોઈને નિયમશાસ્ત્રના પંડિતો યરુશાલેમ અને

યહૂદિયામાં બહુ વધુ પ્રમાણમાં હતા, જ્યારે ગાલીલમાં ઓછા હતા. એટલે એક યહૂદી કહેવત પડી ગઈ હતી કે દ્રવ્ય જોઈતું હોય તો ઉત્તરમાં (ગાલીલમાં) જાઓ, પણ ડહાપણ જોઈતું હોય તો દક્ષિણમાં (યહૂદિયામાં) જાઓ. આનો અર્થ એવો નથી થતો કે ગાલીલીઓ અજ્ઞાન કે અક્કલહિન લોકો હતા. ગાલીલમાં પણ ઘણાં સભાસ્થાનો અને નિયમશાસ્ત્રના પંડિતો અને નિષ્ણાતો હતા. અહીંનાં સભાસ્થાનો ખરેખર શિક્ષણનાં કેન્દ્રો હતાં (લૂક ૫:૧૭).

આમ છતાં યરુશાલેમના મુખ્ય યાજકો અને ફરોશીઓ ગાલીલના સામાન્ય લોકો કરતાં પોતાને ઊંચા અને મહત્વના સમજતા, અને ગાલીલીઓને નિયમશાસ્ત્ર સંબંધી અજ્ઞાન જેવા ગણી કાઢતા. એટલે જ જ્યારે નિકોદિમસે ઈસુની તરફદારી કરી ત્યારે ફરોથીઓએ તેને ટોણો માર્યો કે, ''તું પણ શું ગાલીલનો છે? શોધ કરીને જો, કેમ કે કોઈ પ્રબોધક ગાલીલમાંથી ઉત્પન્ન થવાનો નથી'' (યોહા. ૭:૪૫-૫૨). આમ તેઓએ મસીહના ઉપદેશ સંબંધીની યશાયાની ભવિષ્યવાણી પ્રત્યે આંખમિચામણાં કર્યાં (યશા. ૯:૧,૨. માથ્થી ૪:૧૩-૧૭).

•

# ૬. યરુશાલેમ શહેર

યરુશાલેમને Eternal Capital (સનાતન પાટનગર) કે સનાતન રાજધાની નગર કહેવામાં આવ્યું છે. આજે એ ઈઝરાયલ દેશનું પાટનગર છે. ઈ.પૂર્વે. ૨૪૦૦માં શાલેમ (યરુશાલેમ)માં નૂહનો દીકરો શેમ (મેલ્ખીસેદેક) રાજ કરતો હતો. તે આશરે ઈ.પૂર્વે ૧૮૪૬માં મૃત્યુ પામ્યો ત્યાં સુધી તેણે રાજ કર્યું. તે યહોવાનો યાજક પણ હતો. તેણે યાજક તરીકે અબ્રાહામ પાસેથી દશાંશ લીધો હતો, અને અબ્રાહામને આશીર્વાદ દીધો હતો, તેમ જ રોટલી અને દ્રાક્ષરસ પણ આપ્યાં હતાં (ઉત્પ. ૧૪:૧૭-૧-૨૦).

અબ્રાહામ આશરે ઈ.પૂર્વે ૧૯૪૭ થી ૧૮૮૨ સુધી એટલે કે ૧૭૫ વર્ષ જીવ્યો જ્યારે ઉપર જોયું તેમ શેમ ૬૦૦ વર્ષ જીવ્યો, અને આશરે ઈ.પૂર્વે ૧૮૪૬માં મૃત્યુ પામ્યો. તે અબ્રાહામ કરતાં લગભગ ૩૬ વર્ષ પછીથી મૃત્યુ પામ્યો.

આ બધી તારીખો અને ઉપર ગણતરી આપવાનું કારણ એટલું જ કે યરુશાલેમ સનાતન પાટનગર છે. આજથી ૪૩૯૫ વર્ષ અગાઉ શાલેમ (યરુશાલેમ) રાજધાની હતું, અને આજેય છે. એટલું જ નહિ. પણ ખ્રિસ્તી મંડળી (પ્રભુના લોક) ગગનમાં ઊંચકાઈ જશે એ પછી પ્રભુઈસુ પૃથ્વી પર ૧૦૦૦ વર્ષનું રાજ્ય યરુશાલેમના પાટનગર- માંથી કરશે (પ્રકટી. ૨૦:૬).

એટલું જ બસ નથી, પણ આકાશ તથા પૃથ્વીનો નાશ થયા પછી નવું યરુશાલેમ આકાશથી ઊતરશે. અને પછી તો અનંતકાળ સુધી આ નવા યરુશાલેમમાં સદા સર્વદા રહીશું. પાપ, મૃત્યુ, રુદન અને વિયોગ હંમેશ માટે દૂર કરાશે. ખરે જ, યરુશાલેમ Eternal Capital (સનાતન રાજધાની) છે, અને રહેશે (પ્રકટી. ૨૧).

અબ્રાહામ ઈસ્હાકનું બલિદાન આપવા બેરશીબાથી નીકળીને મોરિયાહ પર્વત પર ગયો. મોરિયાહ પર્વત યરુશાલેમ છે. બેરશીબા અને મોરિયાહ (યરુશાલેમ) વચ્ચે ૩૫ કિલોમિટર (૨૨ માઈલ) છે, પહાડો-ખીણોનાં ચઢ-ઉતરણ અલગ (ઉત્પ. ૨૨:૧-૧૩). આશરે ઈ.પૂર્વે

૧૮૩૪નો સમય.

સૈકાં વિત્યા પછી ઈ.પૂર્વે આશરે ૧૦૧૮માં દાવિદ રાજાએ યહોવા માટે મંદિર બાંધવા મોરિઆહ પર્વત વાળી જમીન ખરીદી લીધી (૨ શમુ. ૨:૬-૯. ૨૪:૨૦-૨૫). ત્યાં યબૂસી ઓર્નાન (અરાન્નાહ)ની ખળી હતી. દાવિદ રાજાએ યબૂસી લોકોના હાથમાં શાલેમ (યરુશાલેમ) આવ્યું હતું તે જીતી લીધું (૨ શમુ. ૫:૧-૧૩). દાવિદ રાજાએ શરૂઆતનાં સાડાસાત વર્ષ હેબ્રોનમાંથી રાજ કર્યું. પણ યરુશાલેમ જીતી લીધા પછી બાકીનાં ૩૩ વર્ષ સુધી સમગ્ર યહૂદીઓના રાજા તરીકે રાજ કર્યું હતું.

પાછળથી દાવિદ રાજાનો પુત્ર શલોમોન યરુશાલેમની ગાદી પર આવ્યો, અને તેણે યહોવાનું મંદિર યરુશાલેમમાં મોરિયાહ પર્વતના શીખર પર બાંધ્યું (૧ રાજા ૬. ૨ શમુ. ૨૪:૨૪-૨૫. ૨ કાળ. ૩;૨,૩, ૧ કાળ. ૨૧:૨૪,૨૫).

ઈ.પૂર્વે ૫૮૬માં યરુશાલેમને બાબેલના રાજા નબુખાદનેરે જીતી લીધું, મંદિરનો નાશ કર્યો અને કિંમતી ખજાનો અને માણસોને લઈ ગયો, સિત્તેર વર્ષના બંદીપ્રવાસમાંથી પાછા યહૂદીઓએ આવીને મંદિર બાંધ્યું, અને યરુશાલેમ શહેરનો કોટ ફરી બાંધ્યો.

એ પછી ઈ.સ. ૭૦માં વેસ્પાશિયન બાદશાહનો દત્તક પુત્ર તિતસ એક લાખનું લશ્કર લઈને યરુશાલેમ પર ચઢી આવ્યો. છ માસ સુધી ઘેરો ઘાલ્યો અને ઓગસ્ટ માસમાં શહેર જીતું લીધું, મંદિર બાળી નાખ્યું, અને હજારો લોકોને ક્રૂસે જડી દીધા, તેમ જ હજારોને ગુલામ બનાવી વેચી દીધા.

એ પછી ઈ.સ. ૧૩૫માં હેડ્રિયન બાદશાહ બાકીના લોકો પર ચઢી આવ્યો, અને શહેરના આગત્યના ભાગો પર હળ ફેરવ્યું. એ પછી યહૂદી લોકો ઈ.સ. ૧૯૧૭ સુધી દુનિયાના ૧૦૪ દેશોમાં રઝળતા ફર્યા. અને ભયંકર યાતનાઓ વેઠી. (મારા પુસ્તક, **અનોખી ઇઝરાયલ પ્રજા**માં દેશદેશમાં કેવું વેઠ્યું તે વિષે બહુ વિગતવાર આપ્યું છે.)

# કાળમાન

| | | |
|---|---|---|
| ઈ.સ. ૩૨૬માં | | બેઝન્ટાઈન બાદશાહ કોન્સ્ટાઈનનાં મા રાણી હેલેના યરૂશાલેમની મુલાકાતે આવ્યાં, અને એ પછી એમની ખુશી પ્રમાણે ક્રિશ્ચિયન પવિત્ર સ્થળો યરૂશાલેમ અને દેશભરમાં બંધાયા. |
| ઈ.સ. ૬૧૪ | | ઈરાનીઓએ (ફારસીઓએ) યરુશાલેમ જીતી લીધું. |
| ઈ.સ. ૬૨૯ | | ફરી પાછું યરુશાલેમમાં બેઝન્ટાઈન રાજ આવ્યું. |
| ઈ.સ. ૬૩૮ | | ખલિફ ઓમરે યરુશાલેમ જીતી લીધું. |
| ઈ.સ. ૬૯૧ | | ડોમ ઓફ ધ રોક (ઓમર) મસ્જિદનું બાંધકામ પૂરું થયું. |
| ઈ.સ. ૭૫૦ | | બગદાદના અબ્બાસાઈડો સત્તા પર આવ્યા. |
| ઈ.સ. ૭૬૯ | | ઈજિપ્તના ફાતિમીડ ખલિફોની સત્તા |
| ઈ.સ. ૧૦૦૯ | | ખલિફ હકીમે ખ્રિસ્તી દેવળોનો નાશ કરવા ફરમાવ્યું. |
| ઈ.સ. ૧૦૭૭ | | સેલ્જુક તૂર્કોએ ક્રુઝેડરો પાસેથી યરુશાલેમ જીતી લીધું. |
| ઈ.સ. ૧૦૯૯-૧૨૯૧ | | ક્રુઝેડરોનો સમય |
| | ૧૦૯૯ | ક્રુઝડરોએ યરુશાલેમ જીતી લીધું. |
| | ૧૧૮૭ | સલાદિન ક્રુઝેડરો પર જીત પામ્યો. |
| | ૧૨૧૯ | પવિત્ર દેશમાં પ્રથમ ફ્રાન્સિસકનો આવ્યા. |
| | ૧૨૯૧ | ક્રુઝડરોની સત્તાનો અંત |
| | ૧૧૮૭ | મામલુકોનો ઉદય |
| ૧૧૮૭(૧૨૯૧)૧૫૧૭ | | મામલૂકોનો સત્તા સમય |
| ૧૫૧૭-૧૯૧૭ | | ઓટોમન તુર્કોનો સત્તા સમય |
| | ૧૫૧૭ | ઓટોમનોએ પાલેસ્તાઈન જીત્યું. |
| | ૧૫૩૮ | સુલેઈમાન મેગ્નીફિસન્ટે યરુશાલેમની દીવાલ બંધાવી. |
| | ૧૭૯૭ | પાલેસ્તાઈનમાં નેપોલિયન |

## બ્રિટીશ મેન્ડેટના સમયથી આધુનિક ઇતિહાસ

ઈ.સ. ૧૯૧૭ બ્રિટિશ જનરલ એલનબીએ ઓટોમન તૂર્કો પાસેથી યરુશાલેમ જીતી લીધું.

ઈ.સ. ૧૯૧૭ બાલ્ફરનો ઢંઢેરો

ઈ.સ. ૧૯૪૭ પાલેસ્તાઈનના ભાગલા. યુ.એન. કમિશનની ભલામણ

ઈ.સ. ૧૯૪૮ ઈઝરાયલ રાજ્યની સ્થાપના (મે ૧૪) અને ઈઝરાયલ-આરબ યુદ્ધ

ઈ.સ. ૧૯૪૯ ઈઝરાયલ અને ઈજિપ્ત-લબાનેન જોર્ડન-સિરિયા વચ્ચે યુદ્ધ બંધ

ઈ.સ. ૧૯૬૭ જૂન ૫-૧૧ , છ દિવસનું યુદ્ધ

ઈ.સ. ૧૯૭૩ ઓક્ટોબર, યોય ક્રિપ્પુર યુદ્ધ

ઈ.સ. ૧૯૭૩ માર્ચ ૨૬, ઈઝરાયલ-ઈજિપ્ત સંધી.

ઈ.સ. ૧૯૮૦ યરુશાલેમનો કાયદો

•

## ૭. ઇઝરાયલમાં ચાર પ્રકારનાં ગામડાં

ઈઝરાયલમાં ચાર પ્રકારનાં ગામ જોવા મળે છે. તેઓનું વર્ગીકરણ નીચે પ્રમાણે થઈ શકેઃ

**૧. કિબુત્ઝઃ** કિબુત્ઝ પ્રકારનાં ગામોમાં લોકો સમૂહજીવનમાં રહે છે, અને બધું જ સહિયારું હોય છે. જમીન, સાધનો, નાણાં એ બધુ સમાજની મિલકત ગણાય છે. દરેકને પોતપોતાની આવડત, કારીગરી અને ગુંજાશ પ્રમાણે કામની ફાળવણી કરવામાં આવે છે. અને નફાની વહેંચણી સરખી રીતે, ચીજ વસ્તુ અને સેવા-સહાયના રૂપમાં આપવામાં આવે છે. પેલો સિદ્ધાંત અહીં બરાબર અમલી બને છે. 'દરેકની પાસેથી એની ગુંજાશ પ્રમાણે, અને પ્રત્યેકને એની જરૂર પ્રમાણે'. ગામનાં બધાં જ લોકો સામાન્ય રસોડે જમે છે. છોકરાં ઘણું ખરું કિબુત્ઝની શાળા, છાત્રાલય, અને તેના વાતાવરણમાં રહેતાં હોય છે. અને ત્યાં જ તેમનું રહેવું, જમવું, સૂવું, ભણવું હોય છે. દિવસને અંતે તેઓ પોતાનાં માબાપને મળે ખરાં, સાબ્બાથવારે (શનિવારે) અને રજા દરમિયાન તેઓ માબાપ સાથે રહે છે. આવાં ગામો મોટે ભાગે ખેતી-પ્રધાન હોય છે. તોપણ કેટલાંક કિબુત્ઝ ગામો હુન્નરધંધા પણ ચલાવતાં હોય છે, અને એમાં ઠીકઠીક આગળ વધ્યાં હોય છે.

**૨. મોશેવઃ** મોશેવ પ્રકારનાં ગામોમાં સહકારી જીવન હોય છે. આ ગામોમાં પ્રત્યેક ખેડૂત પોતાના કુટુંબની સાથે અલગ રહે છે, અને પોતાની જમીનમાં ખેતી કરે છે, પણ વેચાણ કે ખરીદી કામો ગામના બધા જ સભ્યો સહકારી યોજના દ્વારા કરે છે. મોટાં મોટાં યંત્રો આખા ગામની સહિયારી મિલકત હોય છે, અને દરેક ખેડૂત જરૂર પ્રમાણે એમનો ઉપયોગ કરી શકે છે. શાળા, સાંસ્કૃતિક કેન્દ્રો અને સામાજિક સેવાઓ સહકારી ધોરણે ગામ પોતે ચલાવતું હોય છે. ગામના બધા જ સભ્યોની સામાન્ય સભા બધી પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. પ્રત્યેક મોશેવમાં ૬૦ કુટુંબો સરેરાશ હોય છે.

**૩.મોશેવ-શીતુફી:** આ પ્રકારનાં ગામોમાં કિબુત્ઝના સહિયારા કામના સિદ્ધાંતો અને મોશેવની ખાનગી કુટુંબ વ્યવસ્થાનું સંયોજન જોવામાં આવે છે.

**૪.મોશાવોટ:** આપણા ભારતમાં અને અન્ય દેશોમાં છે તેવાં સામાન્ય પ્રકારનાં આ ગામો પણ હોય છે. અને એવાં ગામોનું કદ ઘણી જગાએ ખૂબ મોટું થયેલું જોવા મળે છે.

સૌથી પ્રથમ દગાનિયા કિબુત્ઝ સ્થપાયું સ્વીઝર્લાન્ડથી આવેલા યહૂદીઓનું આવું એક ગામડું છે, જે આખુંયે ગામ ગુલાબ ઉછેરવાનું કામ કરે છે, અને દરરોજ વિમાન દ્વારા પશ્ચિમના દેશોમાં આ ગુલાબ ફૂલો પહોંચાડવામાં આવે છે.

ઘણી વખતે પર્યટકો કે દૂરમાં આવેલા લોકોને આવાં ગામડામાં રહેવાનું પસંદ પડે છે. શહેરની હોટેલમાં ઊતરવા કરતાં આવાં ગામડાંમાં રહેવાનું સસ્તું પડે છે, રસોઈ અને અન્ય વ્યવસ્થા વધારે સારી હોય છે. અને કુટુંબો સાથે અંગત સંબંધ બંધાય છે. અને મીઠી મહેમાનગીરીનો આસ્વાદ મળે છે.

## ૮. જુદાં જુદાં સ્થળો યરુશાલેમથી કેટલાં દૂર

| સ્થળ | દિશા | માઈલ | કિ. મિ. |
|---|---|---|---|
| અંત્યોખ | ઉત્તરે | ૩૦૦ | ૪૮૨.૮ |
| એફેસસ | " | ૬૦૦ | ૭૬૫.૬ |
| એમ્મૌસ | પશ્ચિમે | ૮ | ૧૨.૯ |
| કાઈસારિયા | ઉત્તરે | ૫૪ | ૮૬.૯ |
| કફરનાહૂમ | " | ૯૦ | ૧૪૪.૮ |
| કોરિંથ | વાયવ્યે | ૮૦૦ | ૧૨૪૭.૫ |
| ગાઝા | નૈરૂત્યે | ૫૦ | ૮૦.૫ |
| જોપ્પા | પશ્ચિમે | ૩૫ | ૫૬.૩ |
| તિબેરિયસ | ઉત્તરે | ૯૫ | ૧૫૨ |
| તિબેરિયસ (નાઝરેથ અને કાના થઈને) | ઉત્તરે | ૧૦૭.૫ | ૧૭૩ |
| તેલ અવીવ | .પશ્ચિમે | ૩૯ | ૬૨ |
| દમસ્ક | ઉત્તરે | ૧૩૩ | ૨૧૪ |
| નાઝરેથ | " | ૭૦ | ૧૪૧.૭ |
| બાબિલોન | પૂર્વે | ૫૫૦ | ૮૮૫.૨ |
| બેથબારા | " | ૨૫ | ૪૦.૨ |
| બેથલેહેમ | દક્ષિણે | ૬ | ૯.૭ |
| બેથાનિયા | પૂર્વે | ૨ | ૩.૨ |
| મિસરની સરહદ | નૈઋત્ય | ૧૦૦ | ૧૬૦.૯ |
| યરેખો | પૂર્વે | ૧૫ | ૨૧.૪ |
| રોમ | વાયવ્ય | ૧૪૦૦ | ૨૨૫૩ |
| લોદ | | | |

| | | | |
|---|---|---|---|
| (વિમાન ઘર) | પશ્ચિમે | ૩૨.૩ | ૫૨ |
| સમરુન | ઉત્તરે | ૩૫ | ૫૬.૩ |
| સિનાય પર્વત | દક્ષિણે | ૩૧૦.૭ | ૫૪૦ |
| હાઈફા | ઉત્તરે | ૯૩.૮ | ૧૫૧ |
| હેબ્રોન | દક્ષિણે | ૨૫ | ૩૫ |

ઈઝરાયલમાં છેક ઉત્તરે દાનથી છેક દક્ષિણમાં આવેલા બેરશીબા સુધીનું અંતર વિમાનના ઉડ્ડયનને માર્ગે ૧૨૫ માઈલ (૨૦૧.૧ કિ.મિ.) છે. આખો દેશ સૂચવવા બાઈબલમાં વપરાયું છે. “દાનથી બેરશીબા સુધી”.

(૩ કિ.મિ = આશરે ૨ માઈલ)

•

# ૯. જુદાં જુદાં સ્થળો એકબીજાથી કેટલાં દૂર

## (અરબી નામો)

(અંગ્રેજી કોઠો)

## ROAD DISTANCES

બબ્બે કોલમોમાંથી પહેલું કોલમ કિલોમિટરમાં છે, અને બીજું કોલમ માઈલમાં છે.

| | Yershalayim | Tel Aviv | Hefa | Teverya | Beer Sheva |
|---|---|---|---|---|---|
| Yerushalayim | --- | 62 39 | 159 99 | 157 97 | 84 52 |
| Tel Aviv | 62 39 | --- | 95 56 | 132 82 | 113 70 |
| Hefa | 159 99 | 95 56 | --- | 69 43 | 210 130 |
| Teverya | 157 97 | 132 82 | 69 43 | --- | 236 147 |
| Beer Sheva | 84 52 | 113 70 | 210 130 | 236 147 | --- |
| Afula | 146 91 | 91 57 | 41 25 | 41 25 | 206 128 |
| Akko | 181 112 | 117 73 | 22 14 | 56 35 | 206 128 |
| Arad | 104 65 | 158 98 | 255 158 | 232 144 | 45 28 |
| Ashdod | 66 41 | 42 26 | 139 176 | 109 | 83 52 |
| Ashqelon | 73 45 | 63 39 | 160 99 | 197 122 | 67 42 |
| Banyas | 227 141 | 202 125 | 126 78 | 70 43 | 305 189 |
| Bet Shean | 120 75 | 149 93 | 246 153 | 264 164 | 36 22 |
| Bet Shemesh | 28 17 | 48 30 | 145 90 | 185 115 | 83 52 |
| Dimona | 121 75 | 149 93 | 246 153 | 264 164 | 36 22 |

| | Yershalayim | | Tel Aviv | | Hefa | | Teverya | | Beer Sheva | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Di Zahav | 450 | 279 | 492 | 306 | 589 | 366 | 541 | 336 | 379 | 235 |
| Elat | 312 | 194 | 354 | 220 | 451 | 280 | 403 | 250 | 241 | 150 |
| Hadera | 110 | 68 | 46 | 29 | 63 | 33 | 84 | 52 | 161 | 100 |
| Hammat Gader | 156 | 97 | 139 | 86 | 89 | 55 | 21 | 13 | 285 | 146 |
| Hevron | 35 | 22 | 97 | 60 | 194 | 120 | 186 | 116 | 50 | 31 |
| Marom Golan | 222 | 138 | 197 | 122 | 121 | 75 | 65 | 40 | 301 | 187 |
| Metulla | 221 | 137 | 196 | 122 | 120 | 75 | 64 | 40 | 300 | 186 |
| Mitzpe Ramon | 165 | 104 | 196 | 122 | 293 | 182 | 319 | 198 | 83 | 52 |
| Nazerat | 157 | 97 | 102 | 63 | 35 | 22 | 29 | 18 | 217 | 135 |
| Netanya | 93 | 58 | 29 | 18 | 66 | 41 | 103 | 64 | 144 | 89 |
| Neviot | 377 | 234 | 419 | 260 | 516 | 320 | 468 | 291 | 306 | 190 |
| Ofira | 533 | 331 | 575 | 357 | 672 | 417 | 624 | 388 | 462 | 287 |
| Qiryat Gat | 69 | 43 | 71 | 44 | 168 | 104 | 205 | 127 | 44 | 27 |
| Ramallah | 17 | 11 | 71 | 44 | 139 | 86 | 148 | 92 | 97 | 60 |
| Ramla | 42 | 26 | 21 | 13 | 118 | 73 | 155 | 96 | 88 | 55 |
| Rehovot | 53 | 33 | 24 | 15 | 121 | 75 | 158 | 98 | 83 | 52 |
| Rosh Ha-Niqra | 201 | 125 | 137 | 85 | 42 | 26 | 76 | 47 | 252 | 157 |
| Shekhem | 63 | 39 | 57 | 35 | 93 | 58 | 102 | 63 | 143 | 89 |
| Rosh Pinna | 184 | 114 | 159 | 99 | 81 | 50 | 27 | 17 | 263 | 163 |
| St.Katharina | 536 | 333 | 578 | 359 | 675 | 419 | 627 | 390 | 465 | 289 |
| Sedom | 127 | 79 | 189 | 117 | 248 | 154 | 218 | 135 | 82 | 51 |
| Yeriha | 39 | 24 | 101 | 63 | 148 | 92 | 118 | 73 | 117 | 73 |
| Zafat | 192 | 120 | 168 | 104 | 72 | 45 | 36 | 22 | 272 | 169 |
| Zikhron Yaaqov | 121 | 75 | 69 | 43 | 38 | 24 | 78 | 48 | 172 | 107 |

# ૧૦. કાલમાનમાં ઈતિહાસ

| | |
|---|---|
| ઈ.પૂર્વ | આશરે |
| ૪૦૦૪ | આકાશ અને પૃથ્વીની ઉત્પત્તિ |
| ૨૩૪૮ | જળપ્રલય (ઉત્પત્તિથી આ.૧૬૫૬ વર્ષ) |
| ૨૧૨૫ | તેરાહનો જન્મ |
| ૧૯૯૬ | અબ્રાહામનો જન્મ (તેનું તેડું ૧૯૨૧) |
| ૧૯૨૦ | તેરાહનું મૃત્યુ (૨૦૫ વર્ષનો) |
| ૧૮૯૬ | ઈસહાકનો જન્મ |
| ૧૮૫૬ | ઈસહાકનું રિબકાહ સાથે લગ્ન |
| ૧૮૩૬ | યાકોબનો જન્મ |
| ૧૭૫૧ | યોસેફનો જન્મ |
| ૧૭૩૪ | યોસેફ મિસરમાં આવે છે (પોટિફારને ત્યાં) |
| ૧૭૨૩ | યોસેફ જેલમાં |
| ૧૭૨૧ | યોસેફ મિસરમાં અધિકારી નીમાયો (૩૦ વર્ષની ઉંમરે) |
| ૧૭૦૬ | યાકોબ મિસરમાં આવે છે (ઉંમર ૧૩૦) |
| ૧૬૮૯ | યાકોબનું મૃત્યુ (૧૪૭ વર્ષનો) |
| ૧૬૪૧ | યાસેફનું મૃત્યુ (૧૧૦ વર્ષનો) |
| ૧૫૭૧ | મોશેનો જન્મ |
| ૧૫૩૧ | મોશે બળતા ઝાડવા આગળ |
| ૧૪૯૧ | મિસરમાંથી ઈઝરાયલીઓનું નિર્ગમન, મિસરનો રાજા આમેનેહોટેપ II |
| ૧૪૫૧ | મોશેનું મૃત્યુ (૧૨૦ વર્ષનો) યહોશુઆ આગેવાન, ઈઝરાયલીઓ કનાનમાં; યરેખોનું પતન |
| ૧૪૫૧-૧૪૧૧ | કનાન પર જીત (યહોશુઆ અને આગેવાનોની સત્તા) એ પછી ૮ વર્ષ પરદેશી સત્તા |
| ૧૪૦૨-૧૩૬૨ | ઓથનિયેલ ૪૦ વર્ષ સુધી ન્યાયાધીશ |
| ૧૩૬૨-૧૩૪૬ | મોઆબનો એગ્લોન ઈઝરાયલને પીડે છે (૧૮ વર્ષ) |

| | |
|---|---|
| ૧૩૪૬-૧૩૦૬ | એહૂદ ન્યાયાધીશ (૪૦ વર્ષ સુધી) |
| ૧૩૦૬-૧૨૮૬ | હાસરનો યાબીન ઈઝરાયલને રંજાડે છે. (૨૦ વર્ષ સુધી) (મિસર ઉપર રામસેસ II, ૧૨૯૯-૧૨૩૨) |
| ૧૨૯૬-૧૨૫૬ | દબોરાહ અને બારાક (ન્યાયાધીશ) |
| ૧૨૫૬-૧૨૪૯ | સાત વર્ષ મિદ્યાનીઓના હાથ નીચે |
| ૧૨૪૯-૧૨૦૯ | ગિદિયોન ન્યાયાધીશ (૪૦ વર્ષ શાંતિ)ન્યાયા. ૮:૨૮ |
| ૧૨૦૯-૧૨૦૬ | અબિમેલેખ (૩ વર્ષ ન્યાયાધીશ) |
| ૧૨૦૬-૧૧૮૩ | તોલા અને યાઈર ન્યાયાધીશો (૨૩ વર્ષ) |
| ૧૧૮૩-૧૧૬૧ | યાઈર ન્યાયાધીશ (૨૨ વર્ષ) |
| ૧૧૬૧-૧૧૪૩ | પલિસ્તીઓનો જુલમ(૧૮ વર્ષ) |
| ૧૧૪૩-૧૧૩૭ | યેફતા ન્યાયાધીશ (૬ વર્ષ) |
| ૧૧૩૭-૧૧૩૦ | ઈબ્સાન ન્યાયાધીશ (૭ વર્ષ) |
| ૧૧૩૦-૧૧૨૦ | એલોન ન્યાયાધીશ (૧૦ વર્ષ) |
| ૧૧૨૦-૧૦૮૦ | ૪૦ વર્ષ પલિસ્તીઓનો ત્રાસ (૧૩:૧) |
| ૧૧૪૦-૧૧૨૦ | સામશૂન ન્યાયાધીશ (૨૦ વર્ષ) |
| ૧૧૫૦ | શમુએલનો જન્મ |
| ૧૧૨૫ | શાઉલનો જન્મ |
| ૧૦૯૫-૧૦૫૫ | શાઉલ રાજા (૪૦ વર્ષ) |
| ૧૦૮૫ | દાવિદનો જન્મ |
| ૧૦૫૫-૧૦૧૫ | દાવિદ રાજા (૭ વર્ષ હેબ્રોનમાંથી, ૩૩ યરુશાલેમમાંથી) |
| ૧૦૧૫-૯૭૫ | શલોમોન રાજા (૪૦ વર્ષ) |
| ૧૦૧૧ | શલોમોને મંદિર બાંધવાનું શરૂ કર્યું ( ૨ રાજા ૬:૧) |
| ૯૭૫ | રાજ્યના બે ભાગલા (રહાબામના સમયમાં) |

| તારીખ ઇ.પૂર્વ | યહૂદિયાના રાજા | પ્રબોધક | ઇઝરાયલના રાજા | પ્રબોધક |
|---|---|---|---|---|
| ૯૩૧-૯૧૩ | રહાબામ | | યરોબામ(૯૩૧-૯૧૦) | |
| ૯૧૩-૯૧૧ | અબિયામ | | | |
| ૯૧૧-૮૭૦ | આશા | | | |
| | | | નાદાબ(૯૧૦-૯૦૯) | |
| | | | બાશા(૯૦૯-૮૮૬) | |
| | | | એલાહ(૮૮૬-૮૮૫) | |
| | | | ઝીમ્રી(૮૮૫) | |
| | | | તિબ્ની(૮૮૫-૮૮૦) | |
| | | | ઓમ્રી(૮૮૦-૮૭૪) | |
| ૮૭૩-૮૪૮ | યહોશાફાટ | | અહાબ(૮૭૪-૮૫૩) | એલિયા |
| | | | અહાઝિયા(૮૫૩-૮૫૨) | |
| ૮૪૮-૮૪૧ | યહોરામ | | યહોરામ(૮૫૨-૮૪૧) | |
| ૮૪૧ | અહાઝિયા | | યેહૂ(૮૪૧-૮૧૪) | એલિશા |
| ૮૪૧-૮૩૫ | અથાલ્યા રાણી | | યહં શાફાટ(૮૧૪-૭૯૮) | |
| ૮૩૫-૭૯૬ | યોઆશ | | યોઆશ(૭૯૮-૭૮૨) | |

| તારીખ ઇ.પૂર્વ | યહૂદિયાના રાજા | પ્રબોધક | ઇઝરાયલના રાજા | પ્રબોધક |
|---|---|---|---|---|
| ૭૯૬-૭૬૭ | અમાસ્યા | યાશાયા | યરોબામાII(૭૮૨-૭૫૩) | આમોસ |
| ૭૯૧-૭૪૦ | ઉઝ્ઝિયા | | ઝાખર્યા(૭૫૩-૭૫૨) | |
| | | | શાલ્લૂમ(૭૫૨) | |
| ૭૫૦-૭૩૬ | યોથામ | | મનાહેમ(૭૫૨-૭૪૨) | |
| ૭૩૬-૭૧૬ | આહાઝ | | પેકાહ્યહ(૭૪૨-૭૪૦) | યશાયા |
| | | | પેકાહ(૭૪૦-૭૩૨) | મિખાહ |
| | | | હોશિયા(૭૩૨-૭૨૨) | |
| ૭૧૬-૬૮૭ | હિઝકિયા | યશાયા (ચાલુ) | શમરૂનનુંપતન(૭૨૧) | |
| ૬૯૬-૬૪૨ | મનાશ્શા | મિખાહ | | |
| ૬૪૨-૬૪૦ | આમ્મોન | | | |
| ૬૪૦-૬૦૮ | યોશિયા | | | |
| ૬૧૨ | નિનવેહનું પતન-ખાલ્દીઓ અને બાબિલોનીઓએ સંહાર કર્યા | યિર્મેયા | | |
| ૬૦૮ | યહોઆહાઝ (શાલ્લૂમ) | | | |

| તારીખ ઇ.પૂર્વ | યહૂદિયાના રાજા | પ્રબોધક | ઇઝરાયલના રાજા | પ્રબોધક |
|---|---|---|---|---|
| ૬૦૮-૫૯૭ | યહોયાકીન (એલિયાકિમ) | હઝકિયેલ | | (નબુખાદનેસ્સારની ચઢાઈઓ : |
| ૫૯૭ | યહોયાકિન (યખોન્યા, કોનિયા) | | | ૬૦૬ દાનિયેલ અને તેના ત્રણ મિત્રો તથા બીજા કેટકલાકને બાબિલ લઈ ગયો. |
| ૫૯૬-૫૮૬ | સિદકિયા (માતાન્યા) | | | ૫૯૭ યહોયાકિન બાબિલ લઈ જવાયો. |
| ૫૮૬ | યરુશાલેમનું પતન દાનિયેલની કારકિર્દી (દરમિયાન) બંદીવાસમાં | | | ૫૮૬ યરુશાલેમ અને મંદિરનો નાશ કર્યો. |

| ઇ.પૂર્વે | |
|---|---|
| ૫૩૮ | બાબિલનના બેલશાસ્સારનું પતન, ખાલદી વંશનો નાસ, અને માદી દાર્યવેશ ગાદી પર (સિંહોના બિલવાળો દાર્યાવેશ). |
| ૫૩૬ | દાર્યાવેશનું મૃત્યું એનો ભત્રીજો કોરેશ ઈરાન અને બાલિલની ગાદી પર<br>કોરેશે યહૂદીઓને યરુશાલેમનું મંદિર બાંધવા મોકલ્યા અને મદદ કરી (૨ કાળ ૩૪, ૪ એઝસ ૧.) કોરેશનો ઢંઢેરો. |
| ૫૩૭-૫૩૬ | લગભગ ૫૦,૦૦૦ યહૂદીઓ યરુશાલેમ આવ્યા, અને બીજા મંદિરનો પાયો નાક્યો. |
| ૫૩૭/૬-૫૨૦ | મંદિરનું બાંધકામ પડી રહ્યું |
| ૫૩૦-૫૨૨ | કોરેશ પછી ઈરાનના સામ્રાજય પર કામ્બીસીસ. મિસર જીતી લીધું. |
| ૫૨૦ | હાગ્ગાય અને ઝખાર્યા પ્રબોધકોનો સેવાકાળ |
| ૫૧૫ | ઝરૂબ્બાબેલે મંદિર પૂરું કર્યુ. યહોશુઆ વડો યાજક હતો. |
| ૪૮૧ | યહૂદી એસ્તેર ઈરાનમાં અહાશ્વેરોશ (**Xerxes I**) રાજાની રાણી બની. |
| ૪૬૯ | ગ્રીસમાં સૉક્રેટીસ |
| ૪૬૪-૪૨૩ | આર્તાશાસ્તા (અ **Artaxerxes I**) ઈરાનના સામ્રાજય પર |
| ૪૫૮ | એઝરા શાસ્ત્રી યરુશાલેમ આવે છે. નિયમશાસ્ત્રને જાગૃતિમાં આણ્યું. |
| ૪૪૫ | આર્તાશાસ્તા રાજાની પરવાનગી મેળવી નહેમ્યા યરુશાલેમનો કોટ બાંધવા આવે છે. અને કોટ બાંધે છે. |

| | |
|---|---|
| **ઈ.પૂર્વે** | |
| ૪૩૨-૪૧૦ | માલાખીનો પ્રબોધકાળ (એટલામાં ઝખાર્યાનો પણ) |
| ૪૨૮ | ગ્રીસમાં પ્લેટો |
| ૪૦૦થી | પ્રબોધકોનો સમય(યોહાન બાપ્તિસ્ત સુધી) પૂરો થયો. (દાનિયેલ ૯:૨૫માંનાં દાનિયેલનાં પહેલાં સાત અઠવાડિયાં-૪૯-પૂરાં થયાં, ૩૯૬માં.) |
| ૩૮૪ | ગ્રીસમાં ઍરિસ્ટૉટલ |
| ૩૩૩ | મહાન ઍલેકઝાન્ડરે વિશ્વ-સામ્રાજ્ય જીત્યું. |
| ૩૩૩-૧૬૮ | હેલેનીઓનો (ગ્રીકોનો) અમલ |
| ૧૭૦ | સિરિયાના અંત્યોખસ એપિફાનસે (૧૭૫-૧૬૩) યરુશાલેમ કબજે લીધું. મંદિરમાં વેદી પર ભૂંડ વધેરી મંદિરને ભ્રષ્ટ કર્યું |

| | | |
|---|---|---|
| આ.ઈ.પૂ. | ૧૬૫ | યહૂદી મક્કાબી ભાઈઓએ યરુશાલેમને પાછું મેળવ્યું. મંદિરને શુદ્ધ કર્યું. પ્રતિષ્ઠાર્વની શરૂઆત. |
| આ..ઈ.પૂ. | ૬૩ | રોમન સત્તાની શરૂઆત. |
| આ.ઈ.પૂ. | ૩૭ | હાસ્મોનિયનોની સત્તાનો અંત |
| આ.ઈ.પૂ. | ૩૭-૪ | ઈ.પૂ. મહાન હેરોદ યરુશાલેમ અને યહૂદિયા પર રાજા. |
| આ.ઈ.પૂ. | ૩૧ | એકટીયુમની લડાઈ |
| આ.ઈ.પૂ. | ૪ | પ્રભુ ઈસુનો જન્મ |
| આ. ઈ.સ. | ૩૨ | પ્રભુ ઈસુ ક્રૂસ પર માર્યા ગયા (દાનિ. ૯:૨૫ અભિષિકત સરદારકાપી નંખાયો) |
| આ ઈ.સ. | ૬૬ | યહૂદીઓનો બળવો |
| ઈ.સ. | ૭૦ | રોમન તિતસે યરુશાલેમ અને મંદિરનો |
| ઈ.સ. | | નાશ કર્યો. |
| ઈ.સ. | ૭૩ | મસાદાના કિલ્લામાં યહૂદીઓનો બળવો, અને સ્વેચ્છાથી સમૂહ કબલ. |
| ઈ.સ. | ૧૩૫ | હેડ્રિયન બાદશાહે આવીને યરુશાલેમમાં ચલાવેલી કતલ શહેર ખેતરનો જેમ ખેડાયું (મિખાહ ૩:૧૨ યિર્મે. ૨૬:૧૮) |
| ઈ.સ. | ૧૩૫થી | ૧૯૫૮ સુધી યહૂદીઓ ૧૦૪ દેશોમાં ભટકતા ફર્યા |
| ઈ.સ. | ૧૯૬૭ | ઈઝરાયલીઓએ યરુશાલેમ જીતી લીધું. |
| ઈ.સ. | ૪૯૬૭ | જૂન ૫-૧૦ છ દિવસનું યુદ્ધ. ઈઝરાયલીઓએ યરુશાલેમ કબજે કર્યું જૂન ૨૯ યરુશાલેમ પાટનગર બન્યું |

## ૩. તબક્કા

- ઉત્પત્તિથી જળપ્રલય સુધી ૧૬૫૬ વર્ષ (ઈ.પૂ.૪૦૦૪-૨૩૪૮ ઈ.પૂ.)
- જળપ્રલયથી અબ્રાહામ સુધી ૩૫૨ વર્ષ (ઈ.પૂ. ૨૩૪૮-૧૯૯૬ ઈ.પૂ.)
- યહૂદીઓના વડવા અબ્રાહામ, ઈસહાક અને યાકોબ સુધી ૨૪૬ વર્ષ ઈ.પૂ. ૧૯૯૬-૧૭૫૦ ઈ.પૂ.
- ઈઝરાયલ પ્રજા મિસરમાં રહી ૪૩૦ વર્ષ. ઈ.પૂ. ૧૯૨૧-૧૪૯૧ ઈ.પૂ અબ્રાહામ કનાનમાં આવ્યો ત્યાંથી નિર્ગમન સુધી ૪૩૦ વર્ષ શક્ય.
- ન્યાયાધીશોનો ગાળો ૩૨૯ વર્ષ ઈ.પૂ. ૧૪૦૪-૧૦૭૫ ઈપૂ.
- શાઉલ, દાવિદ, શલોમોનનો રાજ્યગાળો ૧૨૦ વર્ષ.
- ઈપૂ. ૧૦૭૫-૯૫૫ ઈપૂ.
- રાજ્યો વિભાજીત રહ્યાનો ગાળો ૨૩૪ વર્ષ. ઈ.પૂ. ૯૫૫-૭૨૧ ઈ.પૂ.
- યહુદિયાનું એકલું રાજ્ય (ઈઝરાયલ તો આશ્શૂરમાં લઈ જવાયું તે પછી) ૧૧૫ વર્ષ ઈ.પૂ. ૭૨૧-૬૦૬ ઈ.પૂ
- યહૂદિયા ૭૦ વર્ષના બંદીવાસમાં ૭૦ વર્ષ ઈ.પૂ ૬૦૬-૫૩૬ ઈ.પૂ.
- બંદીવાસમાંથી આવી પુનઃ સ્થાપના સુધી ૧૦૦ વર્ષ.
- ઈ.પૂ. ૫૩૬-૪૩૨ ઈ.પૂ.
- પૂનઃસ્થાપના પૂરી થયા પછી માલાખી સુધી ૩૨ વર્ષ.
- ઈ.પૂ ૪૩૨-૪૦૦ ઈ.પૂ.
- માલાખીથી નવા કરાર સુદી ૪૦૦ વર્ષ ઈ.પૂ. ૪૦૦-૪.

•

## ૪. આદિપિતૃઓનું જન્મવર્ષ, મૃત્યુવર્ષ અને ઉંમર

| જન્મ ઇ.પૂર્વે | જન્મ પૃથ્વીની ઉત્પત્તિ | આદિપિતૃઓ | મૃત્યુ ઇ.પૂર્વે | મૃત્યુ પૃથ્વીની ઉત્પત્તિ | ઉંમર વર્ષે |
|---|---|---|---|---|---|
| ૪૦૦૪ | | આદમની ઉત્પત્તિ | ૩૦૭૪ | ૯૩૦ | ૯૩૦ |
| ૩૮૭૪ | ૧૩૦ | શેથ | ૨૯૬૨ | ૧૦૪૨ | ૯૧૨ |
| ૩૭૧૯ | ૨૩૫ | અનોશ | ૨૮૬૪ | ૧૧૪૦ | ૯૦૫ |
| ૩૬૨૯ | ૩૨૫ | કેનાન | ૨૭૬૯ | ૧૨૩૫ | ૯૧૦ |
| ૩૬૦૯ | ૩૯૫ | માહલાલએલ | ૨૭૧૪ | ૧૨૯૦ | ૮૯૫ |
| ૩૫૪૪ | ૪૬૦ | યારેદ | ૨૫૮૨ | ૧૪૨૨ | ૯૬૨ |
| ૩૩૮૨ | ૬૨૨ | હનોખ (આકાશમાં લેવાયો) | ૩૦૧૭ | ૯૮૭ | ૩૬૫ |
| ૩૩૧૭ | ૬૮૭ | મથૂશેલાહ | ૨૩૪૮ | ૧૬૫૬ | ૯૬૯ |
| ૩૧૩૦ | ૭૮૪ | લામેખ | ૨૩૫૩ | ૧૬૫૧ | ૭૭૭ |
| ૨૯૪૮ | ૧૦૫૬ | નૂહ | ૧૯૯૮ | ૨૧૫૮ | ૬૦૦ |
| ૨૪૪૬ | ૧૫૫૮ | શેમ | ૧૮૪૬ | | |
| ૨૩૪૮ | ૧૬૫૬ | જળપ્રલય | | | |

## જળપ્રલય પછીના આદિપિતૃઓ

| જન્મ ઇ.પૂર્વે | જન્મ પૃથ્વીની ઉત્પત્તિ | આદિપિતૃઓ | મૃત્યુ ઇ.પૂર્વે | મૃત્યુ પૃથ્વીની ઉત્પત્તિ | ઉંમર વર્ષે |
|---|---|---|---|---|---|
| ૨૯૪૮ | ૧૦૫૬ | નૂહ | ૧૯૯૮ | ૨૦૦૬ | ૯૫૦ |
| ૨૪૪૬ | ૧૫૫૮ | શેમ | ૧૮૪૬ | ૨૧૫૮ | ૬૦૦ |
| ૨૩૪૬ | ૧૬૫૮ | આર્પાક્શાદ | ૧૯૦૮ | ૨૦૯૬ | ૪૩૮ |
| ૨૩૧૧ | ૧૬૯૩ | શેલાહ | ૧૮૭૮ | ૨૧૨૬ | ૪૩૩ |
| ૨૨૮૧ | ૧૭૨૩ | હેબેર | ૧૮૧૭ | ૨૧૮૭ | ૪૬૪ |
| ૨૨૪૭ | ૧૭૫૭ | પેલેગ | ૨૦૦૮ | ૧૯૯૬ | ૨૩૯ |
| ૨૨૧૭ | ૧૭૮૭ | રેઉ | ૧૯૭૮ | ૨૦૨૬ | ૨૩૯ |
| ૨૧૮૫ | ૧૮૧૯ | સરૂગ | ૧૯૫૫ | ૨૦૪૯ | ૨૩૦ |
| ૨૧૫૫ | ૧૮૪૯ | નાહોર | ૨૦૦૭ | ૧૯૯૭ | ૧૪૮ |
| ૨૧૨૬ | ૧૮૭૮ | તેરાહ | ૧૯૨૧ | ૨૦૮૩ | ૨૦૫ |
| ૧૯૯૬ | ૨૦૦૮ | અબ્રાહમ (તેનું તેડું ૧૯૨૧ ઈ.પૂર્વે) | ૧૮૨૧ | ૨૧૮૩ | ૧૭૫ |
| ૧૮૯૬ | ૨૧૦૮ | ઈસહાક | ૧૭૧૬ | ૨૨૮૮ | ૧૮૦ |
| ૧૮૩૬ | ૨૧૬૮ | યાકોબ | ૧૬૮૯ | ૨૩૧૫ | ૧૪૭ |
| ૧૭૫૧ | ૨૨૫૩ | યોસેફ | ૧૬૩૩ | ૨૩૭૧ | ૧૧૦ |
| ૧૫૭૧ | ૨૪૩૩ | મોશે (નિર્ગમન ઈપૂ. ૧૪૯૧) | ૧૪૫૧ | ૨૫૫૩ | ૧૨૦ |

**૫. કયો આદિ પિતૃ કોનો સમકાલીન હતો અને કેટલાં વર્ષ માટે સમકાલીન હતો**

| **આદમ** | | **નૂહ** | | **શેમ** | |
|---|---|---|---|---|---|
| નીચેનાનો સમકાલીન નીચેનાં વર્ષ જેટલો | | નીચેનાનો સમકાલીન નીચેનાં વર્ષ જેટલો | | નીચેનાનો સમકાલીન નીચેનાં વર્ષ જેટલો | |
| લામેખ | ૫૬ વર્ષ | લામેખ | ૫૯૫ વર્ષ | લામેખ | ૯૩ વર્ષ |
| મથશેલાહ | ૨૪૦ વર્ષ | મથશેલાહ | ૬૦૦ વર્ષ | મથશેલાહ | ૯૮ વર્ષ |
| યારેદ | ૪૭૦ વર્ષ | યારેદ | ૩૬૬ વર્ષ | યારેદ | ૪૪૮ વર્ષ |
| માહલાલએલ | ૫૩૫ વર્ષ | માહલાલએલ | ૨૩૪ વર્ષ | માહલાલએલ | ૧૫૦ વર્ષ |
| કેનાન | ૬૦૫ વર્ષ | કેનાન | ૧૭૯ વર્ષ | કેનાન | ૫૦ વર્ષ |
| આનોશ | ૬૯૫ વર્ષ | આનોશ | ૮૪ વર્ષ | | |

# ૧૧. ક્રિશ્ચિયન ઈન્ફોર્મેશન સેન્ટર

આ ક્રિશ્ચિયન ઈન્ફોર્મેશન સેન્ટર (ખ્રિસ્તી માહિતી કેન્દ્ર) યરુશાલેમના જાફ્ફા દરવાજા પાસે ઓમર ઈબ્ન અલખાત્તબે સ્કેવર (Nr. Jaffa Gate, Gmar Ibn el-Khattab Square)માં આવેલું છે. રવિવારે અને રજાના દિવસો સિવાય બીજા દિવસોએ ખુલ્લું રહે છે. નીછે પ્રમાણેના સમયે ખુલ્લું હોય છે.

સવારમાં ૮-૩૦ ૧૨-૩૦

સાંજે ૩-૦૦ ૬-૦૦ (ઉનાળે)

૫-૩૦ (શિયાળે)

માહિતી ઑફિસ

**P.O Box** ૧૪૩૦૮ ટેલિફોન : ૨૮૭૬૪૭

- ✡ ખ્રિસ્તી તેમ જ સામાન્ય માહિતી
- ✡ ધાર્મિક અને પુરાવિદ્યાશાસ્ત્રને લગતાં પુસ્તકો
- ✡ ગાઈડ બુક્સ અને નકશા
- ✡ મિટીંગો, લેકચરો, પ્રેસ બુલેટીન

- ✡ ફ્રાન્સિસ્કન પિલ્ગ્રીમ્સ ઑફિસ
- ✡ પો.ઓ. બોક્સ ૧૮૬ ટેલિફોન ૨૫૨૬૨૧

- ✡ **Mass Rerervations**

  પીલ્ગ્રીમેજ સર્ટિફિકેટ્સ

•

# ૧૨. નવા કરારના સમયના રાજકીય સત્તાધારીઓ

## નવા કરારના સમયનો રોમન બાદશાહો

| વર્ષ | |
|---|---|
| ૨૭ ઈપૂ-ઈ.સ. ૧૪ | કૈસર ઑગસ્તસ<br>બનેલા બનાવોઃ ઈસુનો જન્મ, નાઝરેથમાં ઈસુનું બાળપણ |
| ઈસ. ૧૪-૩૭ | કૈસર તિબેરિયસ<br>બનેલા બનાવોઃ પ્રભુ ઈસુની જાહેર સેવા, મૃત્યુ અને પુનરુત્થાન. |
| ઈસ. ૩૭-૪૧ | કાલિગુલા બાદાશાહ<br>બનેલા બનાવોઃ મંડવીની વૃદ્ધિ, પાઉલનું બદલાણ. |
| ઈ.સ. ૪૧-૫૪ | કલૉડિયસ બાદશાહ<br>બનેલા બનાવોઃ પાઉલની શરૂઆતની મિસનેરી સેવા. |
| ઈ.સ ૫૪-૬૮ | નીરો બાદશાહ<br>બનેલા બનાવોઃ પાઉલની પાછળથી મિશનેરી સેવા. રોમમાં પાઉલની શહીદી. |
| ઈ.સ. ૬૮-૬૮ | ગલ્બા, ઓથો, વિતેલિયસ બાદાશાહો<br>બનેલા બનાવોઃ પાલેસ્તાઇનમાં યહૂદીઓ અને રોમનો વચ્છે યુદ્ધ. |
| ઈ.સ. ૬૯-૭૯ | વેસ્પાસિયન બાદશાહ<br>બનેલા બનાવોઃ એનો દત્તકપુત્ર તિતસ એક લાખનું લશ્કર લઈ યરુશાલેમનો નાશ અને તેનું પતન (ઈસ. ૭૦માં) |
| ઈ.સ. ૭૯-૮૧ | તિતસ બાદશાહ<br>બનેલા બનાવોઃ યહૂદી રાજ્યનો પણ નાસ. યહૂદીઓ વિખેરાઈ ગયાં. |

| | |
|---|---|
| ઈ.સ. ૮૧-૯૬ | ડોમિસ્યન બાદશાહ<br>બનેલા બનાવોઃ આ અરસામાં કદાચ યોહાનને પાત્મસ ટાપુ પર દેશનિકાલ કર્યો હતો, અને યોહાને ત્યાં પ્રકટીકરણનું પુસ્તક લખ્યું હતું. |

## નવા કરારના જમાનામાં હેરોદ કુટુંબના સત્તાધારીઓ

| | |
|---|---|
| ૩ ઈ.પૂ.-૪ મહાન હેરોદ | યહૂદીઓ ઉપર રોમે નીલેમો રાજા પ્રભુ ઈસુના જન્મ વખતે બેથલેહેમનાં બાળકો મારી નાખનાર. યહૂદીઓમાં ગ્રીક સંસ્કૃતિ દાખલ કરનાર. મોટાં મકાનો બાંધનાર, વહેમી, ઘાતકી. |
| ૪ ઈ.પૂ.ઈ.સ. ૬ આર્ખેલાઉસ | મહાન હેરોદનો પુત્ર, યહૂદિયાનો રાજા ઘાતકી |
| ૪ ઈ.પૂ. ઈસ. ૩૪ ફિલિપ | મહાન હેરોદ રાજ્યના ચોથા ભાગનો તે અધિકારી હતો, (તેત્રર્ખ) એટલે કે ઈતુરિયા અને નાખોનિતસનો અધિકારી. |
| ૪ ઈ.પૂ.-ઈ.સ. ૩૯ હેરોદ આન્તિયાસ | મહાન હેરોદ ચોથા ભાગનો, એટલે કે ગાલીલ અને પેરિયાનો તે અધિકારી હતો. |
| ઈ.સ. ૩૭-૪૪ હેરોદ આગ્રીપાI | ફિલિપની તેત્રાર્ખી તેમજ યહૂદિયા, પેરિયા અને ગાલીલ (૪૧-૪૪) પર સત્તા |
| ઈ.સ. ૫૦-૯૩ હેરોદ આગ્રીપા II | ફિલિપની તેત્રાર્ખી અને લુસાનિયસ, અને ગાલીલ તથા પેરિયાના અમુક પ્રદેશ પર સત્તા. |

•

# ૧૩. સામાન્ય માહિતી

## ઇઝરાયલનું રાજ્ય

ઈઝરાયલના રાજ્યને સ્વતંત્ર રાજ્ય તરીકે તા. ૧૪ મે, ૧૯૪૮ રોજ જાહેર કરવામાં આવ્યું, આ રાજ્ય પાર્લામેન્ટરી પ્રજાસત્તાક છે. એના પ્રેસિડેન્ટની ચૂંટણી એમની પાર્લામેન્ટના (નેસ્સેતના) ૧૨૦ સભ્યો ચૂંટી કાઢે છે, રાજ્યનો મુખ્ય અધિકારી પ્રાઈમ મિનિસ્ટર છે.

## ભૌગોલિક માહિતી

ઈઝરાયલની પશ્ચિમે ભૂમધ્ય (મેડીટરેનિયન) સમુદ્ર છે, એની પૂર્વે સિરિયા-જોર્ડન છે. અને દક્ષિણે રાતો સમુદ્ર છે- જે એનો એક ભાગ જ છે. ઉત્તરે લબાનોન અને સિરિયા રાજ્યો છે. એની આસપાસ પડોશી રાજ્યો તરીકે આરબ રાજ્યો લબાનોન, સિરિયા, જોર્ડન અને ઈજિપ્ત છે.

ઈઝરાયલ બહુ નાનું રાજ્ય છે. વ્યવસ્થા નીચેના પ્રદેશ સાથે એનો વિસ્તાર ૮૯,૩૫૯ ચો.કિલોમિટર (૩૪,૪૯૩ ચો.માઈલ) છે. જ્યારે સરખામણીમાં ગુજરાત રાજ્યનો વિસ્તાર ૧,૯૫,૯૮૪ ચો.કિલોમિટર છે.

ઈઝરાયલના ઉત્તર અને મધ્યભાગમાં વસતીનો મોટો જથ્થો સમાયેલો છે. દેશના સામાન્ય રીતે ત્રણ ઊભા પટા પડે છે. પશ્ચિમે કંઠાર પ્રદેશનાં મેદાન આવે છે, અને એમાં મોટાં શહેરો તેલ અવીવ અને હાઈફા છે, આ પટામાં માત્ર કાર્મેલ પર્વત ઊંચો ભાગ છે. પૂર્વ તરફ જોર્ડન અને ખરાવા ખીણ પ્રદેશો અને યરદન નદી છે. આ નદી ગાલીલના સમુદ્રને અને ખારા સમુદ્રને (મૃત સરોવરને) જોડે છે, વચલા ઊભા પટામાં ગાલીલના પર્વતો, સમરુનના ડુંગરા અને યહૂદિયાના ખડકો આવેલા છે.

ઉત્તર-પશ્ચિમે ગોલન હાઈટ અને હિમાચ્છાદિત હેર્મોન પર્વત, અને દક્ષિણે નેગેબ તથા અરાવાનાં અરણ્ય વિસ્તરેલાં છે, આ દક્ષિણનો વિસ્તાર કુલ ક્ષેત્રફળનો મોટો ભાગ સમાવી લે છે. નેગેબનું મુખ્ય શહેર

બેરશીબા અને લાલ સમુદ્ર ખાતે એલાત છે. સપાટીની ઊંચાઈ જુદી જુદી છે. ઉત્તર ગાલીલના મેરોનપર્વતની ૧૨૦૮ મિટરથી (૧૩,૯૬૨ ફૂટથી) માંડીને મૃત સરોવરની (ખારા સમુદ્રની) - ૩૯૨ મિટર (-૧૨૮૬ ફૂટ) પૃથ્વી પર નીચામાં નીચી છે.

## પાટનગર

દેશનું પાટનગર યરુશાલેમ છે.

## વસ્તી

સને ૧૯૮૧ના અંતમાં ઈઝરાયલની કુલ વસ્તી ૩૯,૭૫,૫૦૦ની છે, જેમાં ૩૩,૧૮,૯૦૦ યહૂદીઓ, અને બાકીના મુસ્લીમ, ખ્રિસ્તીઓ, ડ્રુઝ અને બીજા નાની લઘુમતિઓ છે,

## ભાષા

દેશની મુખ્ય ભાષા હિબ્રૂ છે, જેને ૨૦૦૦ વર્ષ પછી જીવંત અને સંપૂર્ણ આધુનિક બનાવવામાં આવી છે. પરદેશોમાંથી આવેલા યહૂદીઓને ફરજિયાત એ શીખવી પડે છે, અને શીખવાની સરળ રીતો યોજવામાં આવી છે. આ ઉપરાંત અરબી પણ અધિકારયુક્ત ભાષા છે. વળી અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પેનિશ, જર્મન, યીદીશ, રશિયન, પોલિશ અને હંગેરિયન પણ વપરાય છે.

## મુખ્ય હુન્નરઉદ્યોગ અને પેદાશ

દેશમાં હુન્નરઉદ્યોગ ધમધોકાર ચાલે છે, અને ખેતીવાડી પર દુનિયાના કોઈ પણ દેશ કરતાં વધુ ધ્યાન આપવામાં આવે છે. દેશનાં નારંગી અને એવાં સીટ્રસ ફળોથી યુરોપનું બજાર ખડકાયેલું છે. ઈંડાંની પણ એવી જ નિકાસ છે. જાફ્ફાની નારંગી વિશ્વભરમાં પ્રખ્યાત છે.

પોલાદની બનેલી વસ્તુઓ, વહાણ બનાવવાનો ઉદ્યોગ, અનેક પ્રકારની યંત્ર-સામગ્રી, વીજળિક પેદાશો, હિરા કાપવાનો અને ઘસવાનો ઉદ્યોગ, અનેક પ્રકારની સીન્થેટિક પેદાશો, ખનીજ પેદાશો અને એનું શુદ્ધિકરણ, ઝવેરાત, વગેરે માટે આ નાનકડો દેશ ખૂબ પ્રખ્યાત છે.

પર્યટનની પુષ્કળ આવક આવે છે. આ નાના દેશમાં વર્ષે બે લાક જેટલા પર્યટકો આવે છે, અને એ માટેની સુવિધાઓ શ્રેષ્ઠ છે.

### હવામાન

ઉનાળો લાંબો હોય છે (એપ્રિલથી ઓક્ટોબર). હવામાન ગરમ અને વરસાદરહિત હોય છે. શિયાળો (નવેમ્બરથી માર્ચ) સામાન્ય રીતે નરમ હોય છે. પણ પહાડી વિસ્તારમાં બરાબર ઠંડી જામે છે. વરસાદનાં જોરદાર ઝાપટાં અને વચ્ચે વચ્ચે સૂર્યપ્રકાશ ચમકતો રહે છે.

બાઈબલમાં આપ્યું છે તેમ દેશમાં બે વખત વરસાદ આવે છે. આગલો વરસાદ નવેમ્બરથી જાન્યુઆરી સુધી, અને પાછલો વરસાદ ફેબ્રુઆરીના બીજા પખવાડિયાથી માર્ચની આખર સુધી હોય છે. એપ્રિલમાં કોઈ કોઈ વાર ઝાપટાં પડી જાય ખરાં. (ઋતુઓ, હવામાન, વરસાદ, જુદા જુદા પાકો, ઈઝરાયલના તહેવારો, તેમ જ અંગ્રેજી તથા ઈઝરાયલી મહિનાઓનો મેળ - એ બધા માટે જુઓ લેખકે તૈયાર કરેલો ગોળ ચાર્ટ).

## ઇઝરાયલની યાત્રા માટે જરૂરી તૈયારી

ઈઝરાયલ માટે ચાલે એવો તમારા દેશનો પાસપોર્ટ, જેઓ કોઈ દેશના વતની ન હોય તેમણે મુસાફરી માટે જરૂરી એવાં દસ્તાવેજી કાગળો અને ત્યાં પાછા ફરવાની વિઝા જરૂરી છે. ઈઝરાયલ દેશમાં પ્રવેશ્યા પછી ત્રણ મહિના માટે પર્યટકને રહેવા દેવામાં આવે છે.

### વિઝા

ભારતના વતનીઓએ ઈઝરાયલી દેશની ભારતમાંની કોન્સ્યુલેટ ઑફિસને વિઝા માટે આગોતરી અરજી આપવી પડે છે, અને ઠરાવેલી ફી ભરવી પડે છે. એકલદોકલ કે કૌટુંબિક વિઝા મેળવી શકાય કે, સમૂહ-વિઝા પણ મેળવી શકાય. ટૂર માટે જતી ટોળી માટે આ સમૂહ વિઝા સારી પડે છે. સમૂહમાં બધાંએ સાથે જવાનું અને સમૂહમાં પાછા આવવાનું જરૂરી છે.

## ટ્રાન્ઝીટ વિઝા

ઈઝરાયલમાં તમે બીજા કોઈ દેશમાં જવાના હો, તો એને માટે પાંચ દિવસ માટે ટ્રાન્ઝીટ વિઝા ઈઝરાયલના કોઈ પણ ડિપ્લોમેટિક મિશનેથી કે કોન્સ્યુલેટ ઑફિસેથી મેળવી શકો છે. જો આ ટ્રાન્ઝીટ વિઝા લંબાવવાની જરૂર પડે તો બીજા ૧૦ દિવસ માટે (ઈઝરાયલમાં આવ્યા પછી) લંબાવી શકો છો.

જો તમે 'ક્રુઈઝડ શીપ' (લંગરેલાં વહાણ) મારફતે ઈઝરાયલમાં રહેવાના હો તો તમને 'લેન્ડીંગ-ફોર-ધીન્ડે કાર્ડ' આપવામાં આવશે. અને તમારું વહાણ જેટલા દિવસ સુધી લાંગરવાનું હોય તેટલા દિવસ માટે તમે આ કાર્ડ દ્વારા ઈઝરાયલમાં રહી શકો છો. બીજી કોઈ વિઝીટર વિઝાની જરૂર નથી.

## સમૂહ વિઝા

ઉપર જણાવ્યું તેમ સમૂહ વિઝા ઈઝરાયલની કોઈપણ ડિપ્લોમેટિક કે કોન્સ્યુલેટ ઑફિસેથી સમૂહ વિઝા મેળવી શકો છો. ટૂરિંગ ટોળી માટે આ લાભદાયી છે. પણ આ સમૂહમાં પાંચ કરતાં ઓછી કે ૫૦ કરતાં વધારે વ્યક્તિ હોવી જોઈએ નહિ.

## વિઝા લંબાવી શકાય

કારણસર ઠરાવેલી મુદ્દત કરતાં તમારે ઈઝરાયલમાં વધારે રહેવાનું થાય તો ઈઝરાયલમાં એવી કોઈપણ આંતરિક મિનિસ્ટ્રીની ડિસ્ટ્રીકટ ઑફિસે જઈને મુદ્દત લંબાવી શકો છો. એમાં ફકત તમારી પાસપોર્ટ ઊપર સ્ટેમ્પ મારી આપશે.

## ઇઝરાયલમાં કસ્ટમ ચેક

ઈઝરાયલમાં આવતી પ્રત્યેક પુખ્તવયની વ્યક્તિ નીચેનાં સાધન "ડ્યુટી-ફ્રી" લાવી શકે છે, એટલું જ કે એ સાધનો એનો અંગત વપરાશનાં હોવાં જોઈએ:

યુડી કોલાં કે અત્તર, પરફ્યુમ પા લીટર (૦.૪૪) પીન્ટ), વાઈન બે લીટર અને બીજાં એલ્કોહોલિક પીણાં ૧ લીટર, તમાકુ અને સીગાર ૨૫૦ ગ્રામ કરતાં વધુ નહિ, અથવા ૨૫૦ સિગારેટસ.

ભેટ તરીકે ૧ ૨૫ ડૉલર કિંમતની ચીજો (મિશ્ર ખોરાકી વસ્તુઓ ૩ કિ.ગ્રા.થી વધુ નહિ એક શરતે કે એક જ જાતની ખોરાકી વાનગી એક કિ.ગ્રા.થી વધુ ન હોવી જોઈએ).

નીચેની અંગત વસ્તુઓ 'ડયુટી ફ્રી' લાવી શકાય પણ ઈઝરાયલ દેશમાં પાછા વળતાં એ વસ્તુઓ પાછી લઈ જવી પડે, અને એ વસ્તુઓ 'પોર્ટેબલ' અને ચાલુ વપરાશમાં હોવી જોઈએ. ટાઈપરાઈટર, કેમેરા (એક સામાન્ય અને એક ૧૬ એમએમ કરતાં ઓછો 'મૂવી' કેમેરા ૧૦ પ્લેટસ અથવા વધારેમાં વધારે ફિલ્મ રોલ, અને૧૬ એમ.એમ.વાળું એક મુવી અને ૧૦ રોલ્સ ઓફ ફિલ્મ) ૧૦ રોલ્સ ઓફ સીને-ફિલ્મ્સ ટેપ રેકોર્ડર ૭૦૦એમ (૭૫૦વાર) રેકોર્ડિંગ ટેપ અથવા બે કેસેટસ, બેટરીથી ચાલતો રેડિયો, બાયનોક્યુલર્સ, અંગત ઘરેણાં, બેબી કેરેજ, સંગીતનાં વાદ્યો, કેમ્પીંગનાં સાધનો, સ્પોટર્સ સાધનો (મચ્છીમારી માટે એક સેટ, સ્કેટસ, ૨ ટેનિસ રેકેટ) બાઈસિકલ (એન્જિન વગરની).

જે પર્યટકો પાસે ઉપર જણાવ્યાં તેવાં અને તેટલાં સાધનોથી વધુ ન હોય તેઓએ કસ્ટમની ગ્રીન ચેનલમાંથી પસાર થવું.

## બેન-ગ્યુરિયોન એરપોર્ટ પર કસ્ટમ માટે બે પ્રકારની ચેનલ

રેડ-ગ્રીન કસ્ટમ ક્લીઅરન્સ સિસ્ટમ ઈઝરાયલના બેન-ગ્યુરિયોન એરપોર્ટ પર વપરાય છે. ઉપર જણાવ્યાં તેવાં અને તેટલાં સાધનો લાવનાર મુસાફર ગ્રીન ચેનલમાં થઈને એરપોર્ટની બહાર નીકળી જાય.

જે મુસાફરો ઉપર જણાવ્યાં તેવાં સાધનો વધારે પ્રમાણમાં લાવ્યાં હોય કે અન્ય પ્રકારનાં સાધનો કે ચીજો લાવ્યાં હોય--તેમને ભલેને ડયુટીની માફી મળી હોય તોયે, તેઓએ 'રેડ ચેનલ'માં થઈને પસાર થવું પડે.

જે મુસાફરો નીચેનાં સાધનો લાવ્યા હોય તેમણે એમની જાહેર કરવાં પડે, અને એની નીકળતી ડયુટી અને ટેક્સની રકમ જમા કરાવવી પડે અને રેડ ચેનલમાંથી પસાર થવું પડેઃ

ધંધાકીય સાધનો કે ઓજારો- જેને વાપરતી વખતે હાથમાં પકડવાં પડે તેવાં ઓજારો (ઈન્સ્ટુમેન્ટસ) એની કિંમત ઈઝરાયલી ૧૬૫૦ ડૉલર સુધીની થતી હોય : બોટ (હલેસાં મારીને ચલાવાતી, સઢવાળી કે મશીનવાળી); કેરેવાન ટ્રેઈલર; સ્કુબા ડાઈવીંગ સાધન--પોર્ટેબલ અને ઠીક ઠીક વપરાયલું; વાજબી સંખ્યાની રેકોર્ડઝ.

મુસાફરનું અંગત ટેલિવિઝન ઈમ્પોર્ટ ડયુટી ફ્રી અને ટેક્સ ભર્યા વગર લાવી શકાય એટલું કે એ ટી.વી . પોર્ટેબલ હોય અને વાપરેલું હોય, પણ એની ડયુટી માટેની રકમ કસ્ટમ ઑફિસમાં જમા કરાવવી પડે. અત્યારે એ રકમ ઈઝરાયલી ૨૦૦૦ ડૉલરની છે.

## ઇઝરાયલનું ચલણી નાણું

ઈઝરાયલી શેકેલ એ મુખ્ય નાણું છે. અને એના ૧૦૦ એગોરોટ ઉપજે. એગોરોટના નીચેના સિક્કા મળે : ૧, ૫, ૧૦ એગોરોટ, અને અર્ધા શેકેલના ૧, ૫, અને ૧૦ શેકેલના સિક્કા પણ મળે છે. આ ઉપરાંત બેન્કનોટ ૧, ૫, ૧૦, ૫૦ અને ૧૦૦ ની ચલણમાં છે.

તેમ પરદેશનું ગમે તેટલું નાણું ઈઝરાયલમાં લાવી શકો છો- રોકડ, ટ્રાવેલર્સ ચેક, હુંડી, કે સ્ટેટ ઓફ ઇઝરાયલી બોન્ડઝમાં. તમે ઈઝરાયલમાં આવતાં ગમે તેટલી રકમના ઈઝરાયલી શેકેલ તમારી સાથે લાવી શકો છે; પણ ઈઝરાયલ છોડતી વખતે ૫૦૦ જેટલા ઈઝરાયલી શેકેલ સાથે લઈ જઈ શકો છો.

**<u>પરદેશી નાણુ</u>** : તમે જે કંઈ ખરીદો કે કંઈપણ રકમ ભરવાની હોય તે **U.S.A** ડૉલરમાં કેનેડિયન ડૉલરમાં બ્રિટિશ પાઉન્ડમાં ભરી શકો છો. (બીજા ઘણા દેશોનું નાણું પણ માન્ય છે.) ભારતીય કે પાકિસ્તાની રૂપિયો ત્યાં ઉપયોગમાં આવતો નથી.

પણ ભારતમાંથી નીકળતાં પહેલાં ભારતીય રીઝર્વ બેન્કની પરમીટથી કોઈપણ માન્ય બેન્ક દ્વારા તમે U.S.A ૨૦૦૦ ડૉલરની રકમ (ચાલુ ભાવે ) ખરીદી લઈ જઈ શકો છો.

પાછા વળતાં તમારી પાસે વધારાના શેકેલ પડી રહ્યા હોય તો તેના U.S.A ૩૦૦૦ જેટલા ડૉલર્સ જેટલી રકમ અધિકારયુક્ત બેન્ક દ્વારા બદલાવી શકો છો. પણ ભારતમાં તમે જાહેર રીતે ડૉલર્સ લાવી શકતા નથી. ભારતમાં ઉતરવાના એરપોર્ટ પર અધિકારયુક્ત એ ડોલર્સ બદલાવી શકો છો.

## એરપોર્ટ અને બંદરે સેવાઓ

આ સ્થળોએ આવતા-જતા પર્યટકો માટે ટુરિસ્ટ ઈનફોર્મેશન ડેસ્ક ખોલવામાં આવે છે. નાણાંની અદલાબદલી માટે બેન્ક પણ ખોલવામાં આવે છે. પ્રત્યેક ઉડ્ડયન સમયે ડયુટી-ફ્રી દુકાનો ખોલવામાં આવે છે, જેથી પર્યટકો ડયુટી ફ્રી ચીજોની ખરીદી કરી શકે.

એરપોર્ટથી EL AIની બસ શહેરમાં લઈ જવા માટે મળે છે. એરપોર્ટ પહોંચવા માટે પણ આ વ્યવસ્થા છે. એ સિવાય બીજી બસો અને ટેકસીઓ મળી શકે. સમૂહ-ટૂર પાસે તો રોકેલી બસ આવવા જવા માટે હોય છે.

## ઇઝરાયલમાં રહેવા ઊતરવાનાં સ્થળો

૧.હોટેલો: ઈઝરાયલમાં ૩૦૦ જેટલી હોટેલો છે. તેમાં રહી શકાય. ટુરિઝમના કાર્યાલયે એ બધીની ભલામણ કરી છે. ટુરિસ્ટ હોટેલ્સના લીસ્ટમાં એ બધી હોટેલોનાં નામ આપેલાં છે. એમાં નાની અને સાદી વ્યવસ્થાથી માંડીને પંચતારક (ફાઈવ સ્ટાર) હોટલો આવી જાય. જેવાં દામ, અને જેવી તમારી પસંદગી!

૨. કીબુત્ઝનાં ઉતારા-સ્થાનો:

ઈઝરાયલનાં કીબુત્ઝ (એટલે ગામડાંઓ)માં ગેસ્ટ હાઉસીઝ હોય છે. એમાં ઉતરવાથી બે લાભ થાય, એક તો સસ્તું પડે, અને કુટુંબોના સીધા સંસર્ગમાં અવાય. ઈઝરાયલમાં આવાં ૨૫૦ કીબુત્ઝનાં ગેસ્ટ

હાઉસીઝ છે. ઈઝરાયેલની હોટેલોના લીસ્ટમાં આ ગેસ્ટ હાઉસીંજ નોંધાયેલાં છે. ત્યાં તાજાં ખોરાક, હવાપાણી મળે.

૩. <u>હોલી ડે ગામડાં (**Holiday Village**):</u>

ખાસ કરીને કંઠાર પ્રદેશનાં ગામડાંઓમાં આરમદાયી ગેસ્ટ હાઉસીઝ હોય છે. ઇઝરાયલ ટુરિસ્ટ હોટેલ્સના લીસ્ટમાં આ પણ નોંધાયેલાં હોય છે. ખાસ કરીને આ વ્યવસ્થા ઊનાળાની રજાઓમાં શક્ય બને છે.

૪. <u>યુથ હોસ્ટેલ્સ:</u>

આખા દેશમાં ૩૦ જેટલી યુથ હોસ્ટેલ્સ છે, એની વ્યવસ્થા ઇઝરાયલ યુથ હોસ્ટેલ્સ એસોસીએશન દ્વારા થાય છે. અને આ એસોસીએશન તે વિશ્વભરના યુથ હોસ્ટેલ્સ એસોસીએશન સાથે સંકળાયેલું છે. આવી હોસ્ટેલોમાં ડોર્મિટરી જાતનું રહેવાનું પણ મળી શકે છે. મોટા મોટા ઓરડાઓમાં સામટાં ઘણાં યુવાનો રહે, અને તેમનાં જાજરૂ-બાથરૂમોની અલગ વ્યવસ્થા હોય. રસોડે સવારનો નાસ્તો અને બંને ટંકનું જમવાનું મળી શકે. તેમ જ પોતાની રસોઈ જાતે બનાવી લેવાની વ્યવસ્થા પણ મળી શકે. ઉમરનો કોઈ બાધ એમાં હોતો નથી. ઘણી હોસ્ટેલોમાં કુટુંબના ઉતારાની વ્યવસ્થા પણ હોય છે- પણ સાથે ઓછામાં ઓછું એક બાળક હોવું જોઈએ. એકલદોકલ વ્યક્તિએ પોતાનું આરક્ષણ સીધું હોસ્ટેલ પાસેથી મેળવવાનું હોય છે, અને સમૂહના આરક્ષણની વ્યવસ્થા ઇઝરાયલ યુથ હોસ્ટેલ એસોસીએશન દ્વારા કરાવવાની હોય છે.

આ એસોસીએશન દ્વારા ૧૪, ૨૧ કે ૨૮ દિવસની પેકેજ ટુરની પણ વ્યવસ્થા થઈ શકે છે. આમાં ૨૫ જેટલી હોસ્ટેલોમાં રહેવાની, રાતના જમણની અને સવારના નાસ્તાની વ્યવસ્થા સમાયલી હોય છે.

૫. <u>ક્રિશ્ચિયન હોસ્પીસીઝ:</u>

જે ક્રિશ્ચિયન યાત્રીઓ પવિત્ર ધામની યાત્રા માટે આવ્યા હોય તેમને બહુ જ વ્યાજબી ભાવે રહેવા-જમવાનું ખ્રિસ્તી વિરામસ્થાનો (ક્રિશ્ચિયન હોસ્પીસીઝ)માં મળી શકે છે, જુદા જુદા સંપ્રદાય તરફથી આ ધર્મશાળાઓ ચાલતી હોય છે, પણ એમાં ગમે તે સંપ્રદાયનો યાત્રી રહી શકે

છે. એ માટે તમારે **Pilgrimage Committee, P.O. Box 1018, Jerusalem 91009. Israel.**, પર લખવું પડે.

૬. ખાનગી વ્યવસ્થા

પ્રવાસી જેમને ખાનગી કે અંગત ઘરોમાં રહેવું જમવું કરાવવું હોય તો એવા ઘરો કે ફ્લેટ્સમાં તમે જગા મેળવી શકો છો. એ માટે નીચેને સરનામે તમે પત્ર- વ્યવહાર કરી શકો છોઃ યરુશાલેમમાં રહેવા માટે " **Renting Rooms Ltd. P.O.Box 8035 Jerusalem 91009 Israel.** (ટેલીફોન ૦૨-૬૩૩૫૬૩, ૦૨-૭૧૭૦૦૫). તેલ અવીવમાં રહેવા માટે **P.O.Box 1074, Tel Aviv 61009, Israel.** (ટેલીફોન ૦૩-૬૨૩૪૧૧)

૭. ટુરીંગ : ઈઝરાયલમાં કેટલાક લાયસન ધારી ટુર ગોઠવનારા હોય છે. અને તેઓ ટુર કાઢે છે. એ માટે ટુર બસ, મોટી કાર, લગભગ બધી એર-કન્ડીશન્ડ હોય છે. ક્યાં ક્યાં અને કેટલાં સમય સુધી ફરવું છે, અને કેટલું ખર્ચ આવશે તે મિનિસ્ટરી ઓફ ટુરિઝમ મારફતે નક્કી કરી શકાય. પ્રવાસીઓને જે જે જોવું હોય તે જોવાનું તેમને મળે છે કે કેમ તેની પણ તેઓ તકેદારી રાખે છે. જેટલા સમયની કે દિવસોની ટુર રાખવી છે તે પણ અગાઉથી નક્કી કરી શકાય છે.

આવી બધી ગોઠવેલી ટુર સાથે એક ગવર્નમેન્ટ તરફથી અનુભવી લાયસન્સધારી અને જુદી જુદી ભાષાઓ જાણનાર ગાઈડ રાખવામાં આવે છે. તેણે પોતાના કોટના લેપલ પર પિત્તળનો બિલ્લો પહેરેલો હોય છે. અને બિલ્લા પર આ શબ્દો હોય છેઃ **"Licenced Tourist Guide".**

સાત બેઠકવાળી કાર પણ ભાડે રાખી શકાય છે. એની સાથે પણ ગાઈડ આવે છે.

આ બધા ગાઈડ અનુભવી હોય છે અને બધાં સ્થળોની માહિતી તેમને હોય છે.

## શોપિંગ બજારહાટ ખરીદી

કાપડ, પીકચરો, જૈતૂનના કે અન્ય લાકડાની ચીજો, છીપની બનાવટ, હિરા, ઘરેણાં, સૂકો મેવો, તાજાં ફળો, બેગો, અનેક પ્રકારની

ફેન્સી ચીજો, વગેરે બધું બજારમાં મળે છે. એટલુંજ કે એ બધું મોઘું હોય છે. અમેરિકા કરતાં ઈઝરાયલ વધારે મોંઘું હોય છે. એરપોર્ટ પરની ડયુટી-ફ્રિ દુકાનોમાં કંઈક સસ્તું મેળવી શકાય.

## બજાર હાટનો સમય

ઈઝરાયલમાં મોટા ભાગની દુકાનો દરરોજ સવારમાં ૮-૦૦ થી બપોરે ૧-૦૦ સુધી અને સાંજે ૪-૦૦થી ૭-૦૦ સુધી ખુલ્લી હોય છે. હોટેલોમાં રાખેલી દુકાનો લગભગ મધરાત સુધી ખુલ્લી હોય છે. દર શુક્રવારે અને યહૂદી તહેવારોને દિવસે બપોરે ૨-૦૦ વાગે દુકાનો બંધ થાય છે. યહૂદી દુકાનો શનિવારે અને તહેવારે બંધ રહે છે. મુસ્લીમ દુકાનો શુક્રવારે બંધ રહે છે, અને ખ્રિસ્તી દુકાનો રવિવારે બંધ રહે છે.

## બિલમાં ટેક્સનો ઉમેરો

તમે જે કંઈ ખરીદો તેની કુલ કિંમતમાં **V.A.T. (value Added Tax)** ઉમેરવામાં આવશે. માલની કિંમત બોલવામાં આ ટેક્સ ઉમેરીને જ બોલવામાં આવે છે.

## ટુરિસ્ટો માટે કિંમતમાં ઘટાડો

ફર અને ચામડાની ચીજો ખરીદનાર પર્યટકોને અમુક ઘટાડો આપવામાં આવશે. ફરની ખરીદી પર **V.A.T.** જતો કરવામાં આવશે, અને ચામડાની ચીજો ખરીદનારને ૨૫ ટકા ડિસકાઉન્ટ આપવામાં આવશે. પણ ક્યારે ? માલ ઘરાકને એરપોર્ટ પર સીધો પહોંચાડવાનો હોય તો.

## ઇમરજન્સીમાં મદદ

માંદગીમાં સારા ડૉકટરોની સેવા તરત મેળવી શકાય છે. મોટા ભાગના ડૉકટરો અંગ્રેજી જાણે છે, અથવા અન્ય પરદેશી ભાષા જાણે છે. ઈમરજન્સી કે ફર્સ્ટ એઈડ માટે (રેડ ક્રોસ જેવી) **Margan David Adam** સંસ્થાને યરુશાલેમમાં તેમ જ તેલ અવીવ અને હાઈફામાં ૧૦૧ નંબર જોડવાથી તેમની મદદ મેળવી શકાય છે. લગભગ બીજાં શહેરોમાં ઈમરજન્સી હૉસ્પીટલો અને દવાની દુકાનો સાંજ પછી અને શનિ, રવિ પર

તેમ જ તહેવારોએ ખોલવામાં આવે છે અને દૈનિક છાપાંમાં એનું લીસ્ટ આપવામાં આવેલું હોય છે.

દાંતને લગતી ઈમરજન્સી જાહેર રજાના દિવસોમાં અને શનિ, રવિ પર યરુશાલેમમાં **Margen David Adom** મારફતે મેળવી શકાય અને તેલ અવીવમાં **49, Rehov Bet Kokhba** પર મેળવી શકાય છે.

પોલિસને લગતી ઈમરજન્સી માટે યરુશાલેમ, તેલ અવીવ અને હાઈફામાં ફોન નં ૧૦૦ જોડી શકાય. આગને લગતી ઈમરજન્સીમાં ઉપરના શહેરોમાં ફોન નં. ૧૦૨ જોડી શકાય.

## તહેવારો અને રજાના દિવસો

૧. સાબ્બાથ અને યહૂદી તહેવારો

સાબ્બાથ (શનિવાર) યહૂદી વિશ્રામનો દિવસ છે, યહૂદીઓના બધા તહેવાર આગલા દિવસના સૂર્યાસ્તથી શરુ થઈ બીજા દિવસની રાત સુધી હોય છે. એ દિવસોમાં બધી યહૂદી દુકાનો, ધંધા રોજગાર, સંસ્થાઓ, ઑફિસો અને આનંદપ્રમોદનાં બધાં જાહેર સ્થળો (એમાં અમુક રેસ્ટોરાં અને કલબોના અપવાદ સિવાય) બંધ રહે છે. બધો જાહેર વાહન વ્યવહાર બંધ રહે છે. (ખાનગી વાહનો ચાલુ રહે છે.) કેટલીક દુકાનો અને બધાં જાહેર આનંદપ્રમોદનાં સ્થળો, સાબ્બાથ પૂરો થયે કે તહેવાર પૂરો થયે શરુ થઈ જાય છે. અને જાહેર વાહન વ્યવહાર પણ શરુ થઈ જાય છે.

હિબ્રૂ વર્ષ ચાંદ્ર વર્ષ હોઈને એના તહેવાર દર વર્ષ સૌર્ય વર્ષની જુદી જુદી તારીખે આવે છે. (જુઓ નીચે " યહુદી તહેવારોનું કેલેન્ડર).

## ખ્રિસ્તી તહેવારો

પ્રોટેસ્ટંટો અને રોમન કેથોલિકો આ તહેવારો અમુક તારીખે ઉજવે છે. જ્યારે ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચ અને આર્મિનિયન ચર્ચ એથી જુદી તારીખે ઉજવે છે:


નવું વર્ષ-ન્યુ ઈયર, ઈસ્ટર,

ઈપિફની સ્વર્ગારોહણ (એસેન્સન ડે)

પામ સન્ડે, પચાસમો દિન (પેન્ટેકોસ્ટ),

ગુડ ફ્રાઈડે, નાતાલ,

પ્રોટેસ્ટંટ અને રોમન કેથોલિકનું કષ્ટમય સપ્તાહ પૂરું થાય ત્યારે ગ્રીક ઓર્થોડોક્સ અને આર્મિનયનનું કષ્ટમય સપ્તાહ શરુ થાય છે (એક અઠવાડિયું પાછળ). આપણો ઈસ્ટર ડે તે એમનો પામ સન્ડે.




યહોવાનાં સાત મુકરર પર્વો

તેમજ બીજાં પર્વ

① પાસ્ખા, ② બેખમીરી રોટલી ③ પ્રથમફળ ④ પચાસમો દિન ⑤ રણશિંગડાનું ⑥ પ્રાયશ્ચિત દિન ⑦ માંડવાપર્વ.

## મુસ્લીમ તહેવારો

શુક્રવારે મુસ્લીમો માટે આરામનો તહેવાર છે. અને એ દિવસે તેમનાં ભક્તિ સ્થળો પર્યટકો તેમજ અન્ય લોકો માટે બંધ હોય છે. એવું જ એમના અન્ય તહેવારો માટે ગોઠવાય છે. એટલે સૌર્ય વર્ષની જુદી જુદી તારીખોએ તેમના તહેવારો આવે છે.



છેલ્લા ભોજનનો ઓરડો

ઈદે અધા (બલિદાનનો તહેવાર ( ૪ દિવસ))
નવું વર્ષ
મહમદની જન્મતારીખ
રમધાન/રમજાન (એક મહિનો)
ઈદે ફિત્ર (રમધાનના છેલ્લા ૩ દિવસ)

## દ્રુઝના તહેવારા

ઈદે અધા (બલિદાનનો તહેવાર)
નબી શુ, એહ
નબી સાબ્લાન

# યહૂદી તહેવારોનું કેલેન્ડર

| તહેવાર | હિબ્રૂ તારીખ | અંગ્રેજી માસ પ્રમાણે(આશરે) |
|---|---|---|
| ૧. રોશ હાશાના (નવું વર્ષ) | તીશરી ૧-૨ | સપ્ટ-ઓકટો |
| ૨.પ્રાયશ્ચિતનો દિન, યોમ કિપ્પુર | તીશરી ૧૦ | સપ્ટે-ઓકટો |
| ૩.*માંડવા પર્વ, સુક્કોથ | તીશરી૧૫-૨૧ | સપ્ટે-ઓકટો |
| ૪. સીમહત તોરાહ | તીશરી ૨૨ | સપ્ટે-ઓકટો |
| ૫.* * હાનુખ્ખા | કિસ્લેવ ૨૫થી | |
| પ્રકાશનું પર્વ | તેવત ૩ કે ૪ | નવે-ડીસ |
| પુનઃ પ્રતિષ્ઠા પર્વ | | |
| ૬***તુ બ શવાન | શવાત ૧૫ | જાન્યુ-ફેબ્રુ |
| ૭.**પુરીમ, પર્વ | અદાર ૧૪ | ફેબ્રુ-માર્ચ |
| ચિઠ્ઠીઓનું | | |
| ૮. *પેશાખ (પાસ્ખા) | નિસાન ૧૫-૨૧ | માર્ચ-એપ્રિલ |
| ૯.**ઇન્ડીપેન્ડન્સ ડે | ઈયાર ૫ | એપ્રિલ-મે |
| સ્વાતંત્ર્ય દિન | | |
| ૧૦. **બાગ બા' ઓમર | ઈયાર ૧૮ | એપ્રિલ-મે |
| ૧૧. ***યરુશાલેમ મુક્તિ-દિન | ઈયાર ૨૮ | મે-જૂન |
| ૧૨. શાવું' ઓત | સિવાન ૬ | મે-જૂન |
| ૧૩. **તિશા બ' એવ | એવ ૯ | જુલાઈ-ઓગ |

* વચ્ચેના દિવસોએ (બીજાથી છઠ્ઠા દિવસોએ)

** દુકાનો અને ધંધારોજગાર ચાલુ હોય છે. પણ ઘણા બધા વહેલા બંધ કરે છે.

*** દુકાનો અને ધંધારોજગાર સામાન્ય રીતે ચાલુ હોય છે.

<u>તહેવાર નંબર</u> (બાઈબલ રેફરન્સ)

૧. નિર્ગમન ૧૨:૧ " આ માસને તમારા માસોમાંનો પ્રથમ ગણવો. તે તમારા વર્ષનો પ્રથમ માસ ગણાય" બાઈબલ પ્રમાણે અને ધાર્મિક રીતે નિસાન (અબીબ) માસ પ્રથમ ગણાય. પણ રાજકીય રીતે તીશરી પ્રથમ માસ છે.

(૨,૩,૮ લેવીય ૩૨:૨૬-૩૨. ૩૨:૩૯-૪૨. ૫-૮).

૭. પુર=ચિઠ્ઠી, પુરીમ=ચિઠ્ઠીઓ. રાણી એસ્તેરના સમયમાં હામાને આખા સામ્રાજ્યમાંથી બધા યહૂદીઓને મારી નાખવા નક્કી કર્યું હતું. ત્યારે ઈશ્વરે તેમને અજાયબ રીતે બચાવ્યા તેની ઉજવણી. એસ્તેર ૯:૨૬-૨૮.

૫. હાનુખ્ખા. ઈ.પૂર્વે ૧૬૫માં યહૂદી મક્કાબી ભાઈઓ સિરિયા સાથેના યુધ્ધમાં જીતી ગયા તેની ઉજવણી; તેમજ સિરિયાના અંત્યોખસ એપીફાનસે મંદિરને ભ્રષ્ટ કર્યું હતું અને વેદી પર ભૂંડ વધેર્યાં હતાં (ઈ.પૂર્વે ૧૬૫). એ પછી મંદિરની પુનઃપ્રતિષ્ઠાક્રિયા (re-dedication) કર્યું તેનું પર્વ.

૧૧. જૂન ૧૯૬૭માં છ દિવસના યુદ્ધમાં યરુશાલેમ આરબો પાસેથી જીતી લીધું તેનો તહેવાર.

૯. મે ૧૪,૧૯૪૮ રોજ ઈઝરાયલ રાજ્યનો સ્થાપના દિન.

૧૩. શલોમોનવાળા મંદિરનો ઈ.પૂર્વે ૫૮૬માં આ દિવસે જ નબુખાદનેસ્સારે નાશ કર્યો હતો; અને એ પછીના મંદિરનો નાશ તિતસે ઈ.સ. ૭૦માં એજ તારીખે કર્યા હતો. એમ યહૂદીઓના બીજા કેટલાક દુઃખદ દિવસો એજ તારીખે (એટલે એવ યા આબ માસની નવમીએ) બન્યા હતા.

•

# ૧૪. કેટલાક ગુજરાતી અને હિબ્રૂ શબ્દો

| ગુજરાતી | હિબ્રૂ |
|---|---|
| કેમ છો? Hello | શાલોમ |
| હા, Yes | કેન |
| ના. No | લો |
| મોટું Large | ગેડોલ |
| કેટલું? How much ? | કામા? |
| રસ્તો Road | ક્વીશ |
| શેરી Street | રેખોવ |
| ચોકડી/મોરી bathroom | શેરટીમ |
| ગુડબાઈ Good bye | શાલોમ |
| આભાર શુક્રિયા Thank you | ટોડા |
| માફ કરજો Excuse me | સ્લીચા |
| મહેરબાની કરીને Please | બેવાકાશા |
| કંઈ/ક્યાં? Where | આઈફો? |
| જમણું Right | યેમીન |
| ડાબું Left | સ્મોલ |
| સરસ Nice | યાફેહ |
| નાનું Small | કતાન |
| હોટેલ Hotel | માલોન |
| ડુંગરા Hills | હારીન |
| હું ટુરિસ્ટ છું I am a Tourist | એની ટાયર |
| કંઈ વાંધો નહિ Does not matter | એઈન દવાર |
| મારી પાસે છે I have | યેઈન |
| મારી પાસે નથી I don't have | યેઇન લી |
| આની શી કિંમત છે. How much does it cost ? | કામા ઝે ઓલેહ? |

તમને મળીને આનંદ થયો.

| | | |
|---|---|---|
| Please to meet you | | નાઈમ મેઓદ |
| કેટલા વાગ્યા? The time please? | | માહ શા'આ? |
| મારા પર છોડી દો. Leave it to me. | | સ'મોખ અલય |
| **અરબી** | **હિબ્રૂ** | **ગુજરાતી** |
| એઈન | એન | ઝરણું |
| બેઈટ | બેટ | ઘર |
| બી,કવાહ | બી,કઆ(ત) | મેદાન ખીણ |
| બીર | બી,ખર | કૂવો |
| બીર્કેહ(ખત) | બીરખા(ત) | તળાવ |
| બુર્જ | -- | બુરજ |
| ઘોર | -- | ખીણ |
| જબલ | હર. | પર્વત |
| કફ્ર | કેફાર | ગામ |
| મજદેલ | મીગદલ | શીખર, બુરજ |
| મુઘાર | મી'આરાહ(ત) | ગુફા |
| કવાર્ન | ગેરેન | શીંગડું, શીખર |
| ટેલ | ટેલ | ટી'બો |
| વાડી | નાહલ | ઉભરાતી ખીણ |

•

# ૧૫. ઇઝ્રરાયલમાં જોવાલાયક સ્થળોની વિભાગ પ્રમાણે યાદી

## I. કંઠાર વિસ્તાર

<u>આક્કો</u>
બાઈબલ સમયમાં બાંધેલું બંદર
ક્રૂઝેડરોનો કિલ્લો
જાઝરની મસ્જિદ

<u>હાઈફા-કાર્મેલ પર્વત</u>
સ્ટેલા મારિસ : કાર્મેલ પર્વતની માતા મરિયમ
મુહરાકા : એલિયાનું બલિદાન

<u>કાઈસારીઆ</u>
રોમન રાજ્યકાળનું બંદર(**Harbour**)
રોમન થિયેટર, વગેરે
ખ્રિસ્તી યાદી : પિતર, પાઉલ, ફિલિપ, યુસેલિયસ, અહીં આવેલા.

<u>જાફ્ફા</u>
બાઈબલ સમયનું બંદર
સંત પિતરનું દેવળ
સિમોન ચમારનું ઘર પ્રે.કૃ.૧૦:૫,૬

## II. ઉત્તર વિસ્તાર

**A** <u>નેબ્લુસ</u>
યાકોબનો કૂવો
શખેમ
ગીરીઝીમ પર્વત

B <u>નાઝરેથ</u>
મરિયમને દૂતે દર્શન દીધું તે ગુફા અને મંદિર સંત યોસેફનું મંદરિ- જયાં યોસેફ, મરિયમ અને ઈસુ રહેતાં હતાં.
ગ્રીક કેથોલિક મંદિર, અને જૂના શહેરનું સભાસ્થાન
મરિયમનો કૂવો

C <u>કાના</u>
કાનાના લગ્ન-સ્થળે 'ટેરા સાન્કટા મંદિર'

D <u>તાબોર પર્વત</u>
રૂપાંતરના સ્થળે મંદિર

## III ગાલીલના સમુદ્રનો વિસ્તાર

E <u>તિબેરિયસ</u>
પિતરને નામે મંદિર (**Parish church**)
F <u>તબઘા-</u> પાંચ હજારને જમાડ્યાં. જૂનું મોઝેઈક
G <u>કફરનાહુમ-</u> પિતરનું ઘર, અને તૂટેલું સભાસ્થાન
<u>મગ્દલા</u> માગ્દલાની મરિયમનું ગામ
H <u>ધન્યતાનો પહાડ -</u> ગિરિપ્રવચન કર્યું તે પહાડ
I <u>યર્દન નદી-</u> સમુદ્રની દક્ષિણે યર્દન નદી

## IV ગાલીલનો ઉત્તર વિસ્તાર

કાઈસારિયા ફિલિપ્પી પાનિયાસ

## V દક્ષિણ વિસ્તાર

૧. ભલા સમરૂનીની ધર્મશાળા. યહૂદિયાનો રણ પ્રદેશ, રાહેલની કબર
૨. <u>યરેખો</u>
પરીક્ષણનો પહાડ
યહોશુઆના સમયના યરેખોનો ભંગાર (યહો. ૬:૨૦-૨૨)
એલિશાએ શુદ્ધ કરેલો ઝરો (૨ રાજા ૨:૧૯-૨૨)
મંદિર - એટલામાં જ યર્દન નદીમાં ઈસુનું બાપ્તિસ્મા થયું. માથ્થી ૩:૧૩-૧૭ યોહાન ૩:૨૨,૨૩.

## VI મૃત સરોવર વિસ્તાર

૩. કુમરાન- અહીંથી 'ડેડ સી સ્ક્રોલ્સ ' મળ્યાં

૪. મસાદાનો કિલ્લો - અહીં ઈ.સ. ૭૦-૭૩ માં ૯૬૦ જેટલા યહૂદીઓએ બલિદાન આપ્યાં ("જુઓ અનોખી ઈઝરાયલ પ્રજા પૃ. ૬૪-૬૫")

(મૃત સરોવર - ૪૭ માઈલ લાંબુ ૧૦ માઈલ પહોંળું એની સપાટી દરિયાઈ સપાટીથી ૧૨૯૨ ફૂટ નીચી છે. અને એનું તળિયું દરિયાઈ સપાટીથી ૨૫ ફૂટ ઊંડું છે.

૫. બેરશીબાઃ અબ્રાહામનો કૂવો

## VII જૂનાના શહેરની બહારનાં પવિત્ર સ્થળો (ચાલીને જઈ શકાય)

નકશો નં.

જૈતૂન પહાડ ઉપર

દમસ્ક દરવાજેથી :

દમસ્ક દરવાજેથી બસ નં. ૭૫ (અથવા બદલાયલો નં) લો. અને જૈતૂન પહાડના છેલ્લા સ્ટોપે ઉતરી જાઓ.

A. સ્વર્ગારોહણનું સ્થળ

B પેટર નોસ્ટર મંદિર (પ્રભુની પ્રાર્થનાના સ્થળે ચર્ચ)
અહીં પ્રભુ ઈસુએ શિષ્યોને ઓ આકાશમાંના પિતા એ પ્રાર્થના શીખવી હતી. પૃથ્વીની ૭૦ ભાષામાં આ પ્રાર્થના અંદરની દીવાલોમાં કોતરી છે. સંસ્કૃત અને હિન્દીમાં પણ છે.

C ચેપલ ઓફ ડોમિનસ ફ્લેવીટ:
પ્રભુ ઈસુ યરુશાલેમ જોઈને અહીં પોકેપોક રડ્યા હતા. (લૂક ૩૭-૪૨) જૈતૂન પર્વત પર ચેપલ આવેલું છે. ઈ.સ. ૧૮૯૧માં આ બંધાયું.

D ગેથસેમાને બાગ, અને વેદનાનું મંદિર

E ગેથસેમાનેની ગુફા, અને કુંવારી મરિયમની કબર

F કિટ્રોન નાળું અને પુરાણી કબરો

સિયોન પર્વત

G સેન્ટ પિતર ગાલ્લીકન્ટુમાં.

ખ્રિસ્તને રખાયેલા તે કેદખાનું જૂનો પગથી વાળો રસ્તો

H "ઉપલી મેડી" યોહાન માર્કનું ઘર. અહીં પ્રભુ ઈસુએ શિષ્યો સાથે છેલ્લું વાળુ કરેલું

I દાવિદની કબર

J ડોર્મિશન ચર્ચ : માતા મરિયમનું 'મૃત્યુસ્થળ'

## VII. યરુશાલેમથી હેબ્રોન તરફ જતાં

એઈન કારેમ

સંત યોહાનનું મંદિર. યોહાન બાપ્તિસ્તનું જન્મ સ્થળ.

બેથાનિયા- લાજરસની કબર, લાજરસ અને માર્યા-મરિયમના ઘર પર મંદિર

બેથલેહેમં- પ્રભુ ઈસુના જન્મસ્થળની ગુફા અને મંદિર.

ચર્ચ ઓફ સંત કેથરિન ,, ક્રુઝેડરોને કોટ યાર્ડ

મિલ્ક ગ્રોટો - મિસર જતાં બાળ ઈસુને સ્તનપાન કરાવ્યાનું સ્થળ (દંતકથાઃ દૂધનાં ટીપાં જમીન પર પડ્યાં જમીન ધોળી બની ગઈ.)

ભરવાડોવાળું ખેતર ત્યાં ચેપલ છે. વાય.એમ.સી.એ

## IX ઐમ્મૌસ- એલ કુબેઇબા

ઐમ્મૌસ જનારા સાથે પ્રભુ ઈસુ જમ્યા. મંદિર

હેબ્રોન- અબ્રાહામ અહીં આવ્યો હતો. કાલેબને વતન તરીકે મળ્યું હતું. દાવિદે હેબ્રોનને પ્રથમ પાટનગર બનાવ્યું હતું. એનું મૂળ નામ કિર્યાથ-આર્બા હતું. મામરેનું એલોન વૃક્ષ (ઉત્પ. ૧૨:૧૮) હજીયે છે.

માખ્પેલાહની ગુફાઃ અબ્રાહામે આ વેચાતી લીધેલી જમીનમાં પત્ની સારાહને દાટી, અબ્રાહામ. યાકોબ, વગેરે પણ ત્યાં જ દટાયા. (ઉત્પ. ૨૩:૧૭-૨૯). આ કબરો આજે પણ છે.

## X. જૂના યરુશાલેમની અંદરનાં પવિત્ર સ્થળોઃ (ચાલીને જઈ શકાય)

નકશો નં.દોરેલી સીધી રેખાઓ

જાફ્ફા દરવાજેથી શરુ :

૧. પશ્ચિમી દીવાલ (રુદનની દીવાલ)
૨. એલ અકસ્વા મસ્જિદ (મંદિર વિસ્તાર)
૩. ડોમ ઓફ ધ રોક મસ્જિદ (મંદિર વિસ્તાર) (નીચે મોરિયાહ શીખર)
૪. સંત એનનું ક્રૂઝેડર મંદિર, માતા મરિયમનો જન્મ અહીં થયેલો એમ મનાય છે. બેથેસ્દાનો કુંડ.
૫. પ્રભુઈસુને મારેલા કોરડાનું સ્થળ (ચેપલ), તેમને સજા ફરમાવી તે સ્થળ (ચેપલ).
૬. "જુઓ આ માણસ!" કોન્વેન્ટ (લીથોસ્ટ્રોટોસ), એન્ટોનિયો કિલ્લાની ફરસબંધી
૭. વધસ્તંભની વાટ (**Via Dolorosa**)
૮. પવિત્ર કબર (**Holy Sepulchre**) નું મંદિર

## X. વધસ્તંભની વાટે (વાયા ડોલોરસા)

નકશો નં.

૧. પિલાતે ઈસુને ગુનેગાર ઠરાવ્યા.
૨. પ્રભુ ઈસુને ક્રૂસ આપવામાં આવ્યો.
૩. ક્રૂસના વજનથી પ્રભુ ઈસુ પડી ગયા.
૪. પ્રભુ ઈસુ પોતાનાં માને મળે છે.
૫. કુરેનીનો સિમોન પ્રભુ ઈસુનો ક્રૂસ ઊંચકે છે.
૬. વિરોનિકા પ્રભુ ઈસુનું મુખ લૂંછે છે.
૭. બીજી વાર પ્રભુ ઈસુ પડી જાય છે.
૮. પ્રભુ ઈસુ યરુશાલેમની પુત્રીઓને સંબોધે છે.

૯. પ્રભુ ઈસુ ત્રીજીવાર પડી જાય છે.
૧૦. પ્રભુ ઈસુનાં વસ્ત્રો ઊતારી લેવામાં આવે છે.
૧૧. પ્રભુ ઈસુને ક્રૂસે જડે છે.
૧૨. પ્રભુ ઈસુ ક્રૂસ પર મૃત્યુ પામ્યા.
૧૩. પ્રભુ ઈસુને ક્રૂસ પરથી ઊતાર્યા.
૧૪. પ્રભુ ઈસુને કબરમાં મૂક્યા.
(૧૫. પ્રભુ ઈસુ મૃત્યુમાંથી પાછા ઊઠ્યા.)

દર શુક્રવારે "વધસ્તંભની વાટે" સાંજે ચાર વાગે સરઘસ નીકળે છે.

રોમન કેથોલિકો અને બીજા કેટલાક લોકો ઉપરનાં ૧૪ સ્થળોએ ઘૂંટણે પડીને અને ચૂમી લઈને પ્રાર્થના કરે છે.

## અલ અકસા મસ્જિદ

યરુશાલેમ શહેરમાં સૌથી મોટી મસ્જિદ આ છે. એને ઓમાયદી રાજકર્તા અબ્દુલ માલિકે બાંધી હતી, અને એને ફરી બંધાવી ફાતિમિદ ખલિફ અદદાહિરે, એના વિષે એમ માનવામાં આવે છે કે મહમદ પેગંબરે મક્કાથી દૂરમાં દૂર કોઈ મુસાફરી કરી હોય તો તે આ સ્થળ છે. એમ મનાય છે કે, એની યાદગીરીમાં આ મસ્જિદ બાંધવામાં આવી છે. આજથી થોડાંક વર્ષો ઉપર આ મસ્જિદનો થોડો ભાગ કોઈ ઓસ્ટ્રેલિયને બાળ્યો હતો, અને તેથી વિશ્વભરના મુસલમાનોમાં ભારે ઉહાપોહ થયો હતો. ડોમ ઓફ ધી રોકની સામે જ એ આવેલી છે.

## એન કરીમ

આ સ્થળે યોહાન બાપ્તિસ્તનો જન્મ થયો હતો. હાલમાં એ સ્થળે એક મોટું મંદિર બાંધવામાં આવ્યું છે, એને ચર્ચ ઓફ વિઝીટેશન નામ આપવામાં આવ્યું છે. પ્રભુ ઈસુનાં મા મરિયમ યોહાનનાં મા એલિસાબેતને મળવા અહીં આવ્યાં હતાં, એન કરીમ નાનું ગામડું છે. યરુશાલેમના પશ્ચિમ ભાગમાં આવેલું છે. ત્યાં આવેલાં અનેક મંદિરોમાં ઘણાં બધાં ચિત્રકામ જોવા મળે છે.

## કફરનાહૂમ

કફનાહૂમ ગાલીલ સમુદ્રથી અઢી માઈલ (૪ કિ.મિ) દૂર આવેલું છે. હિબ્રૂમાં એનો અર્થ થાય છેઃ નાહુમનું ગામ. બીજો અર્થ છેઃ દિલાસાનું ગામ. નાહુમ એટલે દિલાસાવાન. પ્રભુ ઈસુની ધર્મસેવા દરમિયાન આ શહેર અગત્યનું બની રહ્યું હતું. દાણની ચોકી પણ ત્યાં હતી. અને પ્રભુ ઈસુએ એ ચોકીપરથી માથ્થીને તેડું આપ્યું હતું (માથ્થી ૯:૯). એ અગત્યનું સ્થળ હતું, તેથી તેને ગાલીલનું શહેર કહેવામાં આવ્યું છે.

પ્રભુ ઈસુએ ઘણા બધા ચમત્કારો આ સ્થળે કર્યા હતા. પક્ષઘાતીને સાજો કર્યો (માર્ક ૧:૨૮-૪૩). સુબેદારના ચાકરને સાજો કર્યો (લૂક ૭:૧-૧૦). યાઈરસની દીકરીને જીવતી કરી, લોહીવાવાળી સ્ત્રીને સાજી કરી (માર્ક ૫:૨૩-૪૩), પિતરની સાસુનો તાવ મટાડ્યો કફરનાહૂમનો એક અમીર પોતાના દીકરાને સાજો કરવા માટે પ્રભુ ઈસુની પાસે કાના ગામે ગયો હતો (યોહા. ૪:૪૩-૫૩). અશુદ્ધ આત્મા વળગેલાને સાજો કર્યો (માર્ક ૧:૨૧,૨૬). છાપરું ખોલીને બિમારને નીચે ઊતાર્યો, તેને પણ સાજો કર્યો (માર્ક ૨:૧૨-૧૫).

આવાં ઘણાં પરાક્રમી કામો પ્રભુ ઈસુએ આ ગામમાં કર્યાં હતાં. પણ લોકોએ પસ્તાવો કર્યો નહિ, અને પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો નહિ. એટલે પ્રભુ ઈસુએ તેને શાપ આપ્યો કે, "તું પાતાળ સુધી નીચું કરાશે" (માથ્થી ૧૧:૨૦-૨૪. લૂક ૧૦:૧૨-૧૫). એટલે આ શહેર. ખોરાજીન અને બેથસાઈદા ફરી બંધાયાં જ નથી. આજે આ શહેરોનાં ખંડિયેરો જોવા મળે છે.

## કાના

કાના નામનો અર્થ કદાચ હિબ્રૂમાં કવા-નેહ (=બરુ) પરથી પડ્યું હશે; એટલે 'બરુઓનું ધામ' નામ પડ્યું હશે.

નાથાનાએલ આ ગામનો વતની હતો (યોહાન ૨૧:૨). પ્રભુઈસુના વખતમાં આ ગામમાં યહૂદીઓની વસતી વધારે હતી. હમણાં અહીં આરબો વધારે છે, ને યહૂદીઓ થોડા છે. એક યહૂદી લગ્નમાં ઈસુને,

તેમની મા મરિયમને તથા શિષ્યોને નોતરવામાં આવ્યા હતા. લગ્નમાં દ્રાક્ષારસ ખૂટતાં ઈસુની માએ આવીને ઈસુને હકીકત જણાવી. ઈસુએ પાણીને દ્રાક્ષારસમાં ફેરવી નાખીને પોતાનો સૌ પ્રથમ ચમત્કાર કર્યો હતો (યોહાન ૧:૪૩-૪૯, ૨:૧-૧૨). આજે આ ચમત્કારની જગા પર મોટું મંદિર છે, ને તેના પર લાલ ઘુમટ છે. યાત્રિકો કાના આવે છે ત્યારે આ સ્થળ જોઈ પ્રભુપુત્રને યાદ કરે છે.

કદાચ ફિલિપે અહીં કાનામાં જ આ લગ્ન વખતે નાથાનાએલને પ્રભુ ઈસુની ઓળખાણ કરાવી હશે, અને નાથાનાએલ તરત તેમનો શિષ્ય બન્યો હશે.

બીજી વખતે પણ પ્રભુ ઈસુ કાનામાં આવ્યા હશે ત્યારે કફરનાહૂમના એક અમીરે કાના આવીને પ્રભુ ઈસુને વિનંતી કરી કે, આવીને મારા દીકરાને સાજો કરો. ને તે જ ઘડીએ દીકરો સાજો થયો હતો. અમીરે પ્રભુ પર વિશ્વાસ કર્યો. ગાલીલમાં આવ્યા પછી પ્રભુ ઈસુનો આ બીજો ચમત્કાર હતો (યોહાન ૪: ૪૬-૫૪).

કાના વિષે લખતાં સુવાર્તિકો એનો "ગાલીલના કાના" તરીકે ઉલ્લેખ કરે છે, કેમ કે આશેરના વિસ્તારમાં એવા જ નામવાળું કાનાહ ગામ હતું (યહોશુ. ૧૯;૨૮). અત્યારે નાઝરેથના ઈશાન ખૂણે ૬.૫ કિ.મિ. (૪ માઈલે) કાફ્ર કાન્ના હાલનું ગામ આવેલું છે. અને માનવામાં આવે છે કે ઈસુના સમયના કાનાનું સ્થળ એ જ હશે. અહીં ઘણાં ઝરણાં આવેલાં હોઈ મીઠું અને સ્વચ્છ પુષ્કળ પાણી મળે છે.

## કાર્મેલ પર્વત

કાર્મેલ = ફળઝાડની વાડી, આ એક પર્વત નથી, પણ હારમાળા છે, ભૂમધ્ય (મેડિટરેનિયન) સમુદ્રકાંઠે સમુદ્ર તરફ ધસેલો કાર્મેલ પર્વત ૧૮૦ મિટર (૬૦૦ ફૂટ) ઝળૂંબી રહ્યો છે. આખીયે હારમાળા ૫૦ કિ.મિ. (૩૦ માઈલ) લાંબી છે, અને ભૂમધ્ય સમુદ્રથી દોથાનના મેદાન તરફ વિસ્તરેલી છે. એની પછી સમરુનના પર્વતો આવે છે. આજના જમાનામાં કાર્મેલ પર્વતનું નામ જેબેલ એલ કાર્મેલ છે.

ઇઝરાયલીઓએ યહોશુઆની સરદારી નીચે દેશ લીધો ત્યારે દેશની લંબાઈ પ્રમાણે ઉત્તરે-દક્ષિણ પ્રમાણે દેશના ત્રણ ભાગ પાડી શકાયઃ પૂર્વે યરદનનો નીચાણવાળો ખીણ પ્રદેશ વચલો પહાડી મુલક, અને ત્રીજો ભૂમધ્ય સમુદ્ર પાસેનો કંઠારપ્રદેશ. આ રચનામાં કાર્મેલની હારમાળા ભંગ પાડે છે. એને લીધે બહુ જાણીતો જેઝ્રીલ (એઝડ્રાએલ)નો ખીણ વિસ્તાર રચાય છે, અને બીજી બાજુ આશરનું મેદાન અને શારોનનું મેદાન બને છે.

કિનારો અંદર તરફ વળેલો હોઈને અક્કોનો ઉપસાગર બની રહે છે. અને એની પાસે જ આધુનિક અને નવું બનેલું હાઈફા શહેર આવેલું છે. હાઈફા બહુ અગત્યનું બંદર બની ગયું છે. તેલ-અવીવથી હાઈફા ૯૫ કિ.મિ. (૫૬માઈલ) છે, અને યરુશાલેમથી ૧૫૯ કિ.મિ. (૯૯ માઈલ) છે.

કાર્મેલ બહુ ફળદ્રુપ પ્રદેશ છે (યશાયા ૩૫ઃ૨). ચારે તરફ પુષ્કળ વનરાજી છે. કાર્મેલનો અર્થ જ ફળઝાડની વાડી થાય છે, (૨ કાળ. ૨૬ઃ૧૦). વસંતમાં તો જાણે આસપાસ રંગબેરંગી ફૂલોની જાજમ બિછાવી ન દીધી હોય! ગીતોના ગીતમાં (૭ઃ૫) શુલ્લામી કન્યાના માથાને કાર્મેલની સાથે સરખાવ્યુંએ છે. કદાચ એના ભરાવદાર વાળને લીધે, કે વળાંક લેતી એની લાંબી સુંવાળી ગરદન પર એનું ભરાવદાર માથું આવેલું હતું એટલેય હોય! દુશ્મન ચઢી આવે ત્યારે સમરુનના લોકો કાર્મેલની આસપાસ આવેલી અનેક ગુફાઓ અને ગાઢ ઝાડીમાં આવીને સંતાઈ જતા હતા.

ઇતિહાસની દૃષ્ટિએ કાર્મેલ પર્વતે એલિયા અને એલિશા પ્રબોધકોની પ્રવૃત્તિઓમાં ઘણો ભાગ ભજવ્યો છે. આહાબ રાજાના સમયમાં આ પર્વત ઉપર એલિયાએ બાલના ૪૫૦ પ્રબોધકો સામે સાચા ઈશ્વર અંગે પડકાર ફેંક્યો હતો. આ પ્રબોધકો આકાશથી અગ્નિ ઊતારી શક્યા નહોતા, જ્યારે એલિયાની પ્રાર્થના દ્વારા આકાશથી અગ્નિએ ઊતરીને વેદી પરના બલિદાનના ગોને ભસ્મ કર્યો હતો. પછી એલિયાએ બાલના ૪૫૦ પૂજકોનો સંહાર કર્યો હતો ( ૧ રાજા ૧૮ઃ૧૯-૪૦). કાર્મેલ પર્વત પરથી જ એલિયાએ (સાડા ત્રણ વર્ષથી વરસાદ બંધ હતો ત્યારે) વરસાદ માટે પ્રાર્થના કરી હતી. પછી પુષ્કળ વરસાદ વરસ્યો હતો

( ૧ રાજા ૧૮:૪૨-૪૫. યાકોબ ૫:૧૭). આ સ્થળેથી જ એલિયા આહાબ રાજાના રથની આગળ આગળ ૩૦ કિ.મી. (૧૯ માઈલ), ઈશ્વરની સહાયથી જેઝ્રીલ સુધી દોડ્યો હતો (૧ રાજા ૧૮:૪૬).

એલિયાના ઉત્તરોગામી એલિશા, તેઓ બંને યરદન્ આગળ છૂટા પડ્યા તે પછી, યરેખો થઈને કાર્મેલ પર્વતે આવી રહ્યો (૨ રાજા ૨:૧૫,૨૩,૨૫). ફરી એલિશા કાર્મેલ પર્વત પર હતો ત્યારે શૂનેમની સ્ત્રી પોતાના મરી ગયેલા દીકરા માટે મદદ શોધતી પ્રબોધક પાસે આવી હતી (૨ રાજા ૪:૮,૨૦,૨૫).

---



પ્રોફે. જી.લાન્કેસ્ટર હાર્ડિંગ યરૂશાલેમમાં જુના કરારનાં ઓળિયાંના કકડા ગોઠવે છે. (કુમરાનની ખાણમાંથી મળેલા "ડેડ સી સ્ક્રોલ્સ")

# કિદ્રોન નાળું

યરુશાલેમ શહેરને જૈતૂન પર્વતથી અલગ બનાવી દેનાર આ કિદ્રોન નાળું છે, અને યરુશાલેમ શહેરને આ નાળું શરૂઆતે પૂર્વ-દક્ષિણે અને પછી દક્ષિણ તરફ ભરડો લે છે, એ સદાયે પાણી રહિત હોય છે, સિવાય કે ખાસ કરીને વધુ પડતો વરસાદ પડ્યો હોય, શરુઆતે પહોળું અને છીછરું નાળું હોય છે, પછી આગળ વધતાં એ સાંકડું અને ઊંડું બનતું જાય છે. અને મૂળ મંદિર તરફના વિસ્તાર આગળ આવતાં તે ૩૦ મિટર (૧૦૦ ફૂટ) ઊંડું અને ૧૨૦ મિટર( ૩૯૦ ફૂટ) પહોળું બની જાય છે.

દક્ષિણ તરફ આગળ જતાં કિદ્રોન નાળું તાઈરોપોઈઓન નાળાને મળે છે. અને આગળ હિન્નોમની ખીણને મળી જાય છે. યરુશાલેમની સામે, એટલે કે કિટ્રોન નાળાનાં ઊંચાં ચઢાણ બાજુ ખડકમાં ખણી કાઢેલી કબરો જોવા મળે છે. ઉત્તર તરફ જઈએ તો ગીહોનનો ઝરો આવે છે. એથીય ઉત્તર તરફ વધીએ તો કિદ્રોન નાળું ખૂબ પહોળું અને સપાટ મેદાન જેવું બની જાય છે.

પ્રભુ ઈસુ છેલ્લા વાળુ પછી (અને પ્રભુભોજનની સ્થાપના પછી) સુવર્ણ દરવાજેથી નીકળી કિદ્રોન નાળું ઓળંગીને (યોહાન ૧૮:૧) ગેથેસેમાનેમાં ગયા હતા. અત્યારે ઘણાં સૈકાંથી સુવર્ણ દરવાજો બંધ છે. એટલે શહેરમાંથી નીકળી જૈતૂન પહાડ પર કે ગેથસેમાનેમાં જવું હોય, તો મેંઢા ભાગળેથી સંત સ્તેફનને દરવાજેથી નીકળી ખૂબ પહોળા બનેલા કિદ્રોન નાળાને ઓળંગી જવું પડે,

આબ્શાલોમના બળવા વખતે દાવિદ રાજાએ પગે ચાલીને કિદ્રોન નાળું ઓળંગ્યું હતું ( ૨ શમુ. ૧૫:૧૪). યહૂદિયાના રાજાઓ આસા, હઝકિયા, અને યોસિયાના સમયમાં મૂર્તિઓનો ભંગાર નાખવા માટે આ કિદ્રોન નાળું વપરાતું હતું ( ૧ રાજા ૧૫:૧૩. ૨ રાજા ૩૨:૪,૬,૧૨. ૨ કાળવૃ ૧૫:૧૬. ૨૯:૧૬. ૩૦:૧૪). દાટવા માટે પણ આ નાળું વપરાયું છે ( ૨ રાજા ૨૩:૬). આબ્શાલોમ, યહોશાફાટ, ઝખાર્યા અને યાકોબની કબરો પણ કિદ્રોનમાં જ છે. એટલે આ નાળું અશુદ્ધ બની ગયું. એટલે યિર્મેયાની ભવિષ્યવાણી કે, મુડદાંઓની તથા રાખની

આખી ખીણ, કિદ્રોનના વહેળા સુધીનાં સર્વ ખેતર સહિત... યહોવાને સારું પવિત્ર થશે (યર્મિયા ૩૧:૪૦).

આ નાળાને અડીને ખ્રિસ્તી અને મુસલમાન લોકોનાં કબ્રસ્તાન આવેલાં છે.

## કિદ્રોન નાળામાંની કબરો

આબ્શાલેમનો સ્તંભ, ઝખાર્યા પ્રબોધકની કબર,
આ બધું કિદ્રોન નાળામાં આવેલું છે.

આબ્શાલોમે એના પિતા દાવિદ રાજા સામે બળવો ઉઠાવ્યો હતો. તેણે આ આબ્શાલોમનો સ્તંભ ઊભો કરાવ્યો હતો. હાલનો એ પિલર ગ્રીક સ્ટાઈલથી બનાવેલો છે. કદાચ ઇ.પૂર્વે એકમાં એ ઊભો કરવામાં આવ્યો હશે.

ઝખાર્યા પ્રબોધકની કબર અહીં આવેલી છે. એનું પૂતળું પથ્થરમાંથી કોતરેલું જોવા મળે છે. એ પૂતળું પણ ઇ.પૂર્વે એકમાં મૂકવામાં આવ્યું હશે, એમ મનાય છે. યિર્મેયાનું પુસ્તક પવિત્ર આત્માની પ્રેરણા દ્વારા તેણે લખ્યું હતું. 'યિર્મેયાનો વિલાપ' એ રુદન અને યરુશાલેમના (ઇ.પૂર્વે ૫૮૬ના) પતતના પરજિયા તરીકે 'ખોપરી' નામની જગામાં બેસીને રુદન કરતાં તેણે લખ્યું હતું.

## કુમરાનની ખીણો

મૃત સરોવરના પશ્ચિમ કાંઠે કુમરાનની ખીણો આવેલી છે. મૂળ ત્યાં જૂના સમયમાં એસેનીઓનો સમાજ વસતો હતો. અત્યારે તો ત્યાં કોઈ વસતું નથી. ઇ.પૂર્વે બીજી સદીથી ઇ.સ.ની પહેલી સદી સુધી એસેનીઓ ત્યાં વસતા હતા. આ ખીણોમાંથી માટીની કોઠીઓમાં બાઇબલના કેટલાક ભાગો (ચર્મપત્રો) મળી આવ્યા હતા- ખાસ કરીને યશાયાના પુસ્તકનો હસ્તલેખ. આજના આપણા બાઇબલ એમાં કંઈ ખાસ ફરક નથી. અભ્યાસકો એનો અભ્યાસ કરી રહ્યા છે. એ ચર્મપત્રોને **Dead Sea Serolls**ને નામે બધા ઓળખે છે. એ વીંટાઓ બે હજાર વર્ષો કરતાં જૂના છે.

# ગાલીલનો સમુદ્ર

ગાલીલ પ્રાંતમાં આવેલો આ સમુદ્ર ગાલીલના સમુદ્ર તરીકે ઓળખાય છે. બાઈબલમાં એનાં બીજાં પણ નામો છે, જેવાં કે કિન્નરેથ, ગેન્નેસારત, તિબેરિયસ. એનું અરબી રૂપ બાહ્ર તાબરિયા હાલ વપરાય છે. ઈઝરાયલ રાજ્યમાં એને કિન્નરેથ અથવા તો તિબેરિયસના નામથી ઓળખવામાં આવે છે. મેરોમ સરોવરથી દક્ષિણ ૧૯.૩ કિ.મિ. (બાર માઈલ) પર આવેલો આ સમુદ્ર અંડાકારનો છે. એ ઉત્તર-દક્ષિણે ૨૦.૩ કિ.મિ. (૧૨.૫ માઈલ) લાંબો અને પૂર્વ-પશ્ચિમ સાડા સાત માઈલ પહોળો છે. એની આસપાસ ડુંગરા આવ્યા છે. જેમાંના કેટલાક ૨,૦૦૦ ફૂટ ઊંચા છે. માત્ર જ્યાં યરદન નદી સમુદ્રને મળે છે ત્યાં જ ડુંગરા નથી.

એનાં પાણી સરોવરની જેમ મીઠાં છે, એટલે એને સમુદ્ર કહેવો કે કેમ એ પ્રશ્ન ખરો, પણ પાણીનો આટલો મોટો જથ્થો હોવાથી તેને સમુદ્ર કહ્યો છે. યરદન નદીનાં પાણી એમાં પડે છે, અને પાછી યરદન નદી ગાલીલના સમુદ્રમાંથી નીકળી આગળ વધે છે. એની ઉત્તરે ૧૯.૩ કિ.મિ. (બાર માઈલ) પર હિમાચ્છાદિત હેર્મોન પર્વત આવેલો છે. પર્વત પર શરૂ થતાં તોફાનો આ સમુદ્ર પર પણ ઉતરી આવે છે. એને લીધે અર્ધા કલાક પર શાંત દેખાતો સમુદ્ર થોડી જ વારમાં પ્રચંડ તોફાની બની જાય છે. બાઈબલમાં એનાં આ આંધી અને વાવાઝોડાંનું ઘણું વર્ણન આપ્યું છે.

દરિયાઈ સપાટી કરતાં તે ૬૮૨.૫ ફૂટ નીચો છે. એટલો નીચો હોવાને કારણે ગરમ પ્રદેશ જેવી એની આબોહવા છે. સમુદ્રની એક તરફ ગાડરેના દેશના ઊંચા ઊંચા ટેકરા આવેલા છે. સમુદ્રની ઊંડાઈ એંસીથી એકસો સાઠ ફૂટ સુધીની છે. આ સમુદ્રમાંથી લાંબી પાઈપલાઈનો લઈને દેશની છેક દક્ષિણે નેગેબના પાણીરહિત મુલકમાં પાણી પહોંચાડવામાં આવે છે.

અગાઉ આ સમુદ્રને કાંઠે કેટલાંક શહેરો વસેલાં હતાં, જેમ કે, બેથસાઈદા,ખોરાજીન, કફરનહૂમ, મગ્દલા, તિબેરિયસ, હિપ્પોસ, ઈત્યાદિ. હાલ એમાંનાં મોટા ભાગના નાશ પામી ગયાં છે. તિબેરિયસ

હૈયાત છે. મગ્દલા ભંગારરૂપ છે. પાલેસ્તાઈનનાં ઘણાં પુરાણાં શહેરો હવે ફરીથી અસ્તિત્વમાં આવ્યાં છે. પણ કફરનાહુમ, બેથસાઈદા તથા ખોરાજીન ફરી બંધાયાં નથી. એમને માટે પ્રભુ ઈસુએ કહ્યું:

"ત્યારે જે નગરોમાં તેનાં (ઈસુનાં) પરાક્રમી કામો થયાં હતાં તેઓએ પસ્તાવો નહિ કર્યો માટે તે તેઓ પર દોષ મૂકવા લાગ્યો કે, ઓ ખોરાજીન, તને હાય! હાય! ઓ બેથસાઈદા તને હાય! હાય! કેમ કે જે પરાક્રમી કામો તમારામાં થયાં તે જો સૂર તથા સિદોનમાં થયાં હોત, તો તેઓએ તાટ તથા રાખમાં બેસીને ક્યારનો પસ્તાવો કર્યો હોત. વળી હું તમને કહું છું કે ન્યાયકાળે સૂર તથા સિદોનને તમારા કરતાં સહેલ પડશે. અને, ઓ કફરનહૂમરો તું આકાશ સુધી ઊંચુ કરાશે શું ? તું પાતાળ સુધી નીચું ઊતરશે, કેમ કે જે પરાક્રમી કામો તારામાં થયાં તે જો સદોમમાં થયાં હોત,તો તે આ જ લગી રહેત. વળી હું તમને કહું છું કે, ન્યાયકાળે સદોમ દેશને તારા કરતાં સહેલ પડશે" (માથ્થી ૧૧:૨૦-૨૪. વળી જુઓ લૂક ૧૦:૧૨-૧૫).

એ શાપવચન પ્રમાણે આજે એ ત્રણેમાંથી એકેય શહેર હયાત નથી. બેથસાઈદા તો પિતર, આંદ્રિયા તથા ફિલિપનું ગામ હતું.

આ સમુદ્રમાં એકદમ તોફાન શરૂ થઈ જાય છે, જેમ પ્રભુ ઈસુ અને શિષ્યોને આવા એકાએક તોફાનમાંથી પસાર થવું પડ્યું હતું (માથ્થા ૮:૨૪,૧૪:૨૪) સમુદ્ર નીચાણમાં આવેલો હોઈને એનું હવામાન આસપાસના વિસ્તાર કરતાં ગરમાળ રહે છે. બરફ છવાયા હેર્મોન પર્વત તરફથી આવતા વાયરા આ યરદન ખીણ અને સમુદ્ર ઉપર જોર જોરથી ઘુમરાય છે.

ગાલીલના સમુદ્રમાં જથ્થાબંધ માછલી થાય છે. લગભગ ૩૦ જાતની માછલી અહીં થતી હશે. એમાંની કેટલીક જાતોને તો બાઈબલનાં નામ પણ આપવામાં આવ્યાં છે. જેમ કે ક્રોમીસ આંદ્રિય, ક્રોમીસ સિમોનીસ, અને ક્રોમીસ માગ્દાલેની. માછલીઓનો વેપાર અહીં ધમધોકાર ચાલતો હતો. અહીંથી માછલાં છેક યરુશાલેમ સુધી જતાં હતાં.

માથ્થી ૮:૨૩-૨૫માં આપ્યું છે: "અને હોડી પર તે ચઢ્યો ત્યારે તેના શિષ્યો તેની સાથે ગયા. અને જુઓ, સમુદ્રમાં એવું મોટું તોફાન થયું

કે હોડી મોજાંઓથી ઢંકાઈ ગઈ; પણ તે પોતે ઊંઘતો હતો. ત્યારે તેઓએ તેની પાસે આવીને તેને જગાડીને કહ્યું કે, ઓ પ્રભુ, અમને બચાવ. અમે નાશ પામીએ છીએ. અને તે તેઓને કહે છે, ઓ અલ્પવિશ્વાસીઓ, તમે શા વાસ્તે ભયભીત થયા છો? પછી તેણે ઊઠીને પવનને તથા સમુદ્રને ધમકાવ્યા અને મહા શાંતિ થઈ. આમ ગાલીલ સમુદ્રમાં એકાએક તોફાન શરૂ થઈ જતાં. ઘણી વખત તો મોજાં ૬૦ ફૂટ જેટલાં ઊંચાં ઊછળતાં; ડબલ મજલાના ઘર કરતાંયે ઊંચાં.

પ્રભુ ઈસુએ પવનને તથા સમુદ્રને ધમકાવ્યાં અને મહા શાંતિ થઈ! પવન અને સમુદ્ર જડ વસ્તુઓ છે, ચેતન નથી. એમને મગજ હોય નહિ, એટલે એમને ધમકાવી ન શકાય, પ્રભુ ઈસુએ તો શેતાનને ધમકાવ્યો. શેતાન ઈસુને મારી નાખવા અનેક પ્રયત્નો કરતો આવ્યો છે. તોફાન ઊભું કરીને ઈસુને મારી નાખવાનો જ પ્રયત્ન હતો. એટલે પવન તથા સમુદ્ર મારફતે શેતાનને ધમકાવ્યો.

પિતર મારફતે ઈસુએ શેતાનને જ ધમકાવ્યો હતો ને! પ્રભુ ઈસુ પોતાના મરણ વિષે વાત કરતા હતા, ત્યારે પિતરે તેમને કહ્યું, પ્રભુ, એવું તમારાથી દૂર થાઓ! એટલે પ્રભુ ઈસુ પિતરને ધમકાવીને કહે છે અરે શેતાન મારી પાછળ જા. અહીં પિતરને પાછળ જવાનું નથી કહ્યું, પણ પિતરની મારફતે ઉપરોક્ત શબ્દો બોલાવનાર શેતાનને પાછળ જવા કહ્યું છે.

એમ અહીં પવન અને સમુદ્રને જ નહિ, પણ એની પાછળ છૂપું કાર્ય કરનાર શેતાનને પ્રભુ ઈસુ ધમકાવે છે.

## ગીરીઝીમ પર્વત

ગીરીઝીમ પર્વત અને એબાલ પર્વત ઈઝરાયલ રાજ્યમાં લગભગ વચ્ચોવચ આવેલા છે. ગીરીઝીમ આજે જેબેલ એન તૂર તરીકે અને હિબ્રૂમાં હર ગીરીઝીમ તરીકે ઓળખાય છે. મૂળ સમરુન પ્રાંતની મધ્યમાં આ બંને પર્વત આવેલ છે. બંને પર્વતની વચ્ચે અર્ધો માઈલ જેટલું ફળદ્રપ શખેમનું મેદાન છે, હાલમાં નેબ્લુસ શહેર શખેમ શહેરની જગાએ છે.

ઈઝરાયલના જૂના ઈતિહાસમાં આ બે પર્વતોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. અબ્રાહામે અહીં શખેમ પાસે મોરેહ ઝાડ નીચે તંબુ તાણ્યો હતો. તે સમયે ઈશ્વરે તેને આ પ્રમાણે વરદાન આપેલું કે, "હું તારા વંશજોને આ દેશ આપીશ" (ઉત્પ ૧૨:૭). યાકોબ નારામમાંથી આવતાં કનાન દેશના શખેમ સુધી સહિસલામત આવ્યો ને શહેરની સામે તંબુ માર્યો. અને જે જમીનના કકડા પર તેણે પોતાનો તંબુ માર્યો હતો, તે તેણે શખેમના બાપ હમોરના દીકરાઓની પાસેથી સો રૂપિયે વેચાતો લીધો, અને ત્યાં તેણે વેદી બાંધી અને તેનું નામ એલ એલોહે ઈઝરાયલ પાડ્યું" (ઉત્પ. ૩૩:૧૮-૨૦).

ઈઝરાયલ લોકો મિસરથી કનાનમાં આવ્યા ત્યારે યોસેફનાં હાડકાં તેઓ મિસરથી લેતા આવેલા અને અહીં શખેમમાં તે દાટવામાં આવ્યાં હતાં. (ઉત્પ ૫૦:૨૪-૨૬. યહોશુ ૨૭:૩૨).

વળી યહોશુઆની આગેવાની નીચે ઈઝરાયલનાં બાર કુળોમાંથી છ કુળો ગીરીઝીમ પર્વત ઉપર ઊભાં રહ્યાં, અને છ કુળો એબાલ પર્વત ઉપર ઊભા રહ્યાં. અને મોશે એ અગાઉ ફરમાવ્યું હતું તેમ નિયમશાસ્ત્ર વાંચી સંભળાવવામાં આવ્યું. તેમાં દર્શાવેલા આશીર્વાદો વિષે ગરીઝીમ ઉપર ઊભેલાં કુળોએ પ્રત્યુત્તર વાળ્યો અને તેમાં દર્શાવેલા શાપો સામે એબાલ પર્વત પર ઊભેલાં કુળો એ પ્રત્યુત્તર વાળ્યો (યહોશુ, ૮:૩૫). એ વાતની અજાયબી લાગે છે કે આ બાર કુળોના લોકો અને બીજા મિશ્ર લોકો મળીને ૩૦ લાખના સમુદાયે બે પહાડો પર ઊભા રહીને નિયમશાસ્ત્રનું સ્પષ્ટ વાચન કેવી રીતે સાંભળ્યું હશે?

હું ૧૯૫૪માં એ સ્થળે ઊભો હતો, અને જોશથી બોલ્યો હતો ત્યારે ઘનઘોર અવાજ જોરથી સાંભળી શક્યો હતો.

ન્યાયાધીશોના સમયમાં ગિદીઓનના પુત્ર યોથામે શખેમના લોકોને ગીરીઝીમ પર્વત પરથી સંબોધ્યા હતા. એટલે આજેય એક સપાટ પથ્થરને યોથામના પુલપીટ તરીકે ઓળખવામાં આવે છે (ન્યાયા. ૯:૮).

આ બે પર્વતોની વચ્ચે સૈખાર ગામ અને યાકોબનો કૂવો આવેલાં છે.

બાબેલના બંદિવાસમાંથી ઈઝરાયલીઓ પાછા આવ્યા, ત્યારે યરુશાલેમનું મંદિર બાંધવામાં સમરુનીઓની મદદ લેવાની ઈઝરાયલીઓએ ના પાડી, ત્યારે સમરુનીઓએ ગીરીઝીમ પર્વત પર મંદિર બાંધ્યું, અને યાજકોની આગવી વ્યવસ્થા કરી. આજેય એ મંદિરના ભંગાર જોવા મળે છે. હું જ્યારે કષ્ટમય અઠવાડિયામાં (૧૯૫૪માં) ત્યાં ગયો હતો, ત્યારે ૩૫૦-૪૦૦ જેટલા સમરુનીઓની વસતી ગીરીઝીમ પર્વત ઉપર પાસ્થા પાળવા ગઈ હતી. તેઓ બાઈબલમાંથી ફક્ત મોશેનાં પાંચ પુસ્તકોને જ માન્ય રાખે છે.

સમરુની સ્ત્રી ઈસુની સાથે વાત કરતા કહે છે કે "અમારા પિતૃઓ આ પહાડ પર ( એટલે કે ગીરીઝીમ ઉપર) ભજન કરતાં હતા" (યોહા. ૪:૨૦). ગીરીઝીમ ૮૫૦ મિટર (૨૮૦૦ ફૂટ) અને એબાલ ૯૧૦ મિટર (૩૦૦૦ ફૂટ) ઊંચો છે.

## ગેથસેમાને વાડી

આ વાડી જૈતૂન પર્વત ઉપર આવેલી છે. યરુશાલેમ શહેરના સંત સ્તેફનના દરવાજેથી નીકળી કિદ્રોન નાળું ઓળંગી જૈતૂન પર્વત પર અને પછી ગેથસેમાને બાગમાં અવાય છે. (સંત સ્તેફન દરવાજો મેંઢા ભાગળ તરીકે તેમ જ લાયન્સ ગેટ તરીકે પણ ઓળખાય છે).

આ બાગ કોઈ ઘર આગળ બનાવેલા બાગ જેવો નથી, પણ ત્યાં જૈતૂનનાં તેમ જ બીજાં અનેક ઝાડોને લીધે તે ઘટાદાર કુદરતી બાગ જેવો લાગે છે. એની આસપાસ થોડા વખત પર પથ્થરની દીવાલ બનાવવામાં આવી છે. એની ઉત્તરની દીવાલ ૧૫૦ ફૂટ લાંબી, અને પશ્ચિમની દીવાલ ૧૧૦ ફૂટ લાંબી છે. જૈતૂન એટલે 'તેલ કાઢવાનો કુંડ' થાય છે. કદાચ આ બાગમાં તેમ જ બહાર પણ ઘણાં બધાં જૈતૂનનાં ઝાડ લાંબા વર્ષો પૂર્વે આવેલાં હતાં તેને કારણે આ બાગને એવું નામ આપવામાં આવ્યું હોય.

રોમ સરકારનો જનરલ (જે પાછળથી બાદશાહ બન્યો તે ) તિતસે ઇ.સ. ૭૦માં યરુશાલેમ જીતી લીધું, અને મંદિરને બાળી નાખ્યું તે સમયે તિતસે હજારો યહૂદીઓને વધસ્તંભે જડી દીધા. વધસ્તંભો બનાવવા


અહીંનાં અને આસપાસનાં હજારો જૈતવૃક્ષો અને અન્ય ઝાડો કપાયાં હતાં. એમ જૈતૂન ઝાડો ઓછાં થઈ ગયાં.

પ્રભુ ઈસુ યરુશાલેમમાં હોય ત્યારે પોતે એકલા કે શિષ્યોને લઈને જૈતૂન પર્વત પર ગેથસેમાને નામે ઓળખાતી વાડીમાં પ્રાર્થના કરવા જતા. લૂક ૨૨:૩૯-૪૦માં આ પ્રમાણે આપ્યું છે કે, "બહાર નીકળીને તે **(ઈસુ) પોતાની રીતે પ્રમાણે જૈતૂન પહાડ પર ગયા,** શિષ્યો પણ તેમની પાછળ પાછળ ગયા, તે (ઈસુ) તે ઠેકાણે (ગેથસેમાનેમાં) આવ્યા, ત્યારે તેમણે તેઓને કહ્યું કે..." જૈતૂન પહાડ પર ગેથસેમાનેમાં પ્રાર્થના કરવાની તેમની રીત હતી.

વળી યોહાન ૧૮:૧-૨માં પણ આ પ્રમાણે આપેલું છે કે, "એ વાતો કહીને ઈસુ પોતાના શિષ્યો સહિત કિદ્રોન નાળાને પેલે પર ગયા. ત્યાં એક વાડી હતી, જેમાં પોતે તથા તેમના શિષ્યો ગયા. હવે તેમને પરસ્વાધીન કરનાર યહૂદા પણ તે ઠેકાણું જાણતો હતો , કેમ કે ઈસુ પોતાના શિષ્યોની સાથે ઘણી વાર ત્યાં જતા હતા." અને ગેથસેમાનેમાં પ્રાર્થના કર્યા પછી તેઓ બેથાનિયામાં માર્થા અને મરિયમને ઘેર રાતવાસો કરતા હતા. ગેથસેમાનેથી એકાદ માઈલ છેટે આ ઘર આવેલું હતું.

ગેથસેમાને વાડી તે કોઈ બગીચો નથી. પણ કુદરતી વાડી છે. જૈતૂનનાં ઝાડ અને બીજાં અનેક ઝાડ છે. અને 'પિકનિક'ની જગા જેવું લાગે. બહુ જૂનાં આઠ જૈતૂનનાં ઝાડ હયાત છે. પહેલા વિશ્વયુદ્ધ પછી લગભગ દશ જૈતૂનનાં ઝાડ હતાં. પણ હજારો મુસાફરો યાદગીરીને માટે ડાળીઓ તોડી તોડીને લઈ જતા. એટલે બે ઝાડ આજથી સિત્તેરેક વર્ષ પર સુકાઈ ગયાં. એમ માનવામાં આવતું હતું કે પ્રભુ ઈસુનો પરસેવો લોહીરૂપે પડ્યો તે આ બેમાંથી એક જૈતવૃક્ષ નીચે પડ્યો હતો. ત્યાં એટલે કે આ બે ઝાડ સુકાઈ ગયાં ત્યાં આજથી સિત્તેરેક વર્ષ ઉપર (૧૯૧૯-૧૯૨૪માં) એક મંદિર બાંધવામાં આવ્યું છે, જેને "Church of all Nations" (સર્વ પ્રજાઓનું મંદિર) કહેવામાં આવે છે. ફ્રાન્સિસ્કન સંપ્રદાયે આ ચર્ચ બંધાવ્યું હતું.

આ દશ ઝાડનાં મૂળોમાંથી થોડાં થોડાં કાપીને, કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં કાર્બન ૧૪ દ્વારા એની પરીક્ષા કરતાં ૨૩૦૦ના વર્ષ અને કેટલાંક ૨૨૦૦ વર્ષ જૂનાં જાહેર કરવામાં આવ્યાં છે. એમાંથી બે સુકાઈ ગયાં, એટલે આઠ જૂનાં જૈતવૃક્ષ રહ્યાં છે. આ ઝાડો નીચે પણ ઈસુએ કોઈ કોઈ વાર પ્રાર્થના કરી હશે, એમ માનવામાં આવે છે. ઈ.સ. સાતમી સદીમાં આરબોએ યરુશાલેમ જીતી લીધું હતું ત્યારે તેઓ પણ આ દશ ઝાડોને પવિત્ર માનતા હતા.



ઉપર જોયું તેમ પ્રભુ ઈસુ જ્યારે જ્યારે યરુશાલેમમાં હોય ત્યારે તે કાંતો એકલા કે શિષ્યોની સાથે આ વાડીમાં પ્રાર્થના કરવા આવતા, અને પછી રાતવાસો થોડે જ અંતરે આવેલા બેથાનિયા ગામમાં માર્થા, મરિયમ અને લાજરસને ત્યાં કરતા હતા.

પોતાની છેલ્લી રાતે તેમણે આગ્રહથી રડી રડીને પ્રાર્થના કરી. એમનો જીવ મરવા જેવો શોકાતૂર બની ગયો હતો. રોમન કેથોલિક તરજૂમામાં (સંપૂર્ણ બાઈબલમાં) આપવામાં આવ્યું છે: "મને એટલો બધો શોક થાય છે કે જાણે પ્રાણ ચાલ્યા જશે" (માથ્થી ૨૬:૩૭). (વળી જુઓ હિબ્રૂ ૫:૭): "તેના દેહધારીપણાના સમયમાં તેને મરણથી છોડાવવાને જે શક્તિમાન હતો, તેની પાસે તેણે મોટે ઘાંટે તથા આંસુ સહિત પ્રાર્થના તથા કાલાવાલા કર્યા." પ્રભુ ઈસુ પરમ પિતાની જ ઈચ્છા પ્રમાણે કરતા. તેથી જ તેમણે કહ્યું કે "પિતા, મારી ઈચ્છા પ્રમાણે નહિ પણ તમારી ઈચ્છા પ્રમાણે થાઓ."

એટલામાં જ ભાલા અને સોટા લઈને તેમને પકડવા ટોળું આવી પહોંચ્યું. યહૂદાએ ઓળખાણ આપવા માટે પ્રભુ ઈસુને ચૂંબન કર્યુંયે ખરું. અને તેઓ પ્રભુ ઈસુને પકડીને લઈ ગયા. પિતરે તલવાર કાઢીને પ્રમુખ યાજકના ચાકરનો કાન કાપી નાખ્યો. પણ પ્રેમથી છલકાતા હૃદયવાળા પ્રભુ ઈસુએ તેનો કાન સાજો કરી દીધો.

એ ખ્યાલ કરો કે, તે વખતે યહૂદી નિશાન માસ હતો, અને નિશાન અર્ધો વિતી ગયો હતો (આપણા દેશ પ્રમાણે માર્ચની છેલ્લી તારીખો કે એપ્રિલની શરુઆતની તારીખો), ઠંડી પડતી હતી. પિતર તાપણા પાસે બેઠો હતો, એ બતાવે છે કે વાતાવરણ ઠંડું હતું, અને તેયે પ્રમુખ યાજકના મહેલમાં! ત્યારે ગેથસેમાનેના ખૂલ્લા વાતાવરણમાં અને ઝાડીના ઝૂંડમાં કેટલી ઠંડી હશે ? એવી ઠંડીમાં પ્રભુ ઈસુને પરસેવો થયો! અને લોહીનાં ટીપાં જેવો એ પરસેવો જમીન પર ટપક્યો! એ હૃદયની કેવી કારમી વેદના હશે? તમારે માટે; હા, મારે માટે.

•

# જૂના યરુશાલેમના આઠ દરવાજા

યરુશાલેમ શહેરને બધી મળીને ત્રણ દીવાલો થઈ. દીવાલો નવી થતાં દરવાજા પણ બદલાય છે. જૂના શહેરને આ પ્રમાણે આઠ દરવાજા હતાઃ

૧.જાફ્ફા દરવાજોઃ નવા શહેરની એકદમ પાસે આવેલો છે. રેહોવ યફોની શરુઆતે.

આ દરવાજા ઉપર સુલતાન સુલેઈમાનનું લખાણ છે. એણે ઈ.સ. ૧૫૩૮-૩૯માં (મુસ્લીમ હિજરી સાલ ૯૪૫) એ બાંધવાનો હુકમ આપેલો. શહેરની પશ્ચિમે એ આવેલો છે. શહેરનો સૌથી વધુ જાણીતો અને સૌથી વધુ વપરાતો તથા ભરચક આ જાફ્ફા દરવાજો છે.

૨.ઝાઈન (સિયોન દરવાજોઃ) (ઘડિયાળના કાંટાથી ઉલટી દિશામાં જઈએ છીએ.) સિયોન પર્વત પર દાવિદની કબર આવેલી છે, તે કબરની પાસે જ આ દરવાજો છે.

૩.ડંગ ગેટ-કચરાનો દરવાજોઃ ત્યાં શહેરનો કચરો ઠલવાતો હતો. રુદનની (અથવા પશ્ચિમ) દીવાલની પાસે.

કચરાનો દરવાજો (ડન્ગ ગેટ)- શહેરની દક્ષિણે આવેલો છે. ખરું જોતાં શહેરનું એ ‘બેક ડોર’ સમાન છે. સુલતાન સુલેઈમાન માટે ૧૫૪૦માં આ દરવાજો બનાવવામાં આવેલો હતો. અહીંથી હેબ્રોન જવાય છે.

૪. ગોલ્ડન ગેટ અગર સુવર્ણ દરવાજોઃ એને ગેટ ઓફ મર્સી (દયાનો દરવાજો) પણ કહેવામાં આવે છે. પ્રભુ ઈસુ પામ સન્ડેને દિવસે ત્યાં થઈને પ્રવેશ્યા હતા. તેમ જ તે છેલ્લું વાળુ લઈને શિષ્યો સાથે ગેથસેમાને વાડીમાં જવા નીકળ્યા ત્યારે આ ગોલ્ડન ગેટેથી નીકળ્યા હતા. યોહાન માર્કનું ઘર અને મેડી એ દરવાજાની અંદર તદન પાસે જ આવ્યાં હતાં, એ પછી તેમણે એ દરવાજો વાપર્યો જ નથી. એટલું નહિ, પણ સૈકાંથી એ દરવાજો બંધ છે; કોઈ જ ખોલી કે વાપરી શકતું નથી.

ત્યાંના આરબો અને યહૂદીઓમાં એક વાયકા ચાલી રહી છે કે પ્રભુ ઈસુ જ્યારે આવશે ત્યારે સોનાની કુહાડીએ તે આ દરવાજો ખોલશે, અને અંદર પ્રવેશશે.

આ ઉપરાંત હઝકિયેલ પ્રબોધકે એના પુસ્તકમાં આ દરવાજા વિષે આમ લખ્યું છે :

"ત્યાર પછી પવિત્રસ્થાનનો બહારનો દરવાજો જેનું મો પૂર્વ તરફ છે તે દરવાજે તે મને લાવ્યો... યહોવાના ગૌરવે પૂર્વ તરફના મોંવાળા દરવાજાને માર્ગે મંદિરમાં પ્રવેશ કર્યો... અને જુઓ, યહોવાના ગૌરવથી મંદિર ભરાઈ ગયું હતું" (હઝકિ. ૪૩:૧,૪,૫).

"ત્યાર પછી પવિત્રસ્થાનનો બહારનો દરવાજો જેનું મોં પૂર્વ તરફ છે તેને માર્ગે તે મને પાછો લાવ્યો. અને તે બંધ હતો. યહોવાએ મને કહ્યું આ દરવાજો બંધ રહે. તે ઉઘાડવામાં ન આવે ને કોઈ માણસ તેમાં થઈને અંદર ન આવે. કેમ કે ઈઝરાયલના દેવ યહોવાએ તેમાં થઈને પ્રવેશ કર્યો છે; એ માટે તે બંધ રાખવામાં આવે" (હઝકિ. ૪૪:૧-૨).

એ દરવાજો ચણી લેવામાં આવ્યો છે. આજ સુધી કેટલાય જણે તે દરવાજો ખોલવા પ્રયત્ન કર્યો છે, પણ તેઓ સફળ થયા નથી. એને દયા દરવાજો પણ કહેવામાં આવે છે.

### ૫.સંત સ્તેફનનો દરવાજો:

એને લાયન્સ ગેટ (**Lions Gate**) નામે પણ ઓળખવામાં આવે છે. એનો બાંધનાર સુલતાન સુલેઈમાન હતો. એને સ્વપ્નમાં કહેવામાં આવ્યું હતું કે તું આ શહેરને ફરતો કોટ (દીવાલ) બાંધ, નહિ તો સિંહો આવીને તને ફાડી નાખશે. આવી પ્રચલિત વાત છે. એટલે આ દરવાજાની બહારની બાજુએ બે સિંહો ચણતર દ્વારા ઊભા કરવામાં આવ્યા છે.

લાયન્સ દરવાજો- મથાળે એની બંને બાજુએ સિંહો કોતરેલા છે. એને ઓટોમન તૂર્કોએ ઈ.સ. ૧૫૩૮-૩૯માં ફરીથી બાંધ્યો હતો, એવું એની પર લખાણ છે. (મુસ્લીમ વર્ષ હિજરી ૯૪૫). એને સ્તેફન દરવાજો

પણ કહે છે. આ દરવાજા બહાર સંત સ્તેફનને પથ્થરે માર્યો હતો. એને 'મેંઢા ભાગળ' પણ કહે છે. પૂર્વ તરફ આવેલો છે.ત્યાંથી યરેખો અને મૃત સરોવર તરફ જવાય.

૬.<u>હેરોદનો દરવાજો</u>: મહાન હેરોદે યરુશાલેમમાં ઘણાં બાંધકામ કર્યો હતાં, તેના નામ પરથી આ દરવાજાને નામ આપવામાં આવ્યું હતું. યરુશાલેમના બીજી વખતના મંદિરને તેણે ૪૨ વર્ષમાં એક પછી બીજો એમ જુદા જુદા ભાગો ફરી બંધાવીને મંદિરને નવું અને ભવ્ય બનાવ્યું હતું. એ જ હેરોદે બેથલેહેમમાંથી અને આસપાસની સીમોમાંથી બે વર્ષથી નાનાં બાળકોને મારી નંખાવ્યાં હતાં (માથ્થી ૨:૧૬).

હેરોદનો દરવાજો- આ દરવાજો પણ યરુશાલેમની ઉત્તરે છે. એને 'ફલોનો દરવાજો' પણ કહે છે, કારણ, એના પર ફૂલોની ડીઝાઈન કોતરેલી છે.

૭.<u>દમસ્ક (અથવા શખેમ) દરવાજા</u>: આ દરવાજેથી શરુ થતા રસ્તાનું નામ દમસ્કનો (કે શખેમનો) રસ્તો હતું . એ રસ્તાના નામ પરથી આ દરવાજાનું નામ પડ્યું. આ રસ્તે થઈને શાઉલ (પાઉલ) દમસ્ક જઈ રહ્યો હતો. સિરિયાનું પાટનગર દમસ્ક શહેર. એ તરફ આ રસ્તો જાય છે. સુલેઈમાન ધી મેગ્નીફિસન્ટ આ દરવાજાનો બંધાવનાર હતો. આ દમસ્ક દરવાજાની અંદર થઈને આરબ (અથવા ઓરિએન્ટ) બજારમાં જવાય છે. દમસ્ક દરવાજાની નીચે જૂનો રોમન દરવાજો પુરાવિદ્યા દ્વારા ખોદી કાઢવામાં આવ્યો છે.

દમસ્ક દરવાજો- શખેમ (હાલના નેબ્લુસ) તરફ જવાનો રસ્તો. આખરે એ રસ્તો સિરિયાના દમસ્ક શહેર તરફ જાય છે. પ્રભુ ઈસુની ગોર્ડન્સ (ગાર્ડન) ટુમ્બે અહીંથી જવાય. યરુશાલેમની ઉત્તરે આ દરવાજો છે.

૮.<u>ન્યુ ગેટ (નવો દરવાજો)</u>: આ દરવાજો ઈસ. ૧૮૮૯માં બનાવવામાં આવ્યો જેથી જૂના યરુશાલેમમાંના ખ્રિસ્તી મહોલ્લામાં સીધું જઈ શકાય.

શહેરની ઉત્તરે આવેલો છે. ખરેખર તો એ દરવાજો નહિ, પણ દીવાલમાં પાડેલા બાકોરા જેવો છે. ઈ.સ. ૧૮૮૭માં આ દરવાજો બનાવ્યો હતો. યરુશાલેમના ખ્રિસ્તી વિસ્તારમાં જઈ શકાય માટે એને બનાવવામાં આવ્યો હતો.

<u>રોમન દરવાજો</u>- દમસ્ક દરવાજાની નીચે ખોદકામ દ્વારા આ



બીજા આઠ દરવાજા માટે જુઓ
પૃષ્ઠ ૧-

રોમન દરવાજો ખોદી કાઢવામાં આવ્યો છે. અત્યારે એ વપરાશમાં નથી. આ સિવાય શહેરના મુખ્ય દરવાજા, ઉપર રજૂ કર્યા તેમ, આઠ છે.

•

# જૈતૂન પર્વત

જૈતૂન પર્વત યરુશાલેમની પૂર્વે આવેલો છે. શહેર અને પર્વત વચ્ચે કિદ્રોન નાળું આવેલું છે. જૈતવૃક્ષોથી ભરપૂર હોવાથી તેને જૈતૂન પર્વત કહે છે. યરુશાલેમમાં વિજયી પ્રવેશ વખતે પ્રભુ ઈસુ આ પર્વતના ઢોળાવ ઉપર ઊભા રહી યરુશાલેમ જોઈને પોક મૂકીને રડ્યા હતા. પ્રભુ ઈસુ પોતાની રીત પ્રમાણે વારંવાર આ પર્વત પર પ્રાર્થના કરવા આવતા હતા. અહીં રહીને પવિત્ર શહેરના નાશ વિષે, પોતાના દુઃખસહન વિષે અને ધરપકડ વિષે પોતાના શિષ્યોને જાણ કરી હતી. અને અહીંથી જ તેમણે દશ કુંવારીઓ વિષે તથા તાલંત વિષે અર્થપૂર્ણ દૃષ્ટાંતો કહ્યાં હતાં. હાલમાં આ પર્વતને "યાબેલ- એન-તુર" કહે છે. તે આશરે એક માઈલ લાંબો છે ને ૪૦૦ ફૂટ ઊંચો છે.

જૈતૂન પર્વત ખરું જોતાં એક જ પર્વત નહિ, પણ પર્વતોની હારમાળા છે અને એમાં ચાર મુખ્ય શિખરો આવેલાં છે. આ બધા પર્વતો ચૂનાળ પર્વતો છે. છેક ઉત્તર તરફ આવેલું શિખર સૌથી ઊંચું એટલે ૨૭૨૩ ફૂટ ઊંચું છે. એને સ્કોપસ પર્વત તરીકે ઓળખવામાં આવે છે. આ પર્વતનું જરા દૂરનું શિખર યરુશાલેમથી એક સાબ્બાથની મુસાફરી જેટલું દૂર છે. યહૂદી જન જો સાબ્બાથને દિવસે એથી લાંબી મુસાફરી કરે તો તેણે કાનૂનભંગ યા સાબ્બાથભંગ કર્યો ગણાય (પ્રે.કૃ. ૧:૧૨).

જૈતૂન પર્વતના પશ્ચિમ ભાગમાં ગેથસેમાને બાગ આવ્યો છે. આ કોઈ બગીચો નથી, પણ જૈતવૃક્ષોની હારમાળા છે. વૃક્ષોની આછી ઘટાને લઈને એને બાગ કહ્યો છે. જૈતવૃક્ષો બહુ દીર્ઘાયુ હોય છે. બેથાનિયા અને બેથફાગે નગરો પર્વતની જમણી તરફ આવેલાં હતાં. બેથફાગે પહાડના ઢોળાવ પર, અને બેથાનિયા છેક તળેટીમાં આવ્યું છે. બેથાનિયામાં માર્થા, મરિયમ અને લાઝરસના મનાતા ઘરના સ્થળ ઉપર નાનું સુંદર મંદિર બાંધેલું છે.

એ શિખરનું નામ કારેમ-એસ-સૈયદ છે. એ પછી બીજા નંબરનું શિખર સ્વર્ગગમન (એસેન્સન) નામથી ઓળખાય છે. છેક ઈ.સ. ૩૧૫થી

મનાતું આવે છે કે, આ શિખર પરથી પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ થયું હતું. ખ્રિસ્તી બનેલા રોમન બાદશાહ કોન્સ્ટન્ટાઈને ત્યાં નાનું મંદિર બંધાવ્યું હતું. એ તો ક્યારનુંય પડી ગયું, અને અત્યાર સુધીમાં કેટલાંયે મંદિરો એ જગા ઉપર બંધાઈ ચૂક્યાં. એ બધાં સ્વર્ગગમનના નામે ઓળખાયાં છે. આ શિખર દરિયાઈ સપાટીથી ૨૬૪૩ ફૂટ ઊંચું છે. તે યરુશાલેમ શહેરના પૂર્વના દરવાજાની બિલકુલ સામે આવેલું છે. શહેર અને શિખર વચ્ચે આવેલા કિદ્રોન નાળાના તળિયાથી ગણીએ તો શિખર ૩૧૧ ફૂટ ઊંચું, અને યરુશાલમના મંદિરની ટેકરીની સપાટી કરતાં ૨૦૮ ફૂટ ઊંચું ગણાય.

ત્રીજું શિખર પ્રબોધકો (પ્રોફેટ્સ) નામે ઓળખાય છે, કારણ આ શિખરની બાજુમાં "પ્રબોધકોની કબરો" આવેલી છે. જૈતૂન પર્વતનું ચોથું શિખર 'અપરાધનો ઢગલો' (માઉન્ટ ઓફ-ઓફેન્સ) તરીકે ઓળખાય છે. એમ માનવામાં આવે છે કે શલોમોન રાજાએ પોતાની પરદેશી રાણીઓનાં દેવદેવીઓ માટે આ સ્થળે વેદિઓ બાંધી હતી. એટલે એને અપરાધના ઢગલાના નામે ઓળખવામાં આવે છે. સ્વર્ગગમન શિખર અને પ્રબોધકોની કબરોનું શિખર એકબીજાથી એટલાં પાસેપાસે છે કે, કેટલાક એ બન્નેને એક જ શિખર ગણે છે.

જે અસલ જૈતૂન પર્વત છે તેની તવેટીએ અને ગેથસેમાને ભાગની મનાતી જગાએ રસ્તો ફંટાય છે, અને એ પાંખિયાના વચલા ગાળામાં ગેથસેમાને આવેલી છે. એક ફાંટો દક્ષિણ તરફ વળે છે. ચઢાણ ઊંચાં થાય છે, અને પહાડના દક્ષિણ ભાગને ભરડો લઈ બેથાનિયા તથા યરીખો તરફ જાય છે. ઈ.સ. સાતમી સદીમાં ખલિફ અબ્દ-એલ-મેલેકે એ રસ્તો બંધાવ્યો હતો.

પર્વત ઉપર ચાર જગાઓ મુખ્ય છે. 'રોક ઓફ એગની' (વેદનાનો ખડક) ગેથસેમાને વાડી, જ્યાં શિષ્યોને 'ઓ આકાશમાંના બાપ' પ્રાર્થના શીખવી એ સ્થળનું મંદિર, અને પ્રભુ ઈસુ આકાશમાં ચઢી ગયા તે સ્થળ. જાણે આજેય પ્રભુ ઈસુ પર્વત પર હરતા ફરતા હોય એમ જ લાગે! જૈતવૃક્ષની વાડીઓ ત્યારના કરતાં ઘણી ઓછી છે. આ બધે ફરતાં ફરતાં

આપણા પ્રભુ ઈસુની પૃથ્વી પરની જિંદગીના છેલ્લા દિવસોના બનાવોનો ચિતાર આપણી આંખ આગળ આવ્યા વગર રહેતો નથી.

પ્રથમ (રોક ઓફ એગની) વેદનાનો ખડક, જોવા પામીએ છીએ. આ પથ્થરને ટેકીને પ્રભુ ઈસુએ પિતાને છેલ્લી પ્રાર્થના કરી હતી. ગેથસેમાને વાડી નજીક રોમન કેથોલિક લોકોએ ૧૮૨૪માં બંધાવેલું મંદિર છે. યાત્રામાં આવતાં લાખો માણસો ભાવથી આ પથ્થરને ચુંબન કરે છે, જેથી કહે છે કે, આ પથ્થર ધોળો થવા આવ્યો છે. અહીં જ છેલ્લે પ્રાર્થના કરતાં પ્રભુ ઈસુને લોહીનાં ટીપાં જેવો પરસેવો થયો હતો. પ્રભુ ઈસુને કેટલી વેદના થઈ હશે?

પ્રભુ ઈસુ પુનરાગમન સમયે પૃથ્વી ઉપર ઊતરશે, ત્યારે આ જૈતૂન પહાડ ઉપર જ ઊતરશે. અને તે સમયે પહાડના બે ભાગ થઈ જશે (ઝખાર્યા ૧૪:૪).

•

## ડોમ ઓફ ધી રોક મસ્જિદ

એને ઓમાર મસ્જિદ તરીકે પણ ઓળખવામાં આવે છે. ઈસ્લામી જગતમાં એને ત્રીજા નંબરનું સ્થાન મળે છે. ઈ.સ. ૬૯૧માં એ બાંધવામાં આવી હતી. બાંધનાર હતો ઓમાયદ ખલિફ અબ્દુલ માલિક ઈબ્ન મારવાન. એ વિષે ઉતરી આવેલી વાત છે કે મહમદ પેગંબર આ સ્થળેથી સ્વર્ગે ચઢી ગયા. પણ એ વાત સાચી નથી, કેમ કે તેઓ મદિનામાં ઈ.સ. ૬૩૨ના જૂનની પહેલીએ ગુજરી ગયા, અને બીજી તારીખે તેમને દફનાવવામાં આવ્યા.

પણ આજ સ્થળે ઈ.પૂર્વે ૯૬૦માં દાવિદપુત્ર શલોમોને યહોવાને નામે અહીં એક અતિ ભવ્ય મંદિર બંધાવ્યું હતું. નબુખાદનેસ્સારે ઈ.પૂર્વે ૫૮૬માં એ મંદિરનો નાશ કર્યો અને લોકોને બાલિલોનના બંદીપ્રવાસમાં લઈ ગયો. બંદીપ્રવાસમાંથી ૭૦ વર્ષ પછી પાછા આવેલા યહૂદીઓએ

એઝરાની આગેવાની નીચે ત્યાં જ ફરી મંદિર બાંધ્યું. એની પ્રતિષ્ઠા ઈ.પૂર્વે ૫૧૬ કરવામાં આવી. પછી પ્રભુ ઈસુના સમયગાળાની આસપાસમાં કકડે કકડે આખું મંદિર મહાન હેરોદે અતિ ભવ્ય બનાવી દીધું. એ મંદિરનો ઈ.સ. ૭૦માં તિતસે નાશ કર્યો.

અબ્રાહામ ઈસહાકનું બલિદાન દેવા બેરશીબાથી છેક મોરિયાહ પર્વત સુધી ગયો હતો (ઉત્પ ૨૨:૧-૧૩). એ જ મોરિયાહ શિખર પર ઓર્નાનની ખળી આવેલી હતી. દાવિદે એ આખો વિસ્તાર ઓર્નાન પાસેથી ખરીદી લીધો (૨ શમુ ૨૪:૨૦-૨૪). ઓર્નાન અને અરાવ્નાહ યબૂસી એક જ વ્યક્તિ છે. ત્યાં જ એટલે મૂળ મોરિયાહ શિખર પર શલોમોને મંદિર બાંધ્યું (૨ શમુ. ૨૪:૨૪,૨૫, ૧ કાળવૃ. ૨૧;૨૪,૨૫). આજે પણ ડોમ ઓફ ધી રોક નીચે જઈએ તો મોરિયાહનું શિખર જોવા મળે છે.

ફરી પણ ત્યાં જ મંદિર બંધાશે. ખ્રિસ્ત આવીને મંડળીને ઉપર લઈ જશે, એ પછી મંદિર બંધાશે (પ્રકટી. ૧૩:૧૫. દાનિ. ૯:૨૬,૨૭. ૨ થેસ્સા ૨:૪. માથ્થી ૨૪:૧૫). પણ ફરી એ મંદિરનો નાશ થશે. અને સાત વર્ષ પછી હઝકિયેલ પ્રબોધકની ભવિષ્યવાણી પ્રમાણે એક હજાર વર્ષના રાજ્ય દરમિયાન ત્યાં ફરી યહોવાનું મંદિર બંધાશે (હઝકી.૪૦:૮,૮).

•

## તિબેરિયસ શહેર

ઈ.સ. ૨૧માં હેરોદ આન્તિપાસે આ તિબેરિયસ શહેર બાંધ્યું હતું, એટલે કે પ્રભુ ઈસુનો સેવાકાળ શરુ થયાંનાં પાંચેક વર્ષ પહેલાં બાંધ્યું હતું. (આ હેરોદ આન્તિપાસ મહાન હેરોદનો દીકરો હતો.) રોમના બાદશાહ તિબેરિયસના નામ ઉપરથી, હેરોદ આન્તિપાસે આ શહેરનું નામ તિબેરિયસ પાડ્યું હતું. આજેય એ તિબેરિયસ (તીવેરેયા) તરીકે ઓળખાય છે. નાઝરેથથી ઈસાન ખૂણે (ઉત્તર-પૂર્વે) ૨૫ કિ.મિ. (૧૫ માઈલ) પર એ આવેલું છે. ગાલીલ સમુદ્રના પશ્ચિમ કાંઠાની સાંકડી પટ્ટીમાં આવ્યું છે. ભૂમધ્ય સમુદ્રની સપાટીથી ૨૧૦ મિટર (૬૯૦ ફૂટ) નીચે સ્તરે છે.

હેરોદ આન્તીપાસે તેત્રાર્ખ અધિકારી તરીકે આ શહેરને રાજધાની બનાવ્યું હતું. શહેરની દક્ષિણે પ્રખ્યાત ઊના પાણીના કુંડ આવેલા છે. આ શહેરનો ઉલ્લેખ બાઈબલમાં માત્ર એક જ વખત આપ્યો છે (યોહા. ૬;૧. ૨૧:૧) અને તે પણ તિબેરિયસ સમુદ્ર તરીકે. આ શહેર સુંદર છે.

યરુશાલેમ શહેરનો નાશ થયો અને યહૂદીઓને યહૂદિયા પ્રાંતમાંથી હાંકી મૂકવામાં આવ્યા પછી તેઓને બાર-કોચબાના બળવામાં નિષ્ફળતા મળ્યા બાદ તિબેરિયસ શહેરને યહૂદિયાનું પાટનગર ઠરાવવામાં આવ્યું. એ શહેરના નામના સિક્કા, જેની ઉપર તિબેરિયસ, કલોડિયસ, ટ્રાજન, આદ્રિયન, અને આન્ટોનિયસ પિયુસ બાદશાહોનાં નામ કોતરાયાં હોય, તેવા સિક્કા પણ મળી આવ્યા છે.

યહૂદીઓની વડી ન્યાયસભા (સાન્હેદ્રિમ) પણ ઈ.સ. બીજી સદીની અધવચમાં યરુશાલેમમાંથી ખસેડીને તિબેરિયસમાં રાખવામાં આવી હતી. યરુશાલેમ પછી આ શહેરને યહૂદીઓનું વિદ્યાધામ બનાવવામાં આવ્યું. બાઈબલને સ્પર્શતાં ઘણાં પુસ્તકો ત્યાં તૈયાર કરવામાં આવ્યાં હતાં. યહૂદિયાનાં ચાર પવિત્ર શહેરો ગણાતાં: યરુશાલેમ, હેબ્રોન, તિબેરિયસ અને સફાથ. યહૂદીઓ માનતા કે આ શહેરોમાં પ્રાર્થનાની સાંકળ સતત ચાલુ રહેવી જ જોઈએ, નહિ તો પૃથ્વી પાછી તરત જ અસ્તવ્યસ્ત અને ખાલી બની જાય.

યરદન નદી જ્યાં આગળ ગાલીલના સમુદ્રમાં પડે છે એ સ્થળથી ૧૧.૫ માઈલ નીચે અને યરદન નદી ફરી પાછી ગાલીલમાંથી નીકળે છે એ સ્થળથી ૬ માઈલ ઉપર, એમ એ વિસ્તારમાં કાંઠા પાસેના ડુંગર ઉપર તિબેરિયસ આવેલું છે. જાન્યુઆરી ૧,૧૮૩૭માં મોટો ધરતીકંપ થયો હતો, એમાં શહેરને ઘણું નુકસાન પહોંચ્યું હતું, પણ ત્યારે પછી તો એનો કેટલોયે ભાગ ફરીથી બાંધવામાં આવ્યો છે.

ત્યાંથી થોડે આગળ જતાં એક પહાડ આવે છે. એ પહાડ પર સપાટ મેદાન આવેલું છે. પ્રભુ ઈસુએ પાંચ રોટલી અને બે માછલી લઈને પાંચ હજાર કરતાં વધારે માણસોને જમાડ્યાં હતાં, તે સ્થળ આ મેદાન જ છે એમ માનવામાં આવે છે. પેલો છોકરો પ્રભુ ઈસુની પાસે પાંચ રોટલી અને બે માછલી લાવ્યો હતો, તેમાં એ પાંચ રોટલી જવની હતી. ગરીબ લોકો જવ વાપરતા હતા. ખાતાપીતા લોકો ઘઉં વાપરતા. આજે પણ ત્યાં એવું જ છે.

•

તેલ અવીવ ૧૯૪૮ મે ૧૪



# તેલ અવીવ

ઈ.સ. ૧૯૬૭ના જૂનમાં ઈઝરાયલી લશ્કરે યરુશાલેમ જીતી લીધું એ પછી યરુશાલેમને ઈઝરાયલ રાજ્યની રાજધાની તરીકે જાહેર કર્યું. એ પહેલાં તેલ અવીવ ઈઝરાયલનું પાટનગર હતું. ભૂમધ્ય (મેડિટરેનિયન) સમુદ્રના કાંઠે બાઈબલના જોપ્પા અને હાલના જાફ્ફા બંદરને અડીને આધુનિક અને નવું જ બાંધેલું તેલ અવીવ શહેર આવેલું છે.

ઈઝરાયલનું વેપારધંધાનું મુખ્ય શહેર છે. ઈ.સ. ૧૯૦૯માં મેયર ડિઝન્ગોફે આ શહેર બાંધ્યું હતું. હાલ એની વસતી લગભગ ચાર લાખની છે.

યહૂદીઓને ઈ.પૂર્વે ૫૮૬માં બાબિલોનમાં બંદીપ્રવાસમાં લઈ જવામાં આવ્યા ત્યારે ત્યાંની કબાર નદીને કાંઠે આવેલા તેલ અવીવ નગર આગળ તેઓ બેઠા હતા તે ઉપરથી ઈઝરાયલના તદ્દન નવી ઢબ અને વ્યવસ્થામાં બંધાયેલા આ નવા શહેરને તેલ અવીવ નામ આપવામાં આવ્યું.

બાબિલોનના તેલ અવીવમાં હઝકિયેલ પ્રબોધક બંદીપ્રવાસ વખતે રહેતો હતો (હઝકિ. ૩:૧૫). કબાર તે નદી નહિ, પણ નહેર હતી, પણ તેને નદી તરીકે ગણતા હતા.

•

# દાવિદની કબર

દાવિદ રાજાની કબર સિયોન પર્વત પર આવેલી છે. યહૂદીઓ માટે એ ખાસ યાત્રાનું ધામ બની ગયું છે. ખાસ કરીને શાનુઓત શોકપર્વ વખતે વધારે લોકો યાત્રાએ આવે છે. એ દાવિદ રાજાનો મૃત્યુદિન ગણાય છે. ઈ.સ. ૧૧૭૨માં રાબ્બી બીન્યામીન યરુશાલેમમાં આવ્યા ત્યારે તેમણે આ સ્થળ શોધી કાઢ્યું હતું. આ કબર પથ્થરની બનેલી છે. તેના ઉપર ચાંદીનું જરીકામવાળું કાપડ ઢાંકવામાં આવેલું છે.

પ્રભુ ઈસુએ શિષ્યો સાથે જે છેલ્લું વાળું કર્યું તે ઓરડો, મરિયમની કબર, વગેરે સ્થળો પણ અહીં આસપાસ જ આવેલાં છે.

•

# દાવિદનો બુરજ અને કિલ્લો

જાફ્ફા દરવાજાને જમણે હાથે, હેરોદે બંધાવેલા ત્રણ બુરજોના બાંધકામ નીચે દાવિદના બુરજ આવેલા છે, મૂળ બુરજો હેડ્રિયન બાદશાહે ઈ.સ. ૧૩૫માં તોડી પાડ્યા હતા, અને એની ઉપર ઈ.સ. ૧૪મી સદીમાં બેયબરે નવા બુરજ બંધાવ્યા હતા, અને એક મિનારત પણ બંધાવી હતી, જે દાવિદના બુરજ તરીકે ઓળખાય છે. આ કિલ્લામાં સીટી મ્યુઝીઅમ આવેલું છે. ત્યાં અનેક પડદાઓ ઉપર શહેર સંબંધી ઓડિયો-વિઝ્યુઅલ કાર્યક્રમ રજૂ કરવામાં આવે છે.

•

# ધન ભંડારસમો મૃત સમુદ્ર

મૃત સરોવર એ મૃત નહિ પણ ભારે અજાયબીભર્યું અને દુનિયાની પ્રજાઓના આકર્ષણસમું સરોવર છે. એમાં મબલખ ધનભંડાર ભર્યો છે.

બાઈબલમાં આ સમુદ્રને જુદાં જુદાં નામ આપવામાં આવ્યાં છે, જેમ કે 'ખારો સમુદ્ર' (ઉત્પ. ૧૪:૩); 'આરાબાહનો સમુદ્ર' (પુનર્નિ. ૪:૪૯) **(Sea of Plain)**; પૂર્વનો સમુદ્ર **(the East Sea)** (યોએલ ૨:૨૦), સમુદ્ર **(the Sea)** (હઝકિ. ૪૭:૮).

મૃત સરોવરમાં યર્દન તેમ જ અન્ય નાની નદીઓનાં પાણી હજારો વર્ષોથી પડ્યે જાય છે પણ એ પાણી બહાર નીકળવાનો કોઈ દેખીતો માર્ગ નથી. દર વર્ષે આ સરોવરમાં ૨૮ કરોડ ઘન ફૂટ બાષ્પીભવન થાય છે. બાષ્પીભવનને કારણે પાણી સતત ઊડી જતાં સરોવરમાં પુષ્કળ ક્ષારો જમા રહે છે. એનાં પાણી ક્ષારોને લીધે એટલાં ઘટ થતાં જાય છે કે એમાં માછલાં કે કોઈ જીવ જીવી શકતા નથી.-એના પાણીમાં ૨૫ ટકા ઘન પદાર્થોનું મિશ્રણ છે, જ્યારે બીજા સમુદ્રોમાં સામાન્ય રીતે ૪.૬ ટકા જ હોય છે. એમાં માણસ ડૂબવા ઇચ્છે તો પણ ડૂબી જઈ શકે નહિ, એવાં ઘટ આ પાણી છે. ઘણા સહેલાણીઓ એમાં ચત્તા પડ્યા પડ્યા પુસ્તક વાંચતા જોવા મળે છે.

આ સમુદ્રનાં પાણીના એક ગેલનમાં ૧૨.૫ રતલ વજન હોય છે, જ્યારે ડીસ્ટીલ્ક કે સ્વચ્છ પાણીના એક ગેલનમાં ૧૦ રતલ વજન હોય છે.



આ મૃત સરોવરમાં કોઈ જીવ જીવી શકતો નથી એમ આપણે જોયું, પણ કેટલાંક ક્ષારચાહક સૂક્ષ્મ જીવાણું એમાં માલૂમ પડ્યાં છે. દશેક વર્ષ પર અમેરિકી વિજ્ઞાની ડૉ. વોલ્ધર સ્ટોકેનિયસે શોધી કાઢ્યું હતું કે હેલો બેકટેરિયમ હેલોબિયન નામનાં અતિ સૂક્ષ્મ જંતુઓ સમુદ્રમાં છે. આ જંતુઓ જાંબુડિયા રંગનું રંગદ્રવ્ય ઉત્પન્ન કરે છે. અને આ રંગદ્રગ્ય ફોટોસિન્થેટિક ગુણધર્મ એટલે સૂર્યકિરણો લઈને તેમાંથી શક્તિ ઉત્પન્ન

કરવાનો ગુણધર્મ ધરાવે છે. (બીજું એવું એક જ દ્રવ્ય કુદરતમાં છે કે જે સૂર્યકિરણો લઈને તેમાંથી શક્તિ ઉપજાવે છે ને એ તો પાંદડાંમાં રહેલું ક્લોરોફિલ લીલા રંગનું રંગદ્રવ્ય છે.) હા, આ જાંબુડિયું રંગદ્રવ્ય લીલા રંગદ્રવ્ય ક્લોરોફિલ જેટલું કાર્યક્ષમ નથી, છતાં સૂર્યકિરણ દ્વારા શક્તિ ઉત્પન્ન કરવામાં આ તત્ત્વ ઈઝરાયલ પ્રજાને કેટલું બધું ઉપયોગી થશે! ઈશ્વરે કેવી વ્યવસ્થા કરી રાખી છે!

વળી આ સુક્ષ્મ જંતુ દ્વારા સરોવરનાં ખારાં પાણીને અમુક જથ્થામાં ક્ષારરહિત બનાવવાની શક્યતા પણ છે. વળી એ જાંબુડિયા રંગદ્રવ્ય જેવું જ રંગદ્રવ્ય માનવીની આંખમાં હોવાથી માનવીની દષ્ટિ વિષેના સંશોધનમાં પણ ઉપયોગિતાની શક્યતાઓ છે.

આ મૃત સરોવરમાં ઈઝરાયલી વિજ્ઞાનીઓએ લગભગ ૩,૯૬૦ મીટર સુધી ઊંડું ડ્રિલિંગ કર્યું છે. પણ એ સરોવરમાં પેટ્રોલની શક્યતા તેઓ જોઈ શક્યા નથી. પણ એમાં એક પ્રકારની ક્ષારચાહક શેવાળ યા લીલ વિપુલ પ્રમાણમાં થાય છે, (એલ્ગા ડુનાલિલા) જેને પેટ્રોલના રૂપમાં ફેરવી શકાય છે. વિજ્ઞાનીઓ સરોવરની આસપાસ અનેક તળાવો બનાવી આવી લીલ ઉગાડી જથ્થાબંધ પેટ્રોલ બનાવી લેવાની વિચારણામાં છે.

સરોવરનાં પાણી અને ખાસ કરીને એના કિનારા પરનો ગંધકયુક્ત કાળો કાદવ, પક્ષઘાત, વા, સંધીવા અને એવાં એવાં કેટલાંક દરદો પર લોકો દવા માટે વાપરે છે. આસપાસના ઊના પાણીના કુંડોના રસાયણને લીધે ચામડીનાં અનેક દરદોમાં એનો વપરાશ થાય છે. મહાન હેરોદ પોતાના શરીરનાં દરદ મટાડવા આ કુંડોમાં નાહતો હતો.

છેક ઉત્તરે આવેલા તિબેરિયસ શહેરના ઊના પાણીના કુંડમાંથી એવાં બધાં ક્ષારદ્રવ્યો યર્દન નદી વાટે મૃત સરોવરમાં સતત પડ્યા કરે છે. આ રીતે એકલું પોટેશિયમ ક્લોરાઈડ જ સરેરાસ વર્ષે ચાળીસ હજાર ટન જેટલું આ સરોવરમાં પડે છે. બીજાં દ્રવ્યો તો જુદાં! મૃત સરોવરને દક્ષિણ છેડે ગરમ પાણીના રાસાયણિક કુંડો છે.

મૃત સરોવરની સપાટી દરિયાઈ સપાટીથી ૧૨૯૨ ફૂટ ઊંડી છે અને એનું તળિયું દરિયાઈ સપાટીથી ૨,૫૦૦ ફૂટ ઊંડું છે. એને દુનિયાનું ભોંયરું પણ કહેવામાં આવે છે. સરોવરની લંબાઈ ૭૫.૬ કિ.મિ. (૪૭ માઈલ) અને પહોળાઈ ૧૬.૧ કિ.મિ. (૧૦ માઈલ) છે. એની આસપાસ ચુનાળ ખડકોનાં ઉજ્જડ શિખરો છે. પશ્ચિમ કિનારે પહાડ ૧,૫૦૦ ફૂટ ઊંચો, અને પૂર્વે ૨,૦૦૦ ફૂટ ઊંચો છે. દક્ષિણે મીઠાના અનેક પહાડો આવેલા છે.

આજની દુનિયામાં ક્ષારો મહા કીંમતી ખજાનારૂપ છે. આ મૃતસરોવરમાં પણ ક્ષારોનો અઢળક ખજાનો સમાયેલો છે. પણ આજ સુધી એટલે કે તુર્કોના જમાના સુધી એ તરફ કોઈનું ધ્યાન ખેંચાયું નહોતું. ન્યૂયોર્કના 'કેમિકલ્સ' નામના સામયિકના કસબી નિષ્ણાત (ટૅકનિકલ) તંત્રી ડૉ. થોમ્સ એચ. નોર્ટને આ મૃત સરોવરના ક્ષારોનો નીચે પ્રમાણે અંદાજ આપ્યો છે:

| | ટન | ડૉલરમાં કિંમત |
|---|---|---|
| પોટાશ | ૧,૩૦,૦૦,૦૦,૦૦૦ | ૭૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| બ્રોમાઈડ | ૮૫,૩૦,૦૦,૦૦૦ | ૨,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| સૉલ્ટ | ૧૧,૯૦,૦૦,૦૦,૦૦૦ | ૨૭,૫૦,૦૦,૦૦,૦૦૦ |
| જિપ્સમ | ૮,૧૦,૦૦,૦૦૦ | ૧૨,૦૦,૦૦,૦૦૦ |
| કેલ્શિયમ ક્લોરાઈડ | ૬,૦૦,૦૦,૦૦,૦૦૦ | ૮૫,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| મૅગ્નેશિયમ ક્લોરાઈડ | ૨૨,૦૦,૦૦,૦૦,૦૦૦ | ૮,૨૫,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| | અમેરિકી ડૉલર | ૧૨,૬૭,૬૨,૦૦,૦૦,૦૦૦ |

સુમાર વિનાની આ રકમ થઈ! એનો અંદાજ સમજવા આપણે આવો કંઈક હિસાબ લગાવીએ તો સમજવું સહેલું પડે. જો આ રૂ. ૯૫,૦૭,૧૫,૦૦,૦૦,૦૦૦ ભારતના પંચોતેર કરોડ માણસોમાં વહેંચી આપવામાં આવે તો દરેક જણને ભાગે રૂ. ૧૨,૬૭૬.૨૦ આવે!

વૈજ્ઞાનિકો કહે છે જો હજી વધારે કાળજીપૂર્વક આ સરોવરનાં પાણીનો અંદાજ કાઢવામાં આવે, તો ડૉ. નોર્ટને જણાવી તેના કરતાં

દશગણી કિંમત મળે એટલા બધા ક્ષારો આ સરોવરમાં છે. એમાંથી અબજો ટનનું રાસાયણિક ખાતર પણ આખી દુનિયાને સસ્તા દરે પૂરું પાડી શકાય.

સૌ પ્રથમ ઈ.સ. ૧૯૩૦માં આ મૃત સરોવરના ક્ષારો કાઢવાનો પરવાનો પાલેસ્તાઈનના વતની અને યહૂદી ઈજનેર મિ. મોજીસ નોવોમેચસ્કીને અને મેજર ટુલોખને આપવામાં આવ્યો હતો અમેરિકન ઝાયનિસ્ટોના બ્રાન્ડેઈસન્મેક જૂથે બ્રિટનના યહૂદીઓની સાથે મળીને આ મોટી યોજના માટે નાણાં રોક્યાં હતાં. આમાં થનાર ચોખ્ખી આવકનો મોટો હિસ્સો પાલેસ્તાઈનની સરકારને આપવા નક્કી કર્યું હતું, અને એ હિસ્સાની રકમ પાલેસ્તાઈનમાં બીજાં સાહસો ઊભાં કરવા માટે સરકારે વાપરવાની હતી.

આ રીતે ઈ.સ. ૧૯૩૭માં ૨૯,૧૦૦ ટન પોટાશ અને ૬૧૧ ટન બ્રોમાઈડની નિકાસ કરી હતી. જ્યારે ઇ.સ. ૧૯૩૯માં ૬૫,૦૦૦ ટન પોટાશની નિકાસ ઈઝરાયલ રાજ્યે ઈ.સ. ૧૯૬૪-૬૫ના સપ્ટેમ્બરથી ઑગસ્ટ સુધીના બાર માસમાં ૪,૨૨,૦૦૦ ટન પોટાશ નીપજાવ્યું હતું. અગાઉનાં બે વર્ષ પહેલાંની નીપજ કરતાં એ ત્રણગણો જથ્થો કહેવાય. એ જ ગાળામાં બ્રોમાઈડનું ઉત્પાદન ૬૮ ટકા વધી ગયું હતું.

મૃત સરોવર આસપાસના વિસ્તારમાં પણ ડામર, ગંધક, તાંબુ, કોલસો અને તેલ વિપુલ પ્રમાણમાં મળી આવે છે. યહૂદી પ્રજાની ભવિષ્યની સમૃદ્ધિ માટે આ મૃત સરોવરમાં દુનિયાની દોલત કરતાંયે અધિક ખજાનાનો સંગ્રહ પડ્યો છે.

ઐલાત પાસેના તિમ્નામાં શુદ્ધ તાંબાની ખીણો આવેલી છે, અને એની નજદીકમાં જ આવેલી કિંગ શલોમોનની ખીણોમાંથી પ્રતિ વર્ષે ૯,૫૦૦ ટન શુદ્ધ તાંબુ મળી રહે છે. એની કિંમત ૮૦ કરોડ ૧૦ લાખ રૂપિયા થાય.

આ સરોવર અને યર્દનની ખીણનો પ્રદેશ ધરતીકંપનો વિસ્તાર છે. વળી એના પેટાળમાં અનેક શીઘ્ર જવાલાગ્રાહી ખનીજો ભંડારાયેલાં પડ્યાં છે. બાઈબલમાં સદોમ, ગમોરાહ, સબોઈમ અને આદમાહ શહેરોના આગ અને ગંધકથી થયેલા વિનાશની જે વાત છે, તે શહેરો મૃત

સરોવરની દક્ષિણે આવેલાં હતાં. દક્ષિણ તરફના વિસ્તારમાં ઘણી જગાએ આજે પણ ગંધક જથ્થાબંધ પથરાયેલો જોવા મળે છે, અને પશ્ચિમે ડામર પણ ઝરે છે. વિનાશ પામેલી એ વસાહતનાં એંધાણ આજે ત્યાં જોઈ શકાય છે. મૃત સરોવરની દક્ષિણે ૧૫૦ ફૂટ ઊંચા અને ઉત્તરથી દક્ષિણે ૧૬.૧ કિ.મિ. (દશ માઈલ), લાંબા એવા મીઠાના ડુંગરો નેગેબ તરફ પથરાયેલા છે. આમાં એક મોટા પહાડને આરબો જબલ ઉસદુમ કહે છે. આ પ્રદેશમાં લોતની સ્ત્રી ખારને થાંભલો થઈ ગઈ હતી (બાઈબલ ઉત્પત્તિ ૧૯:૧૨-૧૮).

આ વિસ્તારમાં ફૉસ્ફેટના જામેલા થરોમાંથી ૧,૧૯,૦૦૦ ટન ફૉસ્ફેટ કાઢવામાં આવે છે. સિમેન્ટ, જિપ્સમ, ચુનાળ પથ્થર, આરસ અને એવી બાંધકામની તથા રસ્તાઓ બાંધવા માટેની ચીજો ખાણોમાંથી ખોદી કાઢવામાં આવે છે. સદોમની નજદીકના રોશ - ઝોહોર આગળ કુદરતી ગૅસ મળી આવ્યો છે, અને એમાંથી ૧,૨૭,૦૦૦ ટન જેટલું બળતણ ૧૯૬૮-૬૯માં પૂરું પાડવામાં આવ્યું હતું.

**મૃત સરોવરમાંથી વીજળીનો પુરવઠો:** હાલ તો ઈઝરાયલ દેશ પોતાને માટે વીજળીનો પુરવઠો પરદેશથી આયાત કરેલા તેલ દ્વારા ઊભો કરે છે, અને એ અતિશય ખર્ચાળ બની રહે છે. સહેલી અને સોંઘી રીતે આખા દેશ માટે પૂરતી વીજળી કેવી રીતે ઉત્પન્ન કરી શકાય એ માટે ત્યાંના વિજ્ઞાનીઓ અને તજજ્ઞો સંશોધન કર્યા કરતા હતા.

ઈ.સ. ૧૯૭૯માં ઈઝરાયલના વીજળી અને શક્તિના પ્રધાન ઈત્ઝાક મોદા'ઈએ દુનિયાના સૌથી મોટા 'સૌર-વીજશક્તિ મથક'નું ઉદ્‌ઘાટન કરતાં જાહેર કર્યું હતું કે, થોડાં જ વર્ષોમાં સૂર્યની ગરમી અને મૃત સરોવરનાં પાણીમાંથી આખા દેશની તમામ વીજળિક જરૂરિયાતનો પૂરતો પુરવઠો અહીંથી (મૃત સરોવરમાંથી) ઊભો થઈ શકશે.

આ 'સૌર-વીજશક્તિ મથક' મૃત સરોવર પાસે ઊભું કરવામાં આવ્યું છે. બે એકર વિસ્તારનું સૌર-સરોવર (સોલર પોન્ડ) તૈયાર કરવામાં આવ્યું છે. તે સમયે નજદીકમાં જ ૧૫૦ કિલો-વૉટ પાવર પ્લાન્ટ નાખવામાં આવ્યો હતો. એ પાવર પ્લાન્ટની કામગીરી પરથી સહેલાઈથી

સમજી શકાય છે કે વેપારી ધોરણે સસ્તું પડે એ રીતે નજદીકના ભવિષ્યમાં દેશભરને માટે વીજળી ઉત્પન્ન કરી શકાશે. ઓર્માત ટરબાઈન્સ અને સોલમાત લિ. કંપનીઓએ આ પ્લાન્ટ નાખ્યો હતો. તેમના ઑફિસરોનું કહેવું હતું કે હજી મોટો પ્લાન્ટ અને મોટાં સૌર-સરોવરો મૃત સરોવર આગળ જ બનાવીને આ સદી પૂરી થાય તે પહેંલા આખાય દેશની વીજળી જરૂરિયાત સહેલાઈથી પૂરી પાડી શકાશે.

આજથી નવ વર્ષ પહેલાં, ૧૯૭૯માં, અહીં પાંચ મેગાવૉટ્સનો પાવર પ્લાન્ટ નાખવામાં આવ્યો, જે અગાઉના ૧૫૦ કિલો-વૉટ કરતાં ૩૩૩.૪ ગણો શક્તિશાળી છે. એવા તો બીજા પાંચ મેગાવૉટ્સના પાવર પ્લાન્ટ નાખવાની યોજના છે. આ સૌર-પ્લાન્ટ્સ રાતે જ્યારે સૂર્ય ન હોય ત્યારે અને શિયાળામાં પણ ધમધોકાર ચાલતા રહેશે, અને દેશભરને જરૂરી વીજળી પૂરી પાડશે.

ઈઝરાયલમાં અત્યારે (૧૯૮૫માં) ઈઝરાયલનાં ઘરોના ચોથા ભાગનાં (પચીસ ટકાનાં) ઘરોમાં સૂર્યની ગરમીથી પાણી ગરમ કરવામાં આવે છે, અને ખોરાક પકાવવા માટે પણ વપરાય છે. કેટલીક કંપનીઓએ ઉદ્યોગો માટે પણ સૌર-પ્લાન્ટ બનાવ્યા છે, નજદીકનાં વર્ષોમાં ઘરો અને ઑફિસોને વાતાનુકૂલિત બનાવવા માટે સૂર્યશક્તિ વાપરવામાં આવશે.

ઈઝરાયલના વિજ્ઞાનીઓ બીજી એક શક્યતા વિચારી રહ્યા છે. મૃત સરોવરની સપાટી દરિયાઈ સપાટીથી લગભગ ૧૩૦૦ ફૂટ (૩૯૫ મિટર) નીચે છે. એ ધ્યાનમાં રાખીને તેઓ ભૂમધ્ય (મેડિટરેનિયન) સમુદ્રથી મૃત સરોવર સુધી ૧૦૦ કિ.મિ લાંબુ એક કેનાલ-વત્તા-બોગદું બનાવવા વિચારી રહ્યા છે. આથી બે લાભ થવાની શક્યાતા છેઃ ૧. મૃત સરોવર પાસે પ્રચંડ વિજળીક પ્રવાહ પેદા કરી શકાય; અને ૨.સપાટી જાળવી શકાય. હમણાં યર્દનમાંથી નહેરો દ્વારા પુષ્કળ પાણી લેવાતું હોઈ મૃત સરોવરમાં યર્દનનાં પાણીનો જથ્થો બહુ જ થોડો પડે છે, તેમ જ હવામાનના ફેરફારોને લીધે પણ મૃત સરોવરનાં પાણી ઘટી રહ્યાં છે. તે આ કેનાલ-વત્તા બોગદા દ્વારા ભૂમધ્ય સમુદ્રનાં પાણી લાવી સરોવરની સપાટી જાળવી શકાશે.

•

## નાઈન

ગાલીલમાં આવેલા આ શહેરની ભાગળમાં એક વિધવાના મૃત દીકરાને પ્રભુ ઈસુએ સજીવન કર્યો હતો (લૂક ૭:૧૧-૧૭). નાઝરેથથી અગ્નિ ખૂણે ૧૦ કિ.મિ. (૬ માઈલ) આજે પણ એ આવેલું છે. આ નગર ટેકરી પર આવેલું હોવાથી મેદાનને ટેકરી પરથી જોઈ શકાય છે. જેઝ્રીલ (એઝડ્રાયેલોન)નો કુદરતી આકર્ષક અને રળિયામણો પ્રદેશ જોવા મળે છે. ત્યાં આવેલા કુદરતી ઝરણાને લીધે જૈતવૃક્ષો અને અંજીરનાં ઝાડો પુષ્કળ પ્રમાણમાં થાય છે. આજે તો એ નાનું ગામ છે, પણ આસપાસનાં ખંડિયરો જોતાં લાગે છે કે અગાઉનાં સૈકાં દરમિયાન એ મોટું ગામ હશે.

•

## નાઝરેથ

પ્રભુ ઈસુના જમાનામાં નાઝરેથ યહૂદીઓનું ગામ હતું. ગામમાં સાંકડા રસ્તા છે. ઈસુનું બાળપણ આ ગામમાં વીત્યું હતું. ઈસુ આ જ ગામમાં મોટા થયા હતા, કેળવણી લીધી હતી, અને આ જ ગામમાં તે તેમના પાલક પિતાના સુથારના ધંધામાં મદદ કરતા હતા.

બાઈબલના સિનાઈટીકસ અને વાટીકન હસ્તલેખોમાં નાઝરેથને બદલે નાઝારા નામ આપ્યું છે, અરામી ભાષામાં પણ એને નાસરા કહેવામાં આવતું. અરબો એને એન-નાઝારી કહે છે. ઈસુએ પોતાની જાહેર સેવા પૂર્વેનાં ત્રીસ વર્ષનો મોટો ભાગ અહીં નાઝરેથમાં કે નાઝારામાં ગાળ્યો હતો. એટલે જ તેમને ઈસુ નાઝારી અથવા નાઝરેથી ઈસુ કહેવામાં આવતા (માથ્થી ૨૧:૧૧. માર્ક ૧:૨૪). સામશૂન અને બીજા જેમણે નાઝારી વ્રત લીધું હતું, તેવું નાઝીરી વ્રત પ્રભુ ઈસુએ લીધું નહોતું. માત્ર તેઓ નાઝરેથના વતની હોવાથી નાઝારી કહેવાયા. પ્રભુ ઈસુએ પોતાનાં એ ત્રીસ વર્ષમાં અહીં અને આસપાસના લોકોની સારી પ્રસન્નતા મેળવી હતી. પણ જાહેર સેવામાં જોડાયા બાદ ત્યાં લોકોએ ઓછામાં ઓછો બે વાર તેમને નકાર કર્યો હતો (લૂક ૪:૮-૩૧). સરખાવો માથ્થી ૪:૧૩, માથ્થી ૧૩:૫૪-૫૮, માર્ક ૬:૧-૬. નાઝરેથ ડુંગર પર વસેલું હતું.

નાઝરેથ નગર કાં તો નાનું હશે કે વિસાત વગરનું હશે, અથવા બહુ પાછલા કાળમાં વસ્યું હશે. કારણ જૂના કરારમાં એનો ઉલ્લેખ નથી. એપોક્રીફાનાં લખાણોમાંયે તેનો ઉલ્લેશ નથી. વળી યહૂદી ઈતિહાસકાર જોસીફસનાં લખાણોમાં પણ તેનો ઉલ્લેખ નથી. પાલેસ્તાઈનનાં બીજાં ગામડાંઓ કરતાં આ ગામનાં ઘરો ઘણાં સારાં છે. એનું એક કારણ એ છે કે આસપાસના ડુંગરમાં થતા ચૂનાના ખડકોમાંના પથ્થરોથી એ ઘરો ચણવામાં આવ્યાં છે. શહેરની અંદર ઠેરઠેર આવેલાં અંજીર, જૈત, અને થોડાં સાયપ્રસ ઝાડોની લીલીછમ ઘટાઓથી ઘેરાયેલું નાઝરેથ બહુ રળિયામણું લાગે છે. શહેરની બહાર પણ વિશાળ ફળવાડીઓ આવેલી છે. આ વાડીઓની વચ્ચે કુંવારીનો ઝરો (ફાઉન્ટેઈન ઓફ ધી વર્જીન) આવેલો છે, અને એમાંથી નાઝરેથને પાણી પૂરું પાડવામાં આવે છે. કુંવારી માતા મરિયમ પણ કદાચ ગાગર લઈને આ ઝરે પાણી ભરવા આવતાં હશે, અને બાળ ઈસુ પણ અવારનવાર માતા મરિયમને પડખે પગલીઓ પાડતા આવતા હશે!

અત્યારે તો ત્યાં લગભગ ૪,૦૦૦ની વસ્તી છે. એમાંના મોટા ભાગના લોકો ગ્રીક ઓર્થોડોક્સ મંડળીના છે. વસ્તીનો પાંચમો ભાગ મુસલમાનો છે. કેટલાક પ્રોટેસ્ટંટો પણ ત્યાં છે. શહેરમાં રોમન કેથોલિક મંડળીના ફ્રાન્સીસ્કન સંઘનો એક સુંદર મઠ આવેલો છે.

અમે નાઝરેથમાં સેન્ટ જોસેફનું ભવ્ય મંદિર જોયું. તે ફ્રાન્સીસ્કન લોકોએ બાંધેલું છે. મંદિરમાં જ્યાં વેદી છે, તે જ જગા પર યોસેફ સુથારની દુકાન એક મોટા ઓરડારૂપ છે. યોસેફ, મરિયમ અને ઈસુ, તેમ જ ઈસુનાં બીજાં ભાઈબહેનો પણ આ જ ઘરમાં રહેતાં હતાં. આ ઘરમાં એવી જાતની ગોઠવણ છે કે, ઉનાળામાં ઠંડક લાગે, અને શિયાળામાં હુંફાળું હુંફાળું લાગે.

ઈસુના જમાનામાં હતું તેવું જ નાઝરેથ આજ સુધી રહ્યું છે, એમાં કશો ફેરફાર થયો નથી. જે સભાસ્થાનમાં પ્રભુ ભજન કરતા હતા તે તો આજે નથી, પણ જે સભાસ્થાન હાલમાં નાઝરેથમાં છે, તે અસલ સભાસ્થાનની જગ્યાએ બાંધવામાં આવેલું છે, એમ કહેવામાં આવે છે. જે



નેસેત

ટેકરી પરથી લોકોએ પ્રભુ ઈસુને પાડી નાખવાનો પ્રયત્ન કર્યો હતો, તે ટેકરી હજુ સુધી છે. નાઝરેથની આજુબાજુ નાની નાની ટેકરીઓ આવેલી છે. નાઝરેથ બહુ નાનું ગામ છે. તેમાં જોવા જેવું ખાસ નથી.

નાઝરેથ ગામની ચારે બાજુ ગોળ શિખરોવાળી ટેકરીઓ આવેલી છે. પ્રભુ ઈસુ આ બધી જ ટેકરીઓ પર હરતા ફરતા હતા. એક ટેકરી ઉપર ઊભા રહીને જોઈએ, તો પશ્ચિમે દરિયો દેખાય છે, ને બીજી ટેકરી પરથી એઝડ્ર એલોનનું મેદાન દેખાય છે નાઝરેથ મુખ્ય મોટા રસ્તા પર આવેલું નથી. પણ અંદરની બાજુએ આવેલું છે. મુખ્ય માર્ગથી ત્રણ માઈલ અંદર છે. ગામની ઉત્તરે ત્રણેક માઈલ દૂર દરિયા તરફનો રસ્તો આવેલો છે.

હાલ આ ગામ નાઝીરા (નાઝેરત) તરીકે ઓળખાય છે. જેઝ્રીલની ખીણની ઉત્તરે આવેલા નાના નાના ડુંગરાઓ મધ્યે આ ગામ આવેલું છે. આ ડુંગરા બગભગ ૧૨૦થી ૧૫૦ મિટર (૪૦૦થી ૫૦૦ ફૂટ) ઊંચા છે. અને ગામ ડુંગરો મધ્યે રકાબી જેમ લાગે છે.

•

## નેસેત (Knesset) ઈઝરાયલી પાર્લામેન્ટ

નવા યરુશાલેમના પશ્ચિમ ભાગમાં આ ભવ્ય ઈમારત આવેલી છે. પાર્લામેન્ટની બેઠક ચાલુ હોય ત્યારે જાહેર જનતા અને પ્રવાસીઓ માટે સોમ-મંગળ ૪થી ૯ સુધી, બુધવારે ૧૧થી ૧ સુધી ખુલ્લી હોય છે. ત્યાંની

ઓફિસેથી પાસ મેળવી શકાય છે. (પાસપોર્ટ સાથે રાખવી.) મકાનની ટુર વિનામૂલ્ય રવિવારે અને ગુરુવારે સવારના ૮-૩૦ થી ૨-૩૦ સુધી કરી શકાય છે.

શરુઆતમાં તો ઈઝરાયલની નેસ્સેત (પાર્લામેન્ટ) એક બેન્ક માટે બનાવેલા, અને પાછળથી સિનેમામાં ફેરવાયલા મકાનમાં બેસતી હતી. પણ ખાસ નેસ્સેત માટે અલાહિદુ મકાન બાંધવામાં આવ્યું. જેમ્સ ડી. રોધસચાઈલ્ડે એને માટે વશિયતનામું કરેલું. તે મોટી રકમમાંથી આ નેસ્સેત બંધાયું અને એનું ઉદ્દ્ઘાટન ઑગસ્ટ ૧૯૬૬ રોજ કરવામાં આવ્યું. આજે એને ૨૯ વર્ષ થયાં.

ઈઝરાયલ રાજયના સાર્વભૌમકપણાનું અને ઈઝરાયલી ડેમોક્રસીનું એ જબરું ચિહ્ન છે. ભવ્યતા અને સૌંદર્યનું પણ એ પ્રતિક છે. એની ડીઝાઈન અનોખી છે. ઊંચા ખડક પર બાંધવામાં આવ્યું છે. જોકે એની લાઈનો કે રેખાઓ તપસ્વી જેવી સંન્યાસધારી છે. પણ એનું શિલ્પસ્વરૂપ કલાસિકલ છે.

એ પાંચ મજલાની ઈમારત છે. નેસ્સેતમાં કાયમ ૧૨૦ સભ્યો હોય છે. અને એ પોતાનો પ્રેસિડેન્ટ ચૂંટી કાઢે છે. આ પ્રેસિડન્ટ બે ટર્મ સુધી રહી શકે છે, ચૂંટાયેલા સભ્યો સિવાય ૩૩૦ સ્ટાફ વર્કર્સ હોય છે, જેમાં ૧૦૦ જેટલા ગાર્ડ હોય છે. બીજા બે મજલા વધારવાના છે. ત્યાં મત લેવા-ગણવાનું ઈલોક્ટ્રોનિકસથી થાય છે.

•

## પુરાણા યરુશાલેમનું વિશાળ મોડેલ


એઝરા-નહેમ્યાના સમયના મંદિર વખતે યરુશાલેમ કેવું હતું, તેનું મોડેલ બહુ મોટા વિસ્તારમાં હોલી લેન્ડ હોટેલની પાસે બાંધવામાં આવ્યું છે. ખરેખર એ જોવાજેવું છે, શહેરનો મંદિર વિસ્તાર અને બીજાં જુદાં જુદાં સ્થળો, રસ્તાઓ, દરવાજા વગેરે ક્યાં ક્યાં આવેલા હતા તે સહેલાઈથી જોઈ શકાય છે, અને સમજ્યાં ઊતરી જાય છે.

•

# પેટર નોસ્ટર (પ્રભુપ્રાર્થનાનું સ્થળ)

આ પ્રભુ-પ્રાર્થનાનું સ્થળ ગેથસેમાને વાડીથી થોડેજ દૂર આવેલું છે. પ્રભુ ઈસુ ઘણી વાર એકલા અને ઘણી વાર તેમના શિષ્યોની સાથે જૈતૂન પર્વત ઉપર આવતા હતા. એક વાર પ્રભુ ઈસુ શિષ્યો સાથે ત્યાં આવ્યા હતા, તે વખતે શિષ્યોએ તેમને કહ્યું કે, અમને પ્રાર્થના કરતાં શીખવો. એટલે તેમણે આ બહુ પ્રચલિત એવી પ્રાર્થના શીખવી, 'ઓ આકાશમાંના અમારા પિતા'. જે સ્થળે પ્રભુ ઈસુએ આ પ્રાર્થના શીખવી, તે સ્થળ પર આજે એક મોટું મંદિર ભવ્ય પરસાળ સાથે બાંધેલું છે. આ મંદિરમાં આરસની તકતીઓમાં પ્રભુની પ્રાર્થના જુદા જુદા દેશની ભાષામાં કંડારેલી છે. આપણા દેશની સંસ્કૃત અને હિંદી ભાષામાં આ પ્રાર્થના અમે ત્યાં વાંચી હતી. હજી પણ અન્ય ભાષાઓમાં ત્યાં તકતી મૂકાતી જાય છે.

•




# પ્રભુ ઈસુની કબર (ગાર્ડન ટુમ્બ)

પ્રભુ ઈસુની આ કબર દમસ્ક દરવાજાથી ઉત્તર-પૂર્વે ૨૩૦ મિટર (૭૫૫ ફૂટ) છેટે આવેલી છે, એને ગાર્ડન્સ ટુમ્બ તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ સી.જી. ગોર્ડન નામના બ્રિટિશ મિલિટરી ઑફિસરે ૧૮૮૩માં એ ઓળખી કાઢી હતી.

૧. એ આજે પણ યરુશાલેમ શહેરના કોટની બહાર છે (હિબ્રુ ૧૩:૧૨).

૨. એ કબર જે ટેકરી પર આવેલી છે તેનો આકાર ખોપરી જેવો જ છે. સને ૧૯૫૪માં હું પહેલવહેલો ત્યાં ગયો હતો, ત્યારે સૂર્યનાં ત્રાંસાં કિરણોમાં આંખો અને નાકના ગોખલા કેવા સ્પષ્ટ દેખાતા હતા! અને કોઈના કહ્યા વગર, જોતાં જ આપણે એને ખોપરીનો આકાર માની લઈએ. હિબ્રૂમાં 'ગલગથા' એટલે ખોપરી, લાટિન 'કાલ્વરિયા' પરથી આવેલા અંગ્રેજી શબ્દ 'કાલવરી' એટલે પણ ખોપરી. આ ટેકરી પર ઈસુને થંભે જડેલા. આ ગોખલાવાળા ભાગમાં યર્મિયાનો ગોખલો છે. એમાં બેસીને તેણે 'યર્મિયાનો વિલાપ' એ પરજિયો લખ્યો હતો. નબુખાદનેસ્સારે ઈ.પૂર્વે. ૫૮૬માં યરુશાલેમને જીતી લીધું અને મંદિરનો નાશ કર્યો, તે સમયે યિર્મિયાએ વિનાશ પામેલા શહેર તરફ જોઈ જોઈને આ વિલાપ લખ્યો.




૩. ખોપરીની ટેકરીની એક તરફનો ખડક જરા બહાર પડતો છે, એમાં આ આખી કબર ખણી કાઢવામાં આવેલી છે. એ ટેકરી ઉપર મુસલમાની ભાઈઓની કબરો આવેલી છે.


૪.કબરમાં શબ મૂકવાનો ગોખલો ખાલી છે. એટલે કે કબરમાં અન્ય કોઈ શબ કદી મૂકાયલું નથી. એ ગોખલામાં શબ મૂકી શકાય તેવી સપાટ રચના છે, અને માથાને વધારે અંદર ખસેડી શકાય એવો ખાંચો છે. વળી બાજુ પર રડનારાં વહાલાંઓ બેસી શકે એવો પરસાળ જેવો ઓરડો છે.

૫. "મરિયમ બહાર કબરની પાસે રડતી ઊભી રહી હતી, તે રડતાં રડતાં નીચી નમીને કબરમાં ડોકિયાં કર્યા કરતી હતી" (યોહાન ૨૦:૧૧). આ વાક્યમાં કેટલાંક બંધબેસતાં સૂચનો છેઃ ક.. મરિયમ કબરની બહાર હતી; ખ.. નીચી નમીને તે એટલે કે તે કબરની ઉપરના ભાગમાં (ખડક પર) ઊભી હતી. અને નીચી નમી નમીને જોતી હતી. ગ.. કબરમાં ડોકિયાં કર્યા કરતી હતી. એટલે ઉપરથી જોઈ શકાય તેવી કંઈક વ્યવસ્થા હતી. આ ગાર્ડન ટૂમ્બમાં ઉપરના ભાગમાં હવા જઈ શકે તેવું પથ્થરમાં બાકોરું (કે બારી) હતું. એમાંથી મરિયમ નમી નમીને ડોકિયાં કર્યા કરતી હતી.

૬. આ કબરનું મોં મોટું અને પહોળું છે, એને બંધ કરવા બહુ મોટો અને વજનદાર પથ્થર જોઈએ, પથ્થર મૂકવા કબરની બહાર બંને બાજુએ ઉપર નીચે ઊતરતો અને બીજી બાજુએ ચઢતો એવા ઢોળાવવાળો અને પહોળો એવો ખાંચો અથવા તો નીક હતી, જેથી કબર બંધ કરવા પથ્થર એ નીકમાં સહેલાઈથી સરકી પડે, પણ કબર ખોલવા પથ્થરને ખસેડવાનું ખૂબ અઘરું થઈ પડે.


૭. અહીં કુદરતી વાડી પણ છે. "હવે જ્યાં તે વધસ્તંભ જડાયો હતો, તે સ્થળે એક વાડી હતી, અને તે વાડીમાં એક નવી કબર હતી" (યોહાન ૧૯:૪૧). વળી મરિયમે ઈસુને એ વાડીના "તે માળી છે એમ ધારીને તેણે તેને કહ્યું કે સાહેબ,...." (યોહાન ૨૦:૧૫). ઘણા પ્રોટેસ્ટંટ ખ્રિસ્તીઓ માને છે કે ઈસુની ખરી કબર આ જ છે.





મંદિરની હાલની યોજના

૧. પ્રવેશ ૨. અભિષેકનો પથ્થર ૩. કબર
૪. દર્શનની ચેપલ ૫. સેંટ હેલિના ચેપલ
૬. પવિત્ર ક્રૂસ ચેપલ ૭. કાલવરી. ૮. ગ્રીક કવાયર
૯. સેવાનાં વસ્ત્રો, વાસણોની ઓરડી
(ફ્રાન્સિસ્કન સંઘનાં)





# પ્રભુ ઈસુની કબરઃ પવિત્ર કબર પરનું ભવ્ય મંદિર ( ચર્ચ ઓફ ધી હોલી સેપ્યુલકર)

દુનિયાભરનાં ખ્રિસ્તીઓનાં અતિ પવિત્ર મનાતાં સ્થળોમાંનું આ એક છે. પ્રભુ ઈસુની કબરની ઉપર બાદશાહ કોન્સસ્ટનટાઈનની મા હેલિનાએ આ ચર્ચ ઓફ ધી હોલી સેપ્યુલકર ઈ.સ. ચોથી સદીમાં બંધાવ્યું હતું. પાછળથી જુદા જુદા સંપ્રદાયોએ પોતપોતાનાં ચેપલો કે ઓરડાઓ એમાં બંધાવ્યા છે. એટલે આખું મંદિર ખૂબજ વિશાળ બની ગયું છે. મંદિર અને આંગણામાં સહેજે અર્ધો લાખ કરતાં વધારે માણસો માઈ શકે.

હું ૧૯૫૪માં ઈસ્ટર્ન ઓર્થોડોક્સ મંડળીઓના ઈસ્ટર દિને 'હોલી ફાયર' પવિત્ર અગ્નિનો વિધિ જોવા ગયો હતો, ત્યારે આ મંદિરમાં ૪૦૦ પોલિસ અને ૫૦૦ સ્વયંસેવકોનાં દળો વ્યવસ્થા જાળવવા રાખવામાં આવ્યાં હતાં, અને દુનિયા ભરમાંથી લગભગ એક લાખ જેટલા લોકો આવ્યા હતા. આ હોલી ફાયરનો વિધિ પ્રભુ ઈસુના પુનરુત્થાનના પ્રતિક તરીકે છે.

કબરના ઓરડામાં પ્રવેશવાનું સ્થાન તદ્દન નીચું છે, એટલે અંદર જનાર સૌ કોઈએ નમનના રૂપમાં વાંકા વળીને અંદર જવું પડે છે.

ઈઝરાયલ દેશ સ્વતંત્ર થયો ત્યારથી આજ સુધી આર્મિનિયન મંડળીના લોકો લાકડાના વધસ્તંભ ઊંચકીને દર શુક્રવારે ૪-૦૦ વાગે "વાયા ડોલોરસા" (દુઃખના માર્ગે) સરઘસ કાઢે છે. આ સરઘસ પિલાતની કચેરીએથી નીકળી પ્રભુ ઈસુની કબર સુધી જાય છે.

•

## બિબ્લીકલ ઝૂ

યરુશાલેમના ઉત્તર ભાગમાં આ "બિબ્લીકલ ઝૂ" આવેલું છે. બાઈબલમાં આપેલાં બધાં પ્રાણીઓ, પંખીઓ, સરપટિયાં વગેરે અહીં રાખવામાં આવ્યાં છે.

•

## બેથલેહેમ

બેથલેહેમનો અર્થ રોટલીનું ઘર થાય છે. તે યરુશાલેમથી દક્ષિણમાં છ માઈલે (૭.૨ કિ.મિ.) મૃત સરોવર તરફ જતી ટેકરીઓની હારમાળા પાસે આવેલું છે. આસપાસ જૈતફળ, અંજીર, બદામ, દ્રાક્ષ ઘણાં થાય છે. તેની પાસેની ખીણમાં બગીચા તથા ખેતરો લચેલાં રહે છે. બેથલેહેમ શહેર સમુદ્રની સપાટીથી ૨ ૨૫૦ ફૂટ અને યરુશાલેમ કરતાં ૧૦૦ ફૂટ ઊંચાઈએ આવેલું છે.

શહેરમાં પ્રવેશતાં જ ત્રણ મંદિરો છે. ઈ.સ. ૫૩૧ માં એ બંધાયાં છે. ગ્રીક ઓર્થોડોક્સ આરમેનિયન અને રોમન કેથોલિક લોકોએ એ બાંધ્યાં છે. પ્રભુના જન્મના ચર્ચને 'ચર્ચ ઓફ નેટીવીટી' કહે છે. એ મંદિર રોમન બાદશાહ કોન્સ્ટન્ટાઈન, જે પાછળથી ખ્રિસ્તી થયો, તેની મા હેલીનાએ બંધાવ્યું હતું. એમાં ભોંયરામાં ઈસુના જન્મસ્થળે આરસપહાણની વેદી, ઝૂમ્મરો, અને વિજળીના હાંડાઓના ઝળહળતા પ્રકાશમાં આવેલી છે. ત્યાં ભોય તળિયે જન્મની જગાએ ફરસબંધીમાં જડેલો ૧૪ પાંખડીવાળો ચાંદીનો તારો છે, ને ત્યાં લેટિનમાં લખેલું છે કે, અહીં કુંવારી મરિયમને પેટે ઈસુનો જન્મ થયો. પાસે જ બીજી મોટી વેદી છે, જ્યાં ઈસુના જન્મ પછી પથારી ખસેડવામાં આવી હતી.

દર વર્ષે દુનિયાભરમાંથી લગભગ એક લાખ માણસો આ પવિત્ર ભૂમિનાં દર્શને આવે છે, અને જીવનને ધન્ય ગણે છે. ભરવાડોનું ખેતર અહીંથી થોડે દૂર છે. જ્યાં દૂતે તેમને પ્રભુના જન્મની વધામણી આપી હતી. આજે એ સ્થળ પર વાય.એમ.સી.એ.નું મકાન બંધાવેલું છે.

ઝબૂલુનમાં પણ બેથલેહેમ હતું, એટલે યહૂદિયાના આ શહેરને બેથલેહેમ એફ્રાથા અથવા બેથલેહેમ યહૂદિયા તરીકે ઓળખવામાં આવતું

હતું (ઉત્પત્તિ ૩૫:૧૯. ન્યાયાધીશ ૧૭:૭. મિખાહ ૫:૨). બોઆઝ અને રૂથ આ બેથલેહેમનાં વતની હતાં. ઓબેદ એમનો દીકરો હતો, અને ઓબેદનો દીકરો યેસી, અને યેસીનો દીકરો દાવિદ રાજા, એટલે એને દાવિદનું શહેર કહેવામાં આવ્યું છે (લૂક ૨:૧૧). બેથલેહેમમાં ઘરો નાનાં નાનાં છે, પણ સરસ રીતે બાંધેલાં છે. અત્યારે તો યરુશાલેમના મુખ્ય બસ સ્ટેશનેથી બસમાં બેસીને અર્ધા કલાક કરતાંએ ઓછા સમયમાં બેથલેહેમ જઈ શકાય છે. આ શહેરની વસ્તી બહુ થોડી અને મોટે ભાગે ગ્રીક ઓર્થેડોક્સ (ખ્રિસ્તીઓ)ની છે.

પહાડી પ્રદેશ અને પથરાળ જમીન હોવા છતાં પ્રદેશ ફળદ્રુપ છે. જેમ રૂથ અને બોઆઝના સમયમાં તેમ આજે પણ ધાન્યથી ખેતરો લચેલાં રહે છે. અને કાપણીની મોસમ ખૂબ ધમધમતી બની રહે છે.

યરુશાલેમથી બેરશીબા મોટો ધોરી રસ્તો જાય છે. એ રસ્તા પર બેથલેહેમ આવેલું છે. અત્યારે તે બૈત-લહમ તરીકે ઉચ્ચારાય છે. યરુશાલેમના મંદિર વિસ્તારના ડુંગરોથી દક્ષિણે નવ કિલો મિટર (૫.૫ માઈલ) દૂર આવેલું છે.

બેથલેહેમથી નીકળતાં અર્ધો માઇલેક જઈએ એટલે યોકોબની વહાલી પત્ની અને યોસેફ તથા બિન્યામિનનાં મા રાહેલની કબર આવે છે. બેથલેહેમનું મૂળ નામ કદાચ એફ્રાથ હશે. એટલે બાઇબલમાં આ પ્રમાણે આપેલું છેઃ

> ‘‘અને તેઓ બેથેલની આગળ ગયાં અને એફ્રાથ પહોંચવાને હજી થોડો માર્ગ બાકી રહ્યો હતો, એટલામાં રાહેલને પ્રસૂતિ થઈ. અને તે જણતાં કષ્ટાતી હતી. ત્યારે દાઈએ તેને કહ્યું, બી મા કેમ કે તને આ પણ દીકરો સાંપડશે. અને એમ થયું કે, જ્યારે તેનો જીવ જતો હતો (કેમ કે તે મરી ગઈ) ત્યારે તેણે તેનું નામ બેનોની પાડ્યું; પણ તેના પિતાએ તેનું નામ બિન્યામીન પાડ્યું. અને રાહેલ મરી ગઈ, ને એફ્રાથ (જે બેથલેહેમ છે) તેને રસ્તે તેને દાટવામાં આવી. અને યાકોબે તેની કબર ઉપર સ્તંભ ઊભો કર્યો, તે આજ સુધી રાહેલની કબરનો સ્તંભ છે’’ (ઉત્પ. ૩૫:૧૬-૨૦).

એફ્રાથ (અથવા એફ્રાથાહ) અને બેથલેહેમ વિષે આ પ્રમાણે બાઈબલમાં આપ્યું છેઃ

કાલેબના પુત્રો આ હતા : એફ્રાથાહના જ્યેષ્ઠ પુત્ર હૂરનો પુત્ર શોબાલ,... બેથલેહેમ નો બાપ સાલ્મા.... સાલ્માનો પુત્ર : બેથલેહેમ... (૧ કાળવૃ. ૨:૫૧,૫૨,૫૪).

વળી,

"ગદોરનો બાપ પનૂએલ તથા યહશાહનો બાપ એઝેર એઓ બેથલેહેમના બાપ એફ્રાથાહના જ્યેષ્ઠપુત્ર હૂરના પુત્રો છે" (૧ કાળવૃ. ૪:૪).

એમ હોય કે આ ઉપર જણાવી તે વ્યક્તિઓ, પાછળથી બેથલેહેમમાં વસેલા લોકોના વડવાઓ હોઈ શકે.

અબિમેલેખ, નાઓમી અને કુટુંબ આ બેથલેહેમનાં વતની હતાં. અને બોઆઝ પણ બેથલેહેમી હતો. અને પ્રભુ ઈસુ પણ માનવી તરીકે બેથલેહેમી અને દાવિદપુત્ર હતા. પ્રભુ ઈસુના સમયમાં બેથલેહેમ નાનું ગામડું હતું, અને વિસાત વગરનું હતું. પણ ભવિષ્યવાણીએ (યશા. ૭:૧૪) એને મહત્વનું બનાવ્યું. અને જો કે મરિયમ કુંવારીનું ગર્ભાધાન નાઝરેથમાં થયું, પણ દૈવી ભવિષ્યવાણી પ્રમાણે તેમણે ઈસુને જન્મ દીધો બેથલેહેમમાં. એ બંને ગામો નાઝરેથ અને બેથલેહેમ વચ્ચેનું અંતર ૧૫૦ કિ.મિ. (૯૩ માઈલ ) છે.

પ્રભુ ઈસુના જન્મ સમયે બેથલેહેમની સીમમાં ભરવાડો રાત્રે પોતાનાં ટોળાં સાચવતા પડ્યા હતા, તેમને દૂતોએ ઈસુના જન્મની વધામણી આપી. ઈઝરાયલમાં આગલો વરસાદ ઓક્ટોબરની અધવચથી શરુ થતો, તે છેક જાન્યુઆરીની અધવચ સુધી એ ચાલુ રહેતો. એટલે ભરવાડો એ વરસાદી ઋતુમાં ઘેર આવતા રહેતા. ડિસેમ્બર માસમાં યરુશાલેમની જેમ બેથલેહેમમાં પણ હિમ પડતું હતું, એટલે ભરવાડો ટોળાં સાથે સીમમાં ન રહી શકે.

વળી રોમન બાદશાહ ઑગસ્ટસ એટલો બુદ્ધિહિન નહોતો કે હીમ અને વરસાદ વરસતાં હોય એવી ઠંડીગાર ઋતુમાં તે પ્રજાજનોને

નામ નોંધાવવા પોતપોતાનાં વતનમાં જવાનો હુકમ છોડીને લોકોની ખફામરજી વહોરી લે.

આજ બેથલેહેમ અને એની આસપાસની સીમોમાં બે વર્ષ અને તેથી નાની વયનાં નર-બાળકોનો હેરોદ રાજાએ સંહાર કરાવ્યો હતો. એ કેવું કરુણ અને કલ્પાંતભર્યુ દૃષ્ય હશે!

•

## બેથાનિયા


માર્થા, મરિયમ અને લાજરસનું ગામ. યરુશાલેમથી ૨.૮ કિ.મિ. (૧.૭ માઈલ) જેટલું છેટું આવેલું હતું. સુવાર્તાના લેખકે રોમન સ્ટેડિયમ માપ લઈને ૧૫ સ્ટેડિયમ વાપર્યું છે. એટલે પૂરા ત્રણ કિલોમીટર કે પૂરા બે માઈલ ન થાય, એટલે આપણે ઉપર વાપર્યું તે માપ બરાબર છે (યોહા. ૧૧:૧૮). જૈતૂન પહાડના પૂર્વ ઢોળાવ પર આવેલું છે. પુરાણા સમયમાં યરદન ઓળંગી યરેખો વટાવીને યરુશાલેમ આવતાં એ રસ્તે બેથાનિયા આવે છે (માર્ક ૧૦:૪૬. ૧૧:૧. લૂક ૧૯:૨૯).

અંગ્રેજી બાઈબલોમાં બેથાની શબ્દ વાપર્યો છે તે બરાબર નથી પણ ગુજરાતીમાં આપેલું બેથાનિયા નામ ખરું છે. અત્યારે એ એલ-એઝારીયા (એલ-ઐઝારિયા) નામે ઓળખાય છે. આ અરબી નામનો અર્થ 'લાજરસનું સ્થળ' થાય છે.

જેમ ગાલીલમાં કફરનહૂમ પ્રભુ ઈસુના ઘર સમાન હતું (માર્ક ૨:૧) તેમ બેથાનિયાને પ્રભુ ઈસુનું ઘર ગણી શકાય. માર્થા મરિયમ અને લાજરસ પ્રભુ ઈસુનાં વહાલાં મિત્રો હતાં. અને પ્રભુ ઈસુ જ્યારે જ્યારે યરુશાલેમ આવતા ત્યારે રાતવાસો બેથાનિયામાં કરતા. 'રીત પ્રમાણે' પ્રભુ ઈસુ રાત્રે જૈતૂન પહાડ પર ગેથસેમાનેમાં જતા, પ્રાર્થનામાં સમય ગાળતા અને બેથાનિયામાં રેન બસેરા કરતા મોટે ભાગે શિષ્યો પણ જોડાતા (લૂક ૧૦:૩૮). ચાર દિવસથી મૃત્યુ પામેલા લાજરસને અહીં પ્રભુ ઈસુએ જીવતો કર્યો હતો (યોહા. ૧૧:૧,૩૮-૩૪). અહીં જ તેની બહેન મરિયમે બહુ કિંમતી અત્તર પ્રભુ ઈસુને ચોળ્યું હતું. શનિવાર (સાબ્બાથ) પૂરો થયો હતો તે રાત્રે એ ભોજન રાખવામાં આવ્યું હતું. પછી રવિવારે સવારમાં પ્રભુ

ઈસુ દબદબાભરી સવારી કરીને યરુશાલેમમાં પ્રવેશ્યા હતા. તે શિષ્યો સાથે આખો દિવસ યરુશાલેમમાં ગાળતા અને રાતવાસો બેથાનિયામાં કરતા હતા.

ગુરુવાર રાતે પ્રભુ ઈસુએ શિષ્યો સાથે મેડી ઉપર છેલ્લું વાળું કર્યું, અને પ્રભુભોજનની સ્થાપના કરી. તેજ રાત્રે પ્રભુ ઈસુને પકડી લેવામાં આવ્યા, અને શુક્રવારે (નિશાન માસની ૧૪મીએ) તેમને ક્રૂસે જડી દેવામાં આવ્યા.



એ પછીના દિવસોમાં શિષ્યો યરુશાલેમમાં દેખાયા નહોતા. તેઓ બેથાનિયામાં સંતાયા હશે. એટલે જ કદાચ માર્થા, મરિયમ અને લાજરસ ઈસુના મૃત્યુદિને યરુશાલેમ આવ્યાં નહોતાં.

પ્રભુ ઈસુ પોતાના પુનરુત્થાન પછી ચાળિસ દિવસ થયા ત્યારે શિષ્યોને જૈતૂન પર્વત ઉપર લઈ ગયા,-યરુશાલેમ મંદિરે નહિ, કારણ કે ઈશ્વરે એ મંદિરનો ત્યાગ કર્યો હતો,-પણ જૈતૂન પર્વત ઉપર 'બેથાનિયાની સામે' તેઓને બહાર લઈ જઈને પોતાના હાથ પ્રસારીને તેઓને આશીર્વાદ દીધો. તે તેઓને આશીર્વાદ દેતો હતો, એટલામાં તે તેઓથી છુટો પડ્યો અને આકાશમાં લઈ લેવાયો (લૂક ૨૪:૫૦-૫૧). મને ખાતરી છે કે બેથાનિયાની સામે જ આ બન્યું એટલે માર્થા, મરિયમ અને લાજરસ ત્યાં હાજર હશે જ.

બેથાનિયાના લાજરસની બહેન મરિયમે ઈસુને અત્તર ચોળ્યું: એની વિગતો યોહાન ૧૨:૧-૮. માથ્થી ૨૬:૬-૧૩. અને માર્ક ૧૪:૧-

૯માં આપી છે. તેમ જ યોહાન ૧૧:૧-૨માં મરિયમની ઓળખ કરાવવા માટે એ બીના નોંધી છે. યોહાનની સુવાર્તાના બધા બનાવો બની ગયા પછી, એટલે કે ઈસુના સ્વર્ગારોહણ પછી યોહાનની સુવાર્તા લખાઈ. એટલે જ અધ્યાય ૧૧મા એ પપછીના જમણ અને અત્તર ચોળવાની વાત આવે છે, છતાં ૧૨મા લાજરસની માંદગી, મરણ અને ઉત્થાનની વાત આવે છે. અને અધ્યાય ૧૨માં અધ્યાયની વાત ૧૧માં અધ્યાયમાં મરિયમની ઓળખ કરાવવા માટે આપી છે. મરિયમે અત્તર ચોળ્યું એની વિગતો પણ જોઈ લઈએ (અને મનોમન લૂક૭:૩૬-૫૦ના બનાવ સાથે સરખાવી લઈએ).

I <u>ગામ : બેથાનિયા (૧૨:૧)</u>

II <u>કોના ઘેર જમણ :</u> સિમોન કોઢિયાના ઘેર (માથ્થી ૨૬:૧. માર્ક ૧૪:૩). સિમોન અગાઉ કોઢિયો હતો, અને કોઈ સમયે ઈસુએ એને સાજો કર્યો હતો, એટલે તેનું હૃદય ઈસુ પ્રત્યે ખૂબ આભારભાવથી ભરેલું હતું. તેને લીધે તેણે જમણ રાખ્યું હતું. જો હાલ તે કોઢિયો હોત તો ગામમાં વસ્તી ભેગો તે રહેતો ન હોત, પણ વસ્તી બહાર રહેતો હોત. પણ અગાઉ તે કોઢી હતો એટલે કોઢિયો નામ પડી ગયું હતું. યોહાને સિમોન કોઢિયાનું નામ આપવું પડતું મૂક્યું છે.

III <u>જમનારા કોણ કોણ?:</u> બધાં મળી ઓછામાં ઓછાં પંદરેક જણ તો હશે જ. પ્રભુ ઈસુ, બાર શિષ્યો, લાજરસ (યોહાન ૧૨:૨ બ), સિમોન પોતે. કોઈ સ્ત્રી જમનાર કદાચ નહિ હોય, કારણ યહૂદીઓ અંગ્રેજી U આકારના પલંગ કે કોચ પર લાંબા થઈને અને આડા પડીને જમતા હતા, એટલે એવી શરીર સ્થિતિમાં સૂતાં સૂતાં પુરુષો સાથે જમવાનું બહેનોને ઘટિત લાગે નહિ. માર્થાને સરરભરા માટે બોલાવી હશે. સિમોન લાંબા સમય સુધી કોઢિયો હોવાથી કદાચ એનું લગ્ન ના પણ થયું હોય, એટલે માર્થાને (કદાચ બીજાંને પણ) જમવાનું બનાવવા કે સરભરા માટે બોલાવી હોય.

લાજરસ ખાસ મહેમાનોમાંનો એક હતો. એટલે થોડી જ મુદત પર એને જીવતો કરવામાં આવેલો એના આનંદ અને આભારનું પણ કદાચ

આ જમણ હોય! ગમે તેમ પણ સિમોન અને લાજરસનાં ઘર નજદીક નજદીક પણ હોઈ શકે. (લેખક પોતે ૧૯૫૪માં બેથાનિયા ગયેલા ત્યારે આ બેનાં કહેવાતાં ઘર નજદીક નજદીક જોયેલાં). એ રીતે પણ માર્થાને સરભરા માટે બોલાવી હોય.

IV સમય: પાસ્ખા પર્વના છ દિવસ અગાઉ આ 'વાળુ' (૧૨:૨)=રાત્રિભોજન આપણા કેલેન્ડર પ્રમાણે શનિવારની રાત, અને યહૂદી કેલેનડર પ્રમાણે સાંજે છ વાગ્યા પછી નવો દિવસ બેસી ચૂક્યો છે,- શનિવાર (સાબ્બાથ) સાંજે છ વાગ્યે પૂરો થયો, "અને અઠાવાડિયાનો પહેલો દિવસ (રવિવાર)" બેસી ચૂક્યો છે. અને બેસી ચૂકેલા આ રવિવારની સવાર થયા પછી યરુશાલેમની વિજયસવારી શરુ થવાની છે. એટલે ઈસુના મૃત્યુના માંડ છ દિવસ અગાઉ આ જમણ થયું (લૂક ૭:૩૬-૫૦).

•

## બેથેસ્દાનો કુંડ

બેથેસ્દાનો કુંડ યરુશાલેમમાં મેંઢા ભાગળ ('મેંઢા દરવાજા') પાસે આવેલો હતો. પ્રભુ ઈસુએ આ કુંડ પાસે ૩૮ વરસથી બિમાર માણસને સાજો કર્યો હતો (યોહાન ૫:૧-૯). બાઇબલની કેટલીક અંગ્રેજી આવૃત્તિઓમાં અહીં 'બેથઝાથા' નામ વાપર્યું છે. કુંડની આસપાસ પાંચ પરસાળો આવેલી હતી. જ્યાં બહુ મોટી સંખ્યામાં માંદા, આંધળા, લંગડા-લૂલા માણસો સાજા થવાની રાહ જોતા પડ્યા રહેતા હતા. અવારનવાર કુંડનાં પાણી હાલતાં હતાં. અને એ વખતે જે પહેલો પડે તે સાજો થઈ જતો હતો.

અહીં ત્રણ અને ચાર કલમમાં બેવડિયા કૌંસમાં વપરાયલા શબ્દો બહુ જૂની ઘણી ગ્રીક હસ્તપત્રોમાં મળતા નથી, એટલે પાછળથી કોઈએ એ શબ્દો ઉમેર્યા હશે, એમ માનવામાં આવે છે. એવા શકભર્યા શબ્દો આપણા ગુજરાતી બાઇબલમાં બેવડિયા કૌંસમાં મૂકવામાં આવ્યા હોય છે. એ શબ્દો નીચે પ્રમાણે છે:

"... તેઓ પાણી હાલવાની વાટ જોતા હતા. કેમ કે કોઈ કોઈ વેળા એક દૂત તે કુંડમાં ઊતરીને પાણીને હલાવતો હતો. ત્યારે પાણી હલાવ્યા પછી જે કોઈ પહેલો તેમાં ઊતરતો તેને જે કંઈ રોગ લાગેલો હોય તેથી તે નીરોગી થતો."

આ મેંઢાં દરવાજો યરુશાલેમની ઉત્તરે આવેલો હતો. નહેમ્યા ૩:૧માં જણાવ્યા પ્રમાણે યાજકોએ આ દરવાજો બાંધ્યો હતો, તેથી એમ માનવામાં આવે છે કે, મંદિર વિસ્તારમાં પ્રવેશવાનો આ દરવાજો હશે. પ્રભુ ઈસુના સમયમાં આ ભાગ શહેરની દીવાલની બહાર હતો. પણ હેરોદ આગ્રીપા પહેલાએ (એનું મૃત્યુ ઈ.સ. ૪૪માં) રોમના ક્લોડિયસ બાદશાહના સમયમાં (ઈ.સ. ૪૧-૫૪) શહેરની ઉત્તર તરફ ત્રીજી દીવાલ બાંધી તેથી આ દરવાજો અને બેથેસ્દા કુંડ શહેરની અંદર આવી ગયાં. તેથી પ્રેરિત યોહાને લખ્યું છે તે બરાબર છે કે "યરુશાલેમમાં" (૫:૨).

ઈ.સ. ૧૮૮૮માં મંદિર વિસ્તારમાં ઉત્તરે ખોદકામ કરતા હતા ત્યારે બે કુંડ દેખાયા. ખરેખર તો કુંડ એક જ હતો, પણ કુંડના બે ભાગ વચ્ચે ડુંગરો આવેલો હોવાથી બે કુંડ લાગતા હતા. આ આખાયે કુંડનો વિસ્તાર ૪૬ x ૯૨ મિટર (૧૫૦ x ૩૦૦ ફૂટ) જેટલો હતો. આ પરસાળોના અવશેષ આજેય જોવા મળે છે.

•

## બેર શીબા

'બેરશીબા' એટલે 'શપથનો કૂવો' અથવા 'સાતનો કૂવો.' દક્ષિણ યહૂદીયાનું આ છેવાડું ગામ છે. નીચેના નેગેબ વિસ્તારમાં આવેલું છે. ભૂમધ્ય સમુદ્ર અને મૃતસરોવરના દક્ષિણે છેડા વચ્ચે આ શહેર આવેલું છે. હેબ્રોનથી દક્ષિણ ૪૫ કિ.મિ. અથવા ૨૮ માઈલ દૂર આવેલું છે. અને ગાઝાની પશ્ચિમ-દક્ષિણે એટલા જ અંતરે આવેલું છે.

વચનના દેશનો એ લગભગ દક્ષિણનો છેડો ગણાતું. એવું ઉત્તરે દાન શહેર હતું. એટલે 'દાનથી બેરશીબા' એમ (માથાથી પગની પાની

સુધી) કહેવાતું (ન્યાયા. ૨૦:૧). અને કોઈ વાર ઉલટું 'બેરશીબાથી દાન સુધી' એમ પણ કહેવાતું (૧ કાળ ૨૧:૨. ૨ કાળ. ૩૦:૫). બેરશીબામાં પાણીનો વિપુલ જથ્થો હતો, અને તેથી એ ફળદ્રુપ પ્રદેશ હતો અને ઘેટાં અને ઢોરઢાંક માટે ચરણનો આદર્શ પ્રદેશ હતો.

વળી ઘણી દિશાઓથી આવતા રસ્તાઓનું એ મિલન-સ્થળ હતું. મિસર (ઈજિપ્ત)થી ઉત્તરે બાબિલોન જવાના ધોરી માર્ગે આ શહેર કૂવાઓવાળું શહેર તરીકે ઓળખાતું કાદેશ-બાર્નિયા સુધી આ માર્ગ જતો હતો. અરબસ્તાનના સુગંધી તેજાના લાદેલાં ઉંટો આ રસ્તે જતાં.

બેરશીબાનો બાઈબલમાં પહેલવહેલો ઉલ્લેખ હાગાર અને ઈશ્માએલના કિસ્સામાં આવે છે. અબ્રાહામે હાગારને કાઢી મૂકી હતી, ત્યારે તે દીકરાને લઈને અહીં આવી હતી. તરસે મરતા દીકરાને મૂકીને હાગાર રડતી રડતી ઈશ્વરને પોકારતી હતી. ઈશ્વરે તેને એક કૂવો બતાવ્યો. તેમાંથી તેણે ઈશ્માએલને પાયું. કદાચ અગાઉ અબ્રાહમે જ આ કૂવો બંધાવ્યો હશે (ઉત્પ. ૨૧:૧૪,૧૯). વળી જુઓ (ઉત્પ ૨૧:૩૩).

અબ્રાહામ આ સ્થળેથી જ મોરિયાહ પર્વત પર ઈસ્હાકનું બલિદાન દેવા ગયો હતો (ઉત્પ. ૨૨:૧૯). અબ્રાહામે ખોદેલા કૂવાને ઈસ્હાકે ફરીથી ખોદાવ્યા હતા (ઉત્પ ૨૬:૧૮. ૩૧-૩૩). આ સ્થળે ઈસ્હાકે યાકોબને આશીર્વાદ આપ્યો હતો (ઉત્પ. ૨૮:૧,૨,૧૦). વર્ષો પછી ઘરડો યાકોબ પોતાના દીકરા યોસેફને મળવા મિસર (ઈજિપ્ત) જઈ રહ્યો હતો, ત્યારે તેણે અહીં બેરશીબામાં યહોવાને અર્પણ ચઢાવ્યું હતું (ઉત્પ. ૪૬:૧-૫).

એલિયા ઈઝબેલ રાણીના કોપથી બચવા નહાસી જતો હતો, (તે કાર્મેલથી આવ્યો હતો) ત્યારે પોતાના ચાકરને અહીં બેરશીબામાં મૂકીને તે નેગેબ તરફ ગયો હતો.

•

## મગદાલા અથવા માગદાન

ગાલીલ સમુદ્ર નજદીક આ શહેર આવેલું છે. પ્રભુ ઈસુ ૪૦૦૦ માણસોને જમાડ્યા પછી આ માગ્દાનમાં આવ્યા હતા (માથ્થી ૧૫:૩૯).

પણ માર્ક ૮:૧૦માં એને દાલ્માનુથાની સીમ તરીકે દર્શાવ્યું છે. નવી અંગ્રેજી આવૃત્તિઓમાં એને મગ્દાલા તરીકે જણાવ્યું છે. મગ્દલા નામનો અર્થ 'બુરજ' થાય છે.

એ તદ્દન નાનું ગામ યહૂદી તાલ્મુદમાં જણાવ્યા પ્રમાણે, ગાલીલ સમુદ્રના પશ્ચિમ કિનારે તિબેરિયસ અને હામાથની નજદીક અને નાઝરેથથી આશરે ૬.૪ કિ.મિ. (ચારેક માઈલ) દૂર આવેલું હતું. અત્યારે તો એલ-મેજદેલ નામના ભંગાર હાલતવાળા ગામ તરીકે એ રહ્યું છે.

મરિયમ માગ્દાલેનનું એ ગામ હતું. ખરું જોતાં આ મરિયમ "મગ્દાલાની મરિયમ" તરીકે ઓળખાવી જોઈએ. યુરોપમાં મધ્ય યુગમાં અને પાછલા કાળમાં પતિત સ્ત્રીઓ માટે માગ્દાલેનગૃહો બાંધવામાં આવતાં હતાં. તે નામને અને બાઈબલમાં આપેલા શબ્દ માગ્દાલેણને કોઈ સંબંધ નથી. મગ્દાલાની મરિયમ પતિતા સ્ત્રી નહોતી. એટલું કે ઈસુએ તેનામાંથી સાત અશુદ્ધ આત્મા કાઢ્યા હતા.

•

## મરિયમ કુંવારીનું ઘર

મરિયમ (પ્રભુ ઈસુનાં મા)નું ઘર પણ નાઝરેથમાં હતું. દૂતે મરિયમને દર્શન દીધું ત્યારે તે પોતાનાં માતાપિતાને ઘેર હતી. પિતાનું નામ હેલી અને માનું નામ આન્ના (એન). લૂકે આપેલી વંશાવળીમાં મરિયમના વર યોસેફને માટે હેલીના પુત્ર તરીકે ઈશારો બતાવ્યો છે. પણ એ તો જમાઈ તરીકે કાયદાની રૂએ દીકરો ગણાય, એ લેખે આપ્યું છે.

મરિયમનું હિબ્રૂ રૂપ મિરિયમ છે. મારિયા એ લેટીનરૂપ અને મેરી એ અંગ્રેજીરૂપ છે.

પ્રભુ ઈસુનાં માના પિતા હેલી હતા. તે યહૂદાના કુળના અને દાવિદના વંશજ હતા. આમ, મરિયમ રાજવંશી હતાં. મરિયમના વર યોસેફના પિતા યાકોબ (માથ્થી ૧:૧૬) અને મરિયમના પિતા હેલી બંને ભાઈ હતા. યોસેફ અને મરિયમ બંને જણ રાજવંશી હતાં. મરિયમની એક બહેન હતી (યોહાન ૧૯:૨૫). હવે ઈસુના વધસ્તંભની પાસે તેમની મા, તેમની માસી... ઊભાં રહેલાં હતાં. ઘણે ભાગે એનું નામ સાલોમી હતું. તે

ઝબ્દીની પત્ની હતી, અને યાકોબ તથા યોહાન તેના દીકરા હતા (માથ્થી ૨૭:૫૬. માર્ક ૧૫:૪૦). યોહાન બાપ્તિસ્તની મા એલિસાબેત અને (મરિયમ કદાચ મસિયાઈ) બહેનો થતી હતી (લૂક ૧:૩૬).

**ગાબ્રિયેલ દૂતે મરિયમને દર્શન દઈને** ઈસુના જન્મની આગાહી કરી હતી. અને મરિયમ જોકે પૂરેપૂરું સમજ્યાં નહોતાં, તોપણ નમ્ર અને ઈશ્વરને સંપૂર્ણ આધીન ભાવે પ્રભુ તરફથી આવેલા વચનને સ્વીકારી લીધું હતું. જો યોસેફે મરિયમને પત્ની તરીકે તેડાવી લીધી ન હોત, તો યહૂદી રીતરિવાજ પ્રમાણે મરિયમ અને યોસેફ બંને જણ સાથે સાથે નાઝરેથથી બેથલેહેમ સુધીની લાંબી મુસાફરી કરી શક્યાં ન હોતં. (નાઝરેથથી બેથલેહેમ તીરની જેમ સીધી મુસાફરી ૭૫ માઈલ(૧૨૦.૭ કિ.મિ.) અને જો વાંકાંચૂકાં ચઢાણ ગણીએ તો ૮૦ માઈલ (૧૨૮.૭ કિ.મિ.), અને સમરુનમાં ન પેસતાં યર્દન નદી ઓળંગી નદીના પૂર્વ કાંઠાના દેશોમાં થઈ, ફરી યર્દન ઊતરી યહૂદિયામાં આવીએ તો ૯૩ માઈલ (૧૫૦ કિ.મિ.)ની મુસાફરી થાય. બેથલેહેમની એ ગભાણમાં ઈસુનો જન્મ થયો. સ્વપ્નમાં દૂતે યોસેફને ચેતવણી આપ્યા પ્રમાણે તેઓ મિસર નાસી ગયાં. બીજે વર્ષે તેઓ મિસરથી પાછાં નાઝરેથ ગયાં (માથ્થી ૨:૧૧-૨૩). બાર વર્ષની ઉંમરે ઈસુ માતપિતાની સાથે પાસ્ખાપર્વ માટે યરુશાલેમ આવ્યા (લૂક ૨:૪૨).

એ પછી મરિયમનું નામ ચારેક વખત આવે છે. પ્રભુ ઈસુની જાહેર ધર્મસેવાના સમયમાં આ ચાર પ્રસંગે આવે છે:

**કાનાના લગ્નજમણ વખતે:**ખૂટેલા દ્રાક્ષારસ વિષે કંઈક કરવા મરિયમ ઈસુને સૂચવે છે. પ્રભુ ઈસુ માનવી માતાના અધિકાર નીચેથી ગંભીરતાપૂર્વક છૂટી જાય છે (યોહાન. ૨:૧-૪). માતાના અધિકારને નહિ, પણ આકાશી પિતાના અધિકાર પ્રમાણે તેમણે કરવાનું છે. એ સદેહ થયેલા ઈશ્વર હતા, એટલે હવે સગાં સંબંધથી નહિ, પણ આકાશી સંબંધની ધબકે તેમણે ચાલવાનું- વર્તવાનું હતું. બીજું, 'બાઈ' શબ્દ તોછડો નથી. ગુજરાત અને મહારાષ્ટ્રમાં આ 'બાઈ' શબ્દ હેતભર્યો શબ્દ છે. બે બહેનપણીઓ એકબીજીને બાઈ કહી સંબોધે છે, એમાં હેતની કુમાશ હોય છે.

**કપરનાહુમ ગામે** : (યોહાન ૨:૧૨. માથ્થી ૧૨:૪૬-૫૦). ઈસુ અહીં જાહેરમાં લોકોને સંદેશો સંભળાવતા હતા, ત્યારે ઈસુનાં મા તથા તેમના ભાઈઓ આવીને બહાર ઊભાં હતાં, અને તેમની સાથે વાત કરવા માગતાં હતાં. પણ જેમ મંદિરમાં બાર વર્ષની ઉંમરે જે જવાબ આપ્યો હતો એવા ભાવાર્થમાં તેમનું બોલવું હતું કે સગાં તરીકે તેઓ તેમની (ઈસુની) ઉપર અધિકાર ચલાવી તેઓની ઇચ્છા પ્રમાણે કરાવે, અથવા સગાં તરીકે ખાસ હક ધરાવે કે લાભો ઉઠાવે એ આકાશી પિતાની ઇચ્છા પૂરી કરવામાં વિઘ્નરૂપ છે. ઈસુનો ઉત્તર અંદરથી જુઓ (માથ્થી ૧૨:૪૬-૫૦). આપણે એક વાત યાદ રાખવી રહી કે પ્રભુ ઈસુ તો દેહ ધરીને ખાસ કાર્ય માટે આવેલા ઈશ્વર હતા (સરખાવો માર્ક ૮:૨૮-૩૦. લૂક ૧૧:૨૭).

**ક્રૂસ આગળ** : (યોહાન ૧૯:૨૫-૨૭): ક્રૂસ ઉપર મૃત્યુ પામ્યાના ત્રણેક કલાક અગાઉ ઈસુ પોતાનાં માતાની સોંપણી યોહાનને કરે છે. "હવે ઈસુના વધસ્તંભની પાસે તેમની મા, તેમની માસી, ક્લોપાસની સ્ત્રી મરિયમ તથા માગ્દાલાની મરિયમ ઊભાં હતાં. તેથી જ્યારે ઈસુએ પોતાનાં માને તથા પોતે જેના પર પ્રેમ રાખતા હતા તે શિષ્યને પાસે ઊભાં

રહેલાં જોયાં, ત્યારે તે પોતાનાં માને કહે છે કે, 'બાઈ, જુઓ તમારો દીકરો!' ત્યાર પછી તે શિષ્યને કહે છે કે, 'જો, તારાં મા!' તેજ ઘડીએ તે શિષ્ય તેમને પોતાને ઘેર તેડી ગયો.''

**પુનરુત્થાન પછી મેડી પર** : (પ્રે.કૃ ૧:૧૪). પ્રભુ ઈસુ ઉત્થાન પામ્યા તે પછી તેમના કેટલાક વિશ્વાસુ લોકો યરુશાલેમની મેડી ઉપર પ્રાર્થના કરતાં એકઠા મળ્યા હતા. જેમાં માતા મરિયમ અને તેમના (ઈસુના) ભાઈઓ એકચિત્તે પ્રાર્થનામાં લાગુ રહેતાં હતાં. બાઈબલ માતા મરિયમનું છેલ્લામાં છેલ્લું ચિત્ર આપણી આગળ રજૂ કરે છે. ''પ્રાર્થનામાં લાગુ રહેલાં'' (પ્રે.કૃ ૧:૧૪).

•

## મસાદાનો કિલ્લો (એની કરુણ કથની)

ઈ.સ. ૭૦-૭૩

તિતસે યરુશાલેમ ખતમ કર્યું ખરું (ઈ.સ. ૭૦માં) પણ પછી ત્રણ વર્ષ સુધી યહૂદિયામાં યુદ્ધ લંબાયા જ કર્યું. આખરે એનો અંત યહૂદિયાના જંગલમાં મૃત સરોવરના પશ્ચિમ કિનારે, મૃત સરોવરથી અઢી માઈલ દૂર, ખડક પર આવેલા મસાદાના કિલ્લાને સર કર્યા પછી જ આવ્યો.


આ મસાદાનો કિલ્લો બહુ મોટો અણેદ્ય અને અજેય મનાતો હતો. વર્ષો પહેલાં મહાન હેરોદ રાજગાદીનો હક્ક મેળવવા રોમ ગયો હતો, ત્યારે તેણે પોતાના કુટુંબને આ કિલ્લામાં રાખ્યું હતું. આ કિલ્લો હેરોદના નામથી ઓળખાય છે. ઈ.પૂર્વે ૪૦માં હેરોદે એ બંધાવ્યો હતો.

ઈ.સ. ૭૩માં યહૂદી આગેવાન એલેઝાર બેન યાઈરે આ કિલ્લો જીતી લીધો અને પછી તેની સરદારી નીચે પુરુષો, સ્ત્રીઓ અને બાળકો મળીને ૯૬૦ જેટલાં દેશપ્રેમી યહૂદીઓ આ કિલ્લામાં ભરાયાં હતાં. એલેઝાર બેન યાઈર 'સીકારી' નામના ઉદ્દામવાદી ઝેલોતપક્ષનો આગેવાન હતો. કિલ્લાને ૧૪,૦૦૦ જેટલા રોમન સૈનિકોએ ઘેરો ઘાલ્યો હતો. યહૂદીઓ અત્યાર સુધી રોમનોની સામે ઝઝૂમ્યા હતા. પણ હવે તેમને લાગ્યું કે રોમનો તેમને પકડી લેશે. રોમનોએ આ કિલ્લા પાસે જ પડાવ નાખ્યો હતો. એટલે આ બધાં ૯૬ યહૂદીઓએ રોમનોના હાથમાં પકડાવા

કરતાં સ્વયં-સંહારનો આશરો લીધો. આગેવાન એલેઝાર બેન યાઈરે તે બધાંને આખરી સંબોધન કર્યું :

"જેને માનવી હૃદય હોય એવો કોઈ માણસ આવતી કાલનો સૂર્ય જોવા કદી ઝંખશે શું? અરે, જો તેને સહિસલામત સ્થળે રહેવાનું મળે, તોપણ તે એવું ઇચ્છે ખરો ? શું કોઈ એવો હલકટ હશે ? શું કોઈ એવો ક્ષુદ્ર જીવનો હશે જેનામાં છાંટોયે દેશાભિમાન નહિ હોય, જેથી આવો ગોઝારો દિવસ જોવા પોતે જીવતા રહ્યાનો અફસોસ નહિ કરતો હોય? આપણે બધાં દેશ ખાતર હોમાઈ ગયાં હોત તો કેવાં સુખી હોત !"

તેઓના સમૂહ-મરણની છેલ્લી રાતે બેન યાઈરે એ શબ્દો ઉચ્ચાર્યા. પછી તો તેઓએ મરવાનું નક્કી કરી લીધું. પ્રત્યેક જણે આંસુભરી આંખે અને ડૂસકાં ખાતા હૈયે પ્રથમ પોતાનાં બૈરી-છોકરાંને 'અલવિદા' 'આખરી-સલામ' કરી લીધી! કેવી હતી એ વસમી વિદાય! પછી પ્રત્યેક પુરુષે પોતપોતાનાં બૈરી-છોકરાંને કાપી નાખ્યાં અને હવે બાકી રહેલા પુરુષોએ ચિઠ્ઠીઓ નાખીને પોતામાંથી દશ જણને ચૂંટી કાઢ્યા. આ દશ જણે બાકીના બધાને વધેરી નાખ્યા. હવે બાકી દશ જણે એક જણને ઠરાવ્યો, જેણે બાકીના નવ જણની કતલ કરી, અને છેલ્લે પોતે પોતાની જ તલવાર પર પડીને મૃત્યુ પામ્યો. આમ, વતનભોમના વહાલ માટે, રોમનોના હાથમાં પકડાવા કરતાં તેઓએ મોતને વહાલું ગણ્યું. યહૂદીઓના લાંબા ઈતિહાસમાં મસાદાના કિલ્લાની કરુણકથની અને કીમતી બલિદાન એક ગૌરવગાથા બની રહી છે. આજે પુરાવિદો એ કિલ્લાના ભંગાર અવશેષોનું ખોદકામ ચલાવી રહ્યા છે, ત્યારે જાણે કે એ ગૌરવગાથા ફરીથી ભજવાતી હોય એમ લાગ્યા વગર રહેતું નથી. થોડા સમય પર એ સ્થળેથી ત્રણ હાડપિંજરો મળી આવ્યાં છે.



કેબલ-કાર

## માઉન્ટ, સ્કોપસ હાદાસ્સાહ હોસ્પીટલ, હિબ્રૂ યુનિવર્સિટી

આ બધાં ઉત્તર યરુશાલેમમાં આવેલાં છે. આ બંને સંસ્થા



યરદન નદી

૧૯૨૫માં બાંધવામાં આવેલી. અને ૧૯૪૮થી ૧૯૬૭ સુધી એ યહૂદી વિસ્તાર ગણાતો આવ્યો હતો. પણ ૧૯૬૭થી તો એ યહૂદી અધિકાર નીચે આવી ગયાં. દરરોજ સવારે ૧૧-૩૦ વાગે યુનિવર્સિટીની વિનામૂલ્ય ટૂર રાખવામાં આવે છે.

•

## માતા મરિયમની કબર

યરુશાલેમ શહેર અને જૈતૂન પહાડની વચ્ચે કિદ્રોન નાળું આવેલું છે. એ કિદ્રોન નાળાને અડીને માતા મરિયમની કબર આવે છે. આ કબર ફ્રાન્સિસ્કન ગ્રૂપના હાથમાં હતી, તે ૧૭૫૭માં ગ્રીક અને આર્મિનિયન

સંપ્રદાયના હાથમાં આવી. હાલમાં મુસ્લિમ ભાઈઓ પણ આ કબર પર વિધિ કરી શકે એવો તેમને પરવાનો આપવામાં આવ્યો છે.

હવે પ્રશ્ન એ થાય છે કે રોમન કેથોલિક સંપ્રદાય તો એમ માને છે કે માતા મરિયમ પાપરહિત હોવાથી મૃત્યુ પામ્યા વગર સદેહે સ્વર્ગે ગયાં. તો યરુશાલેમમાં તેમની કબર છે તે વાત, અને તેઓ સદેહે સ્વર્ગે ગયાં- એ બેમાંથી કોઈ એક વાત ખોટી. આ કબર ગેથસેમાને બાગથી લગભગ ૪૦ ફૂટ દૂર આવેલી છે.

•

## યરદન નદી

ઈઝરાયલની આ સૌથી મોટી અને અગત્યની નદી છે. એના નામનો અર્થ 'ઉતરાણ કરનાર' થાય છે. એનાં ઉદ્ભવસ્થાન ચાર છે. સદા હિમાચ્છાદિત હેર્મોન પર્વતમાં તેનું મૂળ છે. પૂર્વ તરફનું ઉદ્ભવસ્થાન બાનિયાસ નદી છે. આ બાનિયાસ પાસે કાઈસારિયા ફિલિપ્પી આવેલું છે. આ બાનિયાસ નદીમાં પુષ્કળ પાણી હોય છે. ઊંચા શિખરની ગુફામાંથી તે નીકળે છે. કેન્દ્રિય અને સૌથી મોટું મૂળ તેલ-એલ- કાદી છે, અને એનાં બે મોટાં ઝરણાંમાંથી ભરપૂર વહેતી લેદાન નદી વહી નીકળે છે, સૌથી ઉત્તરનું અને ઊંચામાં ઊંચું મૂળ હાસબેઈઆની નીચે આવેલું ઝરણું છે. એમાંથી હાસ્બાની નદી વહી નીકળે છે.

યરદનને મળતી આ ચારેય નદીઓમાં હાસ્બાની બીજા કરતાં ૪૦ માઈલ (૬૪.૪ કિ.મિ.) વધુ લાંબી છે, લેદાન સૌથી પહોળી છે, અને બાનિયાસ સૌથી સુંદર છે. બાનિયાસના મૂળથી નીચે આવેલા હુલાહ સરોવર સુધીની લંબાઈ (૧૯.૩ કિ.મિ) ૧ ૨ માઈલ છે. આ બે છેડા વચ્ચે બાનિયાસ અને લેદાનનું મીલન થાય છે. હુલાહ સરોવર ચાર માઈલ લાંબુ છે. એમાંથી યરદન નદી નીકળે છે, અને ત્યાંથી ગાલીલના સમુદ્ર સુધી સાડા દશ માઈલ (૧૬.૯ કિ.મિ.) જેટલું વહે છે. ગાલીલનો સમુદ્ર ૧ ૨.૫ માઈલ (૧૯.૩ કિ.મિ.) લાંબો છે.

ગાલીલના સમુદ્રથી આગળ વધતાં યરદન બહુ જોખમકારક, ધસમસતી, સતત નીચે ઊતરતી નદી બની રહે છે. એમ છેક નીચે મૃત

સરોવર (અથવા, ખારા સમુદ્ર)ને મળતાં સુધી ૬૫ માઈલનું (૧૦૪.૬ કિ.મિ.)નું વહેણ થાય છે. ગાલીલ સમુદ્ર અને મૃત સરોવરની લંબાઈ અંદર ગણી લઈએ, તો સીધી લીટી પ્રમાણે માપતાં નદીની લંબાઈ ૧૬૭.૩ કિ.મિ. (૧૦૪ માઈલ) ની થાય. આમાં નદીના અસંખ્ય વળાંકોની લંબાઈ ધ્યાનમાં લેવામાં આવી નથી પણ વળાંકો ગણતાં ૨૫૨.૬ કિ.મિ. (૧૫૬ માઈલ) લાંબી થાય.

દુનિયાની તમામ નદીઓમાં યરદન નિરાળી નદી છે. કારણ ફક્ત આ એકલી જ એના મોટા ભાગના વહેણમાં દરિયાઈ સપાટી કરતાંયે નીચે વહે છે. બાનિયાસની ગુફામાંથી જ્યારે એ નીકળે છે ત્યારે તો ભૂમધ્ય સમુદ્રની સપાટી કરતાં ૧૦૦૦ ફૂટ ઊંચે હોય છે. ત્યાંથી નીચે બાર માઈલે આવેલા હુલાહ સરોવર સુધી પહોંચતાં તો તે સમુદ્રની સપાટી કરતાં સાત ફૂચ નીચે ઊતરી ગઈ હોય છે. અને ગાલીલ સમુદ્રે આવતાં તો યરદન નદી દરિયાઈ સપાટી કરતાં ૬૮૨ ફૂટ નીચે ઊતરી હોય છે. ત્યાંથી મૃત સરોવર સુધી પહોંચતાં ૬૫ માઈલના અંતર પછી નદી દરિયાઈ સાપાટી કરતાં ૧૨૯૨ ફૂટ નીચે ઊતરી ગઈ હોય છે. મૃત સરોવર દરિયાઈ સપાટી કરતાં ૧૨૯૨ ફૂટ નીચે છે. આ નદીનું નામ 'યરદન' એટલે કે 'ઉતરાણ કરનાર' બિલકુલ બંધબેસતું છે. એનાં વહેણ પણ જોખમકારક અને છેતરામણાં છે. ચરેખો આગળ નદીનાં વહેણ અતિ ઝડપી બની જાય છે. અવારનવાર ત્યાં નહાવા ગયેલાં માણસોમાંથી કોઈ તણાઈ પણ જાય છે.

અમેરિકી દરિયાઈ કાફલાના લેફટેનેન્ટ લીંચે ઈ.સ. ૧૮૪૮માં એક ટૂકડી લઈને સંશોધન માટે યરદનની સફર ખેડી હતી. ગાલીલના સમુદ્રથી સફર શરૂ કરીને મૃતસરોવર સુધી તેઓ ગયા હતા. એ લેફ. લીંચે પ્રવાસવર્ણનમાં લખ્યું છે: "યરદન નદી ૬૦ માઈલના અક્ષાંશ અને ૪ માઈલના રેખાંશના વિસ્તારમાં અનેક વળાંકો લેતાં ૩૨૧.૯ કિ.મિ. (૨૦૦ માઈલ)નો પ્રવાસ કાપે છે. અમારા આ પ્રવાસમાં ૨૭ વખત અમે ધસમસતાં અને ખતરનાક એવાં તો અનેક નીચાણોમાં અમે ધસી પડ્યા હતા, અને એનાથી ઓછાં ખતરનાક એવાં તો અનેક નીચાણોમાં અમે ઊતર્યા હતા."

બાઈબલમાં યરદન નદીનું જે મહત્ત્વ છે તે ગાલીલના સમુદ્રથી માંડીને મૃત સરોવર સુધીની નદીનું છે. નદીના બંને કિનારે પુષ્કળ વનરાજી ઝૂકેલી રહે છે, એટલે એનો કિનારો રણિયામણો લાગે છે! જાણે નદીના બંને કિનારે લીલી લીલી ઝુલ બેસાડી ન હોય! નદીનો છેક નીચલો પ્રદેશ, એટલે કે મૃત સરોવર આસપાસનો પ્રદેશ વિષુવવૃત્ત જેવી વનસ્પતિ અને અનાજ ઉગાવતો હોઈને અતિ ફળદ્રપ પ્રદેશ છે. એટલે જ અબ્રાહામના ભત્રીજા લોતે એ પ્રદેશ પસંદ કર્યો હતો.

"ત્યારે લોતે પોતાની આંખો ઊંચી કરીને યરદનનો આખો પ્રદેશ સોઆર લગી જોયો કે તેમાં બધે પાણી પુષ્કળ છે, કેમ કે યહોવાએ સદોમ તથા ગમોરાહનો નાશ કર્યા અગાઉ તે દેશ તો યહોવાની વાડીના જેવો તથા મિસર દેશના જેવો હતો. ત્યારે લોતે પોતાને સારુ યરદનનો આખો પ્રદેશ પસંદ કર્યો, અને લોત પૂર્વ ગમ ગયો. અને તેઓ એક બીજાથી જુદા થયા" (ઉત્પત્તિ ૧૩:૧૦,૧૧).

આ નદી ઉપર રોમનોના સમય સુધી કોઈ પુલ બાંધવામાં આવ્યો નહોતો, પણ જેમ વહેળા ઓળંગવામાં આવે તેમ નદીમાં શક્ય સ્થળોએ નદી ઓળંગવામાં આવતી હતી. ઈઝરાયલીઓ મિસરથી નીકળીને ૪૦ વર્ષ પછી યરદનને કાંઠે આવ્યા ત્યારે નદી બંને કાંઠે છલકાતી હતી, નદીમાં પૂર આવ્યાં હતાં. ઉનાળામાં આવતી કાપણીની મોસમમાં નદીમાં પૂર આવતું હતું, કારણ ઉનાળાની ગરમીમાં હેર્મોનનાં હિમ આચ્છાદિત શિખરો પરથી બરફ પીગળીને નદી છલકાતી. આમ, ઈઝરાયલીઓ આવી છલકાતી નદી આગળ આવ્યા ત્યારે પ્રભુએ તેમના હક્કમાં ચમત્કાર સર્જ્યો:

"અને યહોશુઆએ લોકોને કહ્યું કે, તમે પોતાને શુદ્ધ કરો, કેમ કે કાલે યહોવા તમારી મધ્યે આશ્ચર્યકારક કૃત્યો કરશે... અને આખી પૃથ્વીના પ્રભુ યહોવાનો કોશ ઊંચકનારા યાજકોના પગ યરદનનાં પાણીમાં પડતાં જ એમ થશે કે, યરદનનું પાણી તો ઊંચેથી નીચલી તરફ વહે છે, તેના ભાગ પડી જશે. અને ઢગલો થઈને તે ઠરી રહેશે... અને કોશ ઊંચકનારા યાજકોના પગ નદીના પાણીમાં પડ્યા, (કેમકે કાપણીની આખી ઋતુમાં યરદન નદી કાંઠાઓ ઉપર થઈને છલકાઈ જતી હતી,) ત્યારે ઉપલી

તરફથી વહેનાર પાણી ઠરી રહ્યું, અને ઘણે દૂર સુધી એટલે ખારા સમુદ્ર ગમ જે વહેતું હતું તે વહી ગયું. અને લોક યરેખોની સામે પેલેપાર ઊતર્યો. અને યહોવાનો કરારકોશ ઊંચકનારા યાજકો યરદનની વચ્ચે કોરી ભૂમિ પર ઊભા રહ્યા. અને સર્વ ઇઝરાયલીઓ કોરી ભૂમિ ઉપર ચાલીને પેલે પાર ઊતર્યા, અને એમ આખી પ્રજા યરદન ઊતરી ગઈ'' (યહોશૂઆ ૩:૫-૧૭).

અરામ (સિરિયા) દેશનો સેનાપતિ નાઅમાન કોઢી પણ એલિશા પ્રબોધકના આદેશ અનુસાર યરદનમાં સાત વાર ડૂબકી મારીને પોતાના કોઢથી શુદ્ધ થયો હતો. અલબત, એમાં નદીનું પરાક્રમ ન હતું, પણ પરમેશ્વરનું પરાક્રમ હતું. પ્રભુ ઈસુનું બાપ્તિસ્મા પણ યોહાન બાપ્તિસ્તને હસ્તે યરદનમાં જ થયું હતું. યરદનનું રાખી મૂકેલું પાણી વર્ષો સુધી બગડતું નથી. રોમન કેથોલિક પાદરીઓ મૃત્યુ પામેલા ખ્રિસ્તીઓના શબ ઉપર યરદન નદીના પાણીનો છંટકાવ કરે છે. કારણ કે તેઓ આ જળને પવિત્ર માને છે! યરદન નદીની ખીણ પૃથ્વીની સપાટી પરનો અજોડ ભાગ છે. યરદનની ખીણ પૃથ્વીના પડમાં પડેલો એક મોટો ચીરો છે, અને લબાનોન પર્વતથી રાતા સમુદ્ર સુધી તે લંબાયેલી છે.

મૃત સરોવર અને યરદન નદીનો વિસ્તાર ધરતીકંપના વિસ્તારમાં આવી જાય છે. વળી એ ભૂમિના પેટાળમાં સ્ફોટક અને શીઘ્ર જ્વાલાગ્રહી દ્રવ્યો ખડકાયેલાં પડ્યાં છે. ચાર હજાર વર્ષ પર જે ભયંકર હોનારસ મૃત સરોવરના દક્ષિણ પ્રદેશમાં થઈ હતી, તે આ કારણને લીધે જ. આગ અને ગંધકથી એ પ્રદેશ અને તેમાંનાં ચાર ગામો બળીને ખાખ થઈ ગયાં હતાં. ઈશ્વર કુદરતના સંજોગોને હાથમાં લઈ યોગ્ય સમયે વાપરે છે.

લેલેન્ડ સ્ટાનફર્ડ યુનિવર્સિટીના સિસ્મોલોજી (ભૂકંપ વિજ્ઞાન)ના નિષ્ણાત પ્રોફેસર બેઈલી વિલિસે ધી બ્રિટીશ એસોસિએશન ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ સાયન્સ (વિજ્ઞાનવૃદ્ધિ માટેના બ્રિટિશ મંડળ) આગળ જણાવ્યું હતું કે ''યરુશાલેમની આસપાસનો વિસ્તાર ધરતીકંપના જોખમથી ભરેલો છે. અને ગમે ત્યારે ધરતીકંપ થાય અને જમીન સરકી જાય એવી ભ્રંશરેખા (ફોલ્ટ લાઈન) અહીં સીધી જૈતૂનતા પર્વતમાં થઈને જ પસાર થાય છે''.

એના સંબંધીની ભવિષ્યવાણી બાઈબલમાં પયગંબર ઝખાર્યાના પુસ્તકમાં આપવામાં આવી છે. પ્રભુના પુનરાગમન વખતે જૈતૂન પર્વતના બે ભાગ થઈ જશે. જૈતૂન પર્વત યરુશાલેમને અડીને પૂર્વ તરફ આવેલો છે. પયગંબરના મૂળ શબ્દો આ પ્રમાણે છે, "તે દિવસે તેના (પ્રભુના) પગ યરુશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતૂન પર્વત પર ઊભા રહેશે. તે જૈતૂન પર્વત વચ્ચોવચથી પૂર્વ તરફ તે પશ્ચિમ તરફ ફાટશે, જેથી બહુ મોટી ખીણ થઈ જશે" (બાઈબલ ઝખાર્યા ૧૪:૪).

વળી એ વિશેની બીજી ભવિષ્યવાણી બાઈબલના પ્રકટીકરણ નામના પુસ્તકમાં પણ આપવામાં આવી છે: "વળી મોટો ધરતીકંપ થયો, તે એવો ભયંકર તથા ભારે હતો કે માણસો પૃથ્વી પર ઉત્પન્ન થયાં ત્યારથી એના જેવો કદી થયો નહોતો. મોટા નગરના (યરુશાલેમ)ના ત્રણ ભાગ થઈ ગયા, અને રાજ્યોનાં નગરો પડ્યાં" (બાઈબલ પ્રકટીકરણ ૧૬:૧૮,૧૯).

•

## યરેખો શહેર

યરેખો શહેર (ચંદ્રનગર) ઈઝરાયલ પ્રજાએ કનાનીઓનું જે પ્રથમ નગર જીતી લીધું તે યરેખો (ગણના ૨૨:૧, યહોશુ. ૬:૧, ૨૪, ૨૫). દુનિયામાં કદાચ જૂનામાં જૂનું શહેર આ હોઈ શકે. હાલ તે અરબીમાં ટેલ-એસ-સુલત્તાન (ટેલ યરેખો = યરેખોનો ટીંબો) તરીકે ઓળખાય છે, કારણ, ઘણાં બધાં યરેખો અહીં આ સ્થળે જમાને જમાને થઈ ગયાં.

યરુશાલેમથી મુખ્ય રસ્તા પર તે ૨૨ કિ.મિ. (૧૪ માઈલ) દૂર પૂર્વ તરફ આવેલું છે. ભલા સમરુનીના દૃષ્ટાંતમાં પ્રભુ ઈસુ શરુઆતે કહે છે. "એક પુરુષ યરુશાલેમથી યરેખો જતો હતો" (લૂક ૧૦:૩૦). યરેખો ૨૫૦ મિટર (૮૨૦ ફૂટ) સમુદ્રની સપાટીથી નીચે છે, અને યરદન નદીને પશ્ચિમ કાંઠે આવેલું છે. આ બહુ જ ફળદ્રુપ પ્રદેશ છે. બહુ જૂના સમયથી નારંગી, કેળાં, અને અંજીરનો ખૂબ ઉછેર થાય છે. એને ખજૂરીનાં ઝાડનું શહેર પણ કહ્યું છે (પુન. ૩૬:૧૩. પુન. ૩૨:૪૯. ૩૪:૧-૩). આ શહેરમાં જ જાખી દાણી ગુલ્લર (અંજીર કુટુંબના) ઝાડ પર ઈસુને જોવા

ચઢ્યો હતો (લૂક ૧૯:૧-૧૦). પ્રભુ ઈસુ તેને ઘેર જમવા ગયા હતા. તેમ જ યરેખોમાં જ આંધળા બારતિમાયને અને તેના આંધળા સાથીને ઈસુએ દેખતા કર્યા હતા (માર્ક ૧૦:૪૬ માથ્થી ૨૦:૨૯ લૂક ૧૮:૩૫).

યહોશુઆ મોઆબના મેદાનથી બે જાસૂસોને મોકલીને યરેખોની બાતમી મેળવે છે. યરેખોની વતની રાહાબ કસ્બેણ એમને સંતાડી રાખે છે. અને પાછળથી દોરડા દ્વારા શહેરના કોટ ઊપરથી નીચે ઊતારી દે છે, કેમ કે તેનું ઘર કોટની ઊપર બાંધેલું હતું (યહોશુ. ૨:૧-૨૩).

ઈઝરાયલ લોકોનો અને એમના ઈશ્વરનો, યરદનના ચમત્કારને લઈને યરેખોવાસીઓને એવો તો ડર પેસી ગયો હતો કે યરેખોવાસીઓએ નગરના કોટનાં દ્વારા સજ્જડ બંધ કરી દીધાં હતાં.

આકાશી વ્યક્તિએ શીખવ્યા પ્રમાણે છ દિવસ સુધી કરારકોશ લઈને રણશિંગડાં વગાડતા વગાડતા ઈઝરાયલીઓએ શહેરની આસપાસ એકેક વાર પ્રદક્ષિણા કરી. અને સાતમે દિવસે સાતવાર પ્રદક્ષિણા કરી અને રણશિંગડાં વગાડ્યાં, ત્યારે યહોશુઆએ જોરથી હોકારો કરવા કહ્યું, એટલે લોકોએ જોરથી હોકારો કર્યો. અને કોટ તૂટી પડ્યો, ઈઝરાયલીઓએ શહેરમાં પેસીને સર્વ માણસો, ઢોરઢાંક અને ચીજ વસ્તુઓનો નાશ કર્યો. શહેરને અગ્નિથી સળગાવી દીધું (યહોશુ. ૫:૧૩, ૬:૨૦). ફકત કોટ ઉપરના ઘરમાં રહેતી રાહાબ કસ્બેણ અને તેના કુટુંબને બચાવી લેવામાં આવ્યું.

યરેખો શહેર ફરી ન બાંધવા યહોશુઆએ આપેલા શાપ વિષે અને પાંચસો વર્ષ પછી બંધાયેલા શહેર વિષે વાંચો : યહોશુઆ. ૬:૨૬ અને ૧ રાજા ૬:૩૪.

પ્રબોધકપુત્રો (ઈશ્વરવિદ્યાના અભ્યાસીઓ) યરેખોમાં રહેતા હતા (૨ રાજા. ૨:૪,૫). તે અરસામાં એલિશા પ્રબોધકે શહેરનાં નઠારાં પાણીને માઠાં બનાવ્યાં (૨ રાજા ૨:૧૯-૨૨). આજે પણ એ ઝરો મીઠો છે, અને શહેરના બાગ-બગીચાઓને અને ખેતીને મીઠું પાણી પૂરું પાડે છે.


પ્રોફેસર જોન ગારસ્ટ્રેન્ગ અને તેની ટુકડીએ ૧૯૨૯માં અને ૧૯૩૬ વચ્ચેના ગાળાઓમાં પુરાવિદ્યા ખોદકામ દ્વારા અહીં આ ટીંબાઓમાં ઘણું સંશોધન કર્યું હતું.

કેથલીન કેન્યન નામની પુરાવિદ બાનુએ યરદન નદીની ખીણની પશ્ચિમ ધારે ટેલ-એસ-સુલ્તાન સ્થળે પુરાવિદ્યાના અભ્યાસ માટે ખોદકામ કર્યું. ટેલ એટલે ટીંબો-ટેકરો અરબી ટેલ=ટેકરો. ઉપરથી એ શબ્દ બન્યો છે.

આ ટેલ એસ-સુલતાન એ પુરાણા યરેખોના ભંગારનો ટીંબો છે. અહીં આ બાનુએ ૧૯૫૦-૫૧થી શરૂ થતા દાયકામાં ખોદકામ કરાવ્યું. અને આ ખોદકામના અભ્યાસ પરથી તે એવા તારણ પર આવી કે યરેખોનો નાશ ઈ.પૂ. ૧૫૫૦ આસપાસ થયો હતો. અગાઉના કેટલાક પુરાવિદો પણ એવા જ તારણ પર આવ્યા હતા.

પણ ઈ.પૂ. ૧૫૫૦ એટલે કે યહોશુઆના સમયથી ૧૨૦ વર્ષ અગાઉ યહોશુઆએ ઈ.પૂ. ૧૪૨૨માં એપ્રિલ ૨૨, રોજ યરેખો જીતી લીધું હતું અને એ શહેરનો નાશ કર્યો હતો (યહોશુ. ૬:૨૪,૨૬). જ્યારે કેથલિન કેન્યનનું કહેવું તો એમ છે કે યહોશુઆ ઈઝરાયલીઓને લઈને કનાનમાં પ્રવેશ્યો ત્યારે યરેખોના સ્થળે કોઈ કોટવાળું નગર જ નહોતું. તો બાઈબલની વાત સાચી કે કેથલિન કેન્યન અને બીજા કેટલાક પુરાવિદોની વાત સાચી?

થોડા સમય (બે-ત્રણ વર્ષ) પર જ બાઈબલની હકીકત સાચી ઠરી, અને કેથલિન કેન્યન અને એવા બીજા પુરાવિદોનાં અનુમાન ખોટાં ઠર્યાં. મિ. બ્રાયન્ટ જી. વુડે નામના એક પુરાવિદે યરેખોનાં ભંગારના ટીંબા ટેલ એસ-સુલતાનનો અને કેથલિન કેન્યનની તપાસણી અને અનુમાનોનો અભ્યાસ કર્યો. અને કેથરીનની તારવણી અને અનુમાનો ખોટાં તથા ભૂલભરેલાં ઠરાવ્યાં.



બિબ્લીકલ આર્કિયોલોજી રીવ્યુ નામના સામયિકના માર્ચ-એપ્રિલ, ૧૯૯૦ના અંકમાં ડૉ. બ્રાયન્ટ જી.વુડે આ સંબંધીની વિગતવાર રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું છે કે કેથલિન કેન્યને યરેખોના આ વિસ્તારના કાલમાન વિષે તુલનાત્મક નિર્ણય લેવામાં, ત્યાંથી મળી આવેલાં માટીનાં વાસણોના પુરાવા બાબતે ભૂલથાપ ખાધી હતી. એ વાસણો (એમનો ભંગાર) યહોશુઆના સમયમાં આસપાસના વિસ્તારોમાં વપરાતાં વાસણો જેવાં છે. અને એ બધાં યહોશુઆના સમય દર્શાવતા પુરાવા છે. એ બધાં ઈ.પૂર્વે. ૧૪૦૦ આસપાસનો સમય દર્શાવે છે, -નહિ કે ઈ.પૂર્વે ૧૫૦૦ આસપાસનો.

વળી માટીની કોઠીઓ અને અન્નભંડારોમાં ઋતુનું તાજું નવું ધાન્ય પણ ભરેલું હતું. એ બતાવે છે કાપણીની મોસમ ચાલતી હતી, અને લોકોએ કાપણીનું નવું ધાન્ય ઘેર આણ્યું હતું. વળી એ યહોશુઆ અને ઈઝરાયલ લોક કનાનમાં પ્રવેશ્યા તે સમય હતો, એનો બીજો પુરાવો યહોશુઆ ૩:૧૬ છે. ત્યાં લખ્યું છે કે, "અને કોશ ઊંચકનારા યરદનની પાસે આવ્યા, અને કોશ ઊંચકનારા યાજકોના પગ નદીના પાણીમાં પડ્યા (કેમ કે કાપણીની આખી ઋતુમાં યરદન નદી કાંઠાઓ ઉપર થઈને છલકાઈ જતી હતી,) ત્યારે ઉપલી તરફથી વહેનારું પાણી ઠરી ગયું, અને ઘણે દુર સુધી એટલે સારેથાન પાસેના આદમનગર સુધી ઢગલો થઈ ગયું". આ કલમો બતાવે છે કે એ કાપણીની ઋતુ હતી. જવની કાપણી માર્ચમાં અને સામાન્ય કાપણી એપ્રિલમાં થતી. (લેખકના પુસ્તક બાઇબલનો માહિતીકોશ, ભા. ૧લો પૃ. ૧૧૨ સામેનો ચાર્ટ જુઓ.) અને આપણે અગાઉ જોઈ કે ગયા યહોશુઆએ એપ્રિલ ૨૨, ૧૪૨૨માં યરેખો જીત્યું.

આમ, યહોશુઆના સમય અગાઉ એટલે કે ઈ.સ.પૂર્વે ૧૫૦૦ની આસપાસ યરેખોનો નાશ થયો તેવી કેટલાક પુરાવિદોની વાત ખોટી છે, અને બાઇબલમાં આપેલી વાતસાચી છે. બિબ્લીકલ આર્કિયોલોજી રીવ્યૂ સામયિકના સપ્ટે-ઓકટો ૧૯૯૦ના અંકમાં પીઓત્ર બીએનોવસ્કી **(Piotic Bienkowski)**એ કેથલિન કેન્યનના બાઇબલના સમયથી ઉલટાં આપેલાં અનુમાનો સામે સચોટ અને જોરદાર રદિયા આપ્યા છે,

અને એ જ અંકમાં ડૉ. બ્રાયન્ટ જી. વુડે પણ ફરીથી જડબાતોડ મુદ્દાઓ આપ્યા છે. ફરી એક વાર બાઈબલની હકીકત સત્ય ઠરે છે.

યહોશુઆના સમયમાં યરેખો શહેરને બે કોટ હતા. બહારનો કોટ છ ફૂટ પહોળો હતો. અંદરનો કોટ બાર ફૂટ પહોળો હતો. અંદરના અને બહારના કોટની વચ્ચે બારથી પંદર ફૂટનું અંતર હતું. મૂળે કોટ ૩૦ ફૂટ ઊંચો હતો. શહેરમાં વસતી ખૂબ ગીચ હતી. શહેર નાનું, છએક એકરનું હતું. એટલે કેટલાક લોકોએ બહારના અને અંદરના કોટ પર ઘર બાંધ્યાં હતાં, એટલે યહોશુઆ ૨:૧૫ માં આપ્યું છે, “ત્યારે તેણે તેઓને બારીમાંથી દોરડા વડે નીચે ઉતાર્યા કારણ કે તેનું ઘર નગરના કોટની ઉપર હતું, તે કોટ ઉપર તે રહેતી હતી.”

હું ૧૯૫૪માં આ ટેલ એસ-સુલ્તાન (યરેખોના ભંગાર)ના ટીંબે ગયો હતો, અને યરેખોના જમીનદોસ્ત થયેલા કોટને, બાઈબલમાં લખ્યું છે તેમ જ પડેલો જોઈને ખૂબ વિસ્મિત અને પ્રભાવિત થયો હતો. બહારનો કોટ બહારની બાજુએ લસરી પડેલો, અને અંદરનો કોટ, ઉપર બાંધેલા ઘરો સાથે, બે કોટ વચ્ચેની જગામાં તૂટી પડ્યો હતો. રાખ બળીને કોલસો બની ગયેલો લાકડાનો કાઠમાળ અને તપીને લાલ રંગના બની ગયેલા પથ્થરો પણ જોવા મળતા હતા એ બતાવે છે કે શહેરના પતન સાથે આગ પણ ફેલાઈ હશે (યહોશુ. ૬:૨૪).

પણ જણાવે છે કે આ ઇ.પૂર્વે ૧૪૦૦ આસપાસમાં બન્યું. પ્રોફેસર ગારસ્ટ્રેંગ પુરાવિદ્યાના નિષ્ણાત છે.

આ પછી ૫૬૨ વર્ષના ગાળા પછી (ઈ.પૂ. ૮૬૦માં) આહાબ રાજાના સમયમાં બેથેલી હીએલે યરેખો શહેર નવી જગાએ બાંધ્યું (૧ રાજા ૧૬:૩૪). યરેખો શહેર જુદેજુદે સ્થળે અને અંતરે અનેકવાર બંધાયું. નવા કરારના સમયના એટલે કે ઈસુ ખ્રિસ્તના સમયના યરેખોનો ભંગારનું ખોદકામ પણ ૧૯૫૦માં થયું. આજે જે યરેખો શહેર છે તે તો આધુનિક સમયનું બંધાયેલું છે.

પ્રભુ ઈસુના પરીક્ષણનો પહાડ અહીં યરેખોમાંથી બહાર નીકળતાં સામે જ આવે છે. એ ‘પરીક્ષણનો પહાડ’ તરીકે ઓળખાય છે. તેરમી

સદીમાં આ પહાડ ઉપર એક મંદિર બાંધવામાં આવ્યું હતું. અને ૧૮૭૪ની સાલમાં ગ્રીક ઓર્થોડોક્સ ફાધરોએ તેની બાજુમાં એક મઠ બાંધ્યો છે. આજે પણ તે જોઈ શકાય છે.

•

## યહૂદીઓનું કબ્રસ્તાન

જૈતૂન પર્વતના ઢોળાવ ઉપર દુનિયાભરમાં મોટામાં મોટું તેમ જ જૂનામાં જૂનું યહૂદીઓનું કબ્રસ્તાન આવેલું છે. યહોશાફાટની ખીણ પાસે આવેલા આ કબ્રસ્તાનમાં દટાવા માટે દુનિયાભરમાંથી યહૂદીઓ અહીં આવતા હતા અને હજી પણ આવે છે. યોએલ ૩ઃ૨ પ્રમાણે યહૂદી લોકો માને છે કે આજ સ્થળેથી ઈશ્વર અમારો ઉદ્ધાર કરશે.


•

## યાકોબનો કૂવો

પ્રભુ ઈસુ સાંજને સમયે થાકેલા હોઈને આ કૂવા પર આવીને બેઠા. શિષ્યો ખોરાક લેવાને માટે શહેરમાં ગયા હતા. તેવે સમયે સમરુની સ્ત્રી પાણી ભરવાને આ કૂવે આવી, અને પ્રભુ ઈસુ સાથે જીવનના પાણી સંબંધી વાર્તાલાપ થયો. એ દ્વારા આ સમરુની સ્ત્રી અને પાસેના ગામ સૈખારના ઘણા બધા સમરુની લોકો ઉદ્ધાર પામ્યા. તેઓએ પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર્યો (યોહો. ૪ઃ૫-૩૦).

હાલમાં અસલ સૈખારનો જે ટીંબો છે તેની પાસે આ કૂવો આવેલો છે. આજે તે બીર યાકૂબ (બીર યાકોવ) તરીકે ઓળખાય છે. હિબ્રૂમાં બીર **(beer)** એટલે કૂવો. અરામી ભાષામાં પણ એજે રીતે બીર એટલે કૂવો થાય છે.હાલના નેબ્લુસ ગામથી આ કૂવો ૨.૫ કિ.મિ. (૧.૫ માઈલ) દૂર આવેલો છે.

આ બહુ ઊંડો કૂવો છે. ગુજરાતી કહેવત "ઓડ-ઉમરેઠના ઊંડા કૂવા..." જેમ ૨૩ મિટર (૭૫ ફૂટ) ઊંડો છે. એનાં પાણી મીઠાં છે. કૂવો ઉપરથી સાંકડોઅને અંદરથી પહોળો છે. નીચે એ ૨.૫ મિટર (૮ ફૂટ) પહોળો છે. ઉપર આશરે એક મિટર કરતાં વધુ (૩.૫ કે ૪ ફૂટ) પહોળો



છે. કોઈ વખત એનાં પાણી ઓછાં થઈ જાય છે. કેટલાકનું માનવું છે કે વરસાદી પાણીથી એમાં પાણી આવે છે. ઈઝરાયલમાં વરસાદ બે સમયે આવે છે - આગલો વરસાદ અને પાછલો વરસાદ. કેટલાકનું માનવું છે કે એની નીચે ઝરણ છે એમાંથી સતત પાણી આવે છે.

બાઈબલમાં કોઈ જગાએ વાત આપી નથી કે યાકોબે આ કૂવો ખોદ્યો હશે, પણ આ વિસ્તારમાં યાકોબની ઠીક ઠીક એવી બધી મિલકત હતી (ઉત્પ. ૩૩:૧૮-૨૦. યહોશુ. ૨૪:૩૨. યોહા. ૪:૫). સમરુની સ્ત્રીએ પ્રભુ ઈસુને કહ્યું હતું કે, "અમારા પૂર્વજ યાકોબે અમને આ કૂવો આપ્યો, અને પોતે, તેનાં છોકરાંએ તથા ઢોરોએ એમાંથી પીધું... " (યોહાન ૪:૧૨). યાકોબે આ કૂવો ખોદાવ્યો હશે.

ચોથી સદીમાં આ કૂવા ઉપર મંદિર બાંધવામાં આવ્યું હતું, જેને બે વખત તોડી પાડવામાં આવ્યું હતું. ફરી બંધાવ્યું પણ ૧૧૮૦માં સલાદીને તેને ફરી તોડી પાડ્યું. એ પછી ૧૯૧૪માં ફરી પાછું મંદિર બાંધવામાં આવ્યું. હું ૧૯૫૪માં ત્યાં ગયો, ત્યારે ત્યાં મંદિરનો અર્ધો બાંધેલો કાઠમાળ હતો.


આ કૂવાથી થોડે દૂર યોસેફની કબર છે. યહૂદીઓ, સમરૂનીઓ, મુસલમાનો અને ખ્રિસ્તીઓ બધા જ આ કબરને માનની નજરથી જુએ છે, અને તેની મુલાકાત લે છે. ઈઝરાયલીઓ મિસરમાંથી નીકળ્યા ત્યારે તેઓ યોસેફનાં હાડકાં પોતાની સાથે લાવ્યા હતા (ઉત્પ ૫૦:૨૪-૨૬). તેઓએ એ હાડકાં સૈખાર પાસેના શખેમમાં દાટ્યાં હશે.

•

## યાદ વશમ

નવા યરુશાલેમના પશ્ચિમ ભાગમાં આ બિલ્ડીંગ આવેલું છે.

હિટલરે જે ૬૦,૦૦,૦૦૦ (સાઠ લાખ) યહૂદીઓને ક્રૂરતાથી ઝેરી ગેસ ચેમ્બર્સમાં મારી નાખ્યા, તેમની યાદમાં આ સ્મારક રચવામાં આવ્યું છે. ત્યાં કાયમી પ્રદર્શન અને પુરાણા અવશેષોની ગોઠવણી અને અખંડ પ્રકાશ યાદીના ઓરડામાં જોવા મળે છે.



•

## રાજાઓની કબર

ઉત્તર યરુશાલેમમાં શખેમના રસ્તે (નેબ્લુસને રસ્તે) રાજાઓની કબરો આવેલી છે. પથ્થરમાં ખણી કાઢેલી અને કબરો પર જૂનાં ચિહ્નો ઉપસાવવામાં આવ્યાં છે.

•

## રુદનની દીવાલ

એને પશ્ચિમી દીવાલ તરીકે પણ ઓળખવામાં આવે છે. યહૂદીઓ વતનની બહાર દેશ નિકાલ અવસ્થામાં હતા, ત્યારે તેમનું પવિત્ર સ્થળ અને યાત્રાનું મુખ્ય સ્થળ આ પશ્ચિમી દીવાલ હતું.



ઈ.સ. ૭૦માં તિતસે યરુશાલેમને જીતી લીધું, અને મંદિર તથા શહેરનો નાશ કર્યો ત્યારે પવિત્ર મંદિરની પરસાળની આ એક દીવાલ જ બચી હતી. કેટલાક એમ કહે છે કે ભવિષ્યમાં એ દીવાલને જોઈને યહૂદીઓ રડે માટે આ દીવાલને જાણી જોઈને રહેવા દેવામાં આવી હતી.

ઘણાની ખાનગી વિનંતીઓ આજીજીઓ અને પ્રાર્થનાઓ ઈશ્વર એકલાની આંખો જોઈ શકે કે વાંચી શકે એમ આ દીવાલના પથ્થરો વચ્ચે છૂપાવીને મૂકવામાં આવતી હતી.

આ રુદનની દીવાલની મુલાકાત ખાસ કરીને સાબ્બાથે (શનિવારે), પર્વો વખતે અને યહૂદી માસ એવની ૯મી તારીખે કરવામાં આવતી. પહેલા મંદિર અને બીજા મંદિર એમ બંનેનો નાશ એવ માસની નવમી તારીખે થયો હતો. આ દીવાલે આવી ને યહૂદીઓ રુદન કરતા, એ પથ્થરોને ચૂમતા અને ચાટતા. હજારોની સંખ્યામાં યહૂદીઓ અહીં આવતા.

પણ ૧૯૬૭ના જૂનના છ દિવસના ઇઝરાયલ - ઈજિપ્તના

યુધ્ધમાં ઈઝરાયલે આખુંયે યરુશાલેમ જીતી લીધું. એ યુદ્ધમાં સિરિયા, લબાનોન, જોર્ડન અને ઈરાક પણ જોડાયાં હતાં. એને રાજધાની પણ બનાવી દીધું. એ યુદ્ધને અંતે જનરલ મોશે દયાન અને લશ્કરના જવાનો આ રુદનની દીવાલે જૂન ૧૧મીએ આવ્યા ત્યારે આ કઠણ હૃદયના સૈનિકો બાળકની માફક રડી પડ્યા હતા. મોશે દયાને આંસુ સાથે કહ્યું કે "અમે અમારા પવિત્રમાં પવિત્ર સ્થળે આવ્યા છીએ. અહીંથી અમે કદી નીકળવાના નથી. ના, કોઈપણ કાળે નહિ."

•

## વધસ્તંભની વાટે

યરુશાલેમમાં પિલાતનો મહેલ હતો. હાલ ત્યાં રોમન કેથોલિક મંદિર છે. એને મોટી પરસાળ છે. ત્યાં નીચેથી યહૂદી લોકો અને આગેવાનોએ બૂમો પાડી હતી કે, "એને વધસ્તંભે જડાવો" અને એ જ જગાએથી પિલાતે ઈસુને વધસ્તંભે જડવા સોંપી દીધા હતા.


પ્રભુ ઈસુના વાયા ડોલોરસા (દુ:ખનો માર્ગ યા વધસ્તંભની વાટ)નાં ૧૪ પગથિયાં અથવા થોભ્મા લોકોએ ઠરાવ્યા છે. એનું આ <u>પહેલું સ્ટેશન</u> અહીં પિલાતે ઈસુને મૃત્યુદંડ ફરમાવ્યો અને સિપાઈઓના હાથમાં તેમને સોંપી દીધા.

પિલાતના આ મહેલમાં મોટો હોલ હતો. સિપાઈઓ પ્રભુ ઈસુને અહીં લાવે છે, અને તેમના ઠઠ્ઠા મશ્કરી કરે છે, તેમને માથે કાંટાને મુગટ મૂકે છે. ભાર દઈને એમના માથા પર દાબ્યો હશે ત્યારે કેવી વેદના થઈ હશે! તેમના મુખ ઉપર થૂંક્યા હશે, ગાલ પર જોર જોરથી તમાચા માર્યા હશે. એને ઘાતકી કોરડા માર્યા હશે!

રોમન ફટકાની સજા ભયંકર રીતે ઘાતકી હતી. ચામડાની વાધરીઓમાં છેડાના ભાગોમાં લોખંડ અને હાડકાંના નાના નાના કટકા ગૂંથી લેવામાં આવતા. ગુનેગારને થાંભલે બાંધીને બળવાન સિપાઈઓ જોરથી આ ફટકા મારતા. પીઠ ઉપર વિંઝાતા ફટકા નીચે પેટ પર ફરી વળતા. લોખંડ અને હાડકાંની કરચો માંસના લોચા લઈને નીકળતી. પ્રભુ ઈસુની પીઠ અને પેટ પર માંસના કેટલાયે લોચા નીકળ્યા હશે. અને એવી

પીઠ પર ખરબચડા લાકડાનો વજનદાર ક્રૂસ ઊંચકીને તે કેવી રીતે ચાલ્યા હશે? કેવી તીવ્ર વેદના થઈ હશે?

આ રોમન ફટકા અર્ધુ મૃત્યુ ગણાતું ઘણા તો એમાં જ મૃત્યુ પામી જતા, અને ઘણા મૂર્છા ખાઈ જતા. યહૂદી ફટકા ૪૦ મારવામાં આવતા,




અને રખેને ભૂલથી એકાદ વધારે વાગી જાય એમ ધારીને ૩૯ ફટકા મારીને અટકી જતા. પણ રોમન ફટકાની સજામાં કોઈ ગણતરીની મર્યાદા નહોતી, એટલે ૫૦-૬૦ પણ મારી દેવાય !

# વાયા ડોલોરસા (વધસ્તંભની વાટે)

પ્રભુ ઈસુને મૃત્યુ દંડ ફરમાવવામાં આવ્યો એ પછી વધસ્તંભ ઊંચકીને ગલગથા (કાલવરી અથવા ખોપરીની ટેકરી )તરફ જવા તે જે રસ્તે ચાલ્યા તેને 'વાયા ડોલોરસા'=દુઃખનો માર્ગ (યા વધસ્તંભની વાટે) તરીકે ઓળખવામાં આવે છે.

સ્તેફન દરવાજા પાસેના એન્ટોનિયો ટાવરેથી લોકો એકલ દોકલ કે સમૂહમાં આ વાયા ડોલોરસા પર જાય છે. અહીંથી માંડીને કબર સુધી ૧૪ સ્ટેશનો (થોભા) આવે છે. લોકોએ આ થોભા ઠરાવ્યા છે, અને પ્રત્યેકને નામ આપ્યાં છે.

કેટલાક લોકો ચાલતા જાય છે, કેટલાક ઘૂંટણે ચાલતા જાય છે, તો કેટલાક સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા કરતા પેટુલિયે પડીને ઘસડાતા જાય છે. પ્રત્યેક સ્ટેશન તે પ્રાર્થનાનું સ્થળ છે. ત્યાં લોકો પ્રાર્થના કરે છે. કેટલાક લોકો આખા રસ્તે ચૂમતા ચૂમતા જાય છે. (પથ્થરોને ચૂંબન કરે છે.)

કુલ ૧૪ થોભા છે. પહેલા નવ થોભા ઈસુની કબર પરના મંદિર (ચર્ચ ઓફ ધી હોલી સેપ્યુલકર) સુધીમાં આવે છે. અને બાકીનાં પાંચ સ્ટેશન આ મંદિરની અંદર આવે છે.

<u>આ ૧૪ સ્ટેશનો આ પ્રમાણે છે:</u>

૧. પિલાતે ઈસુને મૃત્યુ દંડની શિક્ષા ફરમાવી તે જગા.
૨. ઈસુ પોતાનો ક્રૂસ ઊંચકે છે.
૩. ક્રૂસના વજનને લીધી ઈસુ પડી જાય છે.
૪. ઈસુ તેમનાં માને મળે છે..
૫. કુરેનીનો સિમોન ઈસુનો ક્રૂસ ઊંચકી લે છે.
૬. વિરોનિકા રૂમાલ વડે આસ્તેથી ઈસુનું મુખ લૂંછે છે.
૭. ઈસુ બીજીવાર પડી જાય છે.
૮. ઈસુ યરુશાલેમની દીકરીઓને સંબોધીને કહે છે.
૯. ઈસુ ત્રીજીવાર પડી જાય છે.

**મંદિર અંદરનાં સ્ટેશનો**

૧૦. ઈસુનાં વસ્ત્રો ઊતારી લેવામાં આવે છે.
૧૧. ઈસુને ક્રૂસે જડે છે.
૧૨. ઈસુ ક્રૂસ પર મૃત્યુ પામે છે.
૧૩. ઈસુને ક્રૂસ પરથી ઊતારવામાં આવે છે.
૧૪. ઈસુને કબરમાં મૂકવામાં આવ્યા.

દર શુક્રવારે સાંજે ચાર વાગે ફ્રાન્સિસ્કન ફાધરોનું સરઘસ એન્ટોનિયો ટાવરેથી નીકળે છે. તેમાં જોડાઈ શકાય.

આ વાયા ડોલોરસામાં વચ્ચે 'એકે હોમો' (જુઓ, આ માણસ!) આર્ચ યા કમાન આવે છે. હેડ્રિયન બાદશાહે એ કમાન બનાવડાવી હતી, અને આ માર્ગ સાથે જોડી હતી (યોહાન.૧૯:૫).

•

# કોરડા અથવા ફટકાની સજા

કોરડાની શિક્ષા ઘણી ઘાતકી શિક્ષા હતી. પુનર્નિયમ ૨૫:૨-૩ પ્રમાણે યહૂદી રીત મુજબ ગુનેગારને સુવાડીને પીઠ ઉપર ફટકા મારવામાં આવતા. "જો દુષ્ટ માણસ ફટકા યોગ્ય હોય તો એમ થાય કે ન્યાયાધીશ તેને સુવાડીને તેના ગુના પ્રમાણે ગણીને તેને પોતાના દેખતાં ફટકા મરાવે ચાળીસ સુધી તે તેને મારે, પણ તે ઉપરાંત નહિ." રખેને ભૂલથી ચાળીસ કરતાં વધારે ફટકા મરાઈ જાય, અને કાયદાનો ભંગ થાય, એમ સમજીને સામાન્ય રીતે ઓગણચાળીસ ફટકા મારવામાં આવતા (બાઈબલ ૨ કોરિંથી ૧૧:૨૪). ચામડાની વાધરીઓનો ચાબુક બનાવવામાં આવતો, એમાં બળદના ચામડાની એક અને ગધેડાના ચામડાની બે વાધરી લેવામાં આવતી, તેર ફટકા જમણા ખભા તરફ પીઠ ઉપર , બીજા તેર ફટકા ડાબા ખભા તરફ પીઠ ઉપર અને આખરે બાકીના તેર ફટકા કમરની આસપાસ મારવામાં આવતા.

રોમન ફટકાની શિક્ષા તો ઘણી જ ઘાતકી અને ત્રાસજનક હતી. લાકડાનો ગોળ કકડો લઈ એની આસપાસ ચામડાંની સંખ્યાબંધ વાધરીઓ બાંધવામાં આવતી. પ્રત્યેક વાધરીને છેડે તીક્ષ્ણ અણીદાર હાડકાંના કે પછી

સીસા, તાંબા કે લોખંડના કકડા ગૂંથી લેવામાં આવતા. ફટકાની સંખ્યા નક્કી નહોતો. પીઠ પર પડતા ત્યારે માત્ર ચામડી ઉપર સોળ ઊઠતા એમ નહિ, પણ હાડકાંના કે ધાતુના કકડા માંસને વીંધી નાખતા. અને માંસના નાના ટુકડા લઈને બહાર આવતા. ગુનેગારની પીઠ રેંસાઈ જતી, છૂંદાઈ જતી; બહાર નીકળેલું માંસ અને લોહી તેની પીઠ ઉપર વેરવિખેર પથરાતું. ગુનેગાર બેસુમાર યાતના પામતો. સામાન્ય માણસ તો થોડાક ફટકામાં મૂર્છા ખાઈ જતો. આવા રોમન ફટકા અર્ધું મોત ગણાતા. ગુનો કબૂલ કરાવવા કે સાક્ષી પુરવાર કરાવવા પણ આ શિક્ષા વપરાતી. ઈ.સ. ૧૨ ૩માં અને ૨૪૮માં પોર્શિયન અને સિન્દ્રોનિયન કાયદાની રૂએ રોમન નાગરિકને આ સજા કરવામાં આવતી નહોતી. યહૂદી રીતે કોરડાની શિક્ષામાં ગુનેગારને સુવાડીને ફટકા મારવામાં આવતા. જ્યારે રોમન રીતે કોરડાની શિક્ષમાં ગુનેગારને નમાવવામાં આવતો, એના હાથ પીઠ પાછળ રાખીને એને થાંભલે બાંધવામાં આવતો. સામાન્ય રીતે તદ્દન નીચા, ત્રણ ફૂટ ઊંચા થાંભલે ગુનેગારને બાંધતા, પછી ફટકા મારવામાં આવતા. રોમન સૈનિક પોતે ફટકા લગાવતા. ફટકાના ઘાથી થતી વેદન અસહ્ય બનતી. શરીર ભયંકર રીતે ચિરાઈ જતું.

સૈનિકોએ ઈસુનાં વસ્ત્રો ઊતારી લીધાં. અને તેમના હાથ થાંભલા સાથે પાછળ બાંધી દીધા. આશરે ચારસો સૈનિકોની ટુકડી ત્યાં ખડી હતી. ઈસુની સાથે જડવામાં આવનાર પેલા બે બહારવટિયાને ફટકા મારવામાં આવ્યા નહોતા. ઈસુની ઉઘાડી પીઠ ઉપર ક્રૂર કોરડાનો માર પડ્યો. પ્રત્યેક કોરડે ઈસુના પગ અને સઘળાં ગાત્રો ધ્રૂજી ઊઠ્યાં હશે. અને ફટકા માત્ર પીઠ પર જ નહોતા પડતા. પીઠ પર ઝીંકેલી લાંબી વાધરીઓ પેલી બાજુ છાતી પર પણ વિચિત્ર અવાજ સાથે ફરી વળતી, અને છાતી પણ વીંધાઈ જતી. પેટ પરથી પણ માંસ ચીરાતું, અને લોહી નીકળતું.

આવે સમયે ભલભલા ગુનેગારો બૂમાબૂમ કરી મૂકતા અને પછી બેભાન બની જતા. આ પારાવાર વેદનામાં ઈસુએ બૂમ પાડી કે નહિ. એ તો ખબર નહિ. પણ મૂંગી પ્રાર્થના તો કરી જ હશે. એમના આખા જીવનની રસમ પ્રમાણે એ જ નૈસર્ગિક હતું.

પેલો રોમન સૂબેદાર ત્યાં જ ઊભો હતો અને બધું નિહાળતો હતો. એની ફરજ હતી કે ગુનેગાર બેભાન બની જાય, અને એનું ભાન પાછું આવનાર નથી એમ લાગે, તો કોરડાની સજા બંધ કરવા હુકમ આપવો. આમ ઈસુને કોરડાની સજા પૂરી થઈ. તેમને થાંભલેથી છોડવામાં આવતાં તે ધરણી પર ઢળી પડ્યા હશે. આજે પણ યરુશાલેમમાં ખોદી કાઢેલું આ સ્થળ જોવા મળે છે. પેલો ટુંકો થાંભલો પણ છે. પયગંબરે કેવું ભવિષ્યકથન લખ્યું હતું! "આપણા અપરોધોને લીધે તે વીંધાયો. આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ. અને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે" (બાઈબલઃ યશાયા ૫૩ઃ૫). મારા વહાલા વાચક તને આ સાજાપણું મળ્યું છે? તને શાંતિ થઈ છે?

•

## ક્રૂસની સજા

ક્રૂસની સજા બહુ ભયંકર, ઘાતકી અને લાંબી વેદનાભરી હતી. ગુલામો અને બંડખોરો માટે રોમન સરકાર આ પ્રકારની સજા ફટકારતી. રોમન નાગરિકને એ સજા દેવાતી નહિ. પથ્થરે મારવાની, આગમાં બાળી નાખવાની, ફાંસો દેવાની કે માથું કાપી નાખવાની સજાઓ વધસ્તંભની સજા આગળ બહુ સૌમ્ય ગણાય. ક્રૂસની સજામાં ગુનેગારને લાકડાના થાંભલે ખીલા મારીને લટકાવી દેવામાં આવતો. અને એ થંભ ઉપર ગુનેગાર બેત્રણ દિવસ સુધી જીવતો પીડાયા કરતો. ખીલાની તીવ્ર વેદના ઉઘાડા ઘાઓમાં ઊઠતી, નસો બધી ગરમ ગરમ થઈને તતડી ઊઠતી. તાવથી શરીર ભાંગી જતું. તરસ બેસુમાર લાગતી અને પાણી તો મળે નહિ. વિશ્રામ મેળવવા શરીરની સ્થિતિ જરીયે બદલી ન શકાય. જરાકેય હલનચલન ભયંકર વેદના ઉપજાવે. ખીલાના ઘાથી હાથોમાં ઊઠતી તીવ્ર વેદનાને શાંત પાડવા ગુનેગાર પોતાના પગ ઊંચા કરી હાથોમાં ઢીલ મૂકવા જતો, તો પગોના ખીલાને લીધે પારાવાર વેદના ઊઠતી એમ પગને રાહત આપવા જતાં હાથોમાં કાળી વેદના ઊઠતી અને શ્વાસ લેવામાં ભારે મુશ્કેલી પડતી. એકેય સ્થિતિમાં શાંતિ મળતી નહિ. ઉઘાડા ઘા પર લચકાબંધ માખો અને મચ્છરો બણબણ્યા કરે, ઉડાડી શકાય નહિ.

વધસ્તંભની શિક્ષામાં મોટે ભાગે હાથો અને પગોમાં ખીલા મારી લાકડા સાથે ગુનેગારને જડી દેવામાં આવતો. ઈસુના વધસ્તંભમાં મોટા ભાગનાં ચિત્રોમાં એમની હથેલીઓમાં ખીલા મારેલા દેખાડવામાં આવે છે. પણ ઘણાનું કહેવું છે કે, હથેલીમાં ખાસ માંસ કે મોટાં હાડકાં હોતાં નથી અને અધ્ધર લટકેલા શરીરના સાઠ-સિત્તેર કિલો વજનને કારણે કાણાં પડી ગયેલી હથેલીઓ ફાટી જાય. અને વધસ્તંભ મોટા ભાગનાં ચિત્રોમાં એમની હથેલીમાં ખીલા મારેલા દેખાડવામાઆવે છે. પણ ઘણાનુકહેવું છે કે હથેલીઓમાં ખાંસ માંસ કેમોટાં હાડકાં હોતાં નથી. અને અધ્ધર લટકેલા શરીરના સાઠ-સિત્તર કિલો વજનને કારણે કાણાં પડી ગયેલી હથેલીઓ ફાટી જાયે. અને વધસ્તંભેથી હાથ છૂટી જાય-શરીર લબડી પડે. એટલે જ એ ખીલા કાંડાંમાં માર્યા હશે. કેટલાક કેસોમાં ખીલા નહિ, પણ શણના દોરડાથી કસીને હાથો અને પગો સ્તંભ સાથે જકડી દેવાતા.

ત્રણ ત્રણ દિવસ સુધી ક્રૂસની એવી કારમી વેદના થતી કે જડાયેલા ગુનેગારો શાપ, ગાળો અને ભયંકર અપશબ્દો ઉચ્ચારતા, બૂમાબૂમ કરતા. જીભ કચડી નાખતા, પોતાના જન્મદિનને શાપ આપતા, કરુણ આક્રંદ સાથે મોતને ઝંખતા, પણ મોત ઝટ આવતું નહિ.

કોઈ કોઈવાર માત્ર ઊભો થાંભલો જ રાખવામાં આવતો, આડું લાકડું નહોતું વપરાતું. હાથો થાંભલા સાથે દોરડાથી બાંધી દેવાતા, પગો અને આખું શરીર દોરડા વડે લાકડા/થાંભલા સાથે બાંધી દેવાતું.

વધસ્તંભની કારમી વેદનાએ ગ્રીક અને અંગ્રેજી ભાષામાં એક શબ્દ આપ્યો છે. ભયંકરમાં ભયંકર એવી તીવ્ર વેદના માટે ગ્રીક ભાષામાં શબ્દ છેઃ 'ક્રૂસિયાતસ'. અને એ પરથી અંગ્રેજીમાં છેઃ એકસ્ક્રૂશિયેટિંગ (excruciating). એ બંને શબ્દો ક્રૂસ ઉપથી બનેલા છે. 'એકસ્ક્રૂશિયેટ' એટલે અતિ તીવ્ર વેદના આપવી, રિબાવવું, અસહ્ય વેદના થાય તેમ કરવું.

ક્રૂસની સજા ઈરાનમાં શરૂ થઈ. ઈરાનીઓના દેવ અહુરમઝ્દ માટે બધી જમીન પવિત્ર મનાતી હોવાથી ભયંકર ગુનેગારને અધ્ધર ટાંગવામાં આવતો, જેથી ભૂમિ અપવિત્ર ન થાય. ઈરાનથી આ સજા કાર્થેજ ગઈ, અને ત્યાંથી રોમનોની પાસે આવી. ત્યારથી રોમનો એ સજા વાપરતા થયા.

સામાન્ય રીતે કોઈ માણસના માત્ર પગ ભાંગવાથી ત્રણ ચાર કલાકમાં મોત નથી આવતું. અકસ્માતમાં પગ કપાઈ જતાં એટલું જલદી મોત નથી આવતું. પણ ક્રૂસે જડાયેલા માણસના પગ ભાંગવાથી તે એકદમ મરી જાય છે. એની પાછળ કારણ છે. એ કારણને ક્રૂસે જડાવાની રીત સાથે સંબંધ છે.

ક્રૂસ પર પગ નીચે ટેકા માટે એક પાટિયું રાખવામાં આવતું. એ પાટિયા પર ખીલા વડે બંને પગ જડી દેવામાં આવતા. કોઈ વાર પાટિયા વગર પણ ક્રૂસના ઊભા લાકડા પર પગ જડી દેવામાં આવતા, ક્રૂસના આડા લાકડે બંને હાથો ખૂબ પહોળા કરીને અધ્ધર ખીલા દ્વારા જડી દેવામાં આવતા. હાથો ખૂબ ખેંચાયેલા રહેતા હોવાથી છાતીની પાંસળીઓ ઉપર તરફ ખેંચાયેલી રહેતી. તંગ છાતીને કારણે શ્વાસ લેવામાં ખૂબ તકલીફ ઊભી થતી. પરાણે શ્વાસ લેવાતો. એટલે ક્રૂસ પર જડાયેલો માણસ પારાવાર બેચેની અનુભવતો.

હાથ તેમ જ છાતી ઢીલાં થાય તો શ્વાસ લેવામાં રાહત મળે, એ હેતુથી ગુનેગાર માણસ પગ માટે ટેકાના લાકડા પર પગ બંને તેટલા ઊંચા કરતો. એમ હાથ અને છાતી ઢીલા પડતાં શ્વાસ લેવામાં કંઈક રાહત મળતી. પણ ઊંચા થયેલા પગોમાં ખીલાને કારણે હવે કપરી વેદના ઊભી થતી. એટલે ગુનેગાર પાછો પગ નીચા કરતો. એટલે પાછી શ્વાસ લેવામાં તકલીફ થતી. ગુનેગાર આમ વારાફરતી હાથ અને પગોની સ્થિતિ બદલતો રહેતો.

પણ પગો વજનદાર હથોડા વડે ભાંગી નાખવામાં આવે, એટલે લબડી પડેલા પગોને ઊંચા કરી શકાય જ નહિ. એને લીધે હાથો તથા છાતી સતત તણાટ અનુભવ્યા કરતાં, અને શ્વાસ મહામહેનતે પારાવાર વેદના સાથે જ લઈ શકાતો. અને એકાદ કલાક કરતાંયે ઓછા સમયમાં, શ્વાસ ન લેવાવાને કારણે, ગુનેગાર મરણશરણ થતો. આમ, પેલા બે બહારવટિયાના પગો ભાગવામાં આવ્યા, એટલે સાંજના સાડાચાર કે પાંચ પહેલાં તેઓ મરી ગયા હશે, અને પછી તેમનાં શબ ઉતારી લીધાં હશે.

પ્રભુ ઈસુએ તો સાંજના ત્રણ વાગ્યે પ્રાણ છોડ્યો હતો, એ આપણે અગાઉ જોઈ ગયા. તેમણે પોતે જ ‘‘ઓ પિતા, હું મારો આત્મા

તમારા હાથમાં સોંપું છું,'' એમ કહીને પ્રાણ છોડ્યો (લૂક ૨૩:૪૬). એટલે સિપાઈઓ જોવા આવ્યા ત્યારે તો પ્રભુ ઈસુ મૃત્યુ પામેલા હતા. તેથી તેમના પગ ભાંગવામાં આવ્યા નહિ, અને એમ ભવિષ્યકથન પૂરું થયું.

•

## વિરોનિકા રૂમાલ વડે ઈસુનું મુખ લૂંછે છે.

### સ્ટેશન નં ૧૧

આ એક લોકવાયકા છે. બાઈબલમાં એ વિષે કશું આપ્યું નથી. ઈસુનું મુખ લોહી અને પરસેવાથી ખરડાયેલું હતું. કહેવાય છે કે આ વિરોનિકાએ પ્રભુ ઈસુનું મુખ સફેદ લુગડા કે રૂમાલ વડે લૂંચ્છયું, એટલે મુખની આકૃત્તિ, ઝીણી ઝીણી વિગતો સાથે, કાપડ ઉપર ઊતરી. આ ચિત્રની છાપેલી નકલો વેચાય છે. એને 'ક્રાઈસ્ટ ઓફ વિરોનિકા' કહે છે. મારી પાસે એની બે ફૂટ ઊંચી એવી નકલ છે. પણ હું લોકવાયકા માનતો નથી. આવાં ત્રણેક ચિત્રો બજારમાં મળે છે. **Tourin's Shroud** (પ્રભુ ઈસુ ખ્રિસ્તનું કફન). એ પણ એવું જ લોકવાયકાવાળું ચિત્ર છે. એની વિરુદ્ધમાં એક પુસ્તિકા તૈયાર કરી રહ્યો છું.

•

## શખેમ

શખેમ પુરાણું શહેર અત્યારના નાબ્લુસ પાસે આવેલું હતું (ગી.શા. ૬૦:૬, ૧૦૮:૭). ગીરીઝીમ અને એબાલ પર્વતો વચ્ચે જે સાંકડી ખીણ આવેલી છે તેના છેડે યરુશાલેમથી ૪૮ કિ.મિ. (૩૦ માઈલ) દૂર આવેલું હતું.

અબ્રાહમે વચનના દેશમાં પ્રવેશ કર્યો ત્યારે સૌ પ્રથમ શખેમ સુધી આવ્યો, અને અહીં એલોન વૃક્ષો તળે તંબુ તાણ્યો (ઉત્પ. ૧૨:૬,૯). એ પછી લગભગ બે સદીઓ પછી યાકોબ લાબાન પાસેથી નીકળી આવ્યો ત્યારે અહીં શખેમમાં હમોરના દીકરાઓ પાસેથી જમીન વેચાતી લઈ ત્યાં તંબુમાં રહ્યો. એ પછી યાકોબની દીકરી દીનાહના સંબંધમાં જે બનાવ બન્યો તે ધ્યાનમાં લઈ અને ઈશ્વરે તેને બેથેલ જવા કહ્યું તેથી યાકોબ તેનાં

કુટુંબીઓ સાથે શખેમમાંથી નીકળી ગયો. તેનાં કુટુંબીઓ પાસે જે દેવલાં તથા કુંડળો હતાં તે ત્યાં જ દાટી દીધાં (ઉત્પ. ૩૫:૧-૪). ત્યાંથી તેઓ બેથેલ ગયા. અને ત્યાં વેદી બાંધી.

અમુક સમય પછી યાકોબના દીકરા શખેમમાં ટોળાં ચરાવવા ગયા હતા (ઉત્પ. ૩૫:૫, ૩૭:૧૨-૧૭). લાંબાં વર્ષો પછી ઈઝરાયેલીઓ ઈજિપ્તથી નીકળી આવ્યા, ત્યારે તેઓ યોસેફનાં હાડકાં સાથે લેતા આવ્યા હતા. તે હાંડકાં તેઓએ શખેમમાં દાટ્યાં (પ્રે.કૃ. ૭:૧૫,૧૬).

•

# શિલોહ

શિલોહ એફ્રાઈમ કુળને મળેલા મુલકમાં હતું. તે બેથેલની ઉત્તરે આવેલું હતું એવું વર્ણન બાઈબલમાં આપ્યું છેઃ "જુઓ બેથેલની ઉત્તરે તથા બેથેબથી શખેમ જવાના રાજમાર્ગની પૂર્વ બાજુએ તથા લબોનાહની દક્ષિણે આવેલા શિલોહમાં વરસોવરસ યહોવાનું એક પર્વ પાળવામાં આવે છે" (ન્યાયા. ૨૧:૧૯). અત્યારે ત્યાં આવેલા ગામને ખીરબત શિબુન (શિલ્લો) તરીકે ઓળખવામાં આવે છે.

ઈઝરાયલ લોકો કનાનમાં રહેવા આવ્યા ત્યારે તેઓએ મુલાકાત મંડપને શિલોહમાં રાખ્યો (યહોશુ. ૧૮:૧). ન્યાયાધીશોના પુસ્તકમાં આવેલા લગભગ આખા સમય ગાળા સુધી મુલાકાત મંડપ અહીં શિલોહમાં રાખવામાં આવ્યો હતો (ન્યાયા. ૧૮:૩૧. ૧ શમુ. ૧:૩,૯,૨૪. ૨:૧૪. ૩:૨૧. ૧ રાજા ૨:૨૭), સિવાય કે પ્રમુખ યાજક એલિના મૃત્યુના થોડા સમય અગાઉ પલિસ્તીઓ સામેની ઈઝરાયલીઓની લડાઈમાં કરારકોશ લઈ જવામાં આવ્યો હતો, અને એ પછી કરારકોશ પાછો શિલોહમાં લાવવામાં આવ્યો જ નહિ. એ બતાવે છે કે યહોવાએ શિલોહમાંના મુલાકાતમંડપને તજી દીધો હતો. કરારકોશ તો યહોવાની હાજરીનો પુરાવો હતો (૧ શમુ. ૪:૨-૧૧).


શિલોહને ઈશ્વરે ત્યજ્યું હતું તેનો અછડતો ઈશારો ગીતશાસ્ત્ર ૭૮:૬૦,૬૧માં કર્યો છે (સરખાવો ૧ શમુ. ૪:૨-૧૧). અને એનો ઉલ્લેખ યિર્મિયા પ્રબોધકે કર્યો છે કે, એમ જ ઈશ્વર યરુશાલેમના મંદિર વિષે કરશે (યર્મિ. ૭:૧૨-૧૪. ૨૬:૬,૯).


•

# શ્રાઈન ઓફ ધ બુક

ઈઝરાયલ મ્યુઝીઅમની અને નેસ્સેત (પાર્લામેન્ટ)ની ઈમારત પાસે આ શ્રાઈન ઓફ ધ બુક ની તદ્દન નવી ઢબની ઈમારત આવેલી છે. એમાં 'ડેડ સી સ્ક્રોલ્સ' (ઓળિયાં) રાખેલાં છે. કુમરાનની ખીણમાંથી એ ઓળિયાં મળી આવ્યાં હતાં. એ ઓળિયાંની કોઠીઓનાં ઢાંકણાના આકારનું આ બિલ્ડીંગ છે. અંદરનો ઘાટ અને સજાવટ જોવા જેવાં છે.

•





# સમરુન શહેર

સમરુન શહેર ૩૦૦ ફૂટ ઊંચા ટેકરા પર બાંધેલું હતું. તે યરુશાલેમથી ઉત્તરે ૬૭.૬ કિ.મિ. (૪૨ માઈલ) દૂર આવેલું હતું. અને ભૂમધ્ય સમુદ્રથી ૪૦.૨ કિ.મિ. (૨૫ માઈલ) આઘે હતું. ઉત્તરના ઈઝરાયલ રાજ્યનું તે રાજધાની હતું. રાજા ઓમ્રીએ શેમેર નામના માણસ પાસેથી બે રૂપા-શેકેલે ખરીદ્યું હતું. "અને તે પર્વત પર તેણે નગર બાંધ્યું; પોતે બાંધેલા નગરમું નામ તેણે તે પર્વતના માલિક શેમેરના નામ પરથી સમરુન પાડ્યું" (૧ રાજા ૧૬:૨૪). ઓમ્રીએ સમરુનને રાજધાની બનાવ્યું. ઈ.પૂર્વે ૭૨૧માં આશ્શુરી રાજાએ ઉત્તરનું (ઈઝરાયલનું) રાજ્ય જીતી લીધું ત્યાં સુધી એટલે કે લગભગ ૨૦૦ વર્ષ સુધી એ રાજધાની તરીકે રહ્યું.

આ બધા સમય સુધી સમરુન મૂર્તિપૂજાનું મોટું ધામ બની રહ્યું હતું. અહાબ રાજાએ બાલ દેવનું મંદિર બંધાવ્યું (૧ રાજા ૧૬:૩૨,૩૩. સરખાવો ૨ રાજા ૧૦:૩૫). આહાબ રાજા ઓમ્રીનો દીકરો થાય. એથી ઉલટું, સમરુન એલિયા અને એલિશા પ્રબોધકોની સેવાઓનું ધામ પણ હતું. આશ્શુરી રાજા શાર્ગોને ઈ.પૂર્વે ૭૨૧માં ઉત્તરના રાજ્યને જીતી લીધું અને રાજ્યના ઘણાં ખરાં માણસોને તે આશ્શુરમાં લઈ ગયો અને ત્યાં વસાવ્યા.

સમરુનને બબ્બે વાર તોડી પાડવામાં આવ્યું એ પછી મક્કાબી જોન હરકાનસે એક વર્ષના ઘેરા પછી જીતી લીધું ઑગસ્ટસ બાદશાહે હેરોદને એ શહેર ભેટ આપ્યું. હેરોદે એને વધારીને સુંદર બનાવ્યું. અને કિલ્લેબંધી કરી અને એનું નામ સેબાસ્તે પાડ્યું. સેલાસ્તેનું ગ્રીકરૂપ ઑગસ્ટા થાય.

હોશિયા અને મીખાબ પ્રબોધકોએ ઈ.પૂર્વે ૭૪૮-૬૯૦ ના આરસામાં સમરુન સામે આ પ્રમાણે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી:

હોશિયા ૧૩:૧૬. "સમરુનને પોતાના દોષનું ફળ વેઠવું પડશે કેમ કે તેણે પોતાના ઈશ્વરની વિરુધ્ધ બંડ કર્યું છે. તેઓ તરવારથી માર્યા જશે, તેઓનાં બાળકોને પછાડીને ટુકડે ટુકડા કરવામાં આવશે, ને તેમની ગર્ભવતી સ્ત્રીઓને ચીરી નાખવામાં આવશે."

મિખાહ ૧:૬. "તેથી હું સમરુનને ખેતરમાંના ઢગલા જેવું તથા દ્રાક્ષવાડી રોપવાના સ્થાન જેવું કરીશ. અને હું તેના પથ્થરોને નીચાણમાં ગબડાવી દઈશ, ને હું તેના પાયા ઉઘાડા કરી નાખીશ."

એ કલમોમાં પાંચ સ્પષ્ટ ભવિષ્યવચન છે:

૧. સમરુન શહેરનું પતન એકદમ અને જબરજસ્ત થશે.

૨. શહેરની જમીન પર દ્રાક્ષવાડીઓ રોપાશે.

૩. ખેતરમાંના ઢગલા જેવું તે બની જશે.

૪. શહેરના પથ્થરોને આસપાસની ખીણોમાં ગબડાવી દેવામાં આવશે.

૫. એનો પાયો ઉઘાડો કરી દેવામાં આવેશે.

હું ૧૯૫૪માં સમરુન જોવા ગયો હતો. સમરુન તો હવે નથી. પણ એની પાસે બંધાયેલા શહેરને સબાસ્તે નામ આપ્યું છે. હું અસલ સમરુનની જગા પર ફર્યો હતો. અને ભવિષ્યકથનમાં લખ્યું છે તેવું જ ત્યાં જોવા મળ્યું. મૂળ શહેરની જમીન ઉપર દ્રાક્ષવાડીઓ ફાલેલી છે. આસપાસની ખીણોમાં પુરાણા સમરુન શહેરના પથ્થરો નીચે ગબડી ગયેલા જોવા મળ્યા. અને ઓમ્રી તથા આહાબ રાજાના મહેલના ઉઘાડા પાયા ઉપર હું ઊભો રહ્યો હતો. 'હું તેના પાયા ઉઘાડા કરી નાખીશ' એમ, ભવિષ્યવાણી અક્ષરશઃ પૂરી થઈ.

•

## સંત એન (Anne)નું મંદિર

'બેથેસ્દાનો કુંડ'

સ્તેફન દરવાજાથી અંદરના ભાગમાં આ ચર્ચ આવેલું છે. આખા ઈઝરાયલ દેશમાં ક્રૂઝેડરોએ બાંધેલાં મકાનોમાં સૌથી સરસ રીતે સચવાયેલું આ ચર્ચ છે. બેથેસ્દાના કુંડની બાજુમાં જ એ આવેલું છે. પ્રભુ ઈસુનાં માનાં માતાપિતાનું ઘર અહીં હતું એમ માનવામાં આવે છે. પ્રભુ ઈસુનાં માનાં તેમનાં નામ યોયાકિમ અને એન હતાં. પ્રભુ ઈસુએ પાસે આવેલા બેથેસ્દા

કુંડની પરસાળમાં આડત્રીસ વરસથી બિમાર એવા માણસને સાજો કર્યો હતો, અને એનાં પાપ માફ કર્યા હતાં (યોહા. ૫:૧-૯). આ બેથેસ્દા કુંડમાં ઝરણ હતું. આ કુંડ ૩૫૦ ફૂટ લાંબો, ૨૦૦ ફૂટ પહોળો અને ૨૫ ફૂટ ઊંડો છે. તેને પાંચ પરસાળ હતી. હાલ તો આ કુંડ ભંગાર હાલતમાં છે. સ્તેફન દરવાજો મેંઢાંના દરવાજા તરીકે ઓળખાય છે.

•

## સિનાય પર્વત

સિનાય પર્વત ઈઝરાયલ દેશમાં નથી આવતો, પણ મિસર અને ઈઝરાયલની લગભગ વચ્ચે આવે છે. પણ એ દેશો વચ્ચેના સીધા રસ્તાથી બનેલા ત્રિકોણનો છેડો નીચે હોય ત્યાં સિનાય આવેલો છે. યરુશાલેમથી સિનાય ૩૧૦ માઈલ (૫૦૦ કિ.મિ.) અને મિસરના કાઈરોથી ૪૦૨ કિ.મિ. (૨૫૦ માઈલ) દૂર છે.

બાઈબલના સિનાય પર્વત તરીકે જે પર્વત જાણીતો છે, તેનો વિસ્તાર ૩ કિ.મિ. (૨ માઈલ) ઉત્તર પૂર્વથી દક્ષિણ પૂર્વ) છે. એને બે શિખરો છે. એક 'રાહ અફસા' અને બીજું 'જબલ મૂસા' તરીકે ઓળખાય છે. ત્યાં પુષ્કળ પ્રમાણમાં પાણીનાં ઝરણાં છે (પુન. ૯:૨૧). શિખર રાહ અફસા આસપાસ બહુ મોટું મેદાન છે જે અર-રાહા તરીકે જાણીતું છે. એ મેદાન ૩ કિમિ. (૨ માઈલ) લાંબું, અને ૧ કિ.મિ. (૦.૬ માઈલ) પહોળું છે. જ્યાં સહેલાઈથી ૨૫થી ૩૦ લાખ જેટલા યહૂદીઓ અને મિશ્ર પ્રજા પડાવ નાખી શકે.

સિનાયને હોરેબ પર્વત તરીકે પણ બાઈબલ ઓળખાવે છે. અહીં યહોવાએ મોશેને બળતા ઝાડવામાં દર્શન આપ્યું (નિર્ગ. ૩:૧-૧૦. પ્રે.કૃ. ૭:૩૦). ઈશ્વર એ દર્શન દ્વારા મોશેને શીખવવા માગતા હતા કે જેમ આ છોડ જલી રહ્યો છે, પણ ભસ્મ થતો નથી, તેમ જ જે ઈઝરાયલ પ્રજાને છોડાવવા હું તને મોકલું છું તે પ્રજા ઈતિહાસને પાને પાને જલ્યા કરશે, પણ કદી ભસ્મ થશે નહિ. બીજી અનેક પ્રજાઓ કાળના કોળિયા બની ગઈ, પણ ઈઝરાયલ પ્રજા દેશ વગરની, આગેવાન વગરની બે હજાર વર્ષ દુનિયાના

૧૦૪ દેશોમાં રઝળ્યા કરી, પણ નાશ પામી નહિ. ઉલટું બે હજાર વર્ષ પછી મે ૧૪,૧૯૪૮માં એનું રાજ્ય ફરીથી સ્થાપન થયું.

ઇઝરાયલ લોકો મિસરમાંથી નીકળ્યાને બરાબર બે માસે આ હોરેબ પર્વત આગળ આવી પહોંચ્યા (નિર્ગ. ૧૯:૨). મોશે પર્વત ઉપર યહોવાની હજૂરમાં ચઢી ગયો. ત્રીજે દિવસે આખો પર્વત વીજળી, ગર્જના અગ્નિ અને ધુમાડાથી ભરાઈ ગયો. પર્વત ધ્રુજતો હતો. લોકોને સખત ફરમાન હતું કે તેઓ પર્વતની પાસે ન આવે, કે એને ન અડે (નિર્ગ. ૧૯:૧૬-૧૯).

મોશે બે શીલાપાટી પર, યહોવાએ લખી આપેલી દસ આજ્ઞાઓ લઈને ઉતર્યો (નિર્ગ. ૧૯:૧૯-૨૦:૧૮). દરમિયાન હારૂને બનાવેલા સોનાના વાછરડાની લોકો પૂજા કરતા હતા. (નિર્ગ. ૩૨:૧૫-૧૯. હિબ્રૂ. ૧૨:૧૮-૨૧). મોશેએ ગુસ્સાના આવેશમાં પાટીઓ નાખી દીધી. યહોવાએ ફરી લખી આપી.

મોશેએ સોનાના વાછરડાને બાળી તેની રાખ બનાવી, અને ઝરાનાં પાણીમાં નાખી દઈ લોકોને પીવાડ્યું.

આ સિનાય પર્વત આગળ તેઓ એક વર્ષ પડાવ નાખીને રહ્યા. અહીં તેમણે ઈશ્વરે મોશેને બતાવેલા નમૂના પ્રમાણે મુલાકાતમંડપ બનાવ્યો અને ગોઠવ્યો (નિર્ગ. ૪૦:૩૪,૩૫).

આ સિનાય આસપાસના અરણ્યમાં મોશેનો સસરો, મોશેની પત્ની સિપ્પોરાહને અને તેના બે દીકરાને લઈને આવ્યો (નિર્ગ. ૧૮:૧-૭). આ પર્વત આગળ ઇઝરાયલ લોકો, મૂર્તિપૂજાને લીધે ૩૦૦૦ જેટલા માર્યા ગયા (નિર્ગ. ૩૨:૩૬-૨૮). અહીં લોકોની વસતીગણતરી થઈ (ગણ. ૧:૧-૩).

મોશે જ્યારે મિસરથી નાસી જઈને એના સસરા યેથ્રોને ત્યાં રહીને સસરાના ટોળાં ચરાવતો હતો ત્યારે તે છેક હોરેબ પર્વત સુધી આવ્યો હતો, અને તે સમયે મોશેને બળથા ઝાડવા મારફતે યહોવાનું દર્શન થયું હતું, અને ઇઝરાયલ પ્રજાને મિસરની ગુલામીમાંથી છોડાવવાનું આહ્વાન યહોવાએ તેને આવ્યું હતું (નિર્ગ. ૩:૧-૧૦).

આ પછી સૈકાંઓ વિતી ગયા બાદ એલિયા પ્રબોધક અહીં આ હોરેબ પર્વત આગળ આવ્યો હતો. અને અહીં રહ્યો હતો (૧ રાજા ૧૯:૮). અહીં થાકેલા અને નિરાશ થયેલા એલિયાને યહોવાએ નવું દર્શન આપ્યું હતું.

પર્વતનું પહેલું શિખર ૬૭૧૨ ફૂટ છે, જ્યારે બીજું શિખર જબલ મૂસા ૭૩૧૩ ફૂટ ઊંચું છે. એ પહાડ ગ્રેનાઈટનો છે.

આ પહાડના ઉગમણા ઢોળાવ પર જબેલ મૂસાની તળેટીમાં સંત કેથેરાઈન નામનો ગ્રીક ખ્રિસ્તી સાધુઓનો મઠ આવેલો છે. એ મઠનું નામ સંત કેથેરાઈનનો મઠ છે. કારણ, એમ માનવામાં આવે છે કે આ સંત કેથેરાઈનને આફ્રિકાના એલેકઝાન્ડ્રિયા શહેરમાં મોટા પૈડા સાથે બાંધીને ભયંકર શારીરિક કષ્ટ આપ્યું હતું, અને પછી એનો શીરચ્છેદ ઈ.સ. ૩૦૭માં કરવામાં આવ્યો હતો. એ પછી દૂતો તેના શરીરને એલેકઝાન્ડ્રિયાથી અહીં ઉપાડી લાવ્યા હતા. એવી પ્રચલિત લોકવાચકા છે.

એમ પણ માનવામાં આવે છે કે ત્યાં બાંધવામાં આવેલું ચેપલ બળતા ઝાડવાના સ્થળ પર જ બાંધવામાં આવ્યું છે. એક સમયે આ મઠમાં ૩૦૦થી ૪૦૦ ખ્રિસ્તી સાધુ રહેતા હતા. અત્યારે તો માત્ર ૪૦ જેટલા સાધુ છે.

આ મઠના પુસ્તકાલયમાં ઘણા પુરાણા અને અતિ મહત્ત્વના હસ્તલેખો આવેલા છે. ઈ.સ. ૧૮૪૪માં અને પછી ૧૮૫૪માં ટીસેનડોર્ફને બાઈબલનો કોડેક્સ સાયનાટીક્સ નામથી ઓળખાતો હસ્તેલેખ આ મઠમાંથી જ મળી આવ્યો હતો. એ હસ્તલેખ લખાયાની તારીખ ઈ.સ. ૪૦૦ની છે. બાઈબલના ઘણા મહત્ત્વના એવા મળી આવેલા ત્રણ હસ્તલેખોમાંનો આ એક છે. વળી ઈ.સ. ૧૮૯૨માં આજ સ્થળેથી બીજો એક હસ્તલેખ મળી આવ્યો હતો, જે સુવાર્તાની સિરિયાક આવૃત્તિ છે. એમ માનવામાં આવે છે કે આ હસ્તલેખ ઈ.સ. પાંચમી સદીમાં લખાયો હતો.

•

## સિયોન પર્વત

એને માઉન્ટ ઝાયન (ઝાઈન) તરીકે અંગ્રેજીમાં ઓળખાવામાં આવે છે. મૂળે એ યબૂસીઓનું એક કિલ્લે બંધ નગર હતું, જે દાવિદે લઈ લીધું, અને (હેબ્રોનમાં સાત વર્ષ રાજ્ય કર્યા પછી) રાજધાની અહીં સિયોનમાં ખસેડી. એ દાવિદના શહેર તરીકે ઓળખાવા લાગ્યું ( ૧ રાજા ૮:૧. ૧ કાળવૃ ૧૧:૫. ૨ શમુ. ૫:૬,૭,૯. વળી જુઓ ગી.શા. ૨:૬). જ્યારે દાવિદે યહોવાના કરારકોશને અહીં આણ્યો ત્યારથી એ યહોવાનો પવિત્ર પર્વત તરીકે ગણાવા લાગ્યો (૨ શમુ ૬:૧૭).

એ પછી જ્યારે શલોમોને મોરિયાહ પર્વત પર મંદિર બાંધ્યું, અને કરારકોશ અહીં મંદિરમાં મૂકવામાં આવ્યો, ત્યારથી એ મંદિરનો વિસ્તાર પણ સિયોન નામમાં ઉમેરવામાં આવ્યો (૨ શમુ ૬:૧૭). પછી તો આખું યરુશાલેમ શહેર પણ એ નામ નીચે આવરી લેવામાં આવ્યું (યશા. ૧:૮. ૮:૧૮).

કરારકોશ ઈશ્વરની હાજરી દર્શાવતો હતો (નિર્ગ. ૨૫:૨૨. લેવી. ૧૬:૨). અને સિયોનને સ્વર્ગીય ધામ સાથે જોડવામાં આવ્યું હતું, તેથી સિયોન એટલે ઈશ્વરનું રહેઠાણ ગણવામાં આવતું (ગી.શા. ૯:૧૧. ૭૪:૨. ૭૬:૨. ૭૮:૬૮. ૧૩૨:૧૩,૧૪. ૧૩૫૯૨૧). અને ત્યાંથી સહાય ,આશીર્વાદ અને ઉદ્ધાર આવશે, એમ માનવામાં આવતું. ગી.શા. ૧૪:૭. ૨૦:૨. ૫૦:૨ ૫૩;૬. ૧૩૪;૩).

•

## સિદિકિયાની ગુફાઓ

દમસ્ક દરવાજા પાસે આવેલી છે. અને બાબિલોનના રાજાની પકડમાંથી નાસી જવા ભાગતો સિદિકિયા રાજા ( ૨ રાજા ૨૫:૩૬) આ ગુફાઓ દ્વારા ભાગી રહ્યો હતો. અહીં શલોમોનની ખીણો પણ આવેલી છે. યરુશાલેમના મંદિરને બાંધવા માટે આ ખીણોમાંથી પથ્થર કાઢવામાં આવતો. આ પથ્થર સૂર્યપ્રકાશમાં ચમકતો હતો. આ પથ્થરોને અહીં

ખાણમાં જ કાપી, ઘડી, તૈયાર કરીને મંદિરને સ્થાને પહોંચાડવામાં આવતો, જેથી મંદિરના સ્થળે કોઈ ઘોંઘાટ ન થાય.

•

## સ્તેફન દરવાજો

સ્તેફનનો દરવાજો (લાયન ગેટ) સિંહ દરવાજો તરીકે ઓળખાય છે. વળી એને મેંઢા ભાગળ નામે પણ લોકો ઓળખે છે. યરુશાલેમની પૂર્વ દિશામાં તે આવેલો છે. એના વિષે કહેવાય છે કે સંત સ્તેફનને એ દરવાજાની બહાર પથ્થરે માર મારીને મારી નાખ્યા હતા, જો કે મારી નાખવાની સત્તા, તેમના હાથમાં નહોતી. ફક્ત રોમન સરકાર જ મૃત્યુદંડ ફરમાવી શકે.

વાયા ડોરોરસા (વધસ્તંભની વાટે ) ચાલવા માટે આ સ્તેફન દરવાજેથી યાત્રા શરુ કરવી પડે.

•

## હઝકિયા રાજાએ બંધાવેલી ટનલ

યરુશાલેમની પૂર્વ-દક્ષિણે હઝકિયા રાજાએ બંધાવેલી ટનલ આવેલી છે. ઈ .પૂર્વે ૭૦૦માં રાજાએ શહેરની બહાર આવેલા ગીહોનના ઝરાને શહેરની અંદર આવેલા શિલોઆમના કુંડની સાથે જોડવા આ નહેર યા ટનલ ખોદાવી હતી. આ કુંડ આજે તો પાસેના શિલ્વાન નામના આરબ ગામડાનાં ખેતરોને પાણી પૂરું પાડે છે (યોહાન ૯:૭). ઈસુએ આંધળા માણસની આંખો પર કાદવ લગાડ્યો, અને સિલોઆહ કુંડમાં આંખો ધોવા ફરમાવ્યું હતું.)

•

## હાઈફા

કાર્મેલ પર્વત પાસે આવેલું આધુનિક અને નવું બાંધેલું શહેર હાઈફા ભૂમધ્ય સમુદ્ર કાંઢે આવેલું ઘણું અગત્યનું બંદર છે, જૂના કે નવા કરારના સમયમાં આ શહેર નહોતું. આ ધીકતા બંદરેથી અનેક દિશાઓમાં

સ્ટીમરો જાય છે.(કાર્મેલ પર્વત વિષે વાંચીએ તો એ પ્રદેશ વિષે ઘણું જાણવાનું મળે.)

•

## હેબ્રોન

હેબ્રોન શહેર દુનિયાનાં સૌથી જૂનાં શહેરોમાંનું એક છે. લગભગ ૩૬૦૦ વર્ષ જૂનું છે. ઈજિપ્તના સોઆન શહેરથી સાત વર્ષ અગાઉ હેબ્રોન બાંધવામાં આવ્યું હતું (ગણના ૧૩:૨૨). અબ્રાહામે અહીં તંબુ તાણ્યો હતો. કાલેબને વતન તરીકે આ શહેર મળ્યું હતું (ઉત્પ. ૧૫:૧૩).

હેબ્રોન યરુશાલેમથી નૈરૃત્ય ખૂણે ૩૦ કિ.મિ. (૧૯ માઈલ) આવેલું છે અને દરિયાઈ સપાટીથી ૯૦૦ મિટર (૩૦૦૦ ફૂટ) ઊંચે આવેલું છે. એનું પુરાણું નામ કિર્યાથ-આર્બા હતું. મૂળ શહેર અનાકી આર્બાએ બંધાવ્યું હશે (ઉત્પ. ૧૬:૧૯). શહેરની આસપાસ પુષ્કળ સારી જાતની દ્રાક્ષાની, દાડમની, અંજીર, જૈતફળ, એપ્રિકોટ, સફરજનની વાડીઓ આવેલી છે. ત્યાં ગણા ઝરા અને કૂવા આવેલા છે. એની આસપાસનો વિસ્તાર લીલોછમ છે.

અબ્રાહામ, ઈસ્હાક અને યાકોબે કેટલોક સમય હેબ્રોનમાં ગાળ્યો હતો (ઉત્પ. ૧૩:૧૮. ૩૫:૨૭. ૩૭:૧૩,૧૪). સારાહનું મૃત્યુ અહીં થયું હતું. એને દાટવા માટે અબ્રાહામે માખ્પેલાહની ગુફા અને આસપાસનો વિસ્તાર હિત્તી એફ્રોન પાસેથી નાણાં આપીને ખરીદી લીધા હતા, પછી તો એ કૌટુંબિક કબ્રસ્તાન બની ગયું. ત્યાં અબ્રાહામ, સારાહ, ઈસ્હાક, રિબ્કાહ, યાકોબ અને લિયાહને દાટવામાં આવેલાં છે (ઉત્પ. ૨૩:૨-૨૦. ૪૯:૨૯-૩૩. ૫૦:૧૩). હાલ તો એ માખ્પેલાહની કબરો મુસ્લીમોના કબજામાં છે. દર શુક્રવારે કબરોને દૂધથી ધોવામાં આવે છે. ખરી કબર અંદર નીચે છે એની ઉપર બનાવટી કબરો છે. આજે એને 'અહરામ અલ-અલીલ' તરીકે ઓળખવામાં આવે છે.

જ્યારે મોશેએ બાર જાસુસો વચનના દેશની ભાળ મેળવવા મોકલ્યો હતા, ત્યારે હેબ્રોનમાં અનાકીઓ વસતા હતા (ગણ. ૧૩:૨૨. ૧૮,૩૩). જાસૂસો અહીં આવ્યા હતા, અને ઘણાં ફળો ખાતરી માટે લઈ

ગયા હતા. અમે પણ રસથી ભરેલી એવી તાજી દ્રાક્ષા અહીં ખાધી હતી (યોહોશુ. ૧૦:૧-૨૭).

પાછળથી હેબ્રોનને પવિત્ર ભૂમિ તરીકે ગણવામાં આવ્યું હતું. વળી એને આશ્રયનગર તરીકે પણ ઠરાવવામાં આવ્યું હતું. દાવિદે પોતાના રાજ્યકાળમાં પહેલાં સાત વર્ષ હેબ્રોનને પાટનગર બનાવ્યું હતું. દાવિદનો અભિષેક પણ અહીં થયો હતો. અહીં યોઆબે આબ્નેરને મારી નાખ્યો હતો. દાવિદને આખા ઈઝરાયલ પર રાજા બનાવવામાં આવ્યો ત્યારે એણે હેબ્રોનને બદલે યરુશાલેમને પાટનગર બનાવ્યું હતું, અને બાકીનાં ૩૩ વર્ષ યરુશાલેમથી રાજ કર્યું હતું.

દાવિદપુત્ર આબ્શાલોમે દાવિદ સામે બળવો ઉઠાવ્યો ત્યારે તેણે હેબ્રોનમાં પોતાને રાજા તરીકે જાહેર કર્યો હતો ( ૨ કાળ. ૧૧:૫-૧૦).

મામરેનું એલોનવૃક્ષ : અબ્રાહામ અહીં પહેલવહેલો આવ્યો ત્યારે હેબ્રોન પાસે તદ્દન નજદિકના નાના ગામડા મામરેનાં એલોન વૃક્ષો તળે તંબુ તાણ્યો હતો, અને વેદી બાંધી હતી. એ એલોન વૃક્ષોમાંથી એક આજે હયાત છે, હું ૧૯૫૪માં ત્યાં ગયો હતો ત્યારે આ વૃક્ષની આસપાસ લોખંડી ગર્ડરોના ટેકા મૂકેલા હતા. ફરી ૧૯૮૬માં 'ટૂર' લઈને ગયો ત્યારે લોખંડી સળિયાઓનું કમ્પાઉન્ડ કરી લેવામાં આવ્યું હતું, અને ઝાડની ફોટોમાં સિમેન્ટ પ્લાસ્ટર છાંદી લેવામાં આવ્યું હતું.



માખપેલાહની કબરો

# ૧૯ મારા અંગત પ્રવાસમાંથી પીરસણ

## બે-ચાર વાનગી પીરસું ને ?

### ૧. દમસ્કમાં

સિરિયાના દમસ્કમાં હું ગયેલો. નાઅમાને જણાવેલી અબાનાહ અને ફાર્પાર નદીઓ જોઈ (૨ રાજા ૫:૧૨). અબાનાહ (અંગ્રેજીમાં : અબાના) હાલમાં તે બરદ તરીકે ઓળખાય છે. બંને નદી દમસ્ક શહેરમાં થઈને વહે છે.

આબાનાહની વ્યવસ્થા ત્યાંની મ્યુનિસિપાલિટીએ એવી કરી છે કે પા ફર્લાંગ સુધી નદી ખુલ્લી વહેતી હોય, અને પછી ઉપરની જમીન ઉપર રંગબેરંગી ફૂલછોડ ખીલેલા હોય. વળી પાછી ખુલ્લી નદી, અને બુગદું અને ફૂલ છોડ! શહેર-ભરમાં રળિયામણું લાગે. શહેરની બહાર ૮૦.૫ કિ.મિ. (૫૦ માઈલ) પછી અબાનાહ એક કાદવવાળા સરોવરમાં મળી જાય છે. દમસ્કની વચ્ચે થઈને "પાધરા" નામનો રસ્તો (પ્રે.કૃ. ૯:૧૧) જાય છે. આસપાસ મોટું બજાર આવેલું છે. આગળ જતાં શિષ્ય અનાન્યાના ઘરને સ્થળે મંદિર છે (પ્રે.કૃ. ૯:૧૧). શહેરના કોટ પરથી શિષ્યોએ રાત્રે પાઉલને ટોપલામાં બેસાડીને છાનોમાનો ઊતારી મૂક્યો હતો, ત્યાં એક નાનું મંદિર બાંધ્યું છે.

### ૨. લબાનોનના પર્વતો પર પુરાણા શીલાલેખો :

લબાનોન રાજયનું પાટનગર બેરૂત નબુખાદનેસ્સાર અને ઈજિપ્તના ફારૂનોના સમય અગાઉથી ઉત્તરૂ-દક્ષિણના મહાધોરી માર્ગ પર આવેલું છે. ફારૂનોનાં લશ્કરો જે રસ્તે બેરૂત્ત થઈને ઉત્તરમાં જતાં, તેમજ બાબિલોન, આસિરિયા અને બીજાં ઉત્તારનાં રાજયોનાં લશ્કરો એજ બેરૂતમાં થઈને દક્ષિણનાં રાજ્યો (ઈજિપ્ત, અદોમ,ઇઝરાયલ) પર ચઢાઈ કરતાં.

આજેય દુનિયાની જુદી જુદી એર-લાઈનો બેરૂતના એરપોર્ટ પર વિમાનો ઉતારે છે કે પસાર થાય છે.

એમ અનેક રાજ્યો અને સામ્રાજ્યોના શીલાલેખો બેરૂત આસપાસના પહાડોમાં કોતરેલા જોવા મળે છે. મારે એ બધા શીલાલેખોની સ્લાઈડો બનાવવી હતી. એટલે કોડ્રાક્રોમ ડેલાઈટની કલર માઈક્રોફિલ્મ રોલ્સ અને કેમેરા લઈ ત્રણ દિવસ સુધી એ પર્વતો એકલો ને એકલો ખૂંદી વળયો. નબુખાદનેસ્સાર ફારૂનો વગેરે ઘણાના શીલાલેખો શીઘી શોધીને કચકડામાં કંડાર્યા.

ત્રીજા દિવસે બપોરે હું એક ફોટો લેતો હતો, એવામાં જ પહાડો પર રાજ્ય-સીમાઓનું રક્ષણ કરનાર એક પોલિસ અચાનક આવી ચડ્યો. એની બંદૂક મારી છાતી ઉપર તાકીને ભારે ગુસ્સાથી કંઈક કહેવા લાગ્યો. હું એવી ભાષા ન જાણું, એ મારી ન જાણે !

મારા ખીસ્સામાં રંગિન ચૉક હતા. પથ્થર પર ભારતનો નકશો અને ગળાના ક્રોસનું નિશાન દોરી સમજાવ્યું કે ભારતનો છું, ખ્રિસ્તી ધર્મગુરુ છું, રાજકીય બાબતોમાં મને રસ નથી. એ કંઈક નરમ પડ્યો. કેમેરા પાછો આપ્યો, અને ઈશારાથી કહ્યું મારો ફોટો ખેંચ. મેં ખેંચ્યોય ખરો. ફરી ઈશારો કરી કહ્યું મને કોપી મોકલજે. મેં સરનામું માગ્યું. એ એની ભાષામાં કંઈક બોલ્યો. મેં લખવા ડાયરી કાઢી. એમાંથી અનાયાસે એક પત્તું પડી ગયું. એ એણે લઈ લીધું. એક યહૂદીનું સરનામું એમાં હતું. એ તો રાતોપીળો થઈ ગયો. એ લીબાનની આરબ હતો. ફરી ઝનૂનમાં આવી ગયો અને મારો કેમેરા લઈ લીધો. એમાંથી ફીલ્મ રોલ કાઢી લઈ કેમેરો પાછો આપ્યો. મારી ડાયરીમાં મેં એનું સરનામું લખ્યું હતું તે તેણે ફાડી નાખ્યું. અને ફરી મારી સામે બંદૂક ધરી, હાથના ગુસ્સાભર્યા ઈશારાથી ભાગી જવા કહ્યું. ધરેલી બંદુક સામેથી હું જે દોડ્યો છું ! એક રોલ ગયો તો ભલે ગયો. બીજા ઘણા રોલ મેં લીધા હતા અને જાન બચ્યો એ નફામાં. ઈશ્વરનો આભાર માન્યો.

<u>૩. તૂર નગરી તરફ :</u>

એના વિષેનું ભવિષ્યવચન હઝકિયેલ ૨૬માં આપ્યું છે. એ ભવિષ્યવાણી ૨૨૫૦ વર્ષ પૂર્વે ઇ.પૂ. ૫૮૫માં લખાયલી. પણ અક્ષરશઃ પૂર્ણ થઈ છે. તે જમાનામાં એ સૂરો-ફિનિશ્યા મુલકતું હતું. આજે એ

વિસ્તાર લીબાની સરકારને તાબે છે. આજના લંડન, ટોકિયા કે ન્યુયોર્ક જેવું એ મહાનગર હતું. તૂરનાં વહાણો દેશેદેશ ફરતાં હતાં.

એની સામે ભવિષ્યવાણી હતી કે, તૂર નગરીનો નાશ થશે, એને ઉઘાડો ખડક કરી નખાશે, માછીમારો એની પર જાળો સૂકવવા પાથરશે. એના પથ્થરો, લક્કડકામ અને એની ધૂળ પણ ઉઝરડીને સમુદ્રમાં નાખવામાં આવશે. તે ફરી કદી બંધાશે નહિ. એનું નામનિશાન પણ રહેશે નહિ (હઝકી. ૨૬:૮-૨૧).

અને એમ જ બન્યું! ત્રણ જ વર્ષ પછી ઈ.પૂર્વે. ૫૮૨માં નબૂખાદનેસ્સાર રાજા ચઢી આવ્યો, અને દરિયાકાંઠાની આ ભવ્ય નગરીને જમીનદોસ્ત અને સમૂળી ભંગાર બનાવી દીધી. આ પછી તૂરની બચેલી પ્રજાએ સમુદ્રમાં અર્ધો માઈલ અંદર બેટ પર નવું નગર બનાવી ત્યાં વસી.

એ પછી ૨૫૦ વર્ષ વહી ગયાં, ત્યારે ઈ.પૂર્વે ૩૩૨માં મહાન એલેકઝાન્ડર (સિકંદર) ચઢી આવ્યો, અને બેટ ઉપરની નવી નગરી પર હુમલો કરવા પોતાના લશ્કરને તેણે હુકમ કર્યો કે દરિયો પૂરી અર્ધો માઈલ લાંબો રસ્તો બનાવો. લશ્કરે તૂરનગરીનાં ભંગાર-લક્કડકામ, પથ્થરકામ, સ્તંભો એ બધું રસ્તો બનાવવા દરિયામાં નાખ્યું. ખૂટ્યું એટલે તૂરની ધૂળ પણ ઉઝરડી ઉઝરડીને સમુદ્રમાં નાખી રસ્તો બનાવ્યો. અને એલેકઝાન્ડરે બેટ પરની નવી નગરીનો પણ નાશ કર્યો. એનો કોટ તોડ્યો, એટલે દરિયો એના પર ફરી વળ્યો.

હું ૧૯૫૪માં માર્ચની એક સાંજે ત્યાં પહોંચ્યો, ત્યારે ઈશ્વરનાં ભવિષ્યકથનનાં વચન કેવાં અક્ષરશઃ સાચાં પડ્યાં છે તે જોઈ મારી આંખો હર્ષનાં આંસુથી છલકાઈ ઊઠી. નગરીના ઊઘાડા ખડકો પર, પાસેના સિદોન ગામના માછીમારોએ સૂકાવા માટે પાથરેલી જાળો પણ જોઈ! પાસેનું સિદોન ગામ આજે પણ હયાત છે. પણ તૂર નગરી આજે ૨૫૨૭ વર્ષ થયાં પણ બંધાઈ નથી, અને એનાં નામનિશાન પણ રહ્યાં નથી.

•

## ૪. લબાનોન પર્વત પરનાં એરેજ વૃક્ષો જોવાનો લહાવો :

લબાનોન પર્વત સદા બરફ-આરચ્છાદિત રહે છે. ત્યાં એરેજવૃક્ષો થાય છે. હિમાલય પર એરેજ વૃક્ષ થાય છે. પણ લબાનોન ક્વોલિટીનાં નહિ. લબાનોનનું એરેજકાષ્ટ પાણીથી બોદાતું નથી. ઉધઈ તેને ખાતી નથી. એની પરનું કોતરકામ મીણ પર કરેલા કોતરકામ જેવું સુંદર અને સફાઈદાર થાય છે.

યરુશાલેમના મંદિરનું બધું જ લક્કડકામ આ લબાનોનના એરેજ-કાષ્ટનું શાલોમોન રાજાએ બનાવડાવ્યું હતું. હિરામ આ ઝાડો કાપીને પર્વત પરથી ઉતારી મેડીટરેનિયન સમુદ્રમાં તરાપાની જેમ પાલેસ્તાઇનના જોપ્પા બંદરે લાવતા હતા.

ઘણાં વર્ષોથી લબાનોનનાં એરેજવૃક્ષો જોવાની મને તીવ્ર ઈચ્છા હતી. બેરૂતમાં હું છ દિવસ રહેલો. ત્યારે એક સવારે બસમાં નીકળ્યો. પછી આગળ ટેકસી કરાવી ફરી બસ અને છેલ્લું ગામ પંદર માઈલ દૂર હતું ત્યાંથી ટેકસી લીધી. છેક સાંજ પડવા આવી ત્યારે લબાનોનની તળેટીએ પહોંચ્યો. ભાષાની તકલિફ અને બીજી અનેક તકલિફ. વળી ટેક્સીવાળો પાછો જવા નીકળ્યો. મેં તેને જતાં-આવતાંની બંને ટ્રીપ માટે રોક્યો હતો. મે આવડે એવી ભાષામાં ખૂબ મનાવ્યો. પણ ના માન્યો. એક વખતનું ભાડું લઈ જતો રહ્યો.

મેંય નકકી કર્યું કે આટલી તસ્દી વેઠી દૂરથી આવ્યો છું. જીવનનો એક જ ચાન્સ છે. લબાનોન પર ચઢ્યા વગર, અને ઝાડોના ફોટા લીધા વગર પાછો નહિ ફરું. ભલે આવતીકાલે વહેલી સવારે મારે વિમાન પકડી યરુશાલેમ જવાનું હોય. ઈશ્વર સહાય કરશે.

મેં તો કોટ અને કેમેરા પર કમ્મરપટો બાંધી દીધો. એક જાડી ડાળી ભાગીને જમણા હાથમાં પકડી, બરફ પર લાકડી ઠપકારતો ઠપકારતો પર્વત ચઢવા લાગ્યો. કદાચ બરફના પડ નીચે ખાડો હોય તો લાકડીથી ખબર પડે. ડાબો હાથ બરફ પર મૂકતો મૂકતો ચઢતો હતો.

આખરે ટોચ પર ચઢી ગયો. પહેલી તો પ્રાર્થના કરી. ઈશ્વરનો આભાર માન્યો. ડાબો હાથ સતત બરફ પર રાખવાથી ઠરીને ઠીકરું બની

ગયો હતો. જમણે હાથે નારંગી, ખજૂર ખાધાં. એક જ હાથે કેમરા અને ફ્લેશગન વાપરીને એરેજવૃક્ષો અને ભવ્ય દેખાવના ફોટા લીધા.

`Cedars of Labanon' લબાનોનનાં એરેજ વૃક્ષોને ભેટ્યો-ચૂમ્યો. અત્યારનાં આ ૪૦૦ જેટલાં એરેજ વૃક્ષ શલોમોન રાજાના સમયમાં છોડવા હતા. ફરી હર્ષનાં આંસુ ઊભરાયાં.

પ્રાર્થના સહિત હા, ઈશ્વરાભાર સહિત, નીચે ઉતર્યો. રાતના અગિયાર થવા આવ્યા હતા. હવે શું કરવું? પાસેમાં પાસેનું ગામ પંદર માઈલ દૂર હતું! આવતી કાલે વહેલી સવારે યરુશાલેમ જવા બેરુતથી વિમાન પકડવાનું હતું. પ્રભુને સોંપાયો.

એવામાં જ રાતના સવા અગિયારેક વાગે રસ્તા પર એક મોટરકાર આવીને ઊભી. એક નોર્વેજિયન નોર્વેથી આવેલી એની ભત્રીજીને લબોનોનમાં એરેજવૃક્ષો બતાવવા લાવ્યો હતો. અને તળેટીમાંથી જ તેઓ પાછાં વળતાં હતાં. મેં તેમને વિનંતી કરી કે મને પાસેમાં પાસેના કોઈ ગામે લઈ જશો? તેમણે સામેથી પૂછ્યું કે "તમારે ક્યાં જવું છે?" મેં કહ્યું જવું છે તો બેરૂત, પણ પાસેના ગામે પહોંચાડો તો આભાર. ભાઈએ કહ્યું, "અમે પણ બેરૂત જઈએ છીએ. ખુશીથી કારમાં બેસી જાઓ."

હું મોટરકારમાં બેસી ગયો. પ્રભુનો આભાર માન્યો. સમયસર બેરૂત મારી હોટેલે પહોંચી ગયો. અને સવારમાં યરુશાલેમમાં વિમાન દ્વારા.

**ઋણાભાર :**

આખી દુનિયામાં અતિ પ્રખ્યાત ક્રિશ્ચિયન આર્કિયોલોજીસ્ટ (પુરાવિદ્યાશાસ્ત્રી) પ્રોફેસર ડબલ્યુ. એફ. ઓલબ્રાઈટ ગેરેટ બિબ્લીકલ ઈન્સ્ટીટયૂટમાં મારા સમર વિઝીટિંગ પ્રોફેસર હતા. અને એમના હાથ નીચે મેં પુરાવિદ્યાશાસ્ત્રનો અભ્યાસ કરેલો. તેઓ મારા પર અનન્ય ભાવ રાખતા હતા. એમણે મને કહેલું કે જો તું ઑગસ્ટ (૧૯૫૪) સુધી રોકાઈ જાય, તો જુદા જુદા દેશોમાં હું પુરાવિદ્યાનું ખોદકામ ચલાવું છું ત્યાં બધે તને મારા ખર્ચે લઈ જાઉં. મેં કહ્યું કે મુંબઈના મારા બિશપસાહેબને મેં લખી દીધું છે કે એપ્રિલ અંતમાં હું ભારત પાછો આવું છું.



પ્રો. [illegible]

એટલે એ લાચાર બની ગયા. અને અનેક દેશોમાં જ્યાં જ્યાં પુરાવિદ્યાનું કામ ચાલતું હતું, ત્યાં બધે ઓળખાણ અને ભલામણપત્રો મને લખી આપ્યા. એટલું જ નહિ. પણ એ બધે જ ફરવા રહેવા ખોરાકી વગેરનું ડૉલર્સમાં મને ખર્ચ આપ્યું. એમનો ઋણભાર તો કદીય ઊતારી શકીશ નહિ. પણ એમનો અત્રે ઋણભાર માનું છું.

•

## વિષય માટે ઉપયોગી થાય તેવાં પુસ્તકો

૧ પવિત્ર બાઈબલ, બાઈબલ સોસાયટી, અમદાવાદ-૬
અનોખી ઈઝરાયલ પ્રજા: રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી, અમદાવાદ-૬.
યરુશાલેમમાં મંદિર બંધાશે? ક્યારે ? ક્યાં ? કેમ ?
રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન. ગુજ. ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
અમદાવાદ-૬.
બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ, ભાગ ૧ અને ૨
રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન. ગુજ. ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી,
અમદાવાદ-૬.
વતનભોમની વાટે. (અપ્રગટ હસ્તલેખ, ૧૯૫૪)
રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન, નડીઆદ.
પાલેસ્તાઈનનો પ્રવાસ, મિ. જસ્ટીન રાઠોડ, ગુજ. ટ્રા. એન્ડ બુ. સો.
અમદાવાદ-૬.
હેસ્ટીંગ્સ બાઈબલ ડીક્સનેરી
એન સાયકલોપેડિયા બ્રિટાનિકા
એનસાયકલોપેડિયા બિબ્લીકા
થોમ્પસન્સ ચેઈન રેફરન્સ બાઈબલ (આર્કિયોલોજિકલ વિભાગ,
૧૯૮૮, આવૃત્તિ).

**Light from the Ancient past. Jack Finagan, 1949, Fourth Printing, Oxford Press, London. The Bible as History. Warner Kella, William Marrow & co. (translated in English by Wil- liam Neil).**
**News from Israel. (now) Israel Today. Pub-lished by Israel Consulae, Bombay.**
**A Visitor's Companion (English). Israel.**

## રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાનના
## અત્યાર સુધી પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની યાદી

★ બોલતા આંકડા
★ ખ્રિસ્તી શિષ્યપણું કઠણ માર્ગે (અનુવાદ)
★ ચોથા માગીની કથા (અંગ્રેજીના આધારે)
★ ગુજરાતી બાઈબલનો ઈતિહાસ
★ શબગુફાનો શહીદ (અનુવાદ) ત્રણ આવૃત્તિ
★ વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ - છઠ્ઠી બ્રેઈલમાં)
★ અજાયબ ભવિષ્ય વચનો - મુક્તિ યોજનાનાં સાત પર્વો (બીજી આવૃત્તિ)
★ ઈસુ જીવન દર્શન - સચિત્ર (બાળકો માટે)
★ અનોખી ઈઝરાયલ પ્રજા (પાંચ આવૃત્તિ)
★ બાઈબલ અભ્યાસ - બાઈબલના મૂંઝવતા પ્રશ્નોનો જવાબ
(ભાગ ૧ થી ૧૧) પહેલા અને બીજાનું પુનર્મુદ્રણ
★ માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો? (ટ્રાક્ટ) બ્રેઈલમાં પણ છે.
★ યરુશાલેમનું મંદિર બંધાશે? ક્યારે ? ક્યાં કેમ? (બે આવૃત્તિ)
★ દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન (પુનર્મુદ્રણ)
★ પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન
★ રશિયા, ઈઝરાયલ અને બાઈબલ (બીજી આવૃત્તિ)
★ ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ (ચાર્ટસ)
★ માર્ગદર્શિકા (ચિત્રમય બાઈબલ અભ્યાસક્રમ માટે)
★ બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતી કોશ ભાગ-૧ (બીજી આવૃત્તિ)
★ બાઈબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ ભાગ-૨
★ આપણાં મધુરાં ગીતોના અધૂરો ઈતિહાસ
(શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)
★ અનેક માની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ (બીજી આવૃત્તિ)
(શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)
★ બાઈબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલા નામ
★ માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? (પુનર્મુદ્રણ)
★ પ્રભુ ઈસુ ભારત, કાશ્મીર, તિબેટમાં કદી આવ્યા જ નથી.
★ તમારા સંજોગોના સંચાલક
★ જોષ જોવાનું પાપ (બીજી આવૃત્તિ)
★ વિશ્વવ્યાપી જળપ્રલય
★ ખોવાયેલું ઘેટું
★ ગાંધીજીને ગમતાં ગીતો
★ ઈસુના પગલે પગલે
★ બાઈબલ કોણે લખ્યું? ડ્રામા
★ ખાલી કબરનો ચુકાદો
★ બાઈબલનો શબ્દકોશ (પુનર્મુદ્રણ)
★ ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિવાદ

Screen Dot Printers Ph. : 56223761